
ગાંડીવ

રાખાલબાબુની છેલ્લી

ન વ લ ક થા

રાખાલબાબુ બંગાળાના એક શિષ્ટ નવલકથાકાર અને સુપ્રસિદ્ધ પુરાવિદ-પંડિત હતા. પ્રાચીન વસ્તુઓના આધારે ઇતિહાસ રચવામાં જેમ તેઓ સિદ્ધહસ્ત હતા તેમ પ્રાચીન ઇતિહાસને આધારે કલ્પના-મિશ્રિત ઐતિહાસિક નવલકથા લખવામાં પણ નિષ્ણાત હતા. તેમની ઐતિહાસિક

ઐતિહાસિક છે એ વિધાન માત્ર આપણે પણ સંમત થઇશું. ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક વાતાવરણ એ સૌથી આવશ્યક છે; અને આ નવલકથાનું વાતાવરણ સર્વાંગે ઐતિહાસિક છે. લેખક ઈતિહાસ અને ભાષાના ઊંડા અભ્યાસી હોઈ આ નવલના ચિત્રણમાં આપણને ક્યાંય અર્વાચીનતાનો ભાસ થતો નથી. પોતાના ઈતિહાસપરિશીલનને સતેજ કલ્પનાના રંગે રંગીને એમણે ઇસવી સનની

(અનુસંધાન : સામેની પાંખે)

પ્રેમશૌર્ય ગ્રંથાવલિ : ૨

શકારિ

[વિક્રમાદિત્ય]

●

લેખક

શ્રી રાખાલદાસ બંદ્યોપાધ્યાય

અનુવાદક

શ્રી ભીમભાઈ દેસાઈ

ગાંડીવ સાહિત્ય મંદિર : સુરત

મુદ્રક : પ્રકાશક :
નટવર મૂ. વીમાવાળા
ગાંડીવ સાહિત્ય મંદિર વતી–
ગાંડીવ મુદ્રણાલય,
હવાડિયા ચકલા, **સુરત.**

આવૃત્તિ **પહેલી**
સંવત ૨૦૦૧
સને ૧૯૪૫
કિંમત ૨-૧૨-૦

પુરોવચન

[૧]

આચાર્ય હેમચન્દ્રના શિષ્યો રામચન્દ્ર અને ગુણચન્દ્રકૃત 'નાટ્યદર્પણ' અને અવન્તિનાથ ભોજદેવકૃત અદ્યાપિ અપ્રકાશિત અલંકારગ્રન્થ 'શૃંગારપ્રકાશ'માં ઉદ્ધૃત થયેલા, 'મુદ્રારાક્ષસ'ના સુપ્રસિદ્ધ કર્તા વિશાખદત્તરચિત 'દેવીચન્દ્રગુપ્ત' નાટકના ટુકડાઓ પ્રાપ્ત થતાં ગુપ્તવંશના ઇતિહાસ ઉપર નવીન પ્રકાશ પડ્યો છે. એ ઉદ્ધરણો ઉપરથી જાણવા મળે છે કે સમસ્ત આર્યાવર્તમાં અને દક્ષિણાપથના પણ ઘણા પ્રદેશોમાં દિગ્વિજય કરી ગુપ્ત સામ્રાજ્યની સ્થાપના કરનાર, 'ચિરોત્સન્નઅશ્વમેધાહર્તા'–લાંબા સમયથી બંધ પડેલો અશ્વમેધ યજ્ઞ કરનાર, મહાપરાક્રમી સમ્રાટ્ સમુદ્રગુપ્તના મરણ પછી, અને ગુપ્ત સામ્રાજ્યની જાહોજલાલીને તેની પરાકાષ્ટાએ પહોંચાડનાર તેનો પુત્ર ચંદ્રગુપ્ત બીજો–જેણે 'વિક્રમાદિત્ય' બિરુદ ધારણ કર્યું હતું–ગાદીએ આવ્યો ત્યાર પહેલાં મગધના સિંહાસન ઉપર રામગુપ્ત નામે રાજા થોડા સમય માટે બેઠો હતો. એ રામગુપ્ત બીજો કોઇ નહીં પણ ચન્દ્રગુપ્તનો મોટો ભાઇ હતો. પરંતુ એ રામગુપ્ત પોતાના પરાક્રમી પિતા અને પરાક્રમી બંધુથી જુદી જ પ્રકૃતિનો મનુષ્ય હતો. પરદેશી શક રાજાના આક્રમણમાંથી પોતાને અને પોતાના રાજ્યને બચાવવા માટે તેણે પોતાની પટ્ટરાણી ધ્રુવદેવીને શકરાજાને ત્યાં મોકલવાનું કબુલ્યું હતું. પરંતુ આ હીણપત નહીં સહન થવાથી ચન્દ્રગુપ્ત પોતે

સ્ત્રીવેશમાં શકરાજાની છાવણીમાં ગયો હતો, અને ત્યાં તેણે તેનો સંહાર કર્યો હતો. આ પછી કોઇ કારણસર ચન્દ્રગુપ્ત ઉપર રામગુપ્તની અવકૃપા ઊતરી જણાય છે. આથી કેટલોક વખત ચન્દ્રગુપ્ત માધવસેના નામે ગણિકાના ઘરમાં છૂપાઈ રહ્યો હતો, અને પોતાનો જાન બચાવવા માટે બનાવટી ગાંડપણ પણ તેણે ધારણ કર્યું હતું. 'દેવીચન્દ્રગુપ્ત'ના ટુકડાઓમાંથી રામગુપ્ત અને ચન્દ્રગુપ્ત વચ્ચેના આ વૈમનસ્યનું અંતિમ પરિણામ આપણને સ્પષ્ટપણે જાણવા મળતું નથી, પણ બીજા સંખ્યાબંધ સ્વતંત્ર ઐતિહાસિક પૂરાવાઓ ઉપરથી એમ માલુમ પડે છે કે કાં તો ચન્દ્રગુપ્તે અથવા એના સૂચનથી બીજા કોઈએ રામગુપ્તનું ખૂન કર્યું હતું.

'દેવીચન્દ્રગુપ્ત'ના ટુકડાઓમાંથી આપણને જે માહિતી મળે છે તેની અનેક રીતે પૂર્તિ કરનારો સમર્પક વૃત્તાન્ત 'મુજમલુત્તવારીખ' નામે ફારસી ઇતિહાસગ્રન્થમાંથી પ્રાપ્ત થાય છે. જગતના સંખ્યાબંધ દેશોનો ઇતિહાસ એમાં આપવામાં આવ્યો છે. પ્રાચીન ભારતના હિન્દુ રાજાઓ અને રાજવંશો વિષે પણ એમાંથી કેટલુંક જાણવા મળે છે. ભારતીય ઇતિહાસને લગતો એ ભાગ 'મુજમલુત્તવારીખ'ના લેખક અબુલ હસન અલીએ હિજરી ૪૧૭ (ઈ. સ. ૧૦૨૬)માં અબુ શાલીહ નામે એક લેખકના અરબી લખાણ ઉપરથી ફારસીમાં ઉતાર્યો હતો; અને અબુ શાલીહના પોતાના જ કથન અનુસાર, તેણે પોતે એ લખાણ મૂળ સંસ્કૃતમાંથી અરબીમાં અનૂદિત કર્યું હતું. અર્થાત્ ઇ. સ. ૧૦૨૬માં ફારસીમાં લખાયેલો આ ઇતિહાસ વાસ્તવમાં તો ઘણો જૂનો હોવો જોઇએ. એમાં રવ્વાલ અને બર્કમારિસ એ બે રાજવંશી ભાઇઓની વાત આપેલી છે, અને તે 'દેવીચન્દ્રગુપ્ત'માંથી મળતી માહિતીનું સર્વાંશે સમર્થન કરે છે, એટલું જ નહીં પણ અનેક સ્થળે તેના ખૂટતા અંકોડાઓ પણ સાંધી આપે છે. 'મુજમલુત્તવારીખ'માં આપેલી આ હકીકતનો સાર એ પ્રમાણે છે:[1]

---

૧. મૂળના સંપૂર્ણ અનુવાદ માટે જુઓ *Elliot : History of India, Vol. I, P. 110-12.*

"રુવાલ[2] જ્યારે રાજ્ય કરતો હતો ત્યારે એક રાજકુમારી વિષે જ્યોતિષીઓએ ભવિષ્ય ભાખ્યું હતું કે જે એને પરણશે તે સાર્વભૌમ રાજા થશે. ઘણા રાજાઓ તેને ઇચ્છતા હતા, પણ તેણે બર્કમારિસને[3] પસંદ કર્યો. બર્કમારિસ જ્યારે તેને સાથે લઈ ઘેર આવ્યો ત્યારે રુવાલે કહ્યું કે—'આ કુમારી ઉપર હું મુગ્ધ છું.' અને રુવાલ તેને પરણ્યો. બિચારો બર્કમારિસ પોતાનું જીવન બ્રાહ્મણો અને વિદ્વાનોના સંસર્ગમાં વ્યતીત કરવા લાગ્યો અને વિદ્વત્તા માટે સુવિખ્યાત થયો.[4]

એક વાર રુવાલના પિતાના શત્રુએ રુવાલ ઉપર ચઢાઈ કરી. રુવાલને નાસી જવું પડયું, અને તે પોતાના ભાઇઓ અને અમીરો સાથે એક પહાડી કિલ્લામાં ભરાઇ ગયો. અહીં રુવાલ પોતાની જાતને સલામત માનતો હતો, પણ શત્રુએ યુક્તિપ્રયુક્તિથી પહાડ સર કર્યો અને કિલ્લાને ઘેરો ઘાલ્યો. રુવાલે સંધિ માટે કહેણ મોકલ્યું ત્યારે શત્રુએ કહેવરાવ્યું કે, 'તારી રાણી મને સુપ્રત કરી દે, તેની સાથે હું લગ્ન કરીશ; તારા સરદારોની પુત્રીઓને પણ મોકલ, તેમને મારા સરદારો સાથે પરણાવીશ.' સફર નામે એક આંધળા મંત્રીની સલાહથી રુવાલ એમ કરવાને પણ તૈયાર થયો. પણ બર્કમારિસે કહ્યું કે, 'મને અને સરદારોને હુકમ આપો કે અમે સ્ત્રીનો પોશાક સજીએ. અમે અમારા વાળમાં છરી સંતાડી રાખીશું,[5] તથા એક છૂપું રણશીંગું સાથે રાખીશું. અમને શત્રુ રાજા પાસે મોકલો. રાજા જ્યારે મારી સાથે એકાન્તમાં આવશે ત્યારે હું તેના પેટમાં ખંજર ભોંકીને રણશીંગડું વગાડીશ. તે વખતે બીજા સર્વ યુવાનોએ પણ પોતપોતાનું કામ પૂરું કરવું. તમારે પણ રણશીંગડું સાંભળી બધા લસ્કર

---

૨. રુવાલ એ રામ+પાલ જેવા કોઈ શબ્દનું અપભ્રષ્ટ રૂપ સંભવે છે.

૩. બર્કમારિસ એ સ્પષ્ટ રીતે વિક્રમાદિત્યનું અપભ્રષ્ટ રૂપ છે.

૪. ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્યની વિદ્યારસિકતા ઇતિહાસમાં સુવિખ્યાત છે.

૫. ગુપ્તકાળમાં રાજવંશીઓ અને ઉચ્ચ કુળના પુરૂષો માથે લાંબા વાળ રાખતા એ વસ્તુ ઉદયગિરિ વગેરે સ્થળોનાં શિલ્પ ઉપરથી જણાય છે.

સાથે ધસી આવી શત્રુનું નિકંદન કાઢી નાખવું.'

આ યુક્તિ સફળ નીવડી. રવ્વાલ વિજયી નીવડયો, પણ મંત્રીએ તેના મનમાં બર્કમારિસ પ્રત્યે શંકા પેદા કરી. પણ બર્કમારિસે ગાંડપણનો ઢોંગ કર્યો અને ઉઘાડા પગે શહેરમાં રખડવા લાગ્યો. આવી સ્થિતિમાં તે એક વાર રાજમહેલ આગળ જઇ પહોંચ્યો. એ વખતે રવ્વાલ અને તેની રાણી શેરડી ચૂસી રહ્યાં હતાં. તેઓએ તેને ભિખારી ધારીને શેરડી આપી. શેરડી લીધા પછી તે છોલવામાં પોતાને મુશ્કેલી પડતી હોય એવો દેખાવ તે કરવા લાગ્યો, આથી રવ્વાલે તેને છરી આપવા રાણીને કહ્યું. છરી લીધા પછી લાગ જોઇને બર્કમારિસે એ જ છરીથી રવ્વાલને મારી નાખ્યો, મન્ત્રીઓ અને લોકોને બોલાવ્યા તથા પોતે સિંહાસન ઉપર બેઠો. લોકોએ તેનો જયનાદ કર્યો. રવ્વાલનો અગ્નિદાહ કરીને પેલી સુન્દરી સાથે તે પરણ્યો. બર્કમારિસની સત્તા અને એનું રાજ્ય ખૂબ વિસ્તાર પામ્યું અને આખું હિન્દુસ્તાન તેના કબજામાં આવ્યું.

રવ્વાલના અંતરમાં શંકાનું બીજ રોપનાર મંત્રી સફરે પોતાના રાજા સાથે બળી મરવાની ઇચ્છા દર્શાવી. બર્કમારિસની ઇચ્છા તે જીવે એવી હતી, પણ જ્યારે મંત્રીએ પોતાના આગ્રહને ન મૂક્યો, ત્યારે બર્કમારિસે રાજધર્મ, રાજનીતિ અને ન્યાય ઉપર એક ગ્રન્થ લખવા તેને કહ્યું. સફરે 'આદબુલ મુલૂક' અથવા રાજધર્મ નામે પુસ્તક લખ્યું[૬] અને પછી તે બળી મૂઓ."

૬. આ સફર કોણ? ચન્દ્રગુપ્તના પુત્ર કુમારગુપ્તના રાજ્યકાળના ગુપ્ત સં. ૧૧૭=ઈ. સ. ૪૩૬ના લેખ ઉપરથી જણાય છે કે કુમારગુપ્તનો મહાબલાધિકૃત પૃથ્વીસેન એ ચન્દ્રગુપ્તના મંત્રી અને કુમારામાત્ય શિખરસ્વામીનો પુત્ર હતો. 'સફર'ને કેટલાક વિદ્વાનો આ 'શિખર'નું અપભ્રષ્ટ અરબી રૂપ માને છે. તેણે લખેલો રાજનીતિનો ગ્રન્થ એ કામંદકીય નીતિસાર હોઈ શકે એવું પણ એક મંતવ્ય છે. કામંદકને વિશેષનામ નહીં, પણ કુલનામ કે અવટંક ગણવામાં આવે તો જ આવું અનુમાન થઇ શકે.

આ કથાનકની કેટલીક રેખાઓ 'દેવીચન્દ્રગુપ્ત'થી કંઇક જુદી પડતી હોઇ ફારસી ઇતિહાસનું મૂળ પ્રતીક 'દેવીચન્દ્રગુપ્ત' નહીં પણ બીજો જ કોઇ સંસ્કૃત ગ્રન્થ હોય એમ જણાય છે. પરન્તુ એથી તો 'દેવીચન્દ્રગુપ્ત'માંથી પ્રાપ્ત થતા ઐતિહાસિક વૃત્તાન્તનું સ્વતંત્ર રીતે સમર્થન કરતા પુરાવા તરીકે તેનું મહત્ત્વ ઘણું વધી જાય છે

'દેવીચન્દ્રગુપ્ત' અને 'મુજમલુત્તવારીખ'માંના વૃત્તાન્તને સીધી કે આડકતરી રીતે ટેકો આપનારા સંખ્યાબંધ ઉલ્લેખો ભારતીય સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. એનો પહેલવહેલો ઉલ્લેખ સનની ઇસની સાતમી શતાબ્દીમાં થઇ ગયેલા મહાકવિ બાણે કર્યો છે. 'હર્ષચરિત'ના છઠ્ઠા ઉચ્છ્વાસમાં, અતિવિશ્વાસિતા અને પ્રમાદને કારણે શત્રુને હાથે મરણ પામેલા પ્રાચીન ભારતના રાજાઓની એક નાની સૂચિ તેણે આપી છે. તેમાં એ જણાવે છે કે, "સ્ત્રીના વેશમાં છૂપાયેલા ચન્દ્રગુપ્તે અરિપુર (અલિપુર)માં જઇને પરસ્ત્રીના કામુક શકપતિનો નાશ કર્યો હતો."[૭] તે ઉપર વિવરણ કરતાં 'હર્ષચરિત'ના અરાઢમા શતકમાં થયેલો ટીકાકાર શંકર લખે છે કે, "ચન્દ્રગુપ્તની ભોજાઇ ધ્રુવદેવીને ઇચ્છતા શકપતિને સ્ત્રીવેશધારી મનુષ્યો વડે પરિવરાયેલા ચન્દ્રગુપ્તે એકાન્તમાં મારી નાખ્યો હતો."[૮] બાણનો ઉલ્લેખ બતાવે છે કે ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્યના કાળ પછી લગભગ બસો વર્ષ પણ તેની આ પરાક્રમગાથા લોકોમાં સારી રીતે પ્રસિદ્ધ હતી.

બીજો એક ઉલ્લેખ રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષ ૧લાના શક સં. ૭૯૩ (ઇ. સ. ૮૭૧)ના સંજાણના તામ્રપત્રમાંથી મળે છે. એ તામ્રપત્રનો લેખક કહે છે કે, "એ ગુપ્તવંશીય રાજાએ (ચન્દ્રગુપ્તે) ભાઇનો ઘાત કર્યો અને તેની

---

૭. **अरिपुरे** (પાઠાન્તર **अलिपुरे**) **च परकलत्रकामुकं कामिनी-वेशगुप्तश्चन्द्रगुप्तः शकपतिमशातयत् ।**

૮. **शकानामाचार्यः शकाधिपतिः । चन्द्रगुप्तभ्रातृजायां ध्रुवदेवीं प्रार्थयमानश्चन्द्रगुप्तेन ध्रुवदेवीवेषधारिणा स्त्रीवेशजनपरिवृतेन रहसि व्यापादित इति ।**

રાણીને હરી લીધી; પછી ભલે તેણે લાખો અને કરોડોનાં દાન આપ્યાં હોય તો પણ (અમોઘવર્ષની તુલનામાં) એ દીન જ છે."[૯]

ઈ. સ. ૯૦૦ના અરસામાં થયેલા રાજશેખરે પોતાના સુપ્રસિદ્ધ સાહિત્યગ્રન્થ 'કાવ્યમીમાંસા'માં વૃત્તેતિવૃત્ત અથવા કથોત્થ એટલે કે ઐતિહાસિક મુકતકના ઉદાહરણ તરીકે કોઈ પૂર્વકાલીન કવિનો એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે. કોઈ રાજાનો–સ્પષ્ટ રીતે ચંદ્રગુપ્તનો–એ પ્રશસ્તિશ્લોક છે. એમાં કવિ કહે છે કે, "જેની ગતિ રુંધાઈ ગઈ છે અને જેનું પરાક્રમ ખંડિત થયું છે એવો શર્મગુપ્ત (? રામગુપ્ત) રાજા શકપતિને ધ્રુવસ્વામિનીદેવી. આપવાનું સ્વીકારીને જ્યાં પાછો વળ્યો તે જ હિમાલયમાં કાર્ત્તિકેયનગરની સ્ત્રીઓ તારી કીર્તિ ગાય છે." ૧૦

રાષ્ટ્રકૂટ રાજા ગોવિન્દ ૪થાના શક સં. ૮૫૨ (ઈ. સ. ૯૩૦)ના ખંભાતના

---

૯. **हत्वा भ्रातरमेव राज्यमहरद्देवीं च दीनस्ततो**
लक्षं कोटिमलेखयन्किल कलौ दाता स गुप्तान्वयः ।

—ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૨, પૃ. ૧૦૧

૧૦. **दत्त्वा रुद्धगतिः खसाधिपतये देवीं ध्रुवस्वामिनीं**
यस्मात् खण्डितसाहसो निववृते श्रीशर्मगुप्तो नृपः ।
तस्मिन्नेव हिमालये गुरुगुहाकोणक्वणत्किन्नरे
गीयन्ते तव कार्त्तिकेयनगरस्त्रीणां गणैः कीर्तय ॥

(કાવ્યમીમાંસા પૃ. ૪૭)

આ શ્લોક ધ્રુવદેવી અને શકપતિવાળા પ્રસંગને લગતો છે એમાં તો શંકા નથી જ. પણ શ્લોકમાં થોડીક અશુદ્ધિઓ જણાય છે. પહેલી પંક્તિમાં **खसाधिपतये**ને સ્થાને **शकाधिपतये** હોવું જોઈએ. **शक**નું લોકભાષામાં **सख**, અને પછી વ્યત્યયથી **खस** થઈ જાય. હાથપ્રતમાં **श** ને બદલે **रा** વંચાતાં **रामगुप्त**નું **शमगुप्त** અને પછી છંદને ખાતર **शर्मगुप्त** થયું હોય. અથવા કદાચ એમ બને કે ચન્દ્રગુપ્તનું બીજું નામ જેમ દેવગુપ્ત અથવા દેવરાજ હતું તેમ શર્મગુપ્ત એ રામગુપ્તનું બીજું નામ હોય.

તામ્રપત્રમાં આને લગતો એક રસિક અને સમર્પક ઉલ્લેખ મળે છે. તામ્રપત્રનો લેખક પોતાના રાજા ગોવિન્દરાજ વિષે કહે છે કે, "તેનામાં સામર્થ્ય હોવા છતાં પોતાના વડિલ બંધુ તરફ તેણે ક્રૂરતા આચરી નથી, બન્ધુસ્ત્રીગમન આદિ દુરાચરણો વડે તેણે અપયશ પ્રાપ્ત કર્યો નથી, ભયગ્રસ્ત થઇને શૌચાશૌચના વિચારથી રહિત એવું ગાંડપણ તેણે ધારણ કર્યું નથી; કેવળ દાન અને અપ્રતીમ પરાક્રમ વડે જ તે સાહસાંક –વિક્રમાંક–બન્યો છે."[11] અર્થાત્ વિક્રમાંક ચન્દ્રગુપ્ત–ના દુર્ગુણો નહીં, પણ સદ્‌ગુણો જ ગોવિન્દરાજે સ્વીકાર્યા છે એ તેની વિશેષતા.

ઇસવી સનના અગીઆરમા સૈકામાં થયેલા 'ચરકસંહિતા'ના ટીકાકાર ચક્રપાણિદત્તે પણ ચન્દ્રગુપ્તના હાથે થયેલી ભ્રાતૃહત્યાનો અને એના બનાવટી ગાંડપણનો ઉલ્લેખ કર્યો છે.[12]

આમ ઠેઠ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના સમકાલીન વિશાખદત્તથી માંડી અગીઆરમા શતકના ચક્રપાણિદત્ત સુધીના સંખ્યાબંધ લેખકોએ આપણને ગુપ્તવંશના ઇતિહાસને લગતી એક અત્યંત મહત્વની ઘટનાને લગતાં પ્રમાણો પૂરાં પાડયાં છે. આટલા ઉલ્લેખો મળે છે તે વસ્તુ એમ તો બતાવે છે કે એ વૃત્તાન્ત હિન્દભરમાં ખૂબ જાણીતો બની ચૂકયો હતો.

---

११. **सामर्थ्ये सति निन्दिता प्रविहिता नैवाग्रजे क्रूरता**
बन्धुस्त्रीगमनादिभिः कुचरितैरावर्जितं नायशः ।
शौचाशौचपराङ्मुखं न च भिया पैशाच्यमङ्गीकृतं
त्यागेनासमसाहसैश्च भुवने यः साहसाङ्कोऽभवत् ॥

—ગૂજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૨, પૃ. ૧૪૧

१२. **उपेत्य धीयते इति उपधिश्छद्म इत्यर्थः । तमनुबन्धेनेत्युत्त-[illegible]फलेन उत्तरकालं हि भ्रात्रा[illegible] फलेन ज्ञायते–यद्-यमुन्मत्तश्छद्मप्रचारी चन्द्रगुप्त इति ।**

—વિમાનસ્થાન, ૪–૮

ભારતના પ્રાચીન ઇતિહાસને લગતી ઘણી ઓછી ઘટનાઓના આટલા સિલસિલાબંધ અને આધારભૂત પૂરાવાઓ મળે છે.

સમુદ્રગુપ્તના રાજ્યકાળનું વહેલામાં વહેલું વર્ષ તેના ગયાના તામ્રપત્રમાં મળે છે તે, ઇ. સ. ૩૨૯ છે. ચન્દ્રગુપ્તનો સૌથી પહેલો શિલાલેખ મથુરામાંથી ગુપ્ત સં. ૬૧=ઇ. સ. ૩૮૦નો મળ્યો છે. સમુદ્રગુપ્તે ઇ. સ. ૩૨૮–૨૯થી ૩૭૭–૭૮ સુધી રાજ્ય કર્યું હોવું જોઇએ. રામગુપ્તનો કોઈ સિક્કો હજી સુધી મળ્યો નથી, એટલે ત્યાર પછી થોડાક માસ અથવા કદાચ એકાદ વર્ષ જેટલો ટૂંકો રાજ્યકાળ રામગુપ્તનો ગણવો જોઇએ. અર્થાત્ આપણે ચર્ચેલી રામગુપ્તવાળી આખી ઘટના સં. ૩૭૮–૭૯ના અરસામાં બની હોવી જોઇએ અને ત્યાર પછી તુરત જ ચન્દ્રગુપ્ત મગધના સિંહાસન ઉપર બેઠો હોવો જોઈએ.

મુખ્યત્વે 'દેવીચન્દ્રગુપ્ત'માંથી મળતી માહિતીનો આધાર લઈને સમુદ્રગુપ્તનું અવસાન, રામગુપ્તનું રાજ્યારોહણ, શકોનું પ્રાબલ્ય, ધ્રુવદેવીને મોકલવાની શકોએ કરેલી માગણી, ચન્દ્રગુપ્તે કરેલી તેમની દાણાદાણ અને છેવટે ધ્રુવા અને ચન્દ્રગુપ્તનો અભિષેક–એ વસ્તુ વર્ણવતી 'ધ્રુવા' નામે બંગાળી નવલકથા સુપ્રસિદ્ધ પુરાવિદ, પંડિત અને નવલકથાકાર સદ્ગત રાખાલદાસ બેનરજીએ લખી હતી, જેનો આ 'શકારિ' અનુવાદ છે. ગૂજરાતના સમર્થ સાહિત્યકાર શ્રી કનૈયાલાલ મુનશીએ પણ 'દેવીચન્દ્રગુપ્ત'ને લક્ષ્યમાં રાખીને એ 'ખોવાયેલા નાટકના નવદર્શન' રૂપે 'ધ્રુવસ્વામિનીદેવી' લખ્યું છે.

[૨]

પણ એક પ્રશ્ન રહે છે કે સ્ત્રીવેશધારી ચન્દ્રગુપ્તે જેનો નાશ કર્યો હતો તે શકપતિ કોણ અને ક્યાંનો? ડૉ. અલતેકર અને દી. બા. કેશવલાલ ધ્રુવે એને પશ્ચિમ ભારતનો શક ક્ષત્રપ માન્યો છે. 'ધ્રુવસ્વામિનીદેવી'માં શ્રી કનૈયાલાલ મુનશી પણ આજ માન્યતાને અનુસર્યા છે. ડૉ. જયસ્વાલ અને ડૉ દેવદત્ત ભાંડારકર માને છે કે તે પશ્ચિમોત્તર ભારતનો હોવો

જોઇએ. શ્રી. રાખાલદાસ બેનરજીએ તેને મથુરાનો કુશાનવંશીય શક-રાજા માન્યો છે.

આપણે આગળ જોયેલા પૂરાવાઓમાંથી શકરાજાના સ્થાન વિષે કોઇ ચોક્કસ માહિતી મળે છે કે કેમ તે જોઇએ.

રાજશેખરકૃત 'કાવ્યમીમાંસા'વાળા શ્લોક અનુસાર, રામગુપ્ત શકરાજાને ધ્રુવદેવી સોંપવાનું વચન આપીને હિમાલયમાં કાર્ત્તિકેયનગર નામના પહાડી નગરમાં પાછો વળ્યો હતો. ભોજદેવકૃત 'શૃંગારપ્રકાશ'માં 'દેવીચન્દ્ર-ગુપ્ત'નાં જે અવતરણો લેવાયાં છે તેમાં એક સ્થળે સ્પષ્ટ કથન છે કે, "અલિપુરમાં આવેલી શત્રુની છાવણીમાં શકપતિનો વધ કરવા માટે સ્ત્રીવેશમાં છૂપાયેલો ચન્દ્રગુપ્ત ગયો છે.".[13] અલિપુર વિશેષનામ જણાય છે. બાણકૃત 'હર્ષચરિત'માંથી અગાઉ ટાંકવામાં આવેલા ઉલ્લેખમાં પણ **अरिपुरनुं** પાઠાન્તર **अलिपुर** છે. સાચો પાઠ **अलिपुर** હોય, અને પાછળથી તેનું **अरिपुर** થયું હોય એ પણ તદ્દન સંભવિત છે. ગમે તેમ, પણ આ ઉપરથી એટલું પૂરવાર થાય છે કે શકપતિના વધનો પ્રસંગ બન્યો ત્યારે શકપતિની છાવણી અલિપુરમાં હતી, અને રામગુપ્ત આદિ કાર્ત્તિકેયનગરમાં હતા.

હવે, વાયવ્ય પ્રાન્તના ગેઝેટિયર પ્રમાણે, કાર્ત્તિકેયપુર ગોમતી નદીની ખીણમાં, અલમોડા જીલ્લાના બૈજનાથ નામના ગામની નજદીક આવેલું છે. 'કાવ્યમીમાંસા'માં તેને હિમાલયમાં આવેલું ગણ્યું છે તે યોગ્ય જ છે. દેવીપુરાણમાં તથા કેટલાંક પ્રાચીન તામ્રપત્રોમાં પણ કાર્ત્તિકેયપુરનો ઉલ્લેખ છે, એ ડૉ. ભાંડારકરે બતાવ્યું છે. અલિપુરનો કિલ્લો અત્યારે પણ કાંગડા જીલ્લામાં છે. અર્થાત્ 'દેવીચન્દ્રગુપ્ત'માં વર્ણવેલો પ્રસંગ પશ્ચિમોત્તર ભારતમાં હિમાલયના પહાડી પ્રદેશમાં બનેલો છે. સુરાષ્ટ્ર અને

---

૧૩. **स्त्रीवेशनिह्नुतश्चन्द्रगुप्तः शत्रोः स्कन्धावारमलिपुरं शक-पतिवधायागमत् ।**

માળવાના શકક્ષત્રપોની હકુમત ત્યાં સુધી હતી એમ માનવું જ અસંગત છે.

એટલે આપણી ચર્ચામાંનો શકપતિ પશ્ચિમોત્તર ભારતનો કોઇ શક રાજા હોવો જોઈએ. કનિષ્ક અને હવિષ્કનું સુવિશાળ શક-કુશાન સામ્રાજ્ય તો ક્યારનું યે તૂટી પડયું હતું, છતાં પૂર્વે મથુરાથી માંડી પશ્ચિમે અફઘાનીસ્તાન અને તેની યે પેલી મેર સુધીનો પ્રદેશ જુદા જુદા પરદેશી રાજાઓના હાથમાં હતો. સમુદ્રગુપ્તના સાંધિવિગ્રહિક, કુમારામાત્ય અને મહાદંડનાયક હરિષેણે રચેલા અલ્હાબાદના સ્તંભલેખના કથન પ્રમાણે, 'દૈવપુત્ર શાહિશાહાનુશાહિ'એ વિજયયાત્રાએ નીકળેલા સમુદ્રગુપ્તનું વર્ચસ્વ સ્વીકાર્યું હતું. 'દૈવપુત્ર શાહિશાહાનુશાહિ' એ કુશાન રાજાઓનું વિશિષ્ટ બિરુદ છે, અને તે કુશાન સિક્કાઓ ઉપર અંકિત કરેલું હોય છે. એટલે ઉપર્યુક્ત સ્તંભલેખ પ્રમાણે, ઇસવી સનના ચોથા સૈકાના ઉત્તરાર્ધમાં પશ્ચિમોત્તર ભારતમાં કુશાન રાજાનું અસ્તિત્વ પૂરવાર થાય છે. સમુદ્રગુપ્તના મરણ પછી તેનો નબળો પુત્ર રામગુપ્ત ગાદીએ આવતાં એ રાજાએ પોતાના પરાજયનું વેર વાળવા પ્રયાસ કર્યો હોય એમ જણાય છે. એના આક્રમણને પાછું વાળવા રામગુપ્ત પાટલીપુત્રથી ચન્દ્રગુપ્ત સાથે લશ્કર લઇ પશ્ચિમમાં ગયો હોય, પરાજિત થયો હોય, કાર્ત્તિકેયનગરના સરહદી કિલ્લામાં ઘેરાઈને લાચારીએ શકપતિને ધ્રુવદેવી સોંપવા કબુલ થયો હોય અને છેવટે ચન્દ્રગુપ્તને હાથે શકપતિ મરાયો હોય-એવો ઘટનાક્રમ લાગે છે. એ શકપતિનું નામ આપણા જાણવામાં નથી,[૧૪] પણ એટલું ચોક્કસ કે

---

૧૪. આ સંબંધમાં ડૉ જયસ્વાલે એક તર્ક રજુ કર્યો છે (*J. B. O. R. S., June 1932, P. 201-206*) અને તે પ્રતીતિજનક જણાય છે. લિપિ ઉપરથી ઇસવીસનના ચોથા શતકનો લાગતો 'રાજાતિરાજ તોરમાણ શાહિ'નો એક શિલાલેખ લાહોર મ્યુઝિયમમાં છે. 'શાહિ' એ સ્પષ્ટ રીતે શક રાજાનું બિરુદ છે અને 'રાજાતિરાજ' એ 'શાહાનુશાહિ'નો સંસ્કૃત અનુવાદ છે. એટલે આ તોરમાણ શક રાજા છે (ઈ. સ. ૫૦૦ના અરસામાં થયેલો શ્વેત હુણ વિજેતા તોરમાણ આથી જુદો છે). હવે, અલ બિરુની પોતાના હિન્દ વિષેના ગ્રન્થમાં લખે

પશ્ચિમોત્તર ભારતમાંથી પરદેશી શક રાજ્યનો નાશ થતાં ગુપ્ત સામ્રાજ્યની વાયવીય સરહદ સલામત બની ગઈ.

શ્રી. બેનરજીએ બનારસ હિન્દુ યુનિવર્સિટીના આશ્રયે આપેલાં મણીન્દ્રચન્દ્ર નંદીવ્યાખ્યાનોમાં શકરાજાને મથુરાનો માન્યો છે,[૧૫] અને આ નવલકથા પૂરતું તેનું નામ સપ્તમ વાસુદેવ કલ્પ્યું છે. પૂર્વકાળમાં મથુરા અને તક્ષશિલામાં શક રાજાઓની રાજધાની હતી, પણ ઇસવી સનની ચોથી શતાબ્દીના ઉત્તરાર્ધમાં મથુરા શકોનું પાટનગર હતું એમ માનવાનાં કોઇ પ્રમાણો નથી. પરન્તુ ચન્દ્રગુપ્તના ઇ. સ. ૩૮૦ના લેખ પહેલાં બીજા કોઇ ગુપ્ત રાજાનો લેખ અથવા ચન્દ્રગુપ્ત પૂર્વેના બીજા કોઇ ગુપ્ત રાજાના સિક્કાઓ મથુરામાંથી મળ્યા નથી, એટલે મથુરા તે કાળે શકોની હકુમતમાં હોય એ સર્વાંશે સંભવિત છે.

[૩]

પોતાના ભાઇ રામગુપ્તની વિધવા ધ્રુવદેવી સાથે ચંદ્રગુપ્તનું લગ્ન એ ઇતિહાસકાળમાં ભારતના હિન્દુ રાજવંશમાં વિધવાપુનર્લગ્નનો પહેલો જ પ્રસંગ છે. ગુપ્તયુગ એ તો ભારતના ઇતિહાસનો સુવર્ણયુગ છે. હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો એ પુનરુત્થાનકાળ છે. પુરાણોનું અંતિમ સંપાદન એ જમાનામાં થયું. કાલિદાસ અને વિશાખદત્ત જેવા કવિઓ એ સમયમાં થયા. પરમ ભાગવત ગુપ્ત રાજાઓમાં પણ વિક્રમાદિત્ય ચન્દ્રગુપ્ત તો પરમ ધાર્મિક મનાયો છે. એ રાજાએ કરેલું વિધવાપુનર્લગ્ન આજે વિલક્ષણ

છે કે બૌદ્ધ રાજા કનિક-કનિષ્ક-ના વંશનો છેલ્લો રાજા લક તુરમાન (*Laka Turman*) નામનો હતો; વળી એ રાજવંશને તે 'શાહિયા'–શાહિ કહે છે. સંભવ છે કે ઉપર્યુક્ત શિલાલેખનો તોરમાણ અને અલ બિરુનીનો તુરમાન એ 'દેવીચન્દ્રગુપ્ત'નો શકપતિ હોય, જેનો વધ કરીને ચંદ્રગુપ્તે પશ્ચિમોત્તર ભારતમાંથી કનિષ્કના રાજવંશનો અંત આણ્યો હતો.

૧૫. *Age of the Imperial Guptas, P. 29-30.*

લાગવાનો સંભવ છે.

પરન્તુ એ કાળમાં વિધવાપુનર્લગ્ન, પછીના સમયની જેમ, ઉચ્ચવર્ગોમાં પણ નિષિદ્ધ ગણાતું નહોતું; સંખ્યાબંધ ધર્મશાસ્ત્રગ્રન્થોમાં એને લગતાં વિધાનો છે.[૧૬] અને તેમાં યે **कुलाय हि स्त्री दीयते इत्युपदिशन्ति** (આપસ્તંબ ધર્મસૂત્ર) એ સૂત્રાનુસાર મૃત પતિના ભાઇ સાથેનું પુનર્લગ્ન વધારે ઇષ્ટ ગણવામાં આવ્યું છે.[૧૭] એ રીતે ધ્રુવદેવી અને ચન્દ્રગુપ્તનું લગ્ન તે કાળની પ્રણાલિકાની દષ્ટિએ નિન્દ્ય ગણી શકાય તેમ નથી. 'મુજમલુત્તવારીખ'માં જણાવ્યા પ્રમાણે રાજકુમારીએ (ધ્રુવદેવીએ) પહેલાં બર્કમારિસને પસંદ કર્યો હતો, અને કાપુરુષ પતિ જ્યારે ધ્રુવદેવીને પરદેશી રાજાને સોંપવાને કબુલ થયો ત્યારે ચન્દ્રગુપ્તે તેને જીવના જોખમે બચાવી હતી—એ વસ્તુ ધ્યાનમાં લેતાં ધ્રુવદેવી પોતાના પતિના ઘાતક સાથે લગ્ન કરવાને કેમ તૈયાર થઈ એ સમજાય એવું છે. ગુપ્તવંશના લેખોમાં પહેલા ચન્દ્રગુપ્તની પટ્ટમહાદેવી કુમારદેવી, સમુદ્રગુપ્તની પટ્ટમહાદેવી દત્તદેવી અને બીજા ચન્દ્રગુપ્તની પટ્ટમહાદેવી ધ્રુવદેવીનો એકસરખા સન્માનપૂર્વક સાથોસાથ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તથા ધ્રુવદેવીથી થયેલો ચન્દ્રગુપ્તનો પુત્ર કુમારગુપ્ત વગર વાંધે તેના ઉત્તરાધિકારી બની શકે છે તે પણ તત્કાલીન સમાજરૂઢિ ઉપર સૂચક પ્રકાશ પાડે છે.

---

૧૬. જુઓ *J. B. O. R. S., June 1928, P. 247-48.*

૧૭. **न तु खलु कुलीने विद्यमाने परगामिनो स्यात्** ॥ (વસિષ્ઠ, ૧૭-૬૭)

ह्रस्वप्रवासिनां तु शुद्रवैश्यक्षत्रियब्राह्मणानां भार्याः संवत्सरोत्तरं कालं आकांक्षेरन् अप्रजाताः। संवत्सरं प्रजाताः । ततः पतिसोदर्यं गच्छेत् । (અર્થશાસ્ત્ર, ૩-૪)

मृते भर्तरि संप्राप्तान् देवरादीनपास्य या ।
उपागच्छेत् परं कामात् सा द्वितीया प्रकीर्त्तिता ॥ (નારદ, ૧૨-૫૦)

અહીં **द्वितीया**નો અર્થ મૂળના પૂર્વાપરસંબંધ અનુસાર 'બીજા પ્રકારની સ્વૈરિણી' સમજવાનો છે.

રામગુપ્ત ધ્રુવાનો પરિણીત પતિ હતો. 'દેવીચન્દ્રગુપ્ત'માં ચન્દ્રગુપ્ત કહે છે કે—મર્દ છતાં નામર્દ જેવું આચરણ કરતા **પતિને** કારણે આ ધ્રુવદેવી લજ્જા, કોપ, વિષાદ, ભીતિ અને શોકનો અનુભવ કરી રહી છે.[૧૮] એમાંનો 'પતિ' શબ્દ શું બતાવે છે? વળી એ જ નાટકમાં ધ્રુવદેવી પોતે રામગુપ્તના સંબંધમાં એક કરતાં વધુ વાર 'આર્યપુત્ર' શબ્દનો પ્રયોગ કરે છે.[૧૯] અર્થાત્ વિશાખદત્તના મત પ્રમાણે પણ, ધ્રુવા રામગુપ્તની પત્ની હતી. ગુપ્તકાળમાં વિધવાપુનર્લગ્ન નિન્દ્ય ગણાતું નહોતું એ જાણવા છતાં,[૨૦] રાખાલબાબુએ અર્વાચીન હિન્દુદૃષ્ટિએ જણાતી આ પ્રસંગની વચનીયતા દૂર કરવા માટે પોતાની આ નવલકથામાં ધ્રુવાને કેવળ ચન્દ્રગુપ્તની વાગ્દત્તા તરીકે વર્ણવી છે અને રામગુપ્ત સાથે તેને કોઈ જ સંબંધ નહોતો એમ બતાવ્યું છે. પોતાની નવલકથાની નાયિકા અને મહારાજ ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્યની મહાદેવી 'એક ભવમાં બે ભવ' કરે એ તેમને રુચ્યું નથી. તેમની નવલકથામાં યુવરાજ ચન્દ્રગુપ્તને ધ્રુવાનું વાગ્દાન કરવામાં આવ્યું હતું, પણ પિતા સમુદ્રગુપ્તે યુવાવસ્થામાં રામગુપ્તની માતા જયસ્વામિનીને આપેલ વચનના અનુરોધ ખાતર, ચન્દ્રગુપ્તે રામની જેમ ગાદીત્યાગ કર્યો અને યુવરાજપદ રામગુપ્તને સોંપ્યું; એટલે ધ્રુવાના પિતા

---

૧૮. **रम्यां चारतिकारिणीं च करुणां शोकेन नीतां दशां**
तत्कालोपगतेन राहुशिरसा गुप्तेव चान्द्री कला ।
पत्युः क्लीबजनोचितेन चरितेनानेन पुंसः सतो
लज्जाकोपविषादभीत्यरतिभिः क्षेत्रीकृता ताम्यति ॥

—નાટ્યદર્પણ ગ્રન્થ ૧, પૃ. ૮૬

૧૯. **ईयं <u>अज्जउत्त</u>! ईदिसी दयालुदा! जं अणवरद्धो जणो अणुगतो एवं परिच्चईयदि । × × × हंजे! इयं सा <u>अय्यउत्तस्स</u> करुणदा । ××× अहंपि जीविदं परिच्चयंती <u>अज्जउत्तं</u> पढमयरं य्येव परिच्चइस्सं ।** —નાટ્યદર્પણ, ગ્રન્થ ૧, પૃ. ૧૪૨

૨૦. *Age of the Imperial Guptas, P. 29*

રુદ્રધરે દીકરીને રાજ્ય મળે એ લોભે 'મેં તો ચન્દ્રગુપ્તને નહીં, યુવરાજને વાગ્દાન કર્યું હતું' એમ કહીને પોતાના વચનનો, ધ્રુવાની પણ મરજી વિરુદ્ધ, જુદો જ અર્થ કર્યો અને સમુદ્રગુપ્તના અવસાન અને રામગુપ્તના રાજ્યારોહણ બાદ તેણે અપરિણીત અવસ્થામાં જ ધ્રુવાને રાજાના અંતઃપુરમાં મોકલી, જેથી રામગુપ્ત તેની તરફ આકર્ષાઇને તેની સાથે લગ્ન કરે. વિલાસી અને ચંચલ રામગુપ્ત તેને પરણવા ઇચ્છતો નથી, પણ તેની સાથે અનુચિત વ્યવહાર રાખવા માગે છે. ધ્રુવા કદિ પણ એને વશ થતી નથી, અને રામગુપ્તને તે પોતાનો પિતાતુલ્ય જેઠ છે એ વસ્તુની વારંવાર યાદ આપે છે. આમ છતાં ધ્રુવા કેટલોક સમય રામગુપ્તના અંતઃપુરમાં વસી હોવાથી તે રામગુપ્તની મહાદેવી છે એવી અફવા શકરાજા સુધી પહોંચે છે અને નબળા રામગુપ્ત પાસે શકરાજા ધ્રુવદેવીની માગણી કરે છે. વિશુદ્ધિના આગ્રહી રાખાલબાબુએ સજ્જડ ઐતિહાસિક પ્રમાણો સાથે આ રીતે બાંધછોડ કરવા પ્રયાસ કર્યો છે. રખેને આપણે એમ માની બેસીએ કે ધ્રુવા રામગુપ્તની પરિણીતા પત્ની હતી અને તેણે પોતાના દિયર ચન્દ્રગુપ્ત સાથે પુનર્વિવાહ કર્યો હતો! અનેક પાત્રો દ્વારા અનેક વાર તેઓ આ વસ્તુનો ભારપૂર્વક પ્રચાર કરાવે છે. જુઓઃ

> ધ્રુવા બોલીઃ "ના, ના, એમણે આત્મહત્યા કરી છે. મારા પિતાજી મહાનાયક રુદ્રધર મનમાં મોટી મોટી આશા સેવી રહ્યા હતા. હું કુમાર ચન્દ્રગુપ્તની વાગ્દત્તા ધર્મપત્ની છું એવું જાણતા છતાં ય મને સિંહાસન ઉપર બેસાડવાની આશાએ તેમણે પ્રચાર કર્યો હતો કે હું સામ્રાજ્યના યુવરાજની વાગ્દત્તા પત્ની છું, કુમાર ચન્દ્રગુપ્તની વ્યક્તિગત નહીં......" (પૃ. ૭૭)

"પણ ધ્રુવદેવી હજી તમારી પટરાણી જ કયાં થયેલી છે?"

"પણ દેશપરદેશના લોકો તો જાણે છે ને કે ધ્રુવા મારી પટરાણી છે!" (પૃ. ૯૫)

"એટલા વળી નસીબદાર કે ધ્રુવાને હજી પટરાણી બનાવેલી જ

નથી, નહિ તો ત્રણે લોકમાં કાયમને માટે તમારી અપકીર્તિનાં ગાન ગવાઇ રહેત. તો પછી બહારની બલાને કાઢો. ધ્રુવા કયાં પટરાણી છે? શકરાજે મંગાવી હતી, એટલે એક બૈરીને અર્પણ કરી દીધી એમ કહેવાય......" (પૃ. ૯૭)

પ્રણામ કરતી ધ્રુવદેવી ઘુંટણભેર બેસી ગઇ. પછી હાથ જોડી બોલી: "આર્ય, આપ તો મારા જેઠ, એટલે મારે પિતાતુલ્ય છો. તમે મને આમ અસભ્યતાથી બોલાવો એ આપને શોભતું નથી." (પૃ. ૧૧૦)

ધ્રુવદેવી બેઠી થઇ. ત્રાસ ને વિસ્મયથી વેગબંધ વહેતાં ઝરણાંની પેઠે તેના મુખમાંથી વાક્યો સરવા લાગ્યાં: "મહારાજ! હું કંઇ આપની પટ્ટમહાદેવી નથી. તો પછી આપ મને મથુરા કેમ મોકલી રહ્યા છો? હું આપના નાના ભાઇની પત્ની છું......" (પૃ. ૧૧૩)

દત્તદેવીની બાથમાં મોં છૂપાવી ઊભેલી ધ્રુવદેવી બોલી: "...આપના મોટાભાઇ મહારાજાધિરાજ રામગુપ્ત મારા જેઠ છે. પણ હું અબળાને એકલી પડી ગયેલી જોઇ, મને નિરાધાર જોઇને પોતાને ન છાજે એવાં પ્રેમનાં ભાષણ એમણે કાઢયાં છે. એમનો મંત્રી રુચિપતિ મને ઉદ્યાનવિહારે લઇ જવા માગે છે..." (પૃ. ૧૨૩)

જગદ્ધર નીચું મુખ કરી બોલ્યો: "ત્યારે તો સાંભળો. દેવ, બ્રાહ્મણ અને ત્રણેક નાગરિકોને સાક્ષી રાખી મારા પિતાજી મહાનાયક રુદ્રધર મારી બેન ધ્રુવદેવીને ચંદ્રગુપ્તના હાથમાં સોંપવાનું કહી વચને બંધાઇ ચૂકયા હતા." (પૃ. ૧૬૩)

આ બધું છતાં યે અંતઃપુરમાં રહેલી ધ્રુવાને પુરોહિતો અને ધર્મ-શાસ્ત્રીઓ છેવટે અન્યપૂર્વા ગણવા પ્રેરાય છે, અને જ્યારે ચંદ્રગુપ્ત પોતાની ધ્રુવા વગરના સિંહાસનને ત્યાજ્ય ગણીને ચાલી નીકળવા તૈયાર થાય છે અને દત્તદેવી પણ પાટલીપુત્રના નાગરિકો અને મંત્રીમંડળ સમક્ષ પોતાનું ચંડિકારૂપ પ્રગટ કરી ચંદ્રગુપ્તને મગધમાંથી ચાલ્યો જવા કહે છે ત્યારે

જ મહાસચીવ વિશ્વરૂપ બોલે છે:

> "શાંત થાઓ, જગદ્ગુરુ. સાંભળો ચંદ્રગુપ્ત. શાસ્ત્રધર્મ, દેશાચાર બધું ય જાય રસાતાળ! તમારા મનથી તમને જે સાર કે સત્ય વરતાતાં હોય તે જ રસ્તે તમે બેધડક જાઓ. ધ્રુવાનો સ્વીકાર કરી આર્યપટ્ટને શોભાવો!" (પૃ. ૧૬૫)

આની તુલનામાં પ્રણાલિકાભંજક મુનશી પોતાનાં પાત્રો પાસે શું બોલાવે છે અને કેવું આચરણ કરાવે છે તે જોઇએ. વિધવા ધ્રુવસ્વામિની મૂઠીભર વફાદાર માણસો સાથે પાટલીપુત્રના રાજમહેલમાં ઘેરાઈ ગઇ છે. દત્તદેવી સિવાયની બીજી એક રાણીથી થયેલો, સમુદ્રગુપ્તનો પુત્ર સ્કન્દ અને તેના માણસો રાજમહેલનો તથા રાજગાદીનો કબજો મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. મહેલમાં ખાવાનું પણ ખૂટયું છે અને મહેલનાં દ્વાર તૂટવાની ઘડીઓ ગણાય છે. તે વખતે માળવાથી મારતે ઘોડે આવેલો કૃતકોન્મત્ત-બનાવટી ગાંડો ચંદ્રગુપ્ત એક બારીમાંથી ચઢી આવી ધ્રુવદેવીને મળે છે. ભયંકર મૃત્યુ નજરે દેખાતું હોય છે તે વખતે એ ઉત્તપ્ત પ્રણયીઓના ઘણા વખતથી દબાવી રાખેલા આવેશો અને આવેગો એકબીજાની સમક્ષ કોઇ પ્રકારના વ્યવધાન વગર પ્રકટ થાય છે. 'કીર્તિ અને ધર્મની શૃંખલાએ બદ્ધ' એ બે જણાં હવે માત્ર 'ધર્મ અને કીર્તિનાં સૂકાં કાચલાં'ને વળગી રહેવા ઇચ્છતાં નથી. દેવયાની, મંજરી અને તનમનની સહોદરા ધ્રુવદેવીને ચન્દ્રગુપ્તમાં પોતાનો મનનો માનેલો પરાક્રમશીલ નરવિશેષ મળી ગયો અને બન્નેએ પતિપત્ની તરીકે જ મરવાનો નિશ્ચય કર્યો. તે વખતે મુનશીનાં પાત્રો શું બોલે છે તે જુઓ:

> **ધ્રુવદેવી**: (કરગરીને સાશ્રુનયને ચંદ્રગુપ્તના સામું જુએ છે) સ્વામી!...... (બધાં ચમકે છે)

ચંદ્રગુપ્ત: ભગવાન! તમે વડિલ છો. હરિસેન ને કાલિદાસ, તમે વિપ્રો છો. અમે બે ગાંડાં છીએ. અમે મરવાનાં હતાં સાથે ...કે કૃતાંત પરલોકમાં અમારી લગ્નવિધિ કરે...હું હમણાં

બારણું ઉઘાડું છું. તે પહેલાં આ ભવે અમારો લગ્નવિધિ પૂરો કરશો ?

દત્તદેવી : (અજાયબ થઈ) ચંદ્ર !

ચંદ્રગુપ્ત : ભગવતી ! ગભરાશો નહીં. અધર્મ લાગે તો ક્ષમા કરજો. હરિસેન ! કાલિદાસ ! બોલો, શું કહો છો ?

હરિસેન : મહારાજ ! પણ આ ઘડીએ –

ચંદ્રગુપ્ત : હરિસેન, મારી આજ્ઞા છે !

કાલિદાસ : (આંસુ લૂછીને) સ્વામિની ! હું લગ્ન કરાવું છું. ધર્મને ન રુચે તો ભલે. પ્રણયધર્મે તો તમારું લગ્ન ક્યારનું સ્વીકાર્યું છે—

યાજ્ઞવલ્કય : (શાન્તિથી આવીને) ધર્મને શું નથી રુચતું ?

[બહાર લોકો જોરથી બારણાને ધક્કો મારે છે.]

ચંદ્રગુપ્ત : કોણ, આચાર્યદેવ ! (પગે લાગી) પધારો...અમારાં લગ્ન કરી આપો. પેલાં બારણાં ઉઘાડી મારે કૃતાંતને નિમંત્રવો છે.

ધ્રુવદેવી : (હાથ જોડી) આચાર્યદેવ ! ને હું મરવાની હોઉં તો મારે મહારાજની પત્ની થઈ મરવું છે.

કાલિદાસ : (ગુસ્સામાં) તમારો ધર્મ ના કહેતો હોય તો કહી દો. હું પરણાવું.

યાજ્ઞવલ્કય : વત્સો ! તમારું લગ્ન ધર્મ ને નીતિ બન્ને સ્વીકારશે. અથર્વાંગિરસ, કૌટિલ્ય ને યાજ્ઞવલ્કયસ્મૃતિ ત્રણે સંમત છે. ધર્માદિત્યના પુત્ર, ને અચ્યુતદેવની પુત્રી ! (બન્નેના હાથ જોડી):

सम्राज्ञी श्वशुरे भव सम्राज्ञी श्वश्र्वां भव ।
ननान्दरि सम्राज्ञी भव सम्राज्ञी अधि देवृषु ॥

વત્સો, આયુષ્યમાન્ થાઓ, પુત્રવાન્ થાઓ, સુખી થાઓ !

[બહારથી લોકો જોર કરે છે ને બારણાં ધધણે છે][21]

---

૨૧. ધ્રુવસ્વામિનીદેવી, પૃ. ૧૨૩–૨૪.

આમ મુનશીએ પોતાની નાયિકા પાસે નિઃસંકોચ દિયરવટું કરાવ્યું છે.

બીજું એક ઉદાહરણ લઈએ. શકપતિના વધવાળી ઘટના પછી રામગુપ્ત અને ચંદ્રગુપ્ત વચ્ચે વૈમનસ્ય થયું જણાય છે. પોતાને પરદેશી રાજાના રણવાસમાં મોકલવા તૈયાર થએલા પતિ તરફ ધ્રુવાને નફરત થઈ હોય અને પોતાને બચાવનાર ચંદ્રગુપ્ત પ્રત્યે આકર્ષણ વધ્યું હોય એ સંભવિત છે. 'દેવીચન્દ્રગુપ્ત'ના ઉલ્લેખો ઉપરથી અનુમાન થઈ શકે છે કે ચંદ્રગુપ્તને રામગુપ્તના મારાઓનો ભય લાગતો હતો અને તેથી તેણે બનાવટી ગાંડપણ ધારણ કર્યું હતું.[22] ચંદ્રગુપ્તે કરેલા રામગુપ્તના વધનું પણ આ સિવાય બીજું કારણ ભાગ્યે જ હોઈ શકે.

પરન્તુ ચન્દ્રગુપ્ત જેવો રાજા ભાઈના લોહીથી ખરડાયેલા સિંહાસન ઉપર બેસે એ વસ્તુ રાખાલબાબુનો આત્મા સહન કરી શક્યો નથી. તેમણે આ નવલકથામાં કરેલા નિરૂપણ મુજબ, રામગુપ્તની હત્યા ચન્દ્રગુપ્તે અથવા ચંદ્રગુપ્તની સૂચનાથી બીજા કોઈએ કરી નહોતી, પણ કોઈ અજાણ્યા નાગરિકે પોતાની પુત્રી ઉપર થયેલા અત્યાચારનું અંગત વેર લેવા માટે

---

૨૨. "एसो सियकरवित्थरपणासियासेसवेरितिमिरोहो।
नियविह(हि)वरे(से)ण चंदो गयणं गह लंघिउं विसइ॥"

इयं स्वापायशङ्किनः कृतकोन्मत्तस्य कुमारचन्द्रगुप्तस्य चन्द्रोदय-वर्णनेन प्रवेशमात्तिपादिकेति।

"बहुविहकज्जविसेसं अइगूढं णिण्हवेइ मयणादो।
निक्खलइ रुद्धावेत्तउ रत्ताहुत्तं मणं रिउणो॥"

इयं उन्मत्तस्य चन्द्रगुप्तस्य मदनविकारगोपनपरस्य मनाक् शत्रु-भीतस्य राजकुलगमनार्थं निष्क्रमणचिकेति।

—નાટ્યદર્પણ, ગ્રન્થ ૧, પૃ. ૧૯૪

કરી હતી. ચંદ્રગુપ્તના ગાંડપણનો આખો યે પ્રસંગ રાખાલબાબુએ ટાળી નાખ્યો છે એનું કારણ આ જ છે. બીજી બાજુ, મુનશીનો 'કૃતકોન્મત્ત' ચંદ્રગુપ્ત શું કરે છે? રામગુપ્ત તેને ધ્રુવદેવીના દેખતાં મારી નાખવા પોતાના માણસોને આજ્ઞા કરે છે તે જ વખતે ચન્દ્રગુપ્ત તેના ઉપર કુદી પડી, ધરાશાયી કરી, ગળું દાબી તેને મારી નાખે છે.

વધારે વિસ્તાર કરવાની જરૂર નથી.[૨૩] આ બે જ ઉદાહરણો રાખાલબાબુ અને મુનશી એ બન્ને કલાકારો તથા તેમની કલાકૃતિઓના મિજાજમાં રહેલા મૂલગત ભેદ ઉપર સૂચક પ્રકાશ ફેંકે છે. તેમાં યે રાખાલબાબુ જેવા પ્રકાંડ ઇતિહાસપંડિતે ઇતિહાસ સાથે લીધેલી છૂટ તેમના માનસની સવિશેષ દ્યોતક બની રહે છે.

[૪]

રાખાલબાબુ બંગાળીના એક શિષ્ટ નવલકથાકાર છે. પ્રાચીન વસ્તુઓના આધારે ઇતિહાસ રચવામાં જેમ તેઓ સિદ્ધહસ્ત હતા તેમ પ્રાચીન ઇતિહાસને આધારે કલ્પનામિશ્રિત ઐતિહાસિક નવલકથા લખવામાં પણ નિપુણ હતા. તેમની ઐતિહાસિક નવલકથાઓને બંગાળી સાહિત્યમાં ઊંચું સ્થાન મળ્યું છે. ૧૯૩૦માં રાખાલબાબુ અવસાન પામ્યા તે પૂર્વે કેટલાક સમય અગાઉ 'ધ્રુવા' તેમણે નાટકરૂપે લખી હતી. પછી તેમણે એ ફરી વાર નવલકથા રૂપે લખી હતી. એ રીતે તેમની એ છેલ્લી નવલકથા છે.[૨૪]

---

૨૩. રામગુપ્ત એ ચન્દ્રગુપ્તનો સગો ભાઇ નહીં, પણ સમુદ્રગુપ્તની એક ઉપપત્નીનો પુત્ર હતો એમ રાખાલબાબુએ નિરૂપ્યું છે. મુનશીએ એક જ માતાપિતાના બે પુત્રોના પ્રકૃતિભેદ ઉપર ભાર મૂક્યો છે. રામગુપ્ત ચન્દ્રગુપ્તનો સગો ભાઈ નહોતો એમ માનવાનું કોઈ પ્રમાણ હજી ઇતિહાસમાંથી મળ્યું નથી. 'દેવીચન્દ્રગુપ્ત' ભવિષ્યમાં આખું પ્રાપ્ત થાય અને તેમાંથી કોઇ નવી વસ્તુ મળી આવે તો જુદી વાત છે.

૨૪ આ પહેલાં લખાયેલી તેમની બીજી કેટલીક નવલકથાઓ—શશાંક ('પાટલીપુત્રનો પ્રલયકાળ' નામથી), ધર્મપાલ, મયૂખ ઇત્યાદિ—ના ગૂજરાતી અનુવાદો પ્રસિદ્ધ થયેલા છે.

તેમના અવસાન બાદ ૧૯૩૩માં બંગાળી માસિક 'પ્રવાસી'માં એ છપાઇ હતી. તે ઉપરની સંપાદકીય નોંધમાં 'પ્રવાસી'ના તે વખતના તન્ત્રી સદ્‌ગત રામાનંદ ચેટરજીએ લખ્યું છે :

"આ વાર્તામાંની એકેએક બીના ઐતિહાસિક નથી, પરન્તુ એનું મુખ્ય આખ્યાનવસ્તુ બરાબર ઇતિહાસમાંનું છે, અને એમાંનું સમાજચિત્ર ઇતિહાસસંમત છે, એ વાત એમણે (રાખાલબાબુએ) અમને જણાવી હતી."

'શકારિ'નું મુખ્ય આખ્યાનવસ્તુ ઇતિહાસમાંનું છે અને એમાંનું સમાજચિત્ર અતિહાસિક છે એ વિધાન સાથે આપણે પણ સંમત થઇશું. ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક વાતાવરણ એ સૌથી આવશ્યક છે: અને આ નવલકથાનું વાતાવરણ સર્વાંશે ઐતિહાસિક છે. લેખક ઇતિહાસ અને ભાષાના ઊંડા અભ્યાસી હોઇ આ નવલના ચિત્રણમાં આપણને કયાંય અર્વાચીનતાનો ભાસ થતો નથી. પોતાના ઇતિહાસ-પરિશીલનને સર્જક કલ્પનાના રંગે રંગીને લેખક ઇસવી સનની ચોથી શતાબ્દીનાં પાટલીપુત્ર, મગધ અને મથુરા આપણી સમક્ષ ખડાં કરે છે.

ઐતિહાસિક નવલકથાનાં બધાં જ પાત્રો ઐતિહાસિક હોય એ વસ્તુ કદાપિ શકય નથી. પણ આ નવલકથાનાં સર્વ મુખ્ય પાત્રો ઐતિહાસિક છે. ચંદ્રગુપ્ત, રામગુપ્ત, સમુદ્રગુપ્ત, દત્તદેવી, ધ્રુવદેવી, માધવસેના અને હરિષેણ એટલાં પાત્રો ઇતિહાસસંમત છે. પાત્રાલેખન પણ સુરેખ થયું છે. ભવિષ્યમાં જે સાહસાંક તરીકે પ્રસિદ્ધ થવાનો છે તે સાહસિક છતાં સ્નિગ્ધ પ્રણયી ચંદ્રગુપ્ત; પતિપરાયણા તેજસ્વી સતી ધ્રુવદેવી; નશાબાજ, લંપટ અને મૂર્ખ રામગુપ્ત; રામગુપ્તનો ખંધો અને ભીરુ સાગરીત રુચિપતિ, આથમતા સૂર્ય જેવો તેજસ્વી વૃદ્ધ સમ્રાટ્ સમુદ્રગુપ્ત અને તેની પ્રભાવશાળી પત્ની દત્તદેવી; તથા વસન્તસેનાની કંઇક યાદ આપતી નટીમુખિયણ માધવસેના—ઇત્યાદિ પાત્રોનું આલેખન કોઇ પણ સારા નવલકથાકારની કલમને જેબ આપે એવું થયું છે.

રાખાલબાબુની આ નવલકથાનું એક વિશિષ્ટ લક્ષણ તેની નિર્વ્યાજ સરલતા છે. લાંબી તાત્ત્વિક ચર્ચાઓ કરવાની અને વખતે-કવખતે મનન-કણિકાઓ વેરવાની અનેક તકો આ નવલમાં મળે તેમ હોવા છતાં તે તેમણે, યોગ્ય રીતે જ, જતી કરી છે. બિનજરૂરી લાંબાં વર્ણનો ક્યાંય જોવામાં આવતાં નથી, પણ જે વર્ણનો છે તે થોડીક પંક્તિઓમાં જ પોતાનો હેતુ બરાબર સિદ્ધ કરે છે. સંવાદોની કૃત્રિમ પટાબાજીના લોભમાં લેખક કદિ પડયા નથી. અહીં તો વાર્તા પોતે જ રસળતી મંજુલ ગતિએ પોતાના ધ્યેય તરફ ચાલી જાય છે. સાદાઇ એ જ એનું આભૂષણ બની રહે છે.

[૫]

મૂળ બંગાળી 'ધ્રુવા'નો 'શકારિ' નામથી સુઘડ ગૂજરાતી અનુવાદ શ્રી. ભીમભાઇ દેસાઇએ કર્યો છે. છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન બંગાળીમાંથી ગૂજરાતીમાં ઉતરેલી સંખ્યાબંધ નવલકથાઓમાં ઘણી વાર નજરે પડતા તરજુમિયાવેડા, ગૂજરાતીમાં પણ બંગાળી રૂઢિપ્રયોગો અને બંગાળીમાં સ્વાભાવિક પરન્તુ ગૂજરાતીમાં નિરર્થક એવી સંસ્કૃતપ્રચુરતાથી આ અનુવાદ સર્વથા મુક્ત છે. આદિથી અંત સુધી આપણે કોઈ શિષ્ટ ગૂજ-રાતી નવલકથા વાંચતા હોઇએ તેવું લાગે છે. અનુવાદકની આ સિદ્ધિ પ્રશંસાપાત્ર છે.

'શકારિ'ના પ્રકાશનથી આપણા અનૂદિત નવલસાહિત્યમાં એક સારો ઉમેરો થયો છે.

ઉચ્ચ અભ્યાસ અને
સંશોધન વિભાગ,
ગૂ. વ. સો.
અમદાવાદ
તા. ૧૧-૨-૪૫

ભોગીલાલ જ. સાંડેસરા

સ્વ. રાખાલબાબુની આ ઐતિહાસિક નવલકથા વીર વિક્રમની ત્રીજી સહસ્રીના ઉદયકાળે પ્રકટ કરતાં આનંદ થાય છે. વિક્રમ કોણ હતો એ વિષે ઘણા મતભેદો છતાં કેટલાક પીઢ વિદ્વાનો તો આ કથાના નાયક ચંદ્રગુપ્ત બીજાને જ શકારિ વિક્રમ માને છે એ હવે જાણીતું છે.

સને ૧૯૩૩માં આ નવલકથા 'ધ્રુવા' નામથી બંગાળી "પ્રવાસી" માસિકમાં પ્રગટ થઇ હતી. ઘણું કરીને તે બં. માં પુસ્તક રૂપે પ્રગટ થઇ નથી. ગુજરાતીમાં જ તે પુસ્તકાકાર પામે છે. મૂળ નાટક રૂપે તૈયાર કરેલા લખાણને લેખકે પછીથી નવલકથાનો આકાર આપેલો છે એવી નોંધ 'પ્રવાસી'માં છે. આ નવલકથામાં નાટકી તત્વ સવિશેષ નજરે પડે છે તેનું કારણ એ છે.

ભાઇ ભોગીલાલ સાંડેસરાએ અતિ વિદ્વત્તાભર્યો પ્રવેશક લખી આપી આ પુસ્તકની મહત્તામાં ઉમેરો કર્યો છે. તે માટે હું તેમનો અત્યંત ઋણી છું.

ગુજરાતી જનતા આ પુસ્તકનો સત્કાર કરશે એવી આશા રાખું છું.

ના. વી.

શ કા રિ

●

ખંડ ૧લો

પ્રકરણ ૧લું

નટીપરું

પાટલિપુત્ર તો સુંદર હતું જ, પણ તેનું નટીપરું અધિક સુંદર હતું. ત્યાંની નટીઓ દેહ વેચીને જીવનારી સામાન્યા નારીઓ નહોતી. નૃત્યગીત વગેરે કલાના કૌશલ્ય માટે પ્રખ્યાતિ પ્રાપ્ત કરનારી નારીઓ સ્વતંત્ર પ્રાચીન ભારતમાં "ગણિકા" તરીકે પંકાતી. પણ હાલમાં ગણિકા શબ્દ ખરાબ અર્થમાં વપરાતો થઈ ગયો હોવાથી એને બદલે અહીં નટી શબ્દ વાપરવાનું રાખ્યું છે.

બધી નટીઓ નોખા પરામાં વાસ કરતી અને નગરાધ્યક્ષ કે રાજધાનીનો પ્રતિહાર એ બધીની સંમતિ મેળવીને, એમનામાંથી જ એક જણીની મુખી તરીકે નિમણૂંક કરતો.

આજથી લગભગ દોઢ હજાર વરસ પહેલાંના ચૈત્ર માસના સુદિ પખવાડિયાના લગભગ અંત વખતની આ વાત છે.

નટીપરા સાથે રાજમાર્ગનો જ્યાં સંગમ થતો હતો ત્યાં નટીમુખિયણ માધવસેનાને વિંટળાઈ વળી કેટલી ય નટીઓ મોટે ઘાંટે કોલાહલ મચાવી રહી હતી. એ બધીઓ મુખિયણને રામગુપ્ત

નામની વ્યક્તિ વિરુદ્ધ રાજદ્વારે ધા નાખવાનું કહી રહી હતી. જવાબમાં માધવસેના વારેવારે કહેતી હતીઃ "પણ બેનો, હું ય શું કરું? મહારાજ ઘરડા થઈ ગયા છે ને........ને તેમની તબિયત જ ક્યાં સારી છે?"

બધી જ રામગુપ્તના ભયથી આકુળવ્યાકુળ થઇ ગઈ હતી. કોઈને જ જાણે મુખિયણની વાત ગળે ઊતરતી ન હતી.

સાંજ થવા આવી છે. રાજમાર્ગ પર નાગરિકોના હાથીઓ ને રથની ભીડ જામવા માંડી છે. અસંખ્ય દીવા સળગી ઊઠયા છે. પણ માધવસેનાવાળું નટીપરું હજી અંધકારમય છે.

માધવસેના એક જણીને પૂછવા લાગીઃ "ત્યારે આજે આપણા કોઈના જ ઘરમાં દીવો નહિ સળગે?"

તેણે ઉત્તર વાળ્યોઃ "તે શું તમે ભૂલી ગયાં માસી, કે આજે પણ કુમાર રામગુપ્ત ઉદ્યાનવિહારે નીકળવાના છે?"

"આજે? અત્યારે?"

"હા. તેથીસ્તો ગલીના વાંક આગળથી બધા લોકોને આજે પાછા વળી જવું પડે છે."

અત્યંત ચિંતામાં પડી જઈને માધવસેના બોલીઃ "કુમાર રામગુપ્તનો ઉદ્યાનવિહાર સાચે જ શરૂ થવાનો છે? તો તો આપણી બધીની શી વલે થશે?"

બધી તરુણીઓ એકીઅવાજે બોલીઃ "એટલે જ તો તમને કહીએ છીએ માસી, કે તમે મહારાજ પાસે પહોંચો."

માધવસેના કંઈક ઉત્તર વાળવા જતી હતી, એટલામાં એકાએક અંધકારમાંથી પુષ્પાભૂષણે સજ્જ એક ઠીંગણો યુવાન

બહાર નીકળી આવ્યો ને તેનો હાથ જોરથી પકડી લેતાં બોલી ઊઠયોઃ "ચાલ, ચાલ, અબઘડી જ........!"

ભયવિહ્વળ માધવસેના બોલીઃ "કોણ ? કોણ ? રામગુપ્ત ?"

યુવાન તે વખતે નશાથી ચકચૂર હતો. ડચકાં ખાતાં ખાતાં તે બોલ્યોઃ "ઓળખતી નથી ? ચાબૂકના સોળ વાંસા પરથી ભૂંસાઈ ગયા શું ?"

એ અવાજ પારખી બીજી રમણીઓ તો બીકથી ચીસ પાડતી પાડતી ત્યાંથી નાસી છૂટી. લાંબો નિસાસો મૂકતી માધવસેના બોલીઃ "ના, જરાય નહિ. કુમાર, છોડી દો મને એકદમ."

જાણે અંધકારમાંથી ફૂટી નીકળતો હોય તેમ રામગુપ્તનો એક સોબતી ત્યાં આવી પડતાં બોલ્યોઃ "હું ભાઈબાપાથી કહેતો હતો ત્યારે તો કંઈ પાધરી ન પડી, તો હવે લેતી જા ગમ્મત !"

માધવસેના ક્રોધથી લાલચોળ થઇ ગઈ. તેણે રામગુપ્તને ધક્કો મારી દૂર હડસેલી દીધો. તે માંડ માંડ પડતો બચ્યો. નવા આવનાર તરફ જોઇ માધવસેના બોલીઃ "અલ્યા બ્રાહ્મણ, તને હજી ય કહું છું, હું તમારી સાથે કદી ય આવવાની નથી. ખબરદાર, મારા શરીરને અડયો છે તો. રુચિપતિ, તું બ્રાહ્મણ ભલે હોય, પણ મારે મન ચંડાળ કરતાં ય તું અધમ છે !"

જાણે કંઈ સાંભળ્યું જ ન હોય તેમ માધવસેનાનો હાથ પકડતો રુચિપતિ બોલ્યોઃ "અલિ અપ્સરા, ગાળો શાને દે છે ? ચકાચક કલદાર સોનૈયા મળે છે ત્યારે જ આવે છે ને ? રુચિપતિ પાસે ઉધારબુધારની વાત નથી. કુમારે કદાચ એકબે ઠોંસા

માર્યા હોય તો તે તારે રાજસન્માન લેખે ગણી લેવા ઘટે.”

માધવસેના બોલી: ‘એ મારો ધંધો નથી, સમજ્યો, બ્રાહ્મણ ? હું નટીસમાજની મુખિયણ છું. રાજદરબારમાં પ્રતિષ્ઠાવંતી છું. તારા રાજકુમારના દુષ્ટ અત્યાચાર સહન કરવા-વાળી બજારુ નારીની જરૂર હોય તો જા. તેમની મુખિયણને તેડું મોકલ. ને કુમાર, આપ રાજકુમાર ભલે હો, પણ આપનામાં આ નટીપરાજોગીય પાત્રતા નથી. જુઓ તો ખરા, કે સદા ય સંગીતગીતથી ભર્યુંભર્યું રહેતું, હજાર હજાર દીવડાથી ઝળાંઝળાં થતું રાજધાનીનું નટીપરું આજે અંધકારમય છે, ચકલું સરખું ય ફરકતું દેખાતું નથી. રામગુપ્ત, સુરાપાનથી ઉન્મત્ત બનીને આપ પશુથી ય બદતર બની જાઓ છો, એટલા જ માટે અમારામાંથી કોઈકે આપને છાંયડે ચઢવા માગતી નથી. ગઈ પૂર્ણિમાએ તમારા ઉદ્યાનમાં હું આવી જ હતી ને, પણ આપના તરફથી પ્રસાદી રૂપે મળેલા કોરડાની નિશાનીઓ હજી ય મારી પીઠ પર લીલી ને લીલી છે. હું કોઈ પણ પ્રકારે આપની સાથે આવવાની નથી.”

પીધેલપણાને ઘોઘરે સાદે રામગુપ્ત બોલ્યો: “ન કેમ આવે ? આવવું જ પડશે ! બીજું કંઈ હું સમજુંબમજું નહિ. મારે બીજા કોઈનું કામે નથી, મારે તો માત્ર તારું જ કામ છે. તારે આવવું જ પડશે.”

રુચિપતિ બોલ્યો: “હા, હા, આવવું જ પડશે. કુમાર જેવા કુમાર કહે છે, ત્યારે તો બાપ, તારે આવવું જ જોઇએ. તું મુખિયણ હોય કે બીજી કોઈ હોય, રામવાક્ય તે બ્રહ્મવાક્ય ! નાહક શી ગરબડ કર્યા કરે છે ? ચઢી બેસ રથમાં ! આખું ય

ક્યાં છે? ઘડીમાં પહોંચી જઈશું. ત્યાં પહોંચી કે તરત જ તારો ભાવ બદલાઈ જશે."

માધવસેના બોલીઃ "ના બ્રાહ્મણ, હું નથી જ આવવાની. મારે કુંવરની કૃપા નથી જોઈતી. રામગુપ્ત ભલે રાજકુંવર હોય, પણ પ્રજાની સ્વતંત્રતા પર હાથ નાખવાનો તેને કોઈ જ અધિકાર નથી. સમ્રાટની મહોરછાપ મારેલો હુકમ લઈ આવ, પછી તું કહેશે ત્યાં આવીશ."

રુચિપતિ બોલી ઊઠ્યોઃ "ભાઈલા રામચન્દ્ર, આ માધવસેના તો લાંબાં લાંબાં ટાયલાં કૂટવા બેઠી........"

રામગુપ્ત કહેઃ "છો ને બકયા કરતી! ચાલ રુચિ, એ કંઈ એમ માનવાની નથી, જરા કાંડાનું જોર અજમાવવું પડશે. ઘસડો એને."

બંને જણે જોર અજમાવવા માંડ્યું. એટલે બીજો કંઈ ઉપાય ન જણાવાથી માધવસેનાએ ચીસો પાડવી શરૂ કરી દીધીઃ "અરે, ઓ રે, કોઈ છે કે? મારી રક્ષા કરો! ઓ કોઇ મને બચાવો! અરે, કોઈ દોડો, દોડો!"

પણ કોણ સાંભળે? નટીપરું તે વેળા સાવ નિર્જન હતું. દૂર ઊભેલા રામગુપ્તના રથને જોઇને જ રાજમાર્ગ પરથી બધા લોકો સરકી ગયા હતા. પછી માધવસેનાની ચીસ સાંભળીને ત્યાં કોણ આવે? ને બબ્બે પુરુષો સામે એકલી માધવસેના કેટલીક બાથ ભીડી શકે? બંને જણ તેને રથ પાસે ઘસડી ગયા. એટલામાં અચાનક મશાલનું અજવાળું દેખાતાં બીકથી ઠરી જઈને રુચિપતિ ઊભો જ રહી ગયો. નગરના ચારેક સશસ્ત્ર પ્રતિહારો સાથે મહાપ્રતિહાર રૂદ્રભૂતિ નટીપરા આગળ

આવી પહોંચ્યો હતો.

રૂદ્રભૂતિ વૃદ્ધ હતો. મહારાજાધિરાજ સમુદ્રગુપ્તનો તે બાળગોઠિયો હતો. વિશાળ ઉત્તર ભારતીય પ્રદેશોમાં રાજપુરુષ તરીકે રૂદ્રભૂતિનું સર્વત્ર સારું માન હતું. વૃદ્ધવયે જન્મભૂમિમાં આવી ફરી વસતાં મહાનગર પાટલિપુત્રના નગરરક્ષક અથવા મહાપ્રતિહાર તરીકે તેની નિમણૂંક થઈ હતી.

નટીપરાના નાકા પાસે આવતાં જ એક પ્રતિહાર બોલ્યોઃ "પ્રભુ, અહીંથી જ ચીસનો સાદ આવે છે."

રુચિપતિના મોં સામે મશાલ ધરીને બીજો પ્રતિહાર બોલી ઊઠયોઃ "ઓહો, પ્રભુ, આ તો પેલો રુચિપતિ! એ બ્રાહ્મણ કુલાંગાર જ અહીં ઝીંકાયો છે ત્યારે કંઈક ગરબડ હશે જ, જરાય આશ્ચર્ય જેવું નથી."

રુચિપતિ બોલ્યોઃ "ને સાથે ચન્દ્રના કલંક જેવા તમારા કુમાર રામગુપ્ત પણ હાજર જ છે ને!"

એકદમ રામગુપ્તનો હાથ છટકાવી નાખી માધવસેનાએ રૂદ્રભૂતિના પગ પકડી લીધા. તે બોલીઃ "મહાપ્રતિહાર, મારી રક્ષા કરો. કુમાર રામગુપ્ત અમને એને ઉદ્યાને લઈ જઇને અમારા ઉપર અમાનુષી અત્યાચાર કરે છે, એટલે અમારામાંથી કોઈ પણ તેની સાથે જવા માગતી નથી. ગઈ પૂર્ણિમાએ અમે કેટલીક તેની સાથે ગઈ હતી. આ જુઓ તે રાતના કોરડાનાં નિશાન! અમને બળાત્કારે પકડીને તે લઈ જવા માગે છે. પણ અમે એકે જણી ત્યાં જવા માગતી નથી. મહાપ્રતિહાર, અમારી રક્ષા કરો. રામગુપ્ત રાજકુમાર છે, તો શું અમે ગુલામડીઓ છીએ? પાટલિપુત્રની પ્રજાને શું સ્વતંત્રતા નથી?"

રામગુપ્ત બોલી ઊઠયો: "ના, નથી, નથી."

રૂદ્રભૂતિ બોલ્યો: "કુમાર, હું તો હવે વૃદ્ધ થયો છું. આપના પિતાનો મિત્ર છું. મારી સામે આપ આવું આચરણ કરો એ આપને શોભતું નથી. માધવસેના પોતાની ઈચ્છાથી સાથે આવવા માગતી ન હોય, તો તેના પર જોર અજમાવવું એ રાજપુત્રને માટે ઉચિત ન ગણાય. બળ અજમાવવા જશો તો નગરની પ્રજા ઉશ્કેરાઇ જશે. એટલું જ નહિ પણ વાત મહારાજને કાને પણ પહોંચી જશે."

રુચિપતિ બોલી ઊઠયો: "જા રે, જા, નવરા ડોકરા, તારે અમારી વાતમાં દોઢડહાપણ કરવાની શી જરૂર છે? તારે તો હવે ગંગાજાત્રાનો વખત પાકી ગયો છે. તું આ બધાંમાં શું સમજે?"

રૂદ્રભૂતિ બોલ્યો: "ખબરદાર, રુચિપતિ, યાદ રાખ કે હું મહાપ્રતિહાર છું. તું બ્રાહ્મણ ભલે હોય, પણ તારો આ અપરાધ જતો નહિ કરાય. કુમાર રામગુપ્ત, આપ સુરાપાનમાં ભાન ભૂલી બેઠા છો. રાજમહેલે પધારી જાઓ."

પણ રામગુપ્ત તો હજી ય ચકચૂર હતો. તે મોંમાં આવે તેવી ગાળો વૃદ્ધ મહાપ્રતિહારને દેવા મંડી પડયો. પણ રુચિપતિ હજુ કંઇક ભાનમાં હતો. તે બોલ્યો: "રામચન્દ્ર, ભાઈ, આવું ન થાય. માધવીને ન આવવું હોય તો ભલે, છોડી દો એને."

રામગુપ્ત બોલ્યો: "અરે, ગમે તે ભલે ને થાય, હું માધવ-સેનાને નથી છોડવાનો!"

માધવસેના બોલી: "મહાપ્રતિહાર, અમારી રક્ષા કરો. માત્ર આટલી રાત જ રક્ષા કરો. મળસ્કું થતાંમાં તો પાટલિપુત્રનો

ત્યાગ કરીને અમે ચાલી જઈશું."

રામગુપ્ત બોલ્યોઃ "મળસ્કું થવામાં તો હજી સાડા ત્રણ પહોર બાકી છે, અપ્સરી! એટલા સાડા ત્રણ પહોર તો મારા ઉદ્યાનમાં ગાળી જા! પછી જવું હોય તો કાલે સુખેથી નગર છોડીને ચાલી જજે."

રૂદ્રભૂતિ બોલ્યોઃ "કુમાર રામગુપ્ત, તમે પ્રાતઃસ્મરણીય, પરમ વૈષ્ણવ, પરમભટ્ટારક, મહારાજાધિરાજ શકારિ સમુદ્રગુપ્તના પુત્ર છો. મારી સામે, આ પ્રતિહારોની સામે, આમ છડેચોક આપ આવું નીતિવિરુદ્ધ આચરણ કરો, એ તો અત્યંત અન્યાય કહેવાય. આપ માધવસેનાના શરીરને આંગળી પણ અડાડી શકો નહિ. એની ચીસથી અત્યારે જ નગરજનો ઉશ્કેરાઈ ઊઠશે. હું આપના પિતાનો સેવક છું, એટલે આપના પર સત્તા ચલાવવાનો મને અધિકાર નથી. પણ હું કહી રાખું છું કુમાર, કે આ અત્યાચારની વાત આપના પિતાને કાને પહોંચશે, તો તેઓ આપને કડક સજા કર્યા વિના રહેવાના નથી."

રામગુપ્ત બોલ્યોઃ "આ ટચરાની સાથે પંચાતટકટક કરી મારું તો ગળું પણ સુકાઈ ગયું. એઈ માધવી, હવે તો ચાલ બાપ!" કહી રામગુપ્તે માધવસેનાનો હાથ પકડતાં વેંત જ રુચિપતિ નટીની બીજી બાજુ જઈને ઊભો. પ્રતિહારો રૂદ્રભૂતિ સામે જોઈ રહ્યા, પણ મહાપ્રતિહારે ઈશારો કરીને તેઓને આગળ વધવાની મના કરી.

હવે તો કંઈ જ આરો દેખાયો નહિ એટલે માધવસેના ચીસો પાડતી રડી પડીઃ "ઓ રે, અરે, કોઈ છો કે? દોડો, દોડો, આ રામગુપ્ત જમડો થઈને આવ્યો છે. મને બચાવો,

મારી રક્ષા કરો ! મહાપ્રતિહાર, આપ તો આ નગરના રખેવાળ છો, આ અત્યાચારનો શું કંઇ ઇલાજ જ નથી ?"

એકાએક રાજમાર્ગ પર બેએક જણનાં પગલાં સંભળાયાં. જોતજોતાંમાં એક જણ નટીપરાને નાકે આવી પહોંચ્યો. પણ એટલામાં બીજાએ ધસી આવી તેનો હાથ પકડી લીધો. તે બોલ્યો: "આ શું કરો છો, કુમાર? આ તો નટીપરું ! આવી ઘોર અંધારી રાતે આવી જગ્યાએ તમે ગયા છો એ વાત સાંભળતાં જ મહારાજ આત્મહત્યા કરી નાખશે. ક્યાંક કોઇક દારૂડિયો બૂમાટા પાડી રહ્યો છે, ને તમે એ પરથી કોઈ કલંકિતાને છોડાવવાની હોંસે હોંસે દોડયા આવો છો !"

પેલો આગલો યુવક બોલી ઊઠયો: "છોડી દે જગદ્ધર, છોકરમત મા કર. પુરુષ ને સ્ત્રીના અવાજનો તફાવત હું શું નથી સમજતો ? ભલે કુલનારી ન હોય, પણ સ્ત્રી તો છે ને ?"

એ જ વખતે માધવસેના ફરીને મોટે ઘાંટે રડી ઊઠી. જગદ્ધરનો હાથ છોડાવી યુવક તેના તરફ દોડયો.

રુચિપતિ બોલી ઊઠયો: "રામચન્દ્ર, આ તો ધીરે ધીરે મેદની જામવા માંડી ! ચાલ ચાલ, ભાઈ ! માધવી, સીધીસીધી ચાલી આવ ને માડી ! આવી બધી ધાંધલ કેમ કરે છે ?"

યુવકને જોતાં જ જોર કરી રામગુપ્તનો હાથ છટકાવી દઈ માધવસેના નવા આવનારના પગ આગળ લોટી પડી. તે બોલી: "આપ કોણ છો તે હું જાણુતી નથી. જે હો તે. આપ મારા પિતા રૂપ છો. હું અભાગણી છું. બધા જ મારો તુચ્છકાર કરે છે. જગતમાં મારું કોઈ જ નથી. આ નરપિશાચ રાજકુંવરના હાથમાંથી આજની રાત પૂરતી જ મારી રક્ષા કરો. બસ, મળસ્કે જ

આ પાપી રાજ્ય છોડીને હું ચાલી જઈશ.”

તે યુવક બોલ્યોઃ “તું કોણ છે, બાઈ ? હજી તો સમુદ્રગુપ્ત જીવતાજાગતા બેઠા છે ને તું તેના સામ્રાજ્યને પાપરાજ્ય કહે છે? હું સમુદ્રગુપ્તનો પુત્ર ચન્દ્રગુપ્ત છું.”

રૂદ્રભૂતિ બોલ્યોઃ “શતાયુ થજે, વત્સ. વૃદ્ધ રૂદ્રભૂતિ નિરાધાર નારીની પેઠે ઊભો ઊભો ક્યારનો ય તમારા મોટાભાઇનો અમાનુષી અત્યાચાર જોઇ રહ્યો છે!”

રામગુપ્ત બોલ્યોઃ “આ આફત વળી ક્યાંથી ટપકી પડી?”

રુચિપતિ કહેઃ “ચાલ, ચાલ, રામચન્દ્ર! તારો નાનો ભાઈ તો વળી મહા જીદ્દી છે.”

રૂદ્રભૂતિને પ્રણામ કરી ચન્દ્રગુપ્તે પૂછ્યુંઃ “કાકાજી, આ તે કેવી વાત? પિતાજી તો હજી યે જીવે છે, છતાં આપ કહો છો કે, વિશાળ ગુપ્ત સામ્રાજ્યની રાજધાની મહાનગરી પાટલિપુત્રના મહાપ્રતિહાર થઈ ને આપ, નિરાધાર નારીની પેઠે, દૂર ઊભા રહ્યા રહ્યા કોઈ પરનારી પરના અત્યાચાર જોઈ રહ્યા છો?”

એ જ અરસામાં ધસી જઇ રામગુપ્તે ફરીથી માધવસેનાને પકડી લીધી. ભયથી ત્રાસી ઊઠીને માધવસેનાએ ચન્દ્રગુપ્તના પગો પકડતાં જ રુચિપતિએ ગમે તેવી ભાષામાં જાતજાતના લટુડાવેડા કરવાનું શરૂ કરી દીધું.

ચન્દ્રગુપ્ત બૂમ મારી ઊઠયોઃ “મૂગો મર, નરાધમ! મોટાભાઈ, આપ જાણતા નથી કે પિતાજી માંદા છે? જલદી જલદી રાજમહેલે ચાલ્યા જાઓ. રાજમાર્ગ પર છડેચોક આ બધું શું કરી રહ્યા છો? બાઈ, તું કોણ છે?”

માધવસેના બોલીઃ "યુવરાજ, મહાપ્રતિહારે બધું ય નજરોનજર જોયું છે."

રુદ્રભૂતિ બોલ્યોઃ "યુવરાજ, એ બાઇ પાટલિપુત્રની નટીઓની મુખિયણ માધવસેના છે. મહારાજા પોતે અને તમારાં માતાજી પણ એને ઓળખે છે. એને વિહારોદ્યાનમાં લઇ જઈને તમારા મોટાભાઈએ એના પર કોરડા લગાવ્યા છે, ને તેથી એ તેની સાથે ફરી જવા માગતી નથી. એટલા જ માટે રામગુપ્ત અને તેનો સોબતી એને બળાત્કારે ઘસડી જવા આવ્યા છે."

ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "ડરીશ માં, માધવસેના, સમુદ્રગુપ્ત જીવે છે ત્યાં સુધી એમના રાજ્યમાં સ્ત્રીજાતિ પર કદી કોઈ બળાત્કાર કરી શકશે નહિ. કાકાજી, આપ મહાપ્રતિહાર થઈને ય મોટાભાઈને અત્યાચાર કરતાં કેમ અટકાવતા નથી?"

રામગુપ્ત બોલી ઊઠયોઃ "તારે એ બધું મહાભારત ઉકેલીને શું કરવું છે, બાબા! ચન્દ્ર, તું અહીંથી ચાલી જા, કહું છું. હું મારે મન ફાવે તે કરીશ, તેમાં તારા બાપનું શું જાય છે?"

ચન્દ્રગુપ્ત કહેઃ "મારા બાપને કંઇક લાગેવળગે છે એટલે જ હું આ બાઈનું રક્ષણ કરવા આવ્યો છું, મોટાભાઈ! કેમ ભૂલી જાઓ છો કે મારા ને તમારા પિતા એક જ છે?"

રુદ્રભૂતિ બોલ્યોઃ "યુવરાજ ચન્દ્રગુપ્ત, રાજનો સેવક છું એટલે રાજપુત્રના શરીરે હાથ અડાડવાનો મને અધિકાર છે કે કેમ તે હું જાણતો નથી. કેટલા ય વખતથી રાજની સેવા કરું છું, કેટલાં ય વરસ પાટલિપુત્ર પર સત્તા ચલાવી છે, પણ અનીતિપરાયણ રાજપુત્રના અત્યાચાર અટકાવવાનું માથે આવી પડયું હોય એવું તો કદી બન્યું નથી, ભાઈ!"

જગદ્ધર બોલ્યો: "એટલું વળી રૂડું છે કે મહાનાયક મહા-પ્રતિહાર અહીં હાજર હતા, નહિ તો અહીં ભાઈભાઈમાં લોહી વહેવાં માંડ્યાં હોત."

ચન્દ્રગુપ્ત કહે: "જગત, આજે રાત્રે આ બાઈને રાજ-મહેલમાં આશ્રય આપવો પડશે."

રામગુપ્ત બોલ્યો: "તમારી આ બધી બોલાચાલીમાં મારો તો બહુમૂલો નશો છૂટી ગયો !"

ચન્દ્રગુપ્ત કહે: "માધવસેના, તમે નિર્ભય થઈને અમારી સાથે ચાલ્યાં આવો. મોટાભાઈ, જાણી લેજો કે આ નારી અમારે શરણે આવેલી છે. તમે રાજમહેલમાં પધારી જાઓ."

રામગુપ્ત બોલ્યો: "હું માધવસેનાને લઈ ગયા વિના નથી ડગવાનો."

જગદ્ધર તરફ જોઈ ચન્દ્રગુપ્ત બોલ્યો: "તું માધવસેનાને રાજમહેલે લઈ જા, હું પછીથી આવું છું."

માધવસેનાને લઈ જવા જગદ્ધર તૈયાર થયો. રામગુપ્ત તે જ વખતે તેને પકડવા ગયો, પણ તે પહેલાં તો ચન્દ્રગુપ્ત તેને આગળ વધતો અટકાવી સામે આવી ઊભો રહી ગયો. સુરામત્ત રામગુપ્ત જમીન પર ગબડી પડ્યો. તેને મદદ કરવા રુચિપતિ આગળ વધતો જ હતો, પણ રામગુપ્તને પડી ગએલો જોઈને તે માધવસેનાના ઘરની પાછળના અંધકારમાં લપાઈ ગયો.

ચન્દ્રગુપ્ત નજર બહાર ચાલ્યો ગયો એટલે રામગુપ્ત ધીરે ધીરે ઊઠીને ઊભો થયો. તે જ વખતે રુચિપતિ દોડી આવ્યો ને તેના શરીર પરની ધૂળ ખંખેરી નાખી. રૂદ્રભૂતિ પણ

પોતાના સેવકો સાથે ચાલ્યો ગયો.

રુચિપતિ બોલી ઊઠયો: "ચાલ ભાઈ, રામચન્દ્ર, આ લત્તામાં હવે આપણું કંઈ વળવાનું નથી. પેલા ટચરાને જોઈને તો તાવ તાવ ચઢી આવે છે. આ લત્તો નહિ ને બીજો ! પાટલિપુત્ર નગરમાં મોજશોખના ક્યાં ટોટા પડ્યા છે ?"

*

પ્રકરણ ૨જું

સમુદ્રગૃહ

ચકચકિત કાળા શ્યામ પથ્થરો વડે બાંધેલા સભામંડપ–દરબારગૃહનું નામ સમુદ્રગૃહ હતું. સમુદ્રગુપ્તે તૈયાર કરાવેલા એ સભાગૃહની એક બાજુએ સફેદ સંગેમરમરમાંથી તૈયાર કરાવેલું વિશાળ વ્યાસપીઠ છે. તેના પર સુવર્ણનું ઘડાવેલું મણિમુક્તાજડિત જબરું મોટું સિંહાસન છે. વ્યાસપીઠની નીચે ચન્દન વગેરે કીમતી કાષ્ઠોમાંથી તૈયાર કરાવેલાં હાથીદાંતજડ્યાં અસંખ્ય આસનો પડ્યાં છે.

આજે વિશાળ સભામંડપ જાણે નિર્જન હોય તેમ ચારે બાજુનાં બધાં બારણાં બંધ છે. પ્રત્યેક બારણાની બહાર સશસ્ત્ર પ્રતિહારો અને અંદરના ભાગમાં મૂગાબહેરા અન્તઃપાલો છે. ગુપ્ત મંત્રણા માટે મહારાજાધિરાજ સમુદ્રગુપ્તે સામ્રાજ્યના મહાનાયક વગેરેને તેડાવ્યા છે.

ભારતવિજયી સમુદ્રગુપ્ત હાલમાં વૃદ્ધ અને બીમાર છે. સિંહાસન પર તેઓ અર્ધા બેઠા–અર્ધા સૂતેલા જેમ પડ્યા છે.

વ્યાસપીઠની નીચેનાં આસનો પર વૃદ્ધ મહાનાયકો બેઠા છે. તેઓમાં મુખ્ય મંત્રી અથવા મહામાત્ય રવિગુપ્ત, મુખ્ય સેનાપતિ અથવા મહાબલાધિકૃત દેવગુપ્ત, મુખ્ય વિચારપતિ અથવા મહાદંડનાયક રૂદ્રધર, રાજસ્વવિભાગના મંત્રી અથવા મહાસચીવ વિશ્વરૂપ શર્મા, રાષ્ટ્રીય વિભાગના મંત્રી અથવા મહાસંધિવિગ્રાહિક હરિષેણ અને મહાપ્રતિહાર રૂદ્રભૂતિ વગેરે સમ્રાટની પાસે બેઠેલા છે. એ સિવાય યુવાન મહાનાયકો એ બધાની પાછળ બેઠેલા છે.

સમુદ્રગુપ્ત હરિષેણને કહી રહ્યા છેઃ "હરિષેણ, આ સૂર્ય હવે અસ્ત થવા માંડયો છે. મારો સંધ્યાકાળ પણ નજીક આવતો જાય છે. દિન પ્રતિ દિન હું નબળો પડતો જાઉં છું. એકલે હાથે હવે હું ગરુડધ્વજ ધરી રાખી શકતો નથી, ઘોડે ચડતાં પણ હવે બીક લાગે છે, ને મથુરામાં શકોનું જોર તો હજી ય ઘટયું નથી. એટલે તમને બધાને બોલાવી મંગાવ્યા છે."

વિશ્વરૂપ બોલ્યોઃ "બહુ બહુ યુદ્ધ કર્યાં, સમ્રાટ ! હવે મહાયુદ્ધનો સમય આવી પહોંચ્યો છે. મેં પણ લાંબા વખતથી રાજસેવા કરી છે, હવે તો હું પણ નિર્ગત થતો જાઉં છું."

દેવગુપ્ત કહેઃ "મહારાજ, મને ય હવે થવા લાગ્યું છે કે રાજકાજ અમારા દ્વારા ચલાવી શકાય એમ નથી. સામ્રાજ્યના મંત્રણાગારમાં હવે તો નવલોહિયા શ્યામકેશી યુવાનોની જરૂરત છે."

રવિગુપ્ત બોલ્યોઃ "એ જરૂરત તો કેટલાય દિવસથી મને ખૂબ જ વસવા લાગી છે."

સમુદ્રગુપ્ત બોલ્યાઃ "કેમ વારુ, રવિગુપ્ત?"

રવિગુપ્ત કહે: "મહારાજ, આ પાકી ગયેલા ધોળા વાળ હવે દિવસની વેળાએ શૌણ્ડિક વિથિમાં* શોભતા નથી. આ બોખલું મુખ પ્રમોદભવનની પરસાળમાં દેખાડતાં ય શરમ લાગે છે...."

સમુદ્રગુપ્ત કહે: "કોની વાત કરો છો, રવિગુપ્ત?"

રવિગુપ્તે જવાબ દીધો: "જે મસ્તક માત્ર આર્યપટ્ટની સામે જ ઝૂકે તે સહેજે...."

રવિગુપ્તનું બોલવું પૂરું થાય તે પહેલાં જ પટ્ટમહાદેવી દત્તદેવી છત્રધારિણી, બે ચમ્મરધારિણી અને તાંબુલધારિણી દાસી સાથે સમુદ્રગૃહમાં દાખલ થઈ. બધા ઊઠીને ઊભા થઈ ગયા. વ્યાસપીઠમાં આર્યપટ્ટ પર બેઠેલા સમ્રાટને લળીને પ્રણામ કરી દત્તદેવીએ એક સિંહાસન પર આસન લીધું.

રવિગુપ્ત પુનઃ વાત શરૂ કરે તે પહેલાં જ દત્તદેવી બોલી ઊઠી: "હં....તે મસ્તક દાસીપુત્રને ચરણે નમન ન કરે એમ જ કહેતા હતા ને રવિગુપ્તજી?"

આશ્ચર્યચકિત થઈને વૃદ્ધ સમ્રાટ બોલી ઊઠયા: "પટ્ટમહાદેવીને મુખે આ તે શી વાત?"

હરિષેણ બોલ્યો: "સાચી જ વાત છે મહારાજાધિરાજ, વડા કુંવર રામગુપ્તના અત્યાચારથી પાટલિપુત્રની પ્રજા ત્રાસી ઊઠી છે."

એ જ વખતે પ્રતિહાર અને દંડધરોની મનાઈ ને અવગણીને

---

*તે જમાનામાં વપરાતો મૂળ શબ્દ. તેને સ્થાને સહેલો શબ્દ 'સુરાલય' યોજ્યો છે. સુરા પીવાનાં સ્થાન.

રામગુપ્ત ડોલતો ડોલતો સમુદ્રગૃહમાં આવી પહોંચ્યો. તેને જોતાં જ અત્યંત અચરજ પામી વૃદ્ધ સમુદ્રગુપ્ત સિંહાસન પર સફાળા બેઠા થઈ ગયા અને પૂછવા લાગ્યાઃ "શું જોઈએ છે તારે ? અહીં કેમ આવ્યો છે ?"

તદ્દન જડ સાદે રામગુપ્તે બોલવા માંડયુંઃ "બાપુ, વૃદ્ધ મહારાજ, ચન્દ્રગુપ્ત જોરજબરાઈથી શા સારુ માધવસેનાને લઈ આવ્યો ? મારે ન્યાય જોઈએ છે."

દત્તદેવી બોલી ઊઠીઃ "કુમાર રામગુપ્ત, રાજમહેલનું સમુદ્રગૃહ સામ્રાજ્યની અદાલત છે, પાટલિપુત્રનું સુરાલય નથી. અત્યારે ને અત્યારે તમારી મા પાસે ચાલ્યા જાઓ."

રામગુપ્ત બોલ્યોઃ "એ કંઇ બનશે નહિ ! હું ડફોળશંકર જેવો અહીંથી પાછો ચાલ્યો જાઉં અને તમારો પોતાનો દીકરો નચિંત જેમ મનમાં આવે તેમ કરતો ફરે ! એ કંઈ બનશે નહિ. દેવી, રામગુપ્ત પણ રાજપુત્ર છે."

રોષથી દત્તદેવીનું મુખ લાલ લાલ થઈ ગયું. તેણે ઇશારત કરી એટલે બે મૂગા દંડધરે દોડી આવીને રામગુપ્તને પકડી લીધો અને ત્રીજો એક જણ બહાર ચાલ્યો ગયો. અત્યંત શરમિંદા બની જઇ સમુદ્રગુપ્તે રૂદ્રભૂતિને પૂછયુંઃ "મહાપ્રતિહાર, જયસ્વામિનીનો પુત્ર આ શું કહે છે ? તમે કંઈ જાણો છો ?"

રૂદ્રભૂતિ બોલ્યોઃ "બધું ય જાણું છું, ભટ્ટારક ! મહાકુમાર રામગુપ્ત જો મહારાજાધિરાજના પુત્ર ન હોત તો કાલે રાત્રે જ

આ વૃદ્ધની ચાબૂકના મારથી નટીપરામાં તેનો બરડો સોરાઈ-છોલાઈ ગયો હોત.''

સમુદ્રગુપ્ત બોલ્યોઃ "રૂદ્ર, તમે તો મારા બાળપણથી સહચર, યૌવનના સંગાથી અને જીવનમરણના સાથી છો. આજે સમુદ્રગૃહમાં બેઠા બેઠા તમે મને આવી વાત સંભળાવી રહ્યા છો ? એ રાજપુત્ર રાતને વખતે મન ફાવે તેમ વરતી રહ્યો હતો, તો તમે એને નસિયત કેમ ન કરી ?"

વિશ્વરૂપ બોલ્યોઃ "મહારાજાધિરાજ, સામ્રાજ્યની સાધારણ દંડવિધિ રાજપુત્રોને લાગુ પાડી શકાતી નથી."

સમુદ્રગુપ્ત બોલ્યાઃ "સત્ય છે, મહાદંડનાયક ! પણ એ વાંદરો તો મારા કુળનું કલંક છે. એને કારાગારમાં કેમ નાંખતા નથી ?"

દેવગુપ્ત બોલ્યોઃ "ભટ્ટારક, કુમાર રામગુપ્તે સામ્રાજ્યના ધર્માધિકરણમાં (અધિકારી અદાલત સમક્ષ) જે આક્ષેપ મૂકયો છે તેનો ન્યાય કરવો આવશ્યક છે."

સમુદ્રગુપ્ત બોલ્યાઃ "ન્યાય ને અન્યાય ! મહાનાયકો, મારા પર દયા કરો."

રૂદ્રભૂતિ બોલ્યોઃ "દેવ, પટ્ટમહાદેવીના આદેશથી એક દંડધર કુમાર ચન્દ્રગુપ્તને બોલાવવા ગયો છે. થોડી જ વારમાં તેને મુખેથી બધી વાત સાંભળવાની મળશે."

વાકય પૂરું થાય તે પહેલાં જ મૂંગો દંડધર કુમાર ચન્દ્રગુપ્ત સાથે આવી લાગ્યો. આર્યપટ્ટની સામે ઊભા રહી ચન્દ્રગુપ્તે તલવાર બહાર કાઢી; અને તેની અણી કપાળે અડાડતાં

તે બોલ્યો: "મહારાજાધિરાજનો જય! પિતાજીએ મને યાદ કર્યો છે?"

સમુદ્રગુપ્ત બોલ્યા: "બેસ ચન્દ્ર. તારો મોટો ભાઈ તારી સામે એક દુષ્ટ આરોપ મૂકી રહ્યો છે, તેની તને ખબર છે?"

ચન્દ્રગુપ્તે જવાબ દીધો: "ભટ્ટારક, કાલે રાત્રે મહાદંડનાયક રૂદ્રધરના ઘરમાંથી નીકળીને હું રાજમહેલ પ્રતિ પાછો ફરતો હતો. તે વખતે રસ્તામાં એક યુવતીનો કરુણ આર્ત્તનાદ કાને પડવાથી હું તે તરફ દોડી ગયો. ત્યાં જઇને જોયું તો કુમાર રામગુપ્ત નટીમુખિયણને બળાત્કારે ઉદ્યાનમાં લઈ જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. મહાપ્રતિહાર રૂદ્રભૂતિ અને કુળપુત્ર જગદ્ધર પણ ત્યાં હાજર હતા. પિતાજી, એ નિરાધાર નારીને છોડાવીને હું રાજમહેલે લઈ આવ્યો છું, એ વાત ખરી."

સમુદ્રગુપ્ત બોલ્યા: "તેં યોગ્ય જ કર્યું છે, કુમાર."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "પિતાજી, માધવસેના અને કુળપુત્ર જગદ્ધર સમુદ્રગૃહને દરવાજે ઊભાં છે."

સમુદ્રગુપ્ત બોલ્યા: "સાક્ષીપુરાવાનું પ્રયોજન નથી, પુત્ર. પ્રજાનું પાલન એ જ રાજ્યનો ધર્મ છે. વિશ્વરૂપ, નુકસાનીના બદલા તરીકે માધવસેનાને હજાર સુવર્ણમુદ્રા આપો ને રાજ્યના રથમાં બેસાડી તેને ઘેર પહોંચાડાવો. અને તેને કહી દેજો કે વૃદ્ધ થયા છતાં સમુદ્રગુપ્ત હજી જીવે છે એ ભૂલી ના જતી."

નમસ્કાર કરીને ચન્દ્રગુપ્ત સમુદ્રગૃહમાંથી ચાલ્યો ગયો. સમ્રાટે ઈશારત કરી એટલે બે દંડધરો રામગુપ્તને પકડીને બહાર લઈ ગયા. તે પછી દેવગુપ્ત બોલ્યો: "ભટ્ટારક, દેવી

જયસ્વામિની અવારનવાર કહ્યા કરે છે કે તેમનો પુત્ર જ સામ્રાજ્યનો ઉત્તરાધિકારી છે."

દત્તદેવી બોલી ઊઠીઃ "હા, એ વાત તો મેં પણ સાંભળી છે, મહારાજ."

સમુદ્રગુપ્ત અકળાઈ ગયા. ચામરધારિણીઓ ઝપાટાભેર પંખો નાખવા લાગી. વચ્ચે વચ્ચે અટકતાં અટકતાં વૃદ્ધ સમ્રાટે બોલવા માંડયું: "એ અશકય છે. ગાંડા સરખી, પીધેલ જેવી વાતો છે. વિશ્વરૂપ, મારા દિવસો ભરાતા આવે છે; અને આર્યપટ્ટ પર હવે યુવાનની જ જરૂર છે."

આસન પરથી ઊઠીને ઊભા થઈ જતાં વિશ્વરૂપ બોલ્યોઃ "ભટ્ટારક, હું તો કેટલા ય વખતથી કહેતો આવ્યો છું કે યુવરાજપદ પર અવિલંબે કુમાર ચન્દ્રગુપ્તનો અભિષેક કરી દેવાની જરૂર છે."

આર્યપટ્ટ પરથી ઊતરી કંપતે પગે ઊભા રહ્યા રહ્યા સમુદ્રગુપ્ત બોલવા લાગ્યાઃ "મહાનાયકો, એટલા જ માટે આપને બધાને અહીં બોલાવી મંગાવ્યા છે. આપના મતામત મારાથી અજાણ્યા નથી. તો પણ સામ્રાજ્યના રિવાજ અનુસાર યુવરાજના અભિષેક પહેલાં મહાનાયકોની અનુમતિ જરૂરી છે."

વિશ્વરૂપ બોલ્યોઃ "ભટ્ટારક, તો પછી વિલંબ શા માટે ? તિથિમૂરત નક્કી કરવા માટે મહાપુરોહિતને બોલાવી મંગાવો."

રૂદ્રભૂતિએ ઈશારત કરી મૂગા દંડધરને બોલાવ્યો. તે તેની આજ્ઞાને વશ થઈ સમ્રાટની નજીક ગયો. સમ્રાટે ઈશારત કરીને તેને બહાર મોકલી દીધો.

એટલામાં મહાદંડનાયક રૂદ્રધર ઊભા થઇ બોલ્યાઃ “મહારાજાધિરાજનો જય! મારી કન્યા ધ્રુવદેવી સાથે સામ્રાજ્યના યુવરાજ ભટ્ટારકનો વિવાહસંબંધ નક્કી થયેલો છે. હવે મહારાજની અનુમતિ મળતાં જ વાગ્દત્તાનું કન્યાદાન આપી દઉં.”

સમુદ્રગુપ્ત બોલ્યાઃ “પુત્રવધૂ આણવાની પ્રબળ ઈચ્છા તો મારા કરતાં ય પટ્ટમહાદેવીને વધુ છે. શુભ કાર્યમાં વિલંબ ન હોય. સાંભળ્યું છે કે ધ્રુવા પરમ ગુણવતી અને આર્યપટ્ટ પર વિરાજવા યોગ્ય છે.”

રૂદ્રધર બોલ્યોઃ “મહાશયો, આપ સાક્ષી છો. યુવરાજ ભટ્ટારક સાથે મારી કન્યાનું લગ્ન કરવાનું મહારાજાધિરાજ સમુદ્રગુપ્તે આજે સ્વીકાર્યું છે.”

ધન્ય ધન્ય કહેતાં બધાએ સાક્ષીત્વ સ્વીકાર્યું. એ જ વખતે સૌમ્યમૂર્તિ મહાપુરોહિતે સમુદ્રગૃહમાં પ્રવેશ કરતાં, સૌએ ઊઠીને તેમને પ્રણામ કર્યા. સમ્રાટના આદેશ અનુસાર વૈશાખ સુદ ત્રીજનો દિવસ યુવરાજના અભિષેક માટે અને પૂર્ણિમાનો શુભ દિન તેના લગ્ન માટે મહાપુરોહિત નારાયણ શર્માએ નક્કી કરી આપ્યો.

એટલામાં સમુદ્રગૃહના તોરણ પાસે ઊભી રહીને એક સ્રી બોલી ઊઠીઃ “તું કોણ મને અટકાવનાર? તારો રાજા પણ તેમ કરી ન શકે, તો પછી તું મોટો કોણ?”

અકળામણથી સમુદ્રગુપ્ત બોલી ઊઠયાઃ “જયસ્વામિની!”

દત્તદેવી બોલીઃ “ઠીંચ્યું લાગે છે.” દરમ્યાન ઉપર મુજબ બબડતાંફફડતાં જથરપથર વસ્ત્રો ને લથડતે પગલે વૃદ્ધા મહાદેવી જયસ્વામિનીએ સમુદ્રગૃહમાં પ્રવેશ કર્યો.

અણગમો દાખવતાં સમુદ્રગુપ્ત બોલી ઊઠયા: "તમે અહીં કેમ આવ્યાં? અન્તઃપુરમાં ચાલ્યાં જાઓ."

જયસ્વામિની બોલી: "અન્તઃપુરમાં તો ઘણા દિવસ ગાળ્યા, મહારાજ! હવે ત્યાં નથી ગમતું."

સમુદ્રગુપ્ત બોલ્યા: "હરિષેણ, અન્તઃપુરમાંથી એકદમ ચાર પ્રતિહાર બોલાવી મંગાવો."

બંને હાથ પહોળા કરી જયસ્વામિની હરિષેણનો રસ્તો રોકી ઊભી, ને બોલી: "ભલે જાઓ, પણ જરા થોભો. મહાનાયકો, સમુદ્રગૃહમાં હું પીધેલપણે બકવાદ કરવા નથી આવી. બારે પ્રધાનો યુવરાજપદ નક્કી કરવાના છે એ સાંભળીને હું ન્યાય માગવા આવી છું. પ્રતિહારીની શી જરૂર છે, મહારાજ? હું સુરા પીઉં છું ખરી, પણ અત્યારે નશામાં નથી."

વિશ્વરૂપ ઊઠીને બોલ્યો: "મહાદેવી, બંધારણ અનુસાર દંડધર ન્યાય આપવા અશક્ત ન નીવડે ત્યાં સુધી બારે પ્રધાનો ન્યાયકાર્ય સ્વીકારી શકતા નથી."

જયસ્વામિની બોલી: "અમારા દંડધર સમુદ્રગુપ્ત ન્યાય છણવા અશક્ત હોવાથી જ હું આપ સૌની સમક્ષ આવી છું."

દત્તદેવી બોલી ઊઠી: "બિલકુલ ખોટી વાત, મહાદેવી!"

જયસ્વામિની બોલી: "અરે ઓ દત્તા, એક દિવસ તારી જ પેઠે મારા કપોલ પણ સહસ્રદળ પદ્મસમા રૂપાળા હતા, ને આ જયાને જોવા માટે પાટલિપુત્રના માર્ગો પર, ત્યારે, પડાપડી થતી. ત્યારે પણ આ જ રાજાને–જે આજે તારા થઇ પડ્યા છે તેને–આ મારા ચરણોનાં નુપૂર બનવાની અનહદ તાલાવેલી હતી."

દેવગુપ્ત બોલ્યો: "આપ શાનો ન્યાય માગો છો, દેવી? મહારાજ ન્યાય છણવા અશક્ત છે એનું કંઈ પ્રમાણ છે તમારી પાસે?"

વસ્ત્રોમાંથી જીર્ણ-ફાટયુંતૂટયું ભોજપત્ર બહાર કાઢતાં જયસ્વામિની બોલી: "મહારાજ, પચીસ વરસ પહેલાં હું ઉચ્ચ કુલસ્થ કુમારિકા હતી, એ વાત યાદ છે કે? આજથી પચીસ વરસ પહેલાં અખાત્રીજને દિવસે, પાટલિપુત્રના પુરાણા વાસુદેવ-મંદિરમાં, દેવમૂર્તિને હાથ અડાડી આપે શી પ્રતિજ્ઞા લીધી હતી, સમ્રાટ? એ વાત યાદ આવે છે ખરી?"

સમુદ્રગુપ્ત બોલ્યા: "ના."

જયસ્વામિની બોલી: "કયાંથી યાદ હોય? એ પછી તો મારું રૂપલાલિત્ય ઓસરી ગયું. સાથે સાથે જ દત્તાનું નવલું જોબન થનગની ઊઠયું. મહાનાયકો, જરા ધ્યાન દઈને જોજો, મહારાજાધિરાજ સમુદ્રગુપ્ત જૂઠું બોલે છે—જુઓ, એમના જ પોતાના હાથનું લખાણ, એમનું જ વચન. જયસ્વામિની સાથે ગાંધર્વ વિવાહ કરતાં પહેલાં મારો એક સુખન-મારું એક વેણ પાળવા સમુદ્રગુપ્તે વચન આપ્યું હતું કે—"

દત્તદેવી બોલી ઊઠી: "જૂઠી વાત."

જયસ્વામિની બોલી: "મહાનાયકો, વૃદ્ધ સમુદ્રગુપ્ત દંડ ધારણ કરવા અશક્ત છે. એઓ હાલમાં મારી શોકય દત્તાને ઈશારે નાચતું પૂતળું માત્ર છે. મહામાત્ય, મહાસચિવ, મહા-બલાધિકૃત, આ જુઓ સમુદ્રગુપ્તના પોતાના જ અક્ષરો."

દત્તદેવી બોલી: "સાચે જ, દેવ—પ્રભુ? આ આપના પોતાના જ અક્ષરો છે? સ્પષ્ટ લખેલું છે કે 'સ્વહસ્તોયં મમ મહારાજા-

ધિરાજ શ્રીસમુદ્રગુપ્તસ્ય.' "

સમુદ્રગુપ્ત બોલી ઊઠયાઃ "દેવી, હું શું આ બધું સ્વપ્નું જોઇ રહ્યો છું ?"

જયસ્વામિની બોલીઃ "પોતે આપેલું વચન મહારાજ આજે પાળે તે માટે જ હું આવી છું. મારો પુત્ર રાજાનો જયેષ્ઠ પુત્ર છે. આજે ચન્દ્રગુપ્તને બદલે યુવરાજપદ અને સિંહાસન રામગુપ્તને આપવાનું ઠરાવો."

સમુદ્રગુપ્ત સફાળા બોલ્યાઃ "એ અશકય છે."

દેવગુપ્ત બોલી ઊઠયોઃ "અરે, આ તો જાણે રામાયણ-માંની કૈકેયી !"

વિશ્વરૂપ બોલ્યોઃ "મહારાજાધિરાજનો જય ! ભોજપત્ર પર સ્પષ્ટ આપના પોતાના જ હસ્તાક્ષરો છે. મહારાજ પોતાના વચનનું પાલન કરવા ઇચ્છે કે નહિ તેનો પોતે જ ન્યાય કરે."

રવિગુપ્ત બોલ્યોઃ "સત્યાનાશ વળી જશે, મહારાજ ! રામગુપ્ત યુવરાજ થશે તો તો રાજ્ય રસાતાળ જશે."

વિશ્વરૂપ બોલ્યોઃ "મને ચોખ્ખેચોખ્ખું દેખાય છે કે શકો પાટલિપુત્રમાં નાટારંગ ઝમાવે એ દિવસોને હવે બહુ વાર નથી."

હરિષેણ કહેઃ "વિશ્વનાથમહાદેવનું કાશી જો શકરાજને હાથેથી બચે તો આપણે કાશીવાસ કરવાનો એ નક્કી."

દત્તદેવી બોલીઃ "સમુદ્રગુપ્તે કયારેય પ્રતિજ્ઞાનો ભંગ કર્યો નથી, ને આજે પણ નહિ કરે. મહાપ્રતિહાર, સામ્રાજ્યનાં નગરેનગરે ભેરી અને તૂરીના ઘોષ ગજાવી પ્રચાર કરવા માંડો

કે વૈશાખ સુદ ત્રીજને દિવસે રાજધાનીમાં કુમાર રામગુપ્તનો યુવરાજ તરીકે અભિષેક થશે.”

સમુદ્રગુપ્ત બોલી ઊઠયા: “દેવી ? !”

દત્તદેવી બોલી: “મહારાજાધિરાજ, જીવનભર સત્યનું પાલન કરતા આવ્યા છો તો હવે આ વૃદ્ધાવસ્થામાં કોને ખાતર સત્યનો ભંગ કરશો ? પુત્ર–સંતાનાદિ તો અંગનો મેલ; પત્ની–પુરુષનો પડછાયો; રાજ્ય–સમુદ્રનાં મોજાંના મુખમાં હોમાતી રેતી ! એક માત્ર સત્ય જ અવિચળ છે. સત્યનું પાલન કરવા ખાતર તો રામચન્દ્રે નિરાપરાધ જાનકીને વનવાસ આપ્યો હતો.”

સમુદ્રગુપ્ત બોલ્યા: “દત્તા, મારા સમગ્ર જીવનની સંગાથણ–તું બધું જ જાણે છે. પેલી માતૃઅંજલિ યાદ છે કે ? જે દિવસે પાટલિપુત્રમાંથી શકોને હાંકી કાઢયા, તે જ દિવસે ગંગાતીરે મહાસ્મશાનમાં મેં પ્રતિજ્ઞા લીધી છે કે મગધનાં સંતાનોની માતાઓને આજ પછી વિના અપરાધે આંસુ સારવાં નહિ પડે. એ પ્રતિજ્ઞાનો ભંગ થશે, મહાદેવી !”

દત્તદેવી બોલી: “ના, ના, નહિ થાય, મહારાજ. પણ જયાના પુત્રને ગાદી નહિ આપો, મહારાજ, તો તો આપે વચનનો ભંગ કર્યો છે એ શોકથી અને તેના અશ્રુજળમાં આપનું સામ્રાજ્ય તણાઇ જશે. મારી સામે તાકીને જોઈ લ્યો મહારાજ, આ આંખો તો સૂકી રણભૂમિ સમી છે–હૈયાસાગરનાં ઊંચે ઊછળતાં મોજાંઓને ય સાવ સહેલાઈથી એ રોકી રાખશે. આપ પૂરા નચિંત બનીને આજ્ઞા આપો, પ્રભુ !”

રવિગુપ્ત બોલી ઊઠયો: “મહાદેવીજી, શું બોલી રહ્યાં છો

તે બરાબર સમજો છો? આ કંઈ અંગત અપમાનઅભિમાનની વાતો નથી, દેવી, લાખો લોકોના સુખદુઃખનો પ્રશ્ન છે. જો આ સુરામત્ત દાસીનો દારૂડિયો દીકરો, ઉદ્ધત રામગુપ્ત આ આર્યપટ્ટ પર કોઈ દિવસ બેઠો, તો નવસ્થાપિત મગધ સામ્રાજ્ય પળવારમાં છિન્નભિન્ન થઈ જશે."

જયસ્વામિની બોલી: "આ શું બારેય પ્રધાનોનો ચુકાદો છે?"

દત્તદેવી બોલી: "ના મહાદેવી, રાજમાતા આપ જ થશો. પ્રભુ, વિલંબ શા માટે કરો છો?"

વિશ્વરૂપ બોલ્યા: "સમુદ્રગુપ્ત, પળ વાર માટે આર્યપટ્ટને વિસરી જાઓ. ગંગાતીરે મહાસ્મશાનમાં વડીલ બંધુ કચે કરેલી વિનંતી યાદ કરો. આપ કોણ, અમે કોણ? નારાયણના અનંત ચક્રના અગ્રભાગના ધૂળકણ! કોનું સિંહાસન, ને કોણ કોને આપે, કોણ જાણે? આપ તો નિમિત્તમાત્ર છો. પટ્ટમહાદેવીની વાત સાચી છે. મગધનું સામ્રાજ્ય સત્ય પર નિર્ભર હશે તો ધર્મ જ એની રક્ષા કરશે."

દેવગુપ્ત બોલ્યો: "એ તો બધી ઘેલી વાતો છે, બ્રાહ્મણ, રાષ્ટ્રનીતિની શીખ નથી. મથુરામાં શક હજી ય પ્રબળ છે, અને પાટલિપુત્રના પ્રજાજનો તેનું નામ કાને પડતાંવેંત આજે પણ કંપે છે. રામગુપ્ત કદી પણ આ રાજ્યનું રક્ષણ કરી શકશે નહિ."

જયસ્વામિની બોલી: "શું બારે પ્રધાનોનો આ જ ન્યાય છે?"

દત્તદેવી કહે: “ના દેવી, સમુદ્રગુપ્ત કાયમ સત્યપાલન કરતા આવ્યા છે, ને આજે પણ કરશે જ કરશે.”

વૃદ્ધ, બિમાર સમુદ્રગુપ્ત એકાએક આર્યપટ્ટ પર ઊઠીને બેઠા થઇ ગયા અને બોલ્યા: “મહાનાયકો, મારી આજ્ઞા છે. વૈશાખ સુદ ત્રીજને દિવસે યુવરાજ તરીકે કુમાર રામગુપ્તનો અભિષેક થશે. જયા, આ આર્યપટ્ટ પર તારો જ પુત્ર બેસશે. ચન્દ્રગુપ્તનો દીકરો સમુદ્રગુપ્ત આજ પછી તેને અડશે ય નહિ.”

એટલું કહેતાં કહેતાંમાં વૃદ્ધ સમુદ્રગુપ્ત બેભાન બનીને આર્યપટ્ટ પર પટકાઈ પડયા. દત્તદેવીએ તેમને પકડી ન લીધા હોત તો તે જગ્યાએ જ તેમના જીવનનો અંત આવ્યો હોત. મહાનાયકો બેબાકળા બની ગયા. કોઇ વૈદ લાવવા દોડયું, કોઈ પાલખી લાવવા દોડયું, કોઈ પાણી છાંટવા મંડી પડયું, પણ સમુદ્રગુપ્ત ફરીને ભાનમાં આવ્યા નહિ. પાલખી આવી અને બેભાન અવસ્થામાં જ તેમને અન્તઃપુરમાં લઈ ગયા !

*

પ્રકરણ ૩જું

પળનો પલટો

બેભાન બનેલા સમુદ્રગુપ્તને અંતઃપુરમાં લઇ જવામાં આવ્યા પછી થોડી જ વારમાં રામગુપ્તને છોડી મૂકવામાં આવ્યો. તેની શોધ માટે રુચિપતિ ચારે તરફ ભમી રહ્યો હતો. તેની મુક્તિની વાત સાંભળી કે તરત જ ચર્મપાત્રમાં મદિરા લઈને એ તેની સામે જઈને ઊભો. તે નજરે પડતાં જ રામગુપ્ત બોલી

ઊઠયો: "અરે, લુચ્ચાઓએ કારાગારમાં લઈ જઇ વીસ વીસ ઘડા પાણી મારા પર રેડયું ! મારું તો આખું શરીર ઠંડુંગાર થઇ ગયું છે."

રુચિપતિ બોલી ઊઠયો: "અરે મહારાજ—હા, હા, મહારાજ ! હવે યુવરાજ કહીને ખોટી ઠેલાઠેલી શીદને કરું ? ડોસલો હવે કેટલુંક જીવી જવાનો છે તે ?"

રામગુપ્ત કહે: "રુચિ, સાથે કાંઈક લાવ્યો છે કે નહિ ?"

રુચિપતિ કહે: "હા, લાવ્યો છું ને ? આ રહ્યો આ નવી તાજી શેરડીનો કડક સોમરસ !"

રામગુપ્ત કહે: "જીવતો રહે, મહામાત્ય."

રુચિપતિ કહે: "તમે તો રાજા થયા, રામચન્દ્ર, પણ હવે મને શું બનાવશો તે કહી નાંખો જોઈએ !"

રામગુપ્ત કહે: "રુચિ, એક રીતે કહું તો તું તો મારું સર્વસ્વ છે. મહામાત્યથી માંડીને મહાબલાધિકૃત સુધીના બધા જ અધિકાર તારા !"

પ્રાસાદના આંગણામાં કેટલેક દૂર, એક ખૂણે ઊભેલી પટ્ટમહાદેવી દત્તદેવી તેમના તરફ જોઈ રહી હતી, પણ બીજા ગહન વિચારોમાં ગ્રસ્ત હોવાથી તે તેમને ઓળખી શકી નહતી. એકાએક રુચિપતિનો ઘોઘરો ઘાંટો કાને પડતાં તેની વિચારસરણી ભાંગી પડી. રુચિપતિ બોલતો હતો તે તે સાંભળી રહી: "અલ્યા ભાઈ રામચંદ્ર, પેલી પણે ડોસલી ઊભી છે તે તો હું વિસરી જ ગયેલો. એ વાઘણની દીકરી જીવતી હશે ત્યાં સુધી આપણાથી મરજી ફાવે તેને ઉદ્યાનવિહારમાં ઊંચકી નહિ જવાય. એ છછુંદરીને તો તદ્દન દૂર કરજે. લે, હું તો હવે

આવ્યો જાઉં છું." કહી દત્તદેવીના ડરથી રુચિપતિ ત્યાંથી એકે સાસે ભાગી ગયો. રામગુપ્ત તેને અટકાવી–પકડી શકયો નહિ.

એ બંનેની વાત સાંભળી દત્તદેવી પામી ગઈ કે પોતાને પાટલિપુત્રના રાજપ્રાસાદમાંથી વિદાય લેવાનો વખત હવે નજીક આવે છે. એ જ વખતે કુમાર ચન્દ્રગુપ્તે આવીને માતાને પ્રણામ કર્યા. માતાએ તેને આશીર્વાદ આપ્યા. પછી કુમારે પૂછયું: "મા, પિતાજી સાચેસાચ ખૂબ જ બિમાર થઈ ગયા છે?"

દત્તદેવી બોલી: "જીવવાની આશા હવે પડતી નથી."

"તો શું રામગુપ્ત જ યુવરાજપદે સ્થપાશે?"

"હા બેટા, કાલે જયસ્વામિનીના પુત્રનો યુવરાજપદે અભિષેક થશે."

"આ તું શું બોલે છે, મા? પિતાજીએ જાતે મને કહ્યું હતું તો હું એમણે જાતે કહેલી વાત કેમ કરીને ખોટી માનું?"

"માત્ર તને એકલાને જ કહ્યું ન હતું, મને પણ કહ્યું છે, સામ્રાજ્યના બારે મહાનાયકોને પણ કહ્યું છે, રૂદ્રધરને પણ કહ્યું છે, પાટલિપુત્રના મુખ્ય મુખ્ય રાજપુરુષો આગળ પણ બોલી ચૂકયા છે, આજે સવારે જ બોલી ચૂકયા છે–પણ –પણ–હવે સંધ્યાકાળે એમને વિચાર બદલવાની ફરજ પડી છે."

"પણ મા, રામગુપ્ત તો જયસ્વામિનીનો પુત્ર છે, ને તેઓ કંઈ રાજપુત્રી નથી!"

"એ બધી વાતો હવે ભૂલી જા, ચન્દ્ર. મૃત્યુની કરાળ છાયા તારા પિતાની શય્યાની ચોતરફ ઘેરી બનતી જાય છે.

હવે બીજીત્રીજી વાતો કરીને તેમના મનને વ્યથા પહોંચાડીશ નહિ. એ દિવસને માટે રાજ્યસંપત્તિનો વિચાર તદ્દન પડતો મૂક દીકરા, ને માત્ર પુત્રધર્મનું જ પાલન કર.”

ચન્દ્રગુપ્ત બોલ્યો: “પણ મા, પાટલિપુત્રનો સમગ્ર પ્રજાસમુદાય એ રામગુપ્તને ઓળખે છે. પિતાજીની નવી આજ્ઞા સાંભળતાં જ નગરજનો બળવો કરશે, રાજ્યમાં ભયંકર ઉથલ-પાથલ થઈ જશે. પશ્ચિમમાં શકોનું જોર પણ હજી ક્યાં ઓછું થયું છે?”

પટ્ટમહાદેવી બોલી: “હું તારી જનની તરીકે તને કહું છું ચન્દ્ર, કે એ બધી જ વાતો હવે ભૂલી જા. તારા પિતાજીનો મૃત્યુકાળ સમીપ આવી ઊભો છે ત્યારે હવે અપમાન, અભિમાન, શોક, દુઃખ, વ્યથા એ બધું ભૂલી જઈને કેવળ પુત્રધર્મનું જ પાલન કર.”

“તમે આજ્ઞા કરો છો મા, તો એમ જ થશે. ત્યારે આ—આ કંઈ મજાકની વાત નથી?”

“ના, ચન્દ્ર. જુવાનીના આવેગમાં, તાત્કાલિક લાગણીને વશ બની જઈ જયસ્વામિની આગળ વચનથી બંધાઈ જઈ મહારાજે જે લખત કરી આપ્યું હતું, તે એઓ બિલકુલ જ વિસરી ગયા હતા. કાલે મંત્રણાગારમાં મહાનાયકો જ્યારે તને યુવરાજપદે સ્થાપન કરવા માટે ઠરાવ કરી રહ્યા હતા, ત્યારે જયસ્વામિની ત્યાં આવી ને પોતાની પાસેનું લખત બતાવી વચનપાલન કરવા માટે તેણે મહારાજને ફરજ પાડી, ને રામગુપ્તના યુવરાજપદનો તેમની પાસે સ્વીકાર કરાવ્યો. સાંભળ ચન્દ્ર, સ્વામીના મનની અવસ્થા પામી, તેમના હૃદયભાવ સમજી

આત્મબળે આંસુઝરણું સૂકવી નાખી, હસતે વદને સમ્રાટનો આદેશ માથે ચઢાવી હું ચાલી આવી છું. જા, તેમને પ્રણામ કરી તેમના છેવટના આશીર્વાદ લઈ આવ. રાજ્યસંપત્તિ, ધનમાન, બધું જ તુચ્છ છે, માત્ર ધર્મ જ સત્ય છે. બેટા, જાઓ પિતાજી પાસે."

"તમારી આજ્ઞા હમેશ માથે ચઢાવતો આવ્યો છું, મા, ને આજે પણ ચઢાવું છું. જાઉં છું. ને–ને–પિતાજી મારા મુખ પર વિષાદનું ચિહ્ન સરખું ય જોવા પામશે નહિ."

માતાને પ્રણામ કરીને ચન્દ્રગુપ્ત ચાલ્યો ગયો. આ બધી વાતો સાંભળીને ડઘાયલો–ઠરી ગએલો રામગુપ્ત ધીરે પગલે ચોરની પેઠે ત્યાંથી ચાલ્યો ગયો. નજરે પડવા છતાં દત્તદેવીએ તે દીઠું ન દીઠું કર્યું. જેનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો એવા બનાવે પોતાના જીવનમાં અચણુચ ઉપસ્થિત થઈ પળ વારમાં કેવો કારમો પલટો આણી નાખ્યો હતો, એ જ વિચારમાં તે ખૂબ ખૂબ ઊંડી ઊતરી ગઈ. લાંબો વખત સુધી વિચાર કર્યા પછી વૃદ્ધ સામ્રાજ્ઞીએ મનમાં નક્કી કરી લીધું કે સૌ પહેલાં સ્વામી; ને તે પછી આખું જગત–એ જ પોતાનો સાચો ધર્મ છે. પોતાની વિવેકબુદ્ધિએ દર્શાવેલા એ માર્ગનું શરણું લેવાનો જ દત્તદેવીએ દૃઢ સંકલ્પ કરી નાખ્યો. પુત્ર પાયમાલ થાય, સિંહાસન પરથી તેનો હક જાય, કે પછી સમુદ્રગુપ્તના સામ્રાજ્યનો સર્વનાશ થાય એમ પણ બને. ભલે થાય. થવા દેવો. તેના આત્માએ તો તેને સત્યનો માર્ગ ચીંધી દીધો હતો. ભાવિ ભગવાનના હાથમાં !

એક દંડધરે આવીને બોલવા માંડયું: "પરમેશ્વરી, પરમ...."

દત્તદેવી ચીડાઇ જઈ, વચ્ચે જ તેને અટકાવી દઈ બોલીઃ "એ બધી ઉપાધિઓની જરૂર નથી. શુ કહેવું છે, બોલ? મહારાજ બીમાર છે."

ઢળેલે મસ્તકે દંડધર બોલ્યોઃ "મહાદેવી! રવિગુપ્તજી વગેરે મહાનાયકો બહાર દરવાજે ઊભા છે."

દત્તદેવી બોલીઃ "ભલે. લઈ આવ." કહી દત્તદેવી વળી ઊંડા વિચારમાં ઊતરી ગઈ. આખું ય જગત એકઠું થઈને, યમલોકને આંગણે ઊભેલા વૃદ્ધ સમ્રાટનો મૃત્યુકાળ કેમ ઘોર અંધકારથી છાઈ દેવા માગે છે? રાજાએ અપરાધ તો કર્યો જ છે, યૌવનના અપરાધ માટે સમગ્ર જીવનના પ્રત્યેક દિવસે પસ્તાવો કર્યો છે, તો ય શું બાકી રહ્યું? અપરાધીની સજાને શું છેડો જ ન હોય? પ્રધાનો આવે છે ઓદ્ધાઓનો ત્યાગ કરવા, મરણપથારી પર પડેલાની મરણયાતનામાં અનેકગણો વધારો કરવા. તેમને રામગુપ્તના તાબામાં રહીને રાજસેવા કરવી નથી. દત્તદેવી ય શું કરે? એ હવે કેટલા કાળ માટે છે? જે સિંહાસન પર સ્વામીની નજીકમાં તે બેસતી હતી, તે જ સિંહાસનના પથાર પર કાલે તેનું મસ્તક છેદાઈને પડશે. શોકયપુત્રના દિલમાં કદીક છાંટો દયાનો વાસ થાય તો વળી એને તીર્થયાત્રાએ જવાનું પ્રાપ્ત થાય.

એ જ વખતે દેવગુપ્ત, રવિગુપ્ત, વિશ્વરૂપ શર્મા અને હરિષેણ ધીરે ધીરે આવીને દત્તદેવીની પાછળ ઊભા રહ્યા. મહાદેવી ત્યારે પણ વિચાર કરી રહી હતી: પ્રધાન વગેરેને કહી દઈશ કે મારું કર્તવ્ય હવે પૂરું થયું છે, મારું સ્થાન તો હવે વૃદ્ધ સ્વામીની શય્યા પડખે જ હોય. અચાનક એક નવા

પ્રવાહે આવીને દત્તદેવીના વિચારસમુદ્રમાં નવું તોફાન જગાડી દીધું. તે મનમાં ને મનમાં જ બોલી ઊઠી: "ના, ના, દત્તા, તારું એક બીજું મહાકર્તવ્ય હજી પણ બાકી છે. તારા વૃદ્ધ સ્વામીની મરણપથારી પાસે જગતનો ક્ષુદ્ર શોરબકોર તારે ન જવા દેવો ઘટે. છેલ્લી ઘડી સુધી પટ્ટમહાદેવીનું કર્તવ્ય તારે બજાવ્યે જવાનું છે."

એ જ વખતે રવિગુપ્તે બૂમ મારી: "પરમેશ્વરી, પરમ...."

એકદમ ચમકી ઊઠેલી દત્તદેવી ઝડપભેર પાછું ફરીને ઊભી. તે બોલી: "બસ, બસ, એવું બધું ન બોલશો. ક્ષમા કરો, મહાનાયક. મહારાજનો અન્તકાળ આવી પહોંચ્યો છે. જે કાન પટ્ટમહાદેવીની ઉપાધિઓ સાંભળવા માટે અધીરા થઈ જતા, તે કાન હવે બધિર થવા માંડયા છે, રવિગુપ્ત."

વિશ્વરૂપ બોલ્યો: "તો શું, અમે સમાચાર સાંભળ્યા તે સાચા?"

દત્તદેવી બોલી: "ખચીત જ. હે બ્રાહ્મણ, મહારાજ સમુદ્રગુપ્ત હવે કદીયે આર્યપટ્ટ પર નહિ બિરાજે."

રવિગુપ્તે કહ્યું: "એવા સમાચાર સાંભળીને જ અમે આવ્યા છીએ, મહાદેવી. અમે ગુપ્ત વંશના છીએ. ચન્દ્રગુપ્તનું લૂણ અમે ખાધું છે, ને સમુદ્રગુપ્તના અમે દાસ છીએ. હજી અમારું એક કર્તવ્ય બાકી છે."'

દેવગુપ્ત બોલ્યો: "મહાદેવી, સમ્રાટ સમુદ્રગુપ્ત અમારા પર જે ભાર નાખે છે...."

દત્તદેવી બોલી ઊઠી: "એ ભાર હવે વેઠાતો નથી, કેમ

દેવગુપ્ત ? લાંબા કાળથી—અર્ધ શતાબ્દિ સુધી આપમરજીથી જે ભાર મનમોજે વહેતા આવ્યા છો તે એકાએક આ ત્રણ પ્રહરમાં જ અસહ્ય થઈ પડ્યો છે ? હું સ્ત્રીજાત છું, પણ હું ય પચાસ વરસથી આર્યપટ્ટ પર બેસતી આવી છું. હવે ક્યાં જઇ પડીશ, જાણો છો ? સ્મશાને !”

હરિષેણ બોલ્યો: “મગધનો ઈતિહાસ પળ વારમાં કેટલો બધો પલટાઇ ગયો !”

દત્તદેવી બોલી: “એ શું હું સમજતી નથી, મહાનાયક ? કોણ આવે છે, શા માટે આવે છે, બધું સમજું છું. જે ક્ષણે દંડધર આવીને મને કહી ગયો કે આપ બધા પધાર્યા છો, તે ક્ષણે જ હું બધું પામી ગઈ છું. શું કહેવા માગો છો, બોલો, વૃદ્ધ રૂદ્રભૂતિ ? રામગુપ્તના પંજામાંથી ચન્દ્રગુપ્ત એક નટીને છોડાવી લાવ્યો અને તમે આરસપૂતળા પેઠે ત્યાં ઊભા રહી ગયા હતા. તે પરથી જ તમને લાગ્યું હશે કે જે રીતે સમુદ્રગુપ્તનું સામ્રાજ્ય આટલા દિવસ ચાલ્યું છે, તે રીતે હવે પછી ચાલવાનું નથી; એટલે રીસે ભરાયા ઓદ્ધાનો ત્યાગ કરવા આવ્યા છો, મહાપ્રતિહાર ?”

રવિગુપ્ત બોલ્યો: “માત્ર મહાપ્રતિહાર જ નહિ, મહાદેવી, અમે બધા જ રાજ્યની મુદ્રાઓ પાછી સોંપી દેવા આવ્યા છીએ.”

દત્તદેવી બોલી: “બોલતાં શરમ નથી લાગતી, વૃદ્ધ ? સમુદ્રગુપ્ત તો હજી જીવે છે, ને આટલી જ વારમાં એમનું સમસ્ત ઋણ વિસરી ગયા ? રાજા, પ્રભુ, અન્નદાતા', લાંબા કાળના જીવનસહચર—જે કહો તે, હાલમાં મહાપ્રયાણની તૈયારીમાં છે. પ્રચંડ દંડધરશિરોમણિને હાલમાં દુર્દાંત યમદૂતો

ઘેરી લીધા છે. ગમે તેટલાં અજવાળાં પણ મૃત્યુની ઘનઘોર કાળી છાયા સમ્રાટના પોપચા પરથી ખસેડી નહિ શકે. અને તે જ વખતે તેમના લાંબા જીવનના સોબતીઓ—બાલ્યકાળ, કિશોરવય અને યૌવનના અનુચરો, સામ્રાજ્યના મુખ્ય પુરુષો મરણની ઘડીઓ ગણતા વૃદ્ધની મૃત્યુવેદના વધારવા આવ્યા છે? આવો જ તમારો મિત્રપ્રેમ, રવિગુપ્ત? આવી જ ધર્મશાસ્ત્રની આજ્ઞા છે, વિશ્વરૂપ?"

વિશ્વરૂપ બોલી ઊઠયોઃ "બસ, બસ હવે વધુ બોલશો માં, દેવી. હવે વધારે શરમાવશો નહિ."

હરિષેણ બોલ્યોઃ "પણ અમારે કરવું શું, દેવી?"

દત્તદેવી બોલીઃ "શું કરવું? હરિષેણ, માણસ બનો! સમુદ્રગુપ્તે ભૂલ કરી છે, પણ વિચાર કરી જુઓ, સંસારના માર્ગ પર કોના ચરણ ઠોકરાયા નથી? ક્ષણિક આવેશનું પ્રાયશ્ચિત કરવા માટે સમુદ્રગુપ્તે જીવનભર પ્રયાસ કર્યા છે. જીવનને છેલ્લે દિવસે વૃદ્ધે વચનનું પાલન કર્યું છે. જે મનોબળ ઝમાવી સમસ્ત જીવનની આશા, આકાંક્ષા ને અપેક્ષા પર પાણી ફેરવી મહારાજે સિંહાસન રામગુપ્તને આપી દીધું છે, તેને જ પરિણામે એ બુઝાતા દીપકની બધી શક્તિનો ક્ષય થઈ ગયો છે. વધુ તો શું કહું? ક્ષમા કરજો. મરણના મુખમાં જઈ રહેલા વૃદ્ધ સમ્રાટના મોં સામે જોઈને, સારા ય જીવનનાં સ્નેહ, મમતા અને ભક્તિનું સ્મરણ કરીને, શાંતિથી એમને પરલોકમાં તો જવા દો."

પછી તો એકાએક વૃદ્ધ સામ્રાજ્ઞી ઘૂંટણભેર બેસી ગઇ ને બોલવા લાગીઃ "મહાનાયકો, મરણના પાશમાં જકડાયેલા સ્વામીમાં

હવે શક્તિ નથી. હું તેમની જ અર્ધાંગના, પટ્ટમહિષી, મારા એ અધિકાર વડે ઘૂંટણભેર પડી ક્ષમા ભીખી રહી છું."

દત્તદેવીને ઘૂંટણમંડીએ પડેલી જોઈને બધા જ મહાનાયકો શરમિંદા બની જઈ ઘૂંટણભેર બેસી ગયા. તેઓ એકે અવાજે બોલી ઊઠયાઃ "ક્ષમા કરો, મહાદેવી! અમે અબઘડી જ આ જગ્યાએથી ચાલ્યા જઇએ છીએ."

દત્તદેવી ઊભી થઈ જઈ બોલીઃ "ના, તે બનશે નહિ. લાંબા સમયના સોબતીને જે રીતે આજ સુધી માન આપતા આવ્યા છો એ જ રીતે આજે અંતિમ દિવસે વાર્તાલાપ કરીને જાઓ. વૃદ્ધની આખરની ઘડી કૃતજ્ઞતાના ઉજ્જ્વળ પ્રકાશ વડે જરા ઝળકી તો ઊઠે?"

રવિગુપ્ત બોલ્યોઃ "ચન્દ્રગુપ્તની માતા થઇને ય આપ આ આજ્ઞા આપો છો, મહાદેવી?"

દત્તદેવી બોલીઃ "ઘડી પહેલાં વેગભર્યાં આંસુઝરણ સૂકવી નાખી ચન્દ્રગુપ્તને પણ એ જ આજ્ઞા મેં આપી છે."

બધા પ્રધાનો ઘૂંટણમંડીએ પડી બોલી ઊઠયાઃ "ધન્ય, ધન્ય, મહાદેવી! આર્યપટ્ટ પર હવે પછી ક્યારે ય પણ બીજી કોઈ મહાદેવી બેસે, તો તે આપના જેવી જ હોજો."

આવેગથી રૂંધાઇ ગએલે ગળે દત્તદેવી બોલીઃ "બધા એક પછી એક સમ્રાટની પથારી પાસે જાઓ. ત્યાં જોશો કે દત્તાનો રાજપાટવિહોણો દીકરો સૂકીલૂખી આંખે પિતાના આશીર્વાદ લઇ રહ્યો છે. ચાલો, હું ય આવું છું."

★

પ્રકરણ ૪થું

વાગ્દત્તા

પાટલિપુત્ર નગર બહાર એક વિશાળ ઉદ્યાનમાં આવેલો ધર વંશનો જબરજસ્ત મહેલ ગંગાના ઉત્તર કિનારા પર દેખા દેતો હતો. ગુપ્ત સામ્રાજ્યની સ્થાપનાના સમયથી જ ધર વંશે પ્રસિદ્ધિ ને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં હતાં.

જે દિવસે સંધ્યાકાળે મહાનાયકો સમુદ્રગુપ્ત પાસેથી અંતિમ વિદાય લેવા ગયા હતા, તેને બીજે દિવસે ગુપ્ત સામ્રાજ્યના યુવરાજ ભટ્ટારકની વાગ્દત્તા પત્ની અને મહાનાયક રૂદ્રધરની કન્યા કુમારી ધ્રુવદેવી ઉદ્યાનમાં બેઠી હતી.

ગંગાતીરે એક નાનકડા સરોવરમાં અસંખ્ય કમળ ફૂટી નીકળેલાં હતાં. એ જ સરોવરનાં સફેદ સંગેમરમરનાં પગથિયાં મથાળે એક વિશાળ, લાંબો વેલમંડપ છાયા પાથરી રહ્યો હતો. માળીએ ભારે પ્રયત્ન કરીને મંડપ પર વેલીઓ વાળી લીધી હતી. એ જ વેલમંડપ નીચે, સૌથી ઉપરના પગથિયા ઉપર, બંને બાજુએ આરસપહાણની એક એક નાનકડી બેઠક હતી. ડાબી બાજુની બેઠક ઉપર બેઠી બેઠી ધ્રુવદેવીની સખી નાગશ્રી ફૂલશણગારો ગૂંથી રહી હતી અને ધ્રુવદેવી પોતે ઉદ્યાનમાં આમતેમ ભમતીભમતી જાતજાતનાં ફૂલો વીણી રહી હતી. ફૂલો સજાવતાં સજાવતાં નાગશ્રી સતત કંઈ ને કંઈ બોલ્યા કરતી હતી. ધ્રુવદેવી ક્યારેક તે સાંભળતી તો ક્યારેક અન્યમનસ્ક બની જતી. નાગશ્રી એકાએક બોલી ઊઠી: “હાલ કંઈ અફવાનો હોકારો તો હોકારો ચાલ્યો છે, ધ્રુવાબહેન ! આજે

મને કોઈકે કહ્યું કે યુવરાજપદ તો રામગુપ્તનું ઠર્યું. એ તો સાવ દારૂડિયો, લંપટ........"

ધ્રુવા બોલી: "એમ થાય તો તો કુમાર ચન્દ્રગુપ્તને વનવાસે જવું પડે."

નાગશ્રી કટાક્ષ કરતી બોલી: "અહો, રામગુપ્ત જેવું સ્વામીરતન કોને લલાટે ચોટવાનું હશે તે તો ભગવાન જ જાણે. જેણે પાંચે આંગળીએ પુણ્ય કર્યાં હશે તે જ એને પામશે !"

ધ્રુવા બોલી: "મશ્કરી કરતી નથી, નાગિણી, પણ એ રત્ન તો તારે ભાગ્યે આવવાનું છે !"

નાગશ્રી બોલી: "હાય, હાય ! તો તો મારે તે જ ઘડીએ આપઘાત કરવો પડે."

એ જ વખતે વૃદ્ધ મહલ્લિકા–મહેલરખવાળણ ત્યાં આવી. ધ્રુવદેવીને કહેવા લાગી: "ધ્રુવા, તારા આર્યપુત્ર આવ્યા છે."

એ જ મહલ્લિકાના ખોળામાં ધ્રુવા નાનપણથી ઊછરી હતી, એટલે તે ધ્રુવાની મા જેવી થઈ પડી હતી.

ધ્રુવદેવી સહેજ અકળાઇ પાલવમાંનાં બધાં જ ફૂલ નાગશ્રી આગળ ઠાલવી દેતાં બોલી: "તો પછી તેમને અહીં કેમ ન લઈ આવી ? એમણે વળી આગળથી પ્રવેશરજા મંગાવવાનું ક્યારથી શરૂ કરી દીધું ? હું તો ક્યારની ય આતુરતાથી તેમની વાટ જોઇ રહી છું. સમ્રાટને કેમ છે, તે કંઈ સાંભળ્યું છે ?"

મહલ્લિકા બોલી: "ધ્રુવા, યુવરાજ સાચેસાચ આજે તો તારી રજાની રાહ જોતા બારણાં આગળ ઊભા છે. મેં એમને

કહ્યું: આ ઘર તો આપનું જ છે. ધ્રુવાના સ્વામી એટલે અમારા તો ભવિષ્યના પ્રભુ છો. ત્યારે તેમણે કહ્યું: એ બધું હવે બદલાઈ ગયું છે!"

ધ્રુવા બોલી: "મહલ્લિકા, તારી વાત સાંભળી મારા અંતરમાં ઊંડે ઊંડે કંઈ શંકાઓ ઊઠી રહી છે. હું તો આખે અંગે ધ્રૂજી ઊઠું છું. તું જા, જલદીજલદી આર્યપુત્રને અહીં બોલાવી લાવ. નાગિણી, તું પણ જા, મારો તો જીવ ઉપરતળે થઈ ચાલ્યો!"

મહલ્લિકા અને નાગશ્રી ચાલ્યાં ગયાં. ધ્રુવદેવી વિચાર કરવા લાગી: અંદર તરત કેમ ન આવ્યા હોય? શું થયું હશે? એક જ દિવસમાં એવો બધો તે શો ફેરફાર થઈ ગયો હશે? તો શું આર્યપુત્રનું મન પણ બદલાઈ ગયું હશે? ના, ના, ચન્દ્રગુપ્ત કંઈ એવા માણસ નથી. રામગુપ્ત જેવા પશુની વાત હોય તો એવું બને, પણ દત્તદેવીના પુત્રની વાત તો ન્યારી જ છે."

એટલામાં મહલ્લિકા અને નાગશ્રી ચન્દ્રગુપ્તને સાથે લઈને પાછાં આવ્યાં. બેઠકથી ઘણે દૂર ઊભો ઊભો ચન્દ્રગુપ્ત ફિક્કે મુખે બોલ્યો: "દેવી, વિદાય લેવા આવ્યો છું."

ધ્રુવદેવી તેની નજીક દોડી ગઈ. પણ તેના મુખ ઉપરના ભાવ જોઈ તેને અડકવાની એની હિંમત ચાલી નહિ. આકુળ-વ્યાકુળ થઈ તે પૂછવા લાગી: "વિદાય? કેવી અશુભ વાત કરી રહ્યા છો, આર્યપુત્ર? આજે આપ આમ કેમ કરો છો? જાણે બિલકુલ ઓળખતા જ ન હો તેમ રજાની રાહ જોતા આજે આપ બારણાં પર કેમ ઊભા હતા? તો પરમભટ્ટારક સમ્રાટ

શું સાચેસાચ.......”

તેના મુખ સામે જોયા વિના જ ચન્દ્રગુપ્ત બોલ્યો: “ના, હજી તેઓ જીવે છે. પણ સાંજ પડતાંપડતાંમાં પિતાજીનો જીવનદીપ કદાચ બુઝાઇ જાય એમ લાગે છે. વિદાય લેવા આવ્યો છું, દેવી !”

ધ્રુવદેવી બોલી: “તો પછી અત્યારથી જ આવી વાતો કેમ ? મારાથી કંઈ અપરાધ થઇ ગયો ? શું થયું, બોલો ને ? શંકાકુશંકાથી મને કંઇ કંઈ થઈ જાય છે. મારાથી નથી રહેવાતું. આર્યપુત્ર, આપ કેમ વિદાય........”

ચન્દ્રગુપ્ત બોલ્યો: “દેવી, કાલે મળસ્કે જેનું છેદાયલું મસ્તક પાટલિપુત્રને સ્મશાને રગદોળાઇ જવાનું છે તે માનવી, પરમભટ્ટારકના પદવીધર મહાનાયક, મહાસામન્ત, રૂદ્રધરનો જમાઇ કઇ રીતે થઈ શકવાનો છે ? સમ્રાટ સમુદ્રગુપ્તનો અંતિમ આદેશ છે કે કુમાર રામગુપ્ત જ યુવરાજ છે. એટલે કે કાલે સવારથી જ હું રસ્તા પર રખડતો ભિખારી થઈ જઇશ. અથવા કદાચ નવા સમ્રાટના અંગરક્ષકો, જંગલી પશુસમ ગણી પાટલિપુત્રના રાજમાર્ગ પર મને હણી નાંખશે. કદાચ તેમ ના કરે—”

ધ્રુવા બોલી: “જ્યાં આપ ત્યાં હું. યુવરાજ, ના—ના—કુમાર ! હું તો આપની વાગ્દત્તા પત્ની છું.”

ચન્દ્રગુપ્ત બોલ્યો: “સ્વપ્નું ! એ તો બધું સ્વપ્ન થઇ ગયું ! મને ભૂલી જાઓ, દેવી ! માની લેજો કે ચન્દ્રગુપ્ત મરણ પામ્યો છે. એ બધી વાતો ભૂતકાળની માનીને બધું ભૂલી જાઓ.”

ધ્રુવદેવી બોલી: “એ કંઈ બનવાનું નથી, આર્યપુત્ર !

એકની થઇ તે બીજાની કદી ન થઈ શકે. શાસ્રાધારે હું આપની પત્ની છું. મને તરછોડીને આપ ક્યાં જશો ? સુખના દિવસોમાં અર્ધાંગિની ગણીને આપે મારો સ્વીકાર કર્યો છે, તો આજે આપના દુઃખના દિવસોમાં હું એ વાત ભૂલી જાઉં ? આર્યપુત્ર, રૂદ્રધરની કન્યા શું ગણિકા છે ?"

ચન્દ્રગુપ્ત બોલ્યો: "ના, ના, ના, તમે તો કુળકન્યા–ગૃહસ્થી કન્યકા છો, ધ્રુવા. પણ હજી કુમારિકા છો. તમને પગે પડું છું, વિનંતિ કરું છું, મને ભૂલી જાઓ. કાલે સાંજથી જ હજારો નાગપાશ મને ચારે બાજુ વિંટળાઈ વળ્યા છે, ને વધારામાં તમે ન ઉમેરાશો. તમને ભૂલી જવાને તો હૃદયને તોડીફોડીને ફેંકી દેવું પડશે; પણ તમારી સામે જોઇને, તે ય કરવું જ રહ્યું."

ધ્રુવા બોલી: "ના, આર્યપુત્ર, મારા મુખ સામે તો આપ જોતા પણ નથી, એક વાર મારા મુખ સામે જોઈને વાત કરો તો એવું બોલતાં આપની જીભ ઊપડશે પણ નહિ. આપ મારી સામે કેમ નથી જોતા ? એક વાર તો જુઓ ! જરા આંખ ઠેરવીને જુઓ કે ધ્રુવા એક ભવમાં બે ભવ કરે એવી છે ખરી ? ધરવંશની કન્યા હીરામોતીજડયા રસ્તા પર ચાલી શકે છે, તે જ રીતે સ્વામીએ ભીખી આણેલું અન્ન હસતે મુખે પચાવી શકે તેવી ય છે."

ચન્દ્રગુપ્તે જવાબ દીધો: "જોયું, સામે જોયું, પણ કંઈ બોલી શકાતું નથી ! ધ્રુવા, કાકલૂદી કરું છું, મને ભૂલી જાઓ, ચન્દ્રગુપ્તને મરણ પામેલો ગણી લ્યો, ધ્રુવા !"

ધ્રુવા બોલી: "તો પછી રૂદ્રધરની દીકરી ચન્દ્રગુપ્તની

વિધવા રહેશે !"

એ જ વખતે પાછળથી રૂદ્રધર બોલી ઊઠયો: "ખોટું ! જુઠું !" પછી લતામંડપ પાસે આવીને રૂદ્રધર અત્યંત અસભ્ય રીતે, કર્કશ સ્વરે બોલ્યો: "રૂદ્રધરની દીકરી ગુપ્તકુળની વાગ્દત્તા કન્યા છે. કુમાર ચન્દ્રગુપ્ત, મારી રજા લીધા વિના, મારી પુત્રી સાથે વાત કરવા કેમ આવ્યા છો ?"

અત્યંત આશ્ચર્યચકિત બનીને ચન્દ્રગુપ્ત બોલી ઊઠયો: "દેવીની રજા લીધા પછી અંદર આવ્યો છું, મહાનાયકજી ! જેમ દરરોજ આવું છું, તેમ જ આજે પણ આવ્યો છું."

રૂદ્રધર બોલ્યો: "કાલે તમે જે હતા તે આજે નથી, ચન્દ્રગુપ્ત ! કાલે તમે ગુપ્ત સામ્રાજ્યના ભાવિ યુવરાજ હતા, આજે તમે રાજપાટ વિનાના, સંપદ વિનાના એક સામાન્ય રાજપુત્ર છો."

ધ્રુવાએ વાંધો ઉઠાવ્યો: "પિતાજી, કુમાર ચન્દ્રગુપ્ત જ મારા સ્વામી છે. હું એમની વાગ્દત્તા પત્ની છું."

રૂદ્રધર બોલ્યો: "ફરીને કહું છું, એ ખોટી વાત છે. મારી પુત્રી ગુપ્ત સામ્રાજ્યના યુવરાજની વાગ્દત્તા પત્ની છે, કુમાર ચન્દ્રગુપ્તની નહિ. ધર વંશની કોઈ કન્યાએ કદી સમ્રાટકુળનું દાસીપણું કર્યું નથી. આજે રામગુપ્ત યુવરાજ છે. ધ્રુવા, તું યુવરાજ ભટ્ટારક રામગુપ્ત દેવની વાગ્દત્તા પત્ની છે. મારી કે તારા સ્વામીની આજ્ઞા વિના ચન્દ્રગુપ્ત જેવા પારકા પુરુષ સાથે તું વાત કરે છે એ તેં અતિશય ખોટું કર્યું છે."

ધ્રુવા બોલી ઊઠી: "ના, જરા ય નહિ. સાંભળો પિતાજી,

આપ જન્મદાતા છો, ગુરુ રૂપ છો, હું તમારી દીકરી છું, પણ હું કંઈ ગણિકા નથી. પાટલિપુત્રની ગૃહસ્થી કન્યાનું શું બજારુ વસ્તુ પેઠે વત્તી કિંમતે વેચાણ થશે? કદી નહિ બને. રામગુપ્ત મારા પતિ? કેમ કરીને? તે તો મારા જેઠ થાય!"

રૂદ્રધર ગરજ્યોઃ "કુમાર ચન્દ્રગુપ્ત, અબઘડી તમે મારા આવાસની હદ છોડી ચાલ્યા જાઓ, નહિ તો...."

ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "નહિ તો?–નહિ તો મને લાત મારીને બહાર કાઢશો, મહાનાયકજી? એવી કંઈ જ જરૂર નથી. હું પણ સમુદ્રગુપ્તનો પુત્ર છું. પરિસ્થિતિ બદલાઈ ગઈ છે એમ જાણીને તમારી દીકરી પાસે હમેશની વિદાય લેવા આવ્યો છું. ત્યારે વિદાય, ધ્રુવદેવી!"

ધ્રુવદેવી કરગરી ઊઠીઃ "આર્યપુત્ર, ચન્દ્રગુપ્ત, સ્વામી, મને લઇને જાઓ, મારું રક્ષણ કરો."

"ના, ના, વિદાય, ધ્રુવા!" બોલીને ચન્દ્રગુપ્ત ઝડપભેર ચાલ્યો ગયો. ધ્રુવદેવી તેની પાછળ દોડવા જતી હતી, પણ રૂદ્રધરે તેને પકડી લીધી. કેટલીય વાર સુધી નિરાધારસમી કુમારીના આર્ત્તનાદ ચન્દ્રગુપ્તને કાને અથડાતા રહ્યા. પ્રતિહારીને બોલાવી, રૂદ્રધરે ધ્રુવાને બાંધી, નાટયશાળામાં કેદી કરવાનો હુકમ કર્યો. જતાં જતાં તે બોલ્યોઃ "યાદ રાખજે, આર્યાવર્તમાં કન્યા તો પિતાની જ હકુમતમાં છે–તેના જ તાબામાં છે–તેની મિલ્કત રૂપ છે."

મસ્તક ટટ્ટાર કરી ધ્રુવા બોલીઃ "પિતાજી, આપ પણ યાદ રાખજો કે આર્યાવર્તમાં નારી સ્વામીની સંપત્તિ છે. ધ્રુવા

ચન્દ્રગુપ્તની પત્ની છે. એટલે હવે પછી મારા પર તમારો કોઈ જ અધિકાર નથી."

★

પ્રકરણ ૫મું

આર્યપદ

બીજે દિવસે મળસ્કે બેભાન અવસ્થામાં જ વૃદ્ધ સમુદ્રગુપ્તે નશ્વર દેહનો ત્યાગ કર્યો. રામગુપ્ત જ્યારથી સિંહાસન પર બેસે, ત્યારથી પાટલિપુત્રમાં અવનવા બનાવો બનવા માંડશે એ બધા જ જાણતા હતા, પણ વૃદ્ધ સમુદ્રગુપ્તે ખોળિયું છોડયું ન છોડયું તેટલામાં જ રાજપ્રાસાદમાં જે નાટકો ભજવાવાં શરૂ થયાં, તે વડે તો પાટલિપુત્રનાં પ્રજાજનોની આંખો ફાટી ગઈ.

સમુદ્રગુપ્તના મૃત્યુ પછી ચારે બાજુથી સગાંવહાલાં એકઠાં થઈ ગયાં. અંત્યેષ્ઠિ સંસ્કારની તૈયારી ચાલવા લાગી. સુવર્ણની નનામી પર સમ્રાટનો દેહ મૂકી તેને જાતજાતનાં વસ્ત્રાલંકાર અને પુષ્પાભરણથી સજાવવામાં આવ્યો. થોડાક જણ જઈને ગંગાતીરે લાલ અને સફેદ ચંદનની વિશાળ ચિતા રચાવવા લાગ્યા. પછી સ્મશાનયાત્રા–ગંગાયાત્રાની તૈયારીઓ ચાલવા માંડી. પણ તપાસ કરતાં જણાયું તો રામગુપ્ત હાજર ન મળે. દેવગુપ્ત અને રવિગુપ્તે નવા સમ્રાટની શોધ માટે સુરાલયો તરફ અને ગણિકાઓના લત્તામાં ઘોડેસ્વારો મોકલી આપ્યા. દત્તદેવી અને ચન્દ્રગુપ્ત સમુદ્રગુપ્તના મૃતદેહની પાસે બેસી રહ્યાં. વિશ્વરૂપ વિશાળ પ્રાસાદને ખંડે ખંડે નવા સમ્રાટની ખોળમાં ભમવા

લાગ્યો. તેણે જઈને જોયું તો સમુદ્રગૃહનાં બારણાં બંધ હતાં અને એક પ્રતિહાર બહાર ઊભો હતો. પૂછતાં તે બોલ્યોઃ "નવા સમ્રાટ અને તેમના નવા અમાત્યજી અંદર છે." એ બંને મહા-રત્નોની પાસે એકલાં ન જતાં વિશ્વરૂપ મહાનાયકોને બોલાવી લાવ્યો. તેમણે આવીને કહ્યું કે સ્વર્ગસ્થ સમ્રાટની ગંગાયાત્રાની તૈયારીઓ થઈ ગઇ છે અને નવા સમ્રાટે તેમાં પધારવાનું છે.

એ સાંભળી રુચિપતિ એકદમ પૂછવા બેઠોઃ "તો ત્યાં સુધી આર્યપટ્ટ શું સૂનુંજ રહેશે?"

આગળ ધપીને વિશ્વરૂપ બોલ્યોઃ "યુવરાજ, આપ હજી સૂતકી છો, સ્નાન કર્યા પછી શ્રાદ્ધ કરીને આપે શુદ્ધિ કરવાની છે. ત્યાર પછી આપનો અભિષેક થશે. શુદ્ધિ કરાવ્યા વિના આર્યપટ્ટને સ્પર્શ કરશો તો વ્યાસપીઠને ભાંગીને તેની નવેસરથી ચણુતરપ્રતિષ્ઠા કરવી પડશે."

રામગુપ્તે પ્રશ્ન કર્યોઃ "તો એટલા દિવસ સુધી આર્યપટ્ટ પર કોણ બેસશે?"

વિશ્વરૂપ બોલ્યોઃ "રાજ્યના બાર પ્રધાનો."

રુચિપતિ બોલી ઊઠયોઃ "બેસેસ્તો! અને અમે તો જાણે રેલનાં પાણીમાં તણાઇને આવ્યા હઈશું, કેમ? ભઈલા રામચન્દ્ર, આ બુઢ્ઢાઓની વાત સાંભળીશ નહિ. બરાબર ચીટકીને જ બેઠો રહેજે. ને તું તો રાજા હોય કે ન હોય, પણ હું તો કયારનો ય મંત્રી બની ચૂકયો જ છું!"

રવિગુપ્ત બોલ્યોઃ "અલ્યા બ્રાહ્મણ, આર્યપટ્ટને અપવિત્ર કરવાની જરૂર નથી. નવા સમ્રાટ તારી અમાત્યપદે વરણી કરશે,

તો યોગ્ય સમયે રાજમુદ્રા તને જ અર્પણ કરવામાં આવશે. પણ એટલા દિવસ સુધી તો તમસૌએ અમારા આદેશ પ્રમાણે જ બધાં કાર્યો કરવાં પડશે."

રુચિપતિ બોલ્યો: "વાહ ! વાહ ! બહુ સારું ગાતાં આવડે છે, તમને હોં ! આજ સુધી બધા બરાડા જ સાંભળ્યા ! ખરું ગીત તો આ જ !"

એ જ વખતે જયસ્વામિની વેગબંધ દોડતી ત્યાં આવી પહોંચી અને એક દંડધરને પૂછવા લાગી: "કયાં ગયો પેલો કુલાંગાર ?" નવો સમ્રાટ આટલી જ વારમાં આર્યપટ્ટ પર ચઢી બેઠો છે એ સમાચાર રાજમહેલ અને નગરમાં વીજળીને વેગે ફેલાઈ ચૂકયા હતા. નગરસંઘના પ્રતિનિધિઓ, અમાત્યો, કુટુંબીઓ, પ્રતિહારો, દંડધરો અને દ્વારરક્ષકોથી આખું ય સમુદ્રગૃહ ઊભરાઇ ઊઠયું હતું.

એક દંડધર નવી રાજમાતાની વાત સાંભળીને આડે મુખે બબડ્યો: "કુલાંગાર નહિ તો બીજું શું ?"

પુત્રને આર્યપટ્ટ પર બેઠેલો જોતાં જ જયસ્વામિની બોલી ઊઠી: "અરે અભાગિયા, તું તો અહીં આવીને ચોંટાયો છે, અને હ્હણે પેલી બાજુ સમ્રાટની ગંગાયાત્રા અટકી પડી છે !"

રામગુપ્ત બોલ્યો: "ગભરાય છે શા સારુ, મા ? સમ્રાટ મરી જ ગયા છે તો ગંગાતીરે ય જવાના, ને બળવાના પણ ખરા જ !"

રુચિપતિ વચ્ચે પુરાયો: "સિંહાસન સૂનુંસૂનું આંખે ખૂંચ્યા કરે ને મા, તેથી જ વેળાસર તેનો કબજો લીધો છે."

રામગુપ્તે વધુ પ્રકાશ પાડયોઃ “ને વખતે દત્તાબાઈજી આ ગરબડમાં જડાઉ ઘરેણુંગાંઠા સરકાવી ન જાય તેની ગોઠવણુ કરી રહ્યો છું.”

જયસ્વામિનીએ પૂછ્યુંઃ “તને એવી અક્કલ કોણે આપી ?”

રામગુપ્ત બોલ્યોઃ “કેમ, આ મારો મંત્રી રુચિપતિ છે ને ?’

જયસ્વામિની ગરજીઃ “અરે મૂઓ તારો રુચિયો ! એ કુલાંગાર, તારા પિતાજીનો મૃતદેહ પ્રાસાદના આંગણામાં પડયો છે, બધાં તારી રાહ જોતા ત્યાં બેઠાં છે, અને તું તો સૂતકી–અભડાયેલો સિંહાસન પર ચઢી બેઠો છે !”

રામગુપ્તે ખુલાસો કર્યોઃ “તું સમજતી નથી, મા ! પહેલાં સિંહાસનનો કબજો પાકો કરી લઉં, પછી પિતાજીને તો ગંગાતીરે લઈ જ જઈશ ને ?”

રુચિપતિએ ઉમેર્યુંઃ “મહારાજને ડર લાગે છે જરા, મા, કે વખતે સિંહાસન સરકી જાય !”

એટલામાં દત્તદેવીએ સમુદ્રગૃહમાં પ્રવેશ કરતાં જ બધાએ માનભેર રસ્તો છોડયો અને તેને નમસ્કાર કર્યા.

તેણે રુચિપતિનું બોલવું સાંભળ્યું હતું. ઉત્તરમાં તે બોલીઃ “કશી જ બીક રાખીશ ના, બ્રાહ્મણ ! મહારાજાધિરાજ સમુદ્રગુપ્ત અવસાન પામ્યા છે, પણ એમના આદેશોનું પાલન કરવાવાળી હું હજુ બેઠી છું. બેટા, તું નીચે ઊતરી પડ, ભાઈ. સિંહાસન પરથી તારો હક લગારે જવાનો નથી. મહારાજનો દેહ કેટલાય વખતથી આંગણામાં પડી રહ્યો છે. મોડું થશે તો

તાપમાં એમનો દેહ હેરાન થશે ને જાણે દુઃખી દુઃખી થઇ જશે એવું મને અંદર થયા કરે છે."

રુચિપતિ બોલ્યોઃ "પણ પાછળથી તમારો પુત્ર કદાચ તમારી વાત ન કબૂલે તો ?"

દત્તદેવી બોલીઃ "બ્રાહ્મણ, તું કોણ છે તે હું જાણતી નથી. મારો દીકરો સમ્રાટ સમુદ્રગુપ્તનો પુત્ર છે. તે પિતાની આજ્ઞાને કદી યે નહિ અવગણે."

રુચિપતિ બોલ્યોઃ "શી ખાતરી ?"

દત્તદેવીએ બૂમ મારીઃ "અરે કોણ છે ? ચન્દ્રગુપ્તને સમુદ્રગૃહમાં બોલાવી લાવો."

એક દંડધર દોડ્યો. રામગુપ્ત પટ્ટામહાદેવીને પૂછવા લાગ્યોઃ "મહેલમાંનાં હીરામોતી વગેરે ક્યાં રાખ્યાં છે....?"

શરમથી લાલ લાલ બની જતાં દત્તદેવી બોલી ઊઠીઃ "બધું જ છે, ને બધું જ તારું છે, પુત્ર ! હું કશું ય લઈ જવાની નથી."

સમુદ્રગૃહમાંના બધા જ લોકો કોપાયમાન થઈ ગયા.

હરિષેણ બોલી ઊઠ્યોઃ "છિઃ છિઃ આ બધી શી નાલાયકી ચાલી રહી છે ? ઘડી વાર પહેલાં જે સન્નારી આ આખી ય ધરણીની અધીશ્વરી હતી, સ્વામીના શોકથી તો હજી તે અતિ વિહ્વળ છે, ત્યારે કયે મોઢે તેના અંગ પરના અલંકાર માગી રહ્યા છો, યુવરાજ ?"

સેંકડો તલવારો મ્યાનમાં ખણખણાટ કરી ઊઠી. નગરસંઘના પ્રતિનિધિઓ અને મહાનાયકો દત્તદેવી ફરતે વિંટળાઈને ઊભા

રહી ગયા.

જરા હસીને રામગુપ્ત બોલ્યો: "મહેલમાંનાં બધાં જ માણેકમોતી એમની પાસે છે. પાછળથી કદાચ કંઈ ન મળે એ માટે આગળથી જ કહી રાખું છું. શરીર પરનાં ઘરેણાં વિષે તે કંઈ મારાથી કશું બોલાય ?"

ત્યાં ઊભેલા લોકોનો મનોભાવ પારખી જઇ જયસ્વામિની બોલી: "રામ, હાલમાં એ બધી વાતો કાઢવાની કંઈ જ જરૂર નથી."

આછું હસતાં દત્તદેવી બોલી: "શરમ શાની મોટી બેન ? રાજપ્રાસાદમાંથી હું કશું જ લઈ જવાની નથી. તમારી સામે જ અંગ પરનાં વસ્ત્રો સુદ્ધાં ઉતારી આપું છું." ઝપાટાભેર આખા ય અંગ પરના કીમતી અલંકાર કાઢી નાખી, બધા આર્યપટ્ટ પર ફેંકી દીધા પછી દત્તદેવી બોલી: "અંગ ઢાંકવા માટે તમારામાંથી કોઈક મને એક જ વસ્ત્રની ભીખ આપો."

આવેગથી રૂંધાઈ ગયેલે ગળે વૃદ્ધ રવિગુપ્ત બોલી ઊઠયો: "માડી રે, આપ ભીખ માંગશો ? આપના સ્વામીનું અન્ન ખાઈ ખાઇને અમારા જેવા સેંકડો પ્યાદાં તગડાં બનેલાં છે. આજ દિન સુધી પુત્રની પેઠે લાખો પ્રજાજનનું પ્રતિપાલન આપ કરતાં આવ્યાં છો, તે જ આપ આજે ભીખ માગી રહ્યાં છો ? અરેરે, આ કાને અમારે આવું સાંભળવું પડે ? અંગો પરનાં આ બધાં ય વસ્ત્રો લઈ લો, મા !"

રવિગુપ્તના ઉપરણા ફાળિયા સમેત રામગુપ્ત અને રુચિપતિ સિવાય સમુદ્રગૃહમાં ઊભેલા તમામ નાગરિકોનાં ઉપરણા-ફાળિયાં તે જ પળે વૃદ્ધ પટ્ટમહાદેવીના ચરણો આગળ ટપોટપ

પડવા લાગ્યાં. દેવીની આંખોમાં આંસુનાં બે બિંદુ દેખાયાં. એક દંડધર તરફ જોઈ દત્તદેવી બોલી: "મારા ભંડારીને બોલાવી લાવ. પુત્ર, થોડોક ભરોસો રાખજે, અંદર જઈને અંગ પરનાં વસ્ત્રો પણ ઉતારી આપું છું."

દત્તદેવી અંદર ગઇ કે તરત જ રુચિપતિ બોલી ઊઠયો: "સાથે એકાદ જણને મોકલ્યું હોત તો ઠીક થાત ને?"

ક્રોધથી લાલચોળ થઈને એક નાગરિક બરાડો પાડી ઊઠયો: "અરે, આ હરામજાદો કોણ છે? મને તો એની જીભ ખેંચી કાઢવાનું મન થઈ જાય છે."

નગરશ્રેષ્ઠી બોલ્યા: "શાંત થાઓ, શાંત થાઓ! એ માણસ અગાઉ ગમે તે હોય, પણ હવે તો થયા છે મહાનાયક મહામાત્ય રુચિપતિ શર્મા."

નાગરિક બોલ્યો: "જયનાગ, એ ગમેતેમ, પણ કહી દો એને કે માતા પટ્ટમહાદેવી વિષે સંભાળીને જીભ ચલાવે!"

એ જ વખતે દત્તદેવી રવિગુપ્તનું વસ્ત્ર પહેરીને પાછી આવી અને પહેલાં પહેરેલાં વસ્ત્રો આર્યપટ્ટની સામે ફેંકી દેતાં બોલી: "પુત્ર, લઇ લો આ વસ્ત્રો!"

તેનો ભંડારી આવીને ઊભો હતો. બધી જ ચાવીઓ જયસ્વામિનીને આપી દેવાની આજ્ઞા દત્તદેવીએ તેને કરી.

ભંડારી તેના મોં સામે જોઈને બોલ્યો: "પણ મા, આપનાં અંગત–પિયેરનાં ઘરેણાંવાળી પેટીની ચાવી પણ?"

આજ્ઞા મળી: "મારા પિયેર તરફથી મળેલાં વસ્ત્રાભૂષણ પણ હું સમ્રાટને આપી દઉં છું."

એ જ વખતે ચન્દ્રગુપ્તે સમુદ્રગૃહમાં પ્રવેશ કર્યો. તેને જોતાં જ દત્તદેવીએ આદેશ આપ્યો: "પુત્ર, અંગ પરનાં તમામ વસ્ત્રાભૂષણઅલંકાર આર્યપટ્ટની સામે મૂકી દે."

તત્કાળ ચન્દ્રગુપ્તે અંગ પરનાં તમામ અલંકાર ઉતારી નાખ્યાં. પછી માતાને પૂછ્યું: "મા, વસ્ત્રો તો કેવી રીતે આપી દઉં ?"

દત્તદેવી બોલી: "ભિક્ષા માગીને નવાં મેળવી લે."

આ પહેલાં જેમણે પોતાના ઉપરણાફાળિયાં કાઢી આપ્યાં હતાં તે બધાએ તે કપડાં ચન્દ્રગુપ્તના પગ આગળ મૂકી દીધાં. અંદર જઈને વારાણસીનાં બહુમૂલાં રેશમી વસ્ત્રો ઉતારી નાંખી, ભીખવસ્ત્રો પહેરી ચન્દ્રગુપ્ત પાછો સમુદ્રગૃહમાં આવ્યો ત્યારે પાછળથી એક નાગરિક બોલી ઊઠયો: "અહો, કેવું અપૂર્વ, કેવું ભીષણ મનોબળ !"

જયનાગ બોલ્યો: "એમ ન હોય તો આટઆટલાં વરસ સામ્રાજ્ય પર શાસન ચલાવાય ખરું કે ?"

સફેદ વસ્ત્રો પહેરીને અડવા બનીને માતા અને પુત્ર જ્યારે આર્યપટ્ટની સામે ઊભાં ત્યારે સમુદ્રગૃહમાં ઊભેલા અનેક જણે લાંબા નિઃશ્વાસ નાખ્યા.

પુત્રનો હાથ પકડી દત્તદેવીએ પૂછ્યું: "ચન્દ્ર, મારો સ્પર્શ કરીને કહે આ બધાયને કે સિંહાસન સંબંધે તારા પિતાજીની શી આજ્ઞા છે ?"

ચન્દ્રગુપ્ત બોલ્યો: "બધાની જ રૂબરૂમાં પિતાજી આર્ય રામગુપ્તને સિંહાસન અર્પી ગયા છે."

દત્તદેવી બોલી: "પુત્ર, તારા મોટાભાઈના મનમાં હજી ય અંદેશો છે."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "તમને સ્પર્શ કરીને સોગંદ લઉં છું મા, કે મહારાજાધિરાજ રામગુપ્ત જીવતા હશે ત્યાં સુધી સમુદ્રગુપ્તનો પુત્ર ચન્દ્રગુપ્ત આર્યપટ્ટને આંગળી સરખી અડાડશે નહિ."

જયનાગ બોલ્યો: "અરેરે, આર્ય ચન્દ્રગુપ્ત, એવા સોગંદ લેશો મા, સોગંદ લેશો મા. પાટલિપુત્રનો નગરસંઘ અને મગધનો પ્રજાસંઘ કુમાર રામગુપ્તને સમ્રાટ તરીકે ગ્રહણ કરવા તૈયાર નથી."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "નગરશ્રેષ્ઠી, હું તો સોગંદ લઇ ચૂકયો!"

જયનાગ બોલ્યો: "તો એ સોગંદ તોડવા પડશે, કુમાર! ચિરશ્રેષ્ઠ સમગ્રવર્ણી પાટલિપુત્રના નગરસંઘનો આદેશ છે કે કુમાર રામગુપ્ત રાજદંડ ધારણ કરવાને યોગ્ય નથી અને આપ પોતે જ સામ્રાજ્યને માટે સુયોગ્ય સમ્રાટ છો."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "સાંભળો, નગરજનો, આર્ય નગરસંઘ પૂજનીય છે, પણ હું ય સમુદ્રગુપ્તનો પુત્ર છું. પિતાજી સામે જે પ્રતિજ્ઞા લીધી છે, અત્યારે થોડી વાર પહેલાં જ મૃતદેહનો સ્પર્શ કરી જે સોગંદ લીધા છે, તેનો કોઈ પણ કાળે આ ચન્દ્રગુપ્ત ભંગ કરે એ અસંભવિત છે. મોટાભાઈ, સિંહાસન આપનું છે. હું ભિક્ષા માગીને ખાઈશ. આપ પિતાજીના મોટા પુત્ર છો. પિતાજીની અંતિમ સંસ્કારક્રિયા માટે આપ જ અધિકારવાન છો. હવે ચાલો."

દત્તદેવી બોલીઃ "પૂરેપૂરા નચિંત બનીને ચાલો, રામગુપ્ત. અમે માદીકરો તમારા પ્રાસાદમાંથી બહાર નીકળી જઇએ છીએ, ને ફરી પાછાં આવવાનાં નથી."

રુચિપતિ બોલ્યોઃ "હવે જવા હરકત નથી, રામગુપ્ત."

છેક હવે, આટલા વખત પછી, પરમેશ્વર, પરમ ભટ્ટારક, પરમ વૈષ્ણવ મહારાજાધિરાજ સમુદ્રગુપ્તની અંત્યેષ્ઠિ ક્રિયા શરૂ થઈ.

★

પ્રકરણ ૬ઠ્ઠું

વિસ્મૃતિનો ઉપાય

નૃત્યગીતના વ્યવસાયમાં માધવસેનાએ પુષ્કળ ધન ઉપાર્જન કર્યું હતું. તે બધું તે ઘરવિહોણા અને દ્રવ્યવિહોણા ચન્દ્રગુપ્તને માટે છૂટે હાથે વાપરવા લાગી. દત્તદેવી અને ચન્દ્રગુપ્તને પ્રાસાદમાંથી હાંકી કાઢવાની હિંમત રામગુપ્ત અને રુચિપતિને થઈ ન હતી. પણ સમુદ્રગુપ્તનું સરાવણું પતી ગયા પછી તરત દત્તદેવીએ સ્વેચ્છાએ પાટલિપુત્રના મહાસ્મશાનમાં એક જીર્ણ શિવાલયમાં આશ્રય લીધો હતો અને કુમાર ચન્દ્રગુપ્તને માધવ-સેના જાતે તેડી પોતાને ઘેર લઈ ગઈ હતી.

નવો રાજા રામગુપ્ત અને તેનો નવો મંત્રી રુચિપતિ જ્યારે ઉલ્લાસે ઉન્મત્ત જેવા હતા, ત્યારે ડરના માર્યા નગરસંઘના સેંકડો સશસ્ત્ર નાગરિકો માધવસેનાના ઘરનું રાતદિવસ રક્ષણ કરતા હતા. તે કારણને લીધે રુચિપતિ કે તેના સેવકો નટીપરામાં

પગ પણ મૂકવાની હિંમત કરી શકતા નહોતા.

માધવસેના રાતદિવસ કુમાર ચન્દ્રગુપ્તનું મન પ્રસન્ન કરવા પ્રયત્ન કરતી. નૃત્ય, ગીત, જલસા વગેરે નિત્યના ઉત્સવોમાં તેનું સ્વ–વડીલોપાર્જિત ધન ઝપાટાભેર ખપવા લાગ્યું, પણ દારુણ ચિંતાની કઠોર રેખાઓ ચન્દ્રગુપ્તના લલાટ પરથી ભૂંસાઈ નહિ.

માધવસેના વચ્ચે વચ્ચે કુમારને પૂછતીઃ "કુમાર, તમને થયું છે શું ?"

ત્યારે ચન્દ્રગુપ્તના મુખ પર કયાંક ફિક્કા હાસ્યની રેખા દેખા દેતી. તે કહેતોઃ "કંઈ નહિ, માધવસેના !" એટલું બોલવું પૂરું થતાંથતાંમાં જે ગંભીર દીર્ઘ નિસાસો ચન્દ્રગુપ્તના હૃદયમાંથી બહાર નીકળતો, તેના વડે એ ફિક્કા હાસ્યની આછી રેખા, સમુદ્રનાં વેગભેર ઊછળતાં મોજાંના પછડાટથી ભાંગી પડતા રેતીના ઢગ પેઠે તેના મુખ પરથી ભૂંસાઈ જતી.

વૈદો, સંન્યાસીઓ, ગૃહશાંતિ કરનારા બ્રાહ્મણો વગેરે કેટલા ય જણની માધવસેના સલાહ લેતી, પણ કંઇ જ ફળ આવ્યું નહિ.

આખરે એક વૃદ્ધા નટીએ એને સલાહ આપીઃ "માધવી, તું યે કેવી ગાંડી છે ? કુમારને જરા જરા સુરા ધરવા માંડ ને ? બધું ય ભૂલી જશે !"

આશાઘેલી બની, છાતી કઠણ કરીને માધવસેનાએ ચન્દ્ર-ગુપ્ત આગળ એ વાત મૂકી. તેણે તો ધાર્યું હતું કે કુમાર એ વાતનો સપને ય સ્વીકાર કરશે નહિ. પણ વાત સાંભળતાં જ કુમાર આનંદથી કૂદી ઊઠયો ને બોલ્યોઃ "શું કહે છે માધવી,

ખરેખર, બધું ય ભૂલી જવાશે ? સાચું કહે છે ? મારા સોગંદ ખાઈને કહે છે ? ઓ રે, કેટલી અસહ્ય યાતના હું ભોગવું છું ! તને એ કયાંથી સમજાય, માધવી ? તને લાગતું હશે કે આ ચન્દ્રગુપ્ત વિશાળ પિતૃરાજ્યના લોભે પાગલ બની ગયો છે. તું નથી સમજતી, નથી પરખતી. એવું ધારે તો તારી ભૂલ જ થાય છે. વીરભોગ્યા વસુંધરા. જે દિવસે તલવાર ધારણ કરીશ, તે જ દિવસે, તે જ પળે હું નવું રાજ્ય ઊભું કરી શકીશ. ના, ના. પણ મુદ્દે એ વાત જ નથી. માધવી, આ તો–આ તો–મારી ધ્રુવાનું સ્મરણ....મારી....મારી જ ધ્રુવા....! મટાડી દે, ધોઈ નાખ....મારી આ અસહ્ય વેદના ! હા, સુરા પીશ. શી હરકત છે ? સમુદ્રગુપ્તનો પુત્ર પાટલિપુત્રના નટીપરામાં દિવસો ગુજારે છે, નટીના અન્ન વડે પેટનો ખાડો પૂરે છે, તો પછી મદ્યપાન શું એનાથી ય વધી ગયું ? માધવી, લાવ, વિષ લાવ. આ વેદના કરતાં તો એ હલાહલ પણ મીઠું છે...."

ગૌડી, માધ્વી અને કાદમ્બી વગેરે જાતજાતની સુરા કાચ અને ચામડાનાં પાત્રોમાં આવી. કીમતીમોંઘાં મેજવસ્ત્રો પર સોનાચાંદીનાં જાતજાતના પ્યાલા ઉભરાવા લાગ્યા. રૂપાળી ને પારંગત નટીઓ નૃત્ય અને ગીતથી પાટલિપુત્રનું નટીપરું રાત-દિવસ ઉત્સવભર્યું કરી રાખવા લાગી.

એમ ને એમ કેટલા ય દિવસ વીતી ગયા. એકાએક એક દિવસ રાત પૂરી થતાં ચન્દ્રગુપ્ત બોલી ઊઠયો: "હવે તો આ યે સારું લાગતું નથી, માધવી !"

માધવસેના બોલી: "હું તો શ્રીચરણની દાસી છું, દેવ, આજ્ઞા કરો."

અકળાઈ ઊઠીને ચન્દ્રગુપ્ત બોલી ઊઠયો: "માધવી, તું મને ભમાવે છે, મિથ્યા ભમાવે છે. ભૂલાતું નથી, કશું ય ભૂલાતું નથી. હૃદયને અગોચર ખૂણે, નાનામાં નાની વાત પણ કેવા ગંભીર નિનાદથી ઝણઝણી રહે છે—તેની તને કયાંથી ખબર પડે, માધવી ? તે દિવસે, તે અંતિમ દિવસે, તે લતામંડપ....ને....ને....તેને અંબોડે સો સો કદંબફૂલ મઘમઘતાં હતાં એ પણ એક દિવસ હતો, અને આજનો પણ આ દિવસ જ છે તો ! જે યુવરાજ ચન્દ્રગુપ્ત ઘનઘોર રાતે અંધારા નટીપરામાં પગ મૂકતાં પણ શરમાતો તે જ ચન્દ્રગુપ્ત આજે નટીને આંગણે ભિખારી સમો બન્યો છે...."

ચન્દ્રગુપ્તના ચરણો સમક્ષ પટકાઈ પડી માધવસેના બોલી: "છિ: છિ: એવી વાત મોંએ માં લાવશો. આપ તો મારા મહારાજ છો, પ્રભુ ! આપ જ મારા મહારાજાધિરાજ અને હું તો છું આપના ચરણોની દાસી !"

ચન્દ્રગુપ્તે એ સાંભળ્યું નહિ. સુખાસન પર બેઠાં બેઠાં બંને હાથે તેણે મોં ઢાંકી દીધું.

રાત પૂરી થઈ ગઇ હતી. પંખીઓએ ગળાં ખોલ્યાં હતાં અને તેની સાથેસાથે જ એક ગાયિકાએ ગાનનો આરંભ કરી દીધો હતો. પણ ચન્દ્રગુપ્તનો ભાવ જોઈ ગાણું બંધ કરી તે બોલી: "માધવસેના, કુમારને નશો ચઢયો હોય એમ લાગે છે. ગાણું બંધ કરી દઉં ને ?"

એ શબ્દો કાને પડતાં જ ચન્દ્રગુપ્તે માથું ઊંચકયું. તે બોલ્યો: "ના, ના, હજી મને એવો કંઈ કેફ ચઢયો નથી....સુરા તો પીઉં જ છું....પણ નશો જ કયાં ચઢે છે? માધવી, માધવી,

ક્યાં છે તું ?"

માધવી નજીક આવતાં ચન્દ્રગુપ્ત બોલ્યો: "કશું જ ભૂલાઈ શક્યું નથી ! તું તો કહેતી હતી કે હું મારી બધી ય વેદના ભૂલી જઈશ ? અરેરે, આંસુથી રૂંધાઈ ગએલો મારી મીઠી ધ્રુવાનો કંઠ, કદમ્બમાલાથી શોભી રહેલા તેના કાળાભમ્મર કેશ, પ્રફુલ્લ કમળ જેવું તેનું મુખ—એ બધાં સદાય જાગ્રત છે, સદાય મારી નજર સામે ખડાં ને ખડાં છે !"

"યુવરાજ, અમે તો માન્યું હતું કે આપ સાધારણ માણસ છો. સાધારણ માણસ રૂપે એ બધા દિવસો આપ ભૂલી જશો, મદિરાનો નશો આપને ચઢી જશે. પણ યુવરાજ, વિધિએ આપને સાધારણ માણસ તરીકે ઘડયા નથી. કુમાર, ભગવાન કોણ જાણે કેવા ય ખાસ કારણથી આપને આટલું બધું કષ્ટ આપી રહ્યા હશે,—અમે તો સાધારણ સ્ત્રીઓ છીએ,—અમે એ વાત કેમ કરીને સમજી શકીએ ?"

એક દાસી આવીને ઓરડાનાં બારણાં આગળ ઊભી. એને જોતાં જ માધવસેનાએ ભવાં ચઢાવ્યાં. તેનો રોષ જોઈ દાસી બોલી: "મા, ખાસ કારણ ન હોત તો હું ન આવત. એક જણ ખૂબ જ છાની ખબર કહી ગયો છે."

"એવી તે કઇ છાની વાત છે, બોલ ?"

"નગરસંઘના મુખી જયકેશી કહી ગયા છે કે મહાનાયક મહાપ્રતિહાર રૂદ્રધરે રુચિપતિના હુકમને વશ થઇને, લગ્ન પહેલાં જ ધ્રુવદેવીને રાજપ્રાસાદમાં મોકલી આપી છે."

દારૂનો કેફ દૂર થઈ ગયો. દારુણ ચિંતાથી નંખાઈ ગયેલા

દેહમાં એકાએક હજારો હાથીનું બળ પુરાયું. આસન પરથી એક જ કૂદકે ઊભો થઈ જઈ, માધવસેના પાસે ધસી જઈ ચન્દ્રગુપ્ત તીણી ચીસ પાડી ઊઠયો: "શુંઉંઉંઉંઉં ? એ શું કહે છે ?"

ભયથી ચીસ પાડીને દાસી તો ત્યાંથી પલાયન જ થઈ ગઈ.

ખૂબ ખૂબ પ્રયત્ને માધવસેનાએ ચન્દ્રગુપ્તને કંઈક શાંત કર્યો. પછી દાસીને પાછી બોલાવી. તેને પૂછયું: "જયકેશી શું કહી ગયા છે ? બરાબર વાત કર. તારે કશું જ બીવાનું નથી. ધ્રુવદેવી તો યુવરાજને અતિ નિકટ સગપણમાં છે ને, એટલે જ યુવરાજ આટલા બધા બેબાકળા બની ગયા. તું તારે શાંત પડીને બધી વાત કર"

કંપતાં કંપતાં દાસી બોલી: "જયકેશી કહી ગયા છે કે નવા મહારાજ કદાચ બીજે કશે લગ્ન કરી બેસે એ ડરથી, લગ્ન પહેલાં જ, મહાનાયક રૂદ્રધરે ધ્રુવદેવીને પ્રાસાદમાં મોકલી આપ્યાં છે. નવા મંત્રી રુચિપતિએ મહાનાયક રૂદ્રધરને સલાહ આપી હતી કે નવા મહારાજની નજદીકમાં–આસપાસ હોય તો ધ્રુવદેવી તરફ મહારાજનું દિલ ખેંચાઈ શકે, અને તો લગ્ન પણ જલદી જલદી થઇ જાય."

દાસીનું વાકય પૂરું થાય તે પહેલાં જ ચન્દ્રગુપ્ત બોલી ઊઠયો: "માધવી, કયાં છે મારી તલવાર ? લાવ એકદમ !"

ચન્દ્રગુપ્તનો હાથ સજ્જડ પકડી રાખી માધવસેના બોલી: "કયાં જાઓ છો, પ્રભુ ? આવા કવખતે આડુંઅવળું કરી બેસશો માં. શાંત થાઓ. જરા વિચારવાટાઘાટ તો કરો !"

"તું હજી સમજતી નથી માધવી, કે વૃદ્ધ રૂદ્રધર લોભમાં પડીને કેવું સત્યાનાશ વાળી રહ્યો છે? રખેને રાજગાદી જતી રહે એ ભયે બ્રાહ્મણ કુલાંગાર રુચિપતિની સલાહ માનીને ધ્રુવાને તેણે એકલી જ પ્રાસાદમાં મોકલી દીધી છે. તને એ બધું ન સમજાય, માધવી, પણ મને તો ભણકારા વાગે છે કે ધ્રુવા આકુળવ્યાકુળ થઈ ને, મને બૂમો મારી રહી છે. લાવ મારાં અસ્રશસ્ત્ર, મને વધારે હેરાન ન કર, છોડ રસ્તો !"

માધવસેનાએ બળાત્કારે કુમારને આસન પર બેસાડી દીધો. પછી ધીરે ધીરે કહેવા લાગી: "કુમાર, સાચેસાચ આપ ગાંડપણ જ દાખવી રહ્યા છો. હજારો રક્ષકોથી ઘેરાયલા પ્રાસાદમાં આપ એકલા એક માત્ર તલવાર લઈને શું કરશો ?"

"ધ્રુવાનું રક્ષણ કરવા જતાં કદાચ જીવ જાય તો ય શું ?"

"એ તો ગાંડા જેવી વાત, યુવરાજ! કુમાર ચન્દ્રગુપ્તને મુખે એ ન શોભે."

"પણ....પણ....માધવી, નિરાધાર ધ્રુવા રુચિપતિના હાથમાં ? છોડી દે, રસ્તો છોડ !"

"સાંભળો, બેસો, આપ એકલા એકલા કશું ય કરી શકવાના નથી. જરા થોભી જાઓ. ધીમે ધીમે બધો ય ઉપાય થઈ રહેશે."

"મને તો કંઈયે ઉપાય દેખાતો નથી, માધવી !"

"અત્યારે આપને કશું ય ન દેખાય. પણ હજુ રાજમહેલમાં દત્તદેવીનું લૂણ ખાધેલી એવી સેંકડો દાસીઓ છે. રાજ્યના હજારો નોકરો હજી પણ આપનું નામ સાંભળતાંવેંત

આંખમાંથી આંસુ સારે છે. એ બધા છે, પછી શી ફિકર છે? ને હું પંડે ત્યાં જાઉં છું."

"તું જશે, માધવી? એકલી? વાઘની ગુફામાં?"

"કેમ ન જાઉં, યુવરાજ? કેવી ભયંકર દુર્દશામાંથી આપે માધવીનું રક્ષણ કર્યું છે? એ આટલી વારમાં તે શું ભૂલી જાય? સાંભળી લેજો કુમાર, માધવી જીવતી હશે ત્યાં સુધી તણખલું પણ આપની ધ્રુવદેવીના પગને અડી શકશે નહિ."

"માધવી, ગુપ્ત સામ્રાજ્યમાં મારું કહેવાય એવું આજે કોઇ જ નથી?"

"છે, હજારો છે. બારીમાંથી બહાર ડોકાવી જુઓ. નગર-સંઘના હજારો નાગરિકો રાતદિવસ આપની ચોકી કરે છે. યુવરાજ, હવે વખત ગુમાવો નહિ. હું જાઉં છું. પણ આજે હવે આપ રાજમાર્ગ પર જરાય નીકળશો નહિ."

પ્રણામ કરીને માધવસેના ચાલી ગઇ. પિંજરામાં પુરાયેલા સિંહની પેઠે એ જ ખંડમાં ચન્દ્રગુપ્ત એકલો એકલો ઝડપી પગલે આંટા મારવા લાગ્યો.

★

પ્રકરણ ૭મું

રૂદ્રધરનું પ્રાયશ્ચિત્ત

આર્ય સમુદ્રગુપ્તનો વજ્ર સમો હાથ જે રાજદંડ ધારણ કરતો હતો તે જ તેમના મૃત્યુ પછી રામગુપ્તના નબળા હાથમાં

આવ્યો હતો. પ્રજા એ ભેદ એકદમ પારખી શકી નહિ, પણ રાજ બહારના છૂપા શત્રુને એકાએક જોર પ્રગટયું. કનિષ્કના વંશજો ત્યારે પણ મથુરામાં રાજ્ય કરતા હતા. તેમણે સમર્થ સમુદ્રગુપ્તની સામે નમી નમીને પોતાનું રક્ષણ કર્યું હતું. મથુરાથી માંડી દ્વારકા સુધી પથરાએલા શૌરસેન, માલવા, લાટ અને સૌરાષ્ટ્રના પ્રદેશો હજુ શક રાજાઓના તાબામાં હતા. રામગુપ્ત સિંહાસન પર બેઠો તે પછી એક જ મહિનામાં ત્રણ દિશામાંથી શકોએ ગુપ્ત રાજ્ય પર આક્રમણ કર્યું. નવા મહારાજ રામગુપ્તના વર્તનથી અતિશય કંટાળીને સમુદ્રગુપ્તના જૂના સેવકોએ એક પછી એક તીર્થવાસ કરવા માંડયો હતો. જે બાકી હતા તેઓ પણ જલદી જલદી પાટલિપુત્રમાંથી ચાલ્યા જવાની વેતરણ કરી રહ્યા હતા. ચન્દના નામની નટીનો ભાઇ નયનાગ નવો સેનાપતિ નીમાયો હતો. તલવાર કરતાં વીણા ધારણ કરવામાં તે વધારે કાબેલ હતો. એટલે કશીય અડચણ વિના દક્ષિણે કૌશામ્બી અને ઉત્તરે કાન્યકુબ્જ કબજે કરી શકો પ્રયાગ તરફ આગળ ધપી રહ્યા હતા. હિંદભરમાં હાહાકાર વર્તાવતી શકોની ભયાનક ક્રૂરતા–નિષ્ઠુરતા હજી પણ મધ્યદેશવાસીઓ ભૂલ્યા નહોતા. એટલે ગુપ્ત સામ્રાજ્યના શહેરેશહેરમાં કાગારોળ ચાલવા માંડયું હતું. રાજપ્રતિનિધિઓ કુમક માટે ઠેર ઠેરથી ઘોડેસવાર દૂતોને મોકલવા લાગ્યા હતા. પણ રાજધાનીમાં તો સમ્રાટ, મહામન્ત્રી કે સેનાપતિ વગેરે કોઈનોય મેળાપ તેઓને થઇ શકતો નહિ. કારણ કે સમ્રાટ હરહમેશ ઉદ્યાનમાં લહેર કરતા રહેતા ને મહામંત્રી તેમનો કાયમનો સોબતી જ હતો અને નવા મુખ્ય સેનાપતિ યાને મહાબલાધિકૃતનાં તો દર્શન જ દુર્લભ હતાં !

તે દિવસે પણ સમ્રાટ ઉદ્યાનમાં હતા. ચંપામંડપની નીચે સોનાના સિંહાસન પર તેઓ બેઠા હતા. સામેના આસન પર નવા મહામંત્રી બેઠા હતા. ચારે બાજુ સુરાપાન કરાવનારા સેવકો અને અર્ધવસ્ત્રી દાસીઓ ઊભાં હતાં.

મહામંત્રી કહી રહ્યો હતો: "યુદ્ધ કરવું એ તો સેનાપતિનું કામ છે. નહિ તો એ પગાર શાનો ખાય છે? રાજાને જાતે યુદ્ધ કરવા જવું પડે તો પછી સેનાપતિની જરૂર જ શી હોય?"

ચિંતાગ્રસ્ત મુખે રામગુપ્ત બોલ્યો: "એ તો તું બરાબર કહે છે રુચિ, પણ દેવગુપ્તે તો સેનાપતિપદ છોડી દીધું છે, અને ત્યારથી સૈન્યના જુદા જુદા ભાગોમાં શિથિલતા ને ગેર-વ્યવસ્થા ઝામી પડ્યાં છે."

રુચિપતિ બોલી ઊઠયો: "અરે ના રે ના, મહારાજ, કોણે કહ્યું? નયનાગનો પગાર વધારી આપો મહારાજ, કે ઝટ કરતો મથુરા જીતી આવશે."

એ જ વખતે એક દંડધર આવીને બોલી ઊઠયો: "મહા-રાજાધિરાજનો જય! મહાસામન્તાધિપતિ મહાનાયક મહાદંડ-નાયક રૂદ્રધરદેવ બહાર ઊભા છે."

રામગુપ્ત બોલ્યો: "રુચિ, મારો વહાલો બુઢિયો વળી આવ્યો જો!"

રુચિપતિ બોલ્યો: "લગ્ન કરી નાખો ને, ભાઇ?"

રામગુપ્ત બોલ્યો: "હું....તારી અક્કલ તો સાવ બામણિયા છે. હું વળી જેમ તેમ એ મારી વહાલી સાથે પ્રેમની વાત કરવા ગયો, તો કહે છે: તમે તો મારા ધણીના મોટા ભાઈ, જેઠ,

એટલે પિતા જેવા. જાણે મોટી પંડિતાણી! એવી જીભડી-બહાદુર ચીબાવલી છોકરી જોડે લગ્ન કરવાં એટલે આખી જિંદગી શેકાઇભડથાઈને મરવું કે બીજું કંઈ? વળી મેં તો કાલે રાતે ચન્દનાને માથે હાથ અડાડી સોગંદ ખાધા છે કે પટરાણી તો તને જ કરીશ! ધ્રુવા દેખાવેબોલવે કંઈ નાખી દેવા જેવી નથી, એટલે તેને માટે મેં છેક હાથછોડામણી ય કરી નથી. વળી તેનો બાપ જ જ્યારે બે હાથ જોડીને તેને પ્રાસાદમાં મૂકી ગયો છે, ત્યારે એ શાસ્તરની બેટી ધમ અધર્મની બીક બતાવે છે. એક તો પૂજ્ય માતુશ્રીની ધર્મની વાતો સાંભળતાં સાંભળતાં જીવતર ધોવાઈલુખ્ખાઈ ગયું છે ને ઉપરાંત ધ્રુવા જેવી સ્ત્રી કરમે ચોટી તો તો, ભાઈ, ભોગ જ લાગે. તે કરતાં અત્યારે જ ફાંસો ન ખાઉં?"

રુચિપતિ બોલી ઊઠયો: "શું કહો છો, રામચન્દ્ર? ચન્દના તમારી પટ્ટરાણી થશે? તમારી છાતી પણ ગજબની, ભાઈ! એક તો ચન્દના નટી છે, ને વધારામાં તમારા કરતાં જરા ઉંમરે પણ મોટી ખરી. ને એવી એ ચન્દનાને તમે સમુદ્રગુપ્તના આર્યપટ્ટ પર બેસાડશો તો ભારે નવલાઈ કરી ગણાશે એ નક્કી. આર્યાવર્ત કે દક્ષિણાપથમાં–કયાં ય એવી હિમ્મત કોઈ પણ રાજકુમારે કરી બતાવી નથી."

દંડનાયક બોલ્યો: "મહારાજાધિરાજ!"

રામગુપ્ત બોલ્યો: "આ બણુચક વળી ભારે જીવ ખાઈ રહ્યો છે! જા, ડોસાને બોલાવી લાવ અહીં."

દંડધર ચાલ્યો ગયો.

રામગુપ્તે રુચિપતિને પૂછયું: "એ ટચરાને શું કહું,

ભાઇ ? પિતાજીની પેઠે જ એ તો લાંબી લાંબી વાતો કરે છે. ને એની દીકરી પણ બરાબર બાપ જેવી જ છે. એની વાતો સાંભળતાં જાણે એમ જ થાય કે માથામાં જૂતાં મારી રહી છે!"

રુચિપતિ બોલ્યો: "કહેવાનું બીજું શું વળી ? થાય છે, થશે–એટલી બધી શી ઉતાવળ છે ? હાલમાં તો તાપ બહુ પડે છે. પાછી વસંતઋતુ આવે નહિ ત્યાં સુધી એવું શુભ કાર્ય કેમ કરીને માંડી શકાય એવું એવું ?"

એટલામાં મહાનાયક રૂદ્રધરને લઈને દંડધર પાછો આવ્યો. આસન પર શરીર લંબાવી રામગુપ્ત બોલ્યો: "મહાનાયકજી, મારા શરીરે ઠીક નથી. શું કહેવા આવ્યા છો ? જલદી જલદી કહી નાખો."

રુચિપતિએ કહ્યું: "મહાનાયક, આસન પર બેસો."

દૂર ઊભાં ઊભાં લશ્કરી પદ્ધતિ મુજબ નમન કરી રૂદ્રધર બોલ્યો: "મહારાજાધિરાજનો જય ! મહારાજ, ભારે આપત્તિમાં આવી પડ્યો છું એટલે આપને શરણે આવ્યો છું. એવું કંઇ ન હોત તો આવે કવખતે સવારની વેળાએ આપને કંટાળો આપવા આવવાની પંચાત હું કરત નહિ."

રુચિપતિ બોલ્યો: "મહાનાયક, આસન પર બેસો."

રૂદ્રધર બોલ્યો: "બ્રાહ્મણ, આ ગૃહના માલિક મહારાજ છે, તમે નહિ. મહારાજ આજ્ઞા આપે નહિ ત્યાં સુધી કેમ કરીને આસન પર બેસું ? મહારાજ, મારી વાગ્દત્તા કુમારી દીકરીને, મોટી મોટી આશામાં સ્વેચ્છાએ આપના પ્રાસાદમાં હું મૂકી ગયો છું. ત્રણ મહિનાથી તે અહીં રહે છે. તેનાં લગ્ન થયાં નથી

એટલે લોકોમાં મારાથી મોં બતાવી શકાતું નથી, મહારાજ. હલકા લોકોએ હલકી વાતો ફેલાવવા માંડી છે, અને સગાંવહાલાં પણ મને હેરાન હેરાન કરવા મંડયાં છે."

રામગુપ્ત બોલ્યો: "મહાનાયક, પિતાજીના મૃત્યુ પછી શરીર જ સારું રહેતું નથી, તે ઉપરાંત આ આકરો તાપ! તોબા!"

રુચિપતિ ટહુકો પૂરતાં બોલ્યો: "ખરી વાત, ખરી વાત. એક તો રાજરાજેશ્વરનું લગ્ન, ને તેમાં વળી આ તો પહેલું જ લગ્ન!"

રૂદ્રધર બોલ્યો: "મહારાજાધિરાજ, ધર વંશ સામ્રાજ્યમાં પ્રતિષ્ઠિત છે. કુળપ્રતિષ્ઠામાં પણ ધર કુળ ગુપ્ત કુળ કરતાં નીચું નથી. કેટલા ય પુરાણા કાળથી એ જ ધર વંશ રોહિતાશ્વ દુર્ગમાં વસી સામ્રાજ્યની દક્ષિણ સીમાનું રક્ષણ કરતો આવ્યો છે. ધ્રુવા મારી એકની એક દીકરી છે. સ્વર્ગસ્થ મહારાજાધિરાજ પુત્રવધૂ રૂપે એનો સ્વીકાર કરવાનું કબૂલ કરી ગયા છે. ને સમુદ્રગુપ્તના મૃત્યુ પછી આપના જ આદેશથી હું એને પ્રાસાદમાં મૂકી ગયો છું."

રામગુપ્ત કહે: "જરા ટૂંકાણમાં વાત કરો ને? મારી તબિયત ઠીક નથી."

રુચિપતિ કહે: "હા, હા, લાંબુંલાંબું ભાષણ શા સારુ કરો છો?"

રૂદ્રધર કહે: "ક્ષમા કરજો, મહારાજ, આ વૃદ્ધની વાચાળતા માફ કરશો. લોકનિંદા સાંભળી સાંભળી મારો જીવ ઊંચો થઈ ગયો છે, એટલે જ આપને શરણે આવ્યો છું. પાટલિપુત્રના દુષ્ટ નાગરિકો ચૌટેચોકે કહેતા ફરે છે કે રૂદ્રધરની દીકરી તો મહારાજાધિરાજની રાખ છે; ધ્રુવા રોજ સાંજે રામગુપ્ત સાથે

ઉદ્યાનવિહારે જાય છે. મહારાજાધિરાજ, કુંવારી કન્યા કલંક પામે તે કરતાં મરવું ભલું. વાગ્દત્તા કન્યા અન્યપૂર્વા* બને તો પછી કોઈ પણ ખાનદાન કુલનો યુવાન તેનો સ્વીકાર કરે નહિ. આપ એની સાથે લગ્ન કરો તે પછી એને ઉદ્યાને લઈ જાઓ કે તમારી મરજીમાં આવે તે કરો, તેમાં કંઈ વાંધો રહે નહિ.”

રામગુપ્ત બોલ્યો: “પણ આપની દીકરી ડાહી થઈને ઉદ્યાને આવતી હોત તો તો પછી પંચાત જ શી હતી? આ બધી ગરબડ જ ઊભી થાત નહિ ને?”

રુચિપતિ કહે: “મહાનાયકજીની દીકરી તો જાણે વિદ્યા-વાચસ્પતિનો અવતાર છે! કહે છે: હું તો ખાનદાન કુલકન્યા છું, ગણિકાઓની સાથે ઉદ્યાને શાની જાઉં?”

રૂદ્રધર કહે: “સાવધાન, બ્રાહ્મણ! હું ક્ષત્રિય છું. મહા-રાજાધિરાજ! વૃદ્ધ પર દયા કરો, વૃદ્ધના કુળમાનની રક્ષા કરો, લોકનિંદાથી એને બચાવી લો. (ઘૂંટણભંડીએ પડી) રામગુપ્ત, હું આપના પિતાનો બરોબરિયો, ગોઠિયો, ને તે રીતે તમારે પિતાતુલ્ય છું; તો પણ ઘૂંટણ નમાવી આપની સમક્ષ ભીખ માગી રહ્યો છું. મારી ઈજ્જતનું રક્ષણ કરો, દયા કરો, ઘડપણમાં મને આપઘાતને પંથે ન મોકલો.”

બેત્રણ બગાસાં ખાઈ કંટાળી જઈ રામગુપ્ત રુચિપતિના કાનમાં બોલ્યો: “આ ડોસલો તો માથું ખાઈ ચાલ્યો!”

---

*પૂર્વે અન્યની—બીજાની થઈ ચૂકેલી એવી કન્યા અન્યપૂર્વા કહેવાય.

રુચિપતિ રૂદ્રધરને કહેવા લાગ્યોઃ “મહાનાયકજી, આટલી બધી લમણાંઝીંક શીદને જોઈએ? તમારી દીકરી તો નરી પંડિતાણી છે. વાતે વાતે મહારાજને કહે છેઃ મારા સ્વામી તો ચન્દ્રગુપ્ત છે, એટલે મહારાજ તો મારા જેઠ થાય, પિતાતુલ્ય છે. આવી છોકરી બેચાર દિવસ ઉદ્યાનવિહારમાં ન જાય તો શાણપણ કેમ શીખે?”

એકાએક વૃદ્ધનું મોં લાલ લાલ થઈ ગયું. તેના લાંબા ધોળા વાળ જાણે ઊભા થઈ ગયા. વૃદ્ધ રૂદ્રધર બોલી ઊઠયોઃ “શાંતં પાપમ્! શાંતં પાપમ્! ભગવાન ભવાનીપતિ, આર્ય સમુદ્રગુપ્તના પુત્રને મુખેથી આવી વાત સાંભળવા માટે જ શું વૃદ્ધ રૂદ્રધરને આટલા દિવસ જીવતો રાખ્યો છે?”

થોડી વાર બધા જ ચૂપ રહી ગયા. પછી રામગુપ્ત તરફ એકાએક ફરી જઇને રૂદ્રધર હાથ જોડી બોલી ઊઠયોઃ “મહારાજાધિરાજ, હજી પણ હું સામ્રાજ્યનો મહાનાયક છું. મેં આપને અરજ કરી છે, તે પર આજ્ઞા આપો.”

રામગુપ્ત હળવે સાદે બોલ્યોઃ “આટલા બધા અકળાઓ છો કેમ? બે દિવસ થોભી જાઓ ને? જરા ઠંડા પડો.”

સાથે સાથે રુચિપતિ પણ બોલી ઊઠયોઃ “રાજાજીની આજ્ઞા શું એમ સહેજસહેજમાં ટપકી પડે છે, બાપુ? બે દિવસ રાહ જુઓ. તમારી દીકરીને જરા શિખામણ આપો, સમજાવો; તે મહારાજાધિરાજની થોડી સેવા કરે પછી વાત; બેચાર દિવસ અમે ઉદ્યાને લઇ જઇ એને શિષ્ટાચાર શીખવીએ વગેરે થાય પછી વાત.”

વૃદ્ધ મહાનાયકથી હવે સહન થઈ શકયું નહિ. રુચિપતિના

તેલસુગંધિ નાખેલા ને પુષ્પમાળાથી સુશોભિત લાંબા લાંબા વાળ પકડી તેને આસન પરથી ઘસડી પાડતાં તે બોલ્યોઃ "ઓ અલ્યા બ્રાહ્મણ કુલાંગાર, મારી કન્યા શાણપણ શીખવા માટે તારી સાથે ઉદ્યાનવિહારે આવે? અલ્યા, તું બ્રાહ્મણ છે? તું જ આ ગુપ્ત સામ્રાજ્યનો અમાત્ય છે?"

રામગુપ્ત અને રુચિપતિ એકીસાથે બૂમ મારી ઊઠયાઃ "દંડધર, દંડધર, પ્રતિહાર, પ્રતિહાર!"

ચારે દિશામાંથી પ્રતિહારો ને દંડધરો દોડી આવ્યા. બધાને ઘેરીને તેઓ ઊભા રહ્યા. તે બધાને જોઇને રામગુપ્તને હિંમત આવી. તે બોલી ઊઠયોઃ "રૂદ્રધરને કેદ કરો."

પ્રતિહાર અને દંડધરો એકીસાથે બોલી ઊઠયાઃ "એ કામ અમારાથી ન થઈ શકે, મહારાજ." એ બધા જ આટલા થોડા વખતમાં મહાનાયક મહામાત્ય રુચિપતિને સારી પેઠે ઓળખી ગયા હતા.

એ જ વખતે કાળાં કાળાં વાદળોને ચીરીને પ્રકાશી ઊઠતી વીજળીની પેઠે મેલાં વસ્ત્રોમાં સજ્જ પણ રૂપે દેવકન્યા સમી એક નારી દંડધર અને પ્રતિહારોની પાછળ આવીને ઊભી. એ હતી ધ્રુવદેવી પોતે. તેણે એક દંડધરને પૂછયું: "આર્ય, દયા કરીને સાચું કહેજે. અહીં મારા પિતાજી આવ્યા છે? મેં સાચે જ જાણે તેમનો અવાજ સાંભળ્યો!"

દંડધર લાંબા કાળથી રાજ્યની સેવા કરતો આવ્યો હતો એટલે બધાને જ ઓળખતો હતો. શરમ અને ક્રોધથી તેની બંને આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. આંસુ લૂછતાં તે બોલ્યોઃ "હા માતા, પણ આપ હાલ દૂર ચાલ્યાં જાઓ." ધ્રુવા ડગી

નહિ. પથ્થરની પ્રતિમા પેઠે તે નિશ્ચલ બનીને ઊભી રહી.

રુચિપતિ હજી યે ચીસાચીસ પાડી રહ્યો હતોઃ "મારી નાખ્યો, રે રામચન્દ્ર, મારી નાખ્યો રે! આ ડોસલાના હાથ તો જાણે વજ્જર જેવા તીણા છે!"

રૂદ્રધર બોલી ઊઠયોઃ "અને જો, વૃદ્ધના પગ કેવા ફૂલ જેવા કોમળ છે! દૂર હટ, જા!" ડોસાની એક જ લાતે રુચિપતિ ઊડીને દૂર પડયો.

પછી સિંહની પેઠે રામગુપ્ત સામે દોડી જઈ વૃદ્ધ બોલ્યોઃ "રામગુપ્ત, મગધની કોઇ નબળી ભાગ્યરેખાને જોરે આજે તું મહારાજા છે. પણ ધરવંશનું જે અપમાન આજે તેં કર્યું છે, તેવું અપમાન મગધની સામાન્ય પ્રજા પણ નીચે મોંએ સહન કરે નહિ. આજે અહીં જ—આ જ જગ્યાએ ધરવંશના પવિત્ર લોહીનો ધોધ વહેવડાવીને હું સ્વર્ગે જાઉં છું. એ જ લોહીનું અણુએ અણુ ધરવંશના અપમાનનું વેર વાળશે."

ભેઠમાંથી લાંબી તલવાર ખેંચી કાઢીને વૃદ્ધે પોતાની છાતીમાં ઠેઠ મૂઠ સુધી હુલાવી દીધી. ગરમ તાજા લોહીનો ધોધ ત્યાં વહી રહ્યો. છાતીમાંથી ઊડેલી રક્તપિચકારીએ રામગુપ્ત અને રુચિપતિનાં શરીર પણ રંગી નાખ્યાં. એક જ પળમાં વૃદ્ધનો દેહ જમીન પર પટકાઈ પડયો. એ જ વખતે દંડધર અને પ્રતિહારોને દૂર હડસેલી દઈ ધ્રુવદેવી ત્યાં વેગબંધ ધસી આવી, ને શબ ઉપર પટકાઇ પડી. તેનાં મેલાં વસ્ત્રો રક્તધારાથી રંગાઈ ગયાં. બીકથી બેબાકળા બની રામગુપ્ત અને રુચિપતિ ત્યાંથી પલાયન કરી ગયા.

મૃત પિતાની છાતી પર પડેલી, લોહીથી ખરડાયેલી ધ્રુવાને

ઘેરી વળીને દંડધર અને પ્રતિહારોનું ટોળું સ્તબ્ધ બનીને ઊભું રહી ગયું !

★

પ્રકરણ ૮મું

ગંગાની ગોદમાં

જે વખતે રૂદ્રધરે આત્મહત્યા કરી તે જ વખતે પાટલિપુત્રના રાજમહેલના મુખ્ય પ્રવેશદ્વાર સામે કેટલાય નાગરિકો એકઠા થઈને જબરો કોલાહલ મચાવી રહ્યા હતા. અનેક દંડધરો અને પ્રતિહારો ત્યાં ઊભા હતા ખરા, પણ તેઓમાંથી એકે જણ એ કોલાહલ બંધ કરવાનો પ્રયાસ કરતો નહોતો. રૂદ્રધર મહેલમાં ગયો હતો તેની જ ચર્ચા બધા ચલાવી રહ્યા હતા. થોડી વાર પછી એક પરિચારક મહેલમાંથી બહાર નીકળ્યો, ને સમાચાર પ્રસર્યા કે મહાનાયક રૂદ્રધરનો ઘાત થયો છે. સમાચાર સાંભળતાં વેંત જ નાગરિકો અકળાઈ ઊઠ્યા. કોઈ કોઈ કહેવા લાગ્યા: 'ઘૂસી જાઓ મહેલમાં ! લઈ આવો રૂદ્રધરનું શબ મહેલની બહાર."

કોઈ વળી કહેવા લાગ્યું: "સમ્રાટ જીવતા હોય અને આવું થાય એ તો ખુલ્લો રાજદ્રોહ જ ગણાવો જોઈએ."

તો વળી બીજું એક જણ બોલી ઊઠ્યું: "આ તો અંધેર યુગ ચાલે છે. રાજા તો છે જ ક્યાં, કે બળવો થાય ?"

લોકોના ટોળામાંથી એક જણ ચીસ પાડી ઊઠ્યો: "એ

તો જે હોય તે. થયું તે થયું. પણ હવે મહાનાયકની અંત્યેષ્ઠિક્રિયા તો કરવી જ રહી. આપણે ચાલ્યા જઈશું તો પેલો નયનાગ વૃદ્ધનો દેહ કોઈ ખાઈમાં ફેંકી આવશે."

એ જ વખતે લોહીથી ખરડાયેલાં વસ્ત્રોવાળી ધ્રુવદેવીને મહેલની અંદરથી દોડતી આવતી જોઈને એક નાગરિક બોલી ઊઠયો: "ઓ, ઓ, ત્યાં જુઓ, કોઇ લોહીથી ખરડાયેલી સ્ત્રી દોડતી આવે છે!"

એક જુવાન ટોળાની બહાર ઊભો હતો. તે પેલા નાગરિકની વાત સાંભળી પ્રવેશદ્વાર સામે દોડી ગયો. લોહિયાળ કપડાં વાળી ધ્રુવદેવી તત્કાળ પ્રવેશદ્વારે આવીને ઊભી. લોકોનું ટોળું તેની ફરતે વિંટળાઇ વળ્યું. રૂદનથી રૂંધાઇ ગએલે સાદે વિનંતી કરતી ધ્રુવદેવી હાથ જોડી બધાને કહેવા લાગી: "કૃપા કરી રસ્તો છોડો. હું અપવિત્ર છું. મને ગંગાતીરે જવા દો!"

લોકોનું ટોળું એકે અવાજે હોકારો પાડી ઊઠયું: "જય, પટ્ટમહાદેવી ધ્રુવદેવીનો જય!"

બંને કાને આંગળી દઇ ધ્રુવદેવી બોલી: "ના, ના, એવું બોલશો નહિ. હું પટ્ટમહાદેવી નથી. રુચિપતિ તો મને ઉદ્યાનવિહારે લઈ જવા માગે છે. મગધની મહાદેવી લંપટ બ્રાહ્મણ સાથે ઉદ્યાનવિહારે ગઇ હોય એવું કદી સાંભળ્યું છે ખરું કે? હું તો ચન્દ્રગુપ્તની ધર્મપત્ની છું. મહારાજ રામગુપ્ત મારા જેઠ છે. ને રુચિપતિની સંગાથે ઉદ્યાનવિહારે જવાની આજ્ઞા તેઓ જ મને કરી રહ્યા છે!"

એક વૃદ્ધ નાગરિક સામે જ ઊભો હતો. ધ્રુવદેવીની વાત સાંભળી તે ક્ષોભથી બોલી ઊઠયો: "આ બધી શી સત્યાનાશી ચાલે

છે ? મહાનાયક રૂદ્રધરનું શું સાચેસાચ જ ખૂન થયું છે ?”

ધ્રુવા બોલી: “ના, ના, એમણે આત્મહત્યા કરી છે. મારા પિતાજી, મહાનાયક રૂદ્રધર મનમાં મોટી મોટી આશા સેવી રહ્યા હતા. હું કુમાર ચન્દ્રગુપ્તની વાગ્દત્તા ધર્મપત્ની છું એવું જાણતા છતાં ય મને સિંહાસન પર બેસાડવાની આશાએ તેમણે પ્રચાર કર્યો હતો કે હું સામ્રાજ્યના યુવરાજની વાગ્દત્તા પત્ની છું, કુમાર ચન્દ્રગુપ્તની વ્યક્તિગત નહિ. મારા રૂપથી મુગ્ધ થઈ પત્ની રૂપે મહારાજ રામગુપ્ત મારો સ્વીકાર કરશે એ આશાએ પિતાજીએ મને રાજમહેલમાં મૂકી હતી. તેનું આ બધું પરિણામ છે. કૃપા કરો. રસ્તો આપો. જોયું કની કે મહાનાયક મહાદંડનાયક રૂદ્રધરે પોતાના મહાપાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે ? આ જુઓ રૂદ્રધરના પ્રાયશ્ચિત્તનાં નિશાન. આ લોહીનાં અણુએ અણુ ધર વંશની પ્રબળ વૈરવાસનાનો પોકાર કરી રહ્યાં છે.”

પેલો વૃદ્ધ ફરીને બોલ્યો: “મહાદેવી....”

પણ ધ્રુવદેવી તેને બોલતો અટકાવી બોલી: “એ શબ્દો હવે ફરીને મારે કાને નાખશો નહિ. કુળવાન ધર વંશની કુમારિકા કદી પણ ગુપ્ત વંશની મહાદેવી બનવાની નથી. મુરબ્બી, આપને ઘેર શું દીકરી નથી ? ઘરમાં કોઈ વહુ નથી ? કઈ માતાએ આપને જન્મ આપ્યો હતો ?”

શરમિંદા પડી જઈને વૃદ્ધે રસ્તો આપ્યો. તે બોલ્યો: “ક્ષમા કરો, મા. રસ્તો ખુલ્લો છે. આજ્ઞા આપો. માધવી, તું પણ માતાની સંગાથે જા.”

પેલો યુવાન ધ્રુવદેવીની પાસે આવી ઊભો રહ્યો. પણ રસ્તો મળવા છતાં ધ્રુવદેવીએ પગ ઉપાડયા નહિ. તેણે

વૃદ્ધને પૂછ્યું: "આપ કોણ છો, બાપુ?"

વૃદ્ધ બોલ્યો: "હું નગરશ્રેષ્ઠી જયનાગ છું."

યુવા બોલી: "તો તો એક વિનંતી કરું. પિતાજીના અગ્નિસંસ્કારની ગોઠવણ કરાવી આપો."

જયનાગ બોલ્યો: "તે તો કરીશું જ મા, પણ તમે ક્યાં જાઓ છો?"

યુવા બોલી: "આ જુઓ છો ને, આખે અંગે સળગી ઊઠી છું. આખું ય શરીર પિતાજીના લોહીથી ખરડાઇ ગયું છે. જાહ્નવીનાં જળ વિના એ ધગધગતી જ્વાળાને કોણ શાંત કરે? જવા દો મને, તમારે પગે પડું છું. વળી કોઇ પાછળ પકડવા આવશે એવી બીક લાગે છે."

જયનાગ બાજુએ ખસી ગયો. અને સવારના બીજા પ્રહરને સમયે, ખુલ્લા રાજમાર્ગ પર થઈને લોહિયાળ વસ્ત્રો પહેરેલી તે યુવતિ જાહ્નવીની દિશા તરફ દોડવા લાગી, અને મહાનગરી પાટલિપુત્રના હજારો નાગરિકો ય તેની સાથે ચાલવા લાગ્યા. નગરની અસંખ્ય નારીઓ બારીમાંથી ડોકાવી ડોકાવી જોઇ રહી. એ ભીષણ મૂર્તિ નજરે પડતાં બધી કંપી ઊઠી. નગરને દ્વારે દ્વારેથી પસાર થતું એ દૃશ્ય જોઈને પાટલિપુત્રવાસીઓ ડઘાઈ ગયા!

રાજમહેલના તોરણદ્વાર આગળ બીજા એક વૃદ્ધ નાગરિકે જયનાગનો હાથ પકડી કહ્યું: "નગરશ્રેષ્ઠી, આ તે પાટલિપુત્ર કે મહાનરક? ગૃહસ્થ ઘરકુળની કન્યા નટીપરાના ભટકેલ ભામટા સાથે કદી ઉદ્યાનવિહારે જાય ખરી કે?"

જયનાગ બોલ્યોઃ "બધી જ વાત તમે લોકોએ સાંભળી છે."

બીજો એક નાગરિક ઉશ્કેરાઇને બોલી ઊઠયોઃ "કાઢો તલવાર બહાર ! આ પાપી રાજ્યનો અંત અબઘડી જ લાવી નાખીએ."

જરા હસી જયનાગ બોલ્યોઃ "ધીરો પડ, ભાઇ ! રાજ્ય આજકાલ જે રીતે ચાલી રહ્યું છે તે જોતાં તો એનો અંત તરતમાં જ આવી જવાનો છે."

ઉશ્કેરાયલા નાગરિકો બૂમ મારી ઊઠયાઃ "જય, મહારાજાધિરાજ ચન્દ્રગુપ્તનો જય !"

જયનાગ બોલ્યોઃ "હવે મહાનાયક રૂદ્રધરનું શબ સ્મશાને લઈ જવું જોઇએ. ચાલો, મહેલની અંદર જઇએ."

કેટલાક નાગરિકો સાથે જયનાગ મહેલમાં ગયો. બાકીના કેટલાક બહાર જ ઊભા રહ્યા.

બરાબર એ જ વખતે મહાનગરી પાટલિપુત્રને નાકે, શોણ નદી જ્યાં ગંગાને મળતી તેની પાસે પથ્થરથી બાંધેલા એક ખૂબ જ પુરાણા મંદિરમાં મૂર્તિ સામે બેઠી બેઠી એક વૃદ્ધા પૂજા કરી રહી હતી. થોડા વખત પર સ્નાન કરીને તેણે સફેદ વસ્રો પહેરેલાં હોય એમ લાગતું હતું. થોડે દૂર બે વૃદ્ધ ઊભા ઊભા વાતો કરી રહ્યા હતા. એ બે વૃદ્ધો તે રવિગુપ્ત અને દેવગુપ્ત.

રવિગુપ્ત કહેતો હતોઃ "સમુદ્રગુપ્તનાં પટરાણીની આ તે કેવી દશા !"

દેવગુપ્તે જવાબ દીધોઃ "અરેરે, હવે તો સામ્રાજ્યના નાશની વાતો સાંભળવાનું જ આ અભાગિયા કાનો માટે બાકી રહ્યું છે. આ પાપી પાટલિપુત્રને છોડીને જેટલા જલદી જલદી ચાલી

જઈએ તેટલું વધારે સારું.”

રવિગુપ્ત કહેઃ “ચાલી જવા માટે તો બધી તૈયારી જ છે. માત્ર સામ્રાજ્ઞી પાસેથી વિદાય લઈએ એટલી જ વાર.”

દેવગુપ્ત કહેઃ “હવે તો પળેપળે થાય છે—વળી કંઈ ભુંડી વાત સાંભળવા મળશે. હવે કરીશું શું ? સાંભળવામાં આવ્યું કે આજે સવારે રૂદ્રધરે સમુદ્રગૃહમાં આપઘાત કર્યો.”

રવિગુપ્ત કહેઃ “એ તો એણે પાપનું પ્રાયશ્ચિત કર્યું, બીજું શું, રવિગુપ્ત ? મને તો એમાં જરા ય નવાઈ ન લાગી. સમુદ્રગુપ્તનો ચરણસ્પર્શ કરીને રૂદ્રધરે કન્યાને ચન્દ્રગુપ્ત સાથે વરાવવાનું જાહેર કરેલું; પણ જેવું સાંભળ્યું કે સામ્રાજ્યનો ઉત્તરાધિકારી તો રામગુપ્ત થવાનો એટલે ઊંસો ફરી બેઠો કે મારી કન્યા તો સામ્રાજ્યના યુવરાજની વાગ્દત્તા છે, ચન્દ્રગુપ્તની નહિ. એવા મહાપાપનું ફળ ફળ્યા વિના રહે ખરું કે ?”

દેવગુપ્ત કહેઃ “એવું સાંભળ્યું છે કે નવા મહારાજાધિરાજ તો વાગ્દત્તા પત્નીને ઉદ્યાનવિહારે લઈ જવા માગતા હતા !”

રવિગુપ્ત કહેઃ “બસ, બસ, હવે વધારે સાંભળવું નથી, દેવગુપ્ત ! મારું તો લોહી ઊકળી જાય છે. ચાલો, આ પાપી પાટલિપુત્ર છોડીને ચાલ્યા જઈએ એટલે પત્યું. હવે તો વિલંબ પણ સહન થતો નથી. મહાદેવી હજી કેટલીક વાર લગાડશે ?”

દેવગુપ્ત કહેઃ “આ એ ઊઠતાં જ લાગે છે.”

પૂજા પૂરી કરીને ઊભી થઇ જતાં વૃદ્ધા બોલીઃ “બસ કર હે વિશ્વનિયંતા, હે અન્તર્યામી, મારા અંતરની વેદના જાણીસમજી, આ બધી અપાર વેદનાનો હવે અંત આણ. હવે

કશું આ કાને સાંભળવા માગતી નથી, કશું જોવા માગતી નથી. બહુ થયું, પ્રભુ, હવે તો આ અસહ્ય અશાંતિનો પાર લાવો."

તેની સાથેસાથે જ રવિગુપ્ત અને દેવગુપ્ત પણ બોલી ઊઠયા: "અમે પણ હવે વધુ સાંભળવા માગતા નથી, મહાદેવી. હરિષેણ ગયા છે અને અમે પણ પાટલિપુત્રનો ત્યાગ કરવા માગીએ છીએ."

દત્તદેવી ચમકીને પાછું ફરી જઈ ઊભી રહી. બંનેને જોઈને તેને અપાર આશ્ચર્ય થયું. તે બોલી પડી: "રવિગુપ્ત? દેવગુપ્ત? આ સ્મશાનમાં કેમ આવ્યા?"

બંને એકસાથે બોલ્યા: "આપની પાસેથી વિદાય લેવા આવ્યા છીએ."

દત્તદેવી બોલી: "મારી પાસે વિદાય? મારી પાસે શા સારુ?"

રવિગુપ્તે જવાબ દીધો: "અમારો એ જૂનાપુરાણો ધારો છે, મહાદેવી! અમારા મહારાજાધિરાજ સ્વર્ગે ગયા અને મહાદેવી સ્મશાનમાં બેઠાં છે."

દેવગુપ્તે ચલાવ્યું: "ને નવા પાટલિપુત્રમાં જૂનાઓ માટે સ્થાન નથી........"

રવિગુપ્ત કહે: "....એટલે તીર્થવાસ કરવા જઈએ છીએ, મહાદેવી."

એકાએક દત્તદેવીએ જોયું કે એક સ્ત્રી ઝડપી પગલે પોતાના તરફ દોડતી આવી રહી છે. દેવગુપ્ત ને રવિગુપ્તને ઊભા રહેવાનું કહી તે તેના તરફ આગળ વધી. લોહિયાળ

કપડાં પહેરેલી ધ્રુવદેવી ગંગાતીરે આવતાં ચીસ પાડી બોલી ઊઠી: "મા, મા, કયે ખૂણે, તારા શ્યામલ જલના સુંવાળા ઉછરંગમાં કયે ખૂણે મારી જગ્યા કરીશ, મા?" ધ્રુવદેવી ગંગાના ઊંચા કિનારા પરથી જેવી કૂદકો મારવાની તૈયારીમાં હતી તે જ પળે દત્તદેવીએ દોડી જઈને બંને હાથ પહોળા કરી તેને બાથમાં જકડી લીધી.

ગાંડી બની ગએલી ધ્રુવદેવી બોલી ઊઠી: "છોડી દો, છોડી દો મને. આપને પગે પડું છું! છોડી દો!"

દત્તદેવી બોલી: "ધ્રુવા, ધ્રુવા, બેટા, શું થયું છે?"

ધ્રુવા હજી યે બોલતી હતી: "છોડી દો, છોડી દો!"

દત્તદેવી બોલી: "ધ્રુવા, તું તો આર્યપટ્ટનું રત્ન છે, ગુપ્ત કુલની વહુઆરુ છે. શું થયું છે, બેટા? મને ઓળખે છે? હું દત્તદેવી."

ધ્રુવા બોલી: "ના, ના, હું ઓળખતી નથી, ઓળખવા માગતી પણ નથી. તમે મારાં કોઈ જ નથી. ઓ! કેટલું તરસે તલસે છે! હું નહિ પણ મારા આ લોહીનું ટીપેટીપું! છોડી દો, મારે ગંગામાં પડવું છે."

પોતે એકલી ધ્રુવદેવીને સમાલી શકી નહિ એટલે દત્તદેવી બૂમો પાડવા લાગી: "રવિગુપ્ત, દેવગુપ્ત, જલદી દોડો. આ કોઈ ગાંડી નથી. પટ્ટમહાદેવી ધ્રુવદેવી છે. એ આપઘાત કરવા માગે છે."

બંને વૃદ્ધો બહાવરા બનીને દોડી આવ્યા. બંને યે ગાંડી બનેલી ધ્રુવદેવીને પકડી લીધી.

દત્તદેવી બોલી: "ધ્રુવાને આખે શરીરે આ બધું લોહી ક્યાંથી?"

રવિગુપ્ત બોલ્યો: "કંઇ સમજાતું નથી, મા. પટ્ટમહાદેવીજી, થયું છે શું?"

એ સંબોધન સાંભળતાં જ ધ્રુવદેવી બોલી ઊઠી: "ના, ના, હું પટ્ટમહાદેવી નથી. હું તો અતિ અધમ નારી છું. નહિ તો પેલો બામણો રુચિપતિ મને ઉદ્યાનવિહારે લઈ જવાની વાતો કરે?"

દત્તદેવી કહે: "રવિગુપ્ત, એ વળી કયો રુચિપતિ? ધ્રુવા, ધ્રુવા, બેટા, શું થયું છે, બોલ? રામગુપ્તે તને માર માર્યો છે?"

ધ્રુવદેવી કહે: "ના, ના, તે તો મારા જેઠ થાય. તે તો મને અડયા પણ નથી. ઉદ્યાનવિહારે હું ન આવું એટલું મેં કહ્યું એટલે માત્ર રુચિપતિ બામણો જ મને મારવા આવ્યો હતો."

દત્તદેવી કહે: "તો પછી તું કંઇ બોલી કેમ નહિ?"

દેવગુપ્ત બોલી ઊઠયો: "એ વાત માં પૂછો. અમારે નથી સાંભળવી, મા."

ધ્રુવદેવી કહે: "મા, આખું અંગ સળગી રહ્યું છે. ધરવંશના લોહીની ઊંડી તરસ જાહ્નવીના અગાધ જળ વિના છીપવાની નથી. છોડી દો મને, મા!"

દત્તદેવી બોલી: "શાંત થા, ધ્રુવા. તું ઓળખી શકે છે, અમે કોણ છીએ? દેવગુપ્ત, એ વળી કયો રુચિપતિ?"

દેવગુપ્ત કહે: "મોઢેથી બોલતાં પણ શરમ આવે છે, મા! એક લંપટ-બ્રાહ્મણ કુલાંગાર નામે રુચિપતિ આજે ગુપ્ત સામ્રા-

જ્યનો મુખ્ય મંત્રી થઈ બેઠો છે."

દત્તદેવી બોલી: "રવિગુપ્ત, સામ્રાજ્યમાં હજી ય વૃદ્ધોનો ખપ છે. આપ તીર્થયાત્રાનું માંડી વાળો."

રવિગુપ્ત કહે: "આવી બધી નિંદ્ય વાતો સાંભળવા માટે જ આપ અમને પાટલિપુત્રમાં રાખી મૂકવા ચાહો છો, મા?"

એટલામાં એક નાગરિક અને ઉપર કહી ગયા છીએ તે ટોળામાંનો અગ્રણી જુવાનિયો મંદિરની પાસે આવીને ઊભા. આ બધાંને જોઈને નાગરિક બોલી ઊઠયો: "નારાયણ રક્ષણ કરવાવાળો છે! આ રહ્યાં ધ્રુવાદેવી, અને આ–આ–કોણ? ઓહો, હજાર હાથવાળા ભગવાને હજી પાટલિપુત્રનો ત્યાગ કર્યો લાગતો નથી. જોઇ લે માધવી, રાજમાતાએ પોતે જ રાજલક્ષ્મીને બચાવી લીધાં છે."

પેલા જુવાન તરફ જોઈ દત્તદેવી બોલી: "તમે કોણ છો, ભાઈ!"

યુવકે ઉત્તર આપ્યો: "હું નટીમુખિયણ માધવસેના."

"ત્યારે તો કહે, ક્યાં છે મારો પુત્ર?"

"મારે ઘેર, મહાદેવી!"

"ચન્દ્રગુપ્ત નટીને ઘેર?"

"આજ્ઞા આપો. આપની પાસે લઈ આવું."

એટલામાં કેટલાક નાગરિકો સાથે નગરજનસંઘનો પ્રતિનિધિ ઇન્દ્રદ્યુતિ ત્યાં આવીને ઊભો. દત્તદેવી, ધ્રુવદેવી, રવિગુપ્ત અને દેવગુપ્તને જોઇને નાગરિકો જયધ્વનિ પોકારી ઊઠયા.

દત્તદેવીની સામે ઘૂંટણિયે પડી ઇન્દ્રદ્યુતિ બોલ્યો: "મા,

રાજલક્ષ્મી, નગરમાં પાછાં ચાલો. આપ તો પાટલિપુત્રનાં માતા છો. આપ નથી એટલે તો સોનાનું પાટલિપુત્ર નગર સ્મશાન બનતું ચાલ્યું છે, મા. સંતાનોને ભૂલી જઈ રોષનાં માર્યાં કેટલા દિવસ સ્મશાનમાં રહેશો, મા ?"

દત્તદેવી બોલી: "આવીશ, ફરીને આવીશ. મેં તો નક્કી જ કર્યું હતું કે પાછી ન ફરું. પણ વહુના આ અપમાનનું વેર વસૂલ કરવા તો જરૂર આવીશ. દેવગુપ્ત, રવિગુપ્ત, મારી સાથે પાટલિપુત્રમાં પાછા ચાલો. જે રાજ્યમાં નટીપરાનો લંપટ બામણો પટ્ટમહાદેવીને અંગે હાથ નાખવા ધાતો હોય એ રાજ્યમાં હજી પણ દત્તદેવીનો ખપ છે. રવિગુપ્ત, દેવગુપ્ત અને વિશ્વરૂપ વિના ન ચાલી શકે. ઈન્દ્રદ્યુતિ, સમુદ્રગુપ્ત જીવતા હતા ત્યાં સુધી જે રીતે અમારી આજ્ઞાનું પાલન કરતા હતા તે જ રીતે હવે પછી પણ કરશો ને ?"

ઈન્દ્રદ્યુતિ બોલ્યો: " એક વાર કસોટી કરી જુઓ, મા. "

દત્તદેવી બોલી: "તો તો તમે અહીં જ થોભી જાઓ. દેવગુપ્ત, જ્યાં સુધી હું પાછી ન ફરું ત્યાં સુધી આપ વહુની સંભાળ લેજો. માધવી, ચાલ, મને તારે ઘેર લઇ જા."

માધવી બોલી: "મારે ઘેર, મહાદેવી ?"

દત્તદેવી કહે: "એમાં શરમાવા જેવું શું છે ? પાટલિપુત્રની નટી શું સમુદ્રગુપ્તની રૈયત નથી ?"

માધવી કહે: "ચાલો. ત્યાં આપના ચિરંજીવી પણ છે જ ને !"

દત્તદેવી કહે: "મને ઘરનાં બારણાં આગળ ઊભી રાખી

તું પુત્રને ખબર આપવા અંદર જજે."

માધવસેના અને નાગરિકો સહિત દત્તદેવી નગર તરફ ચાલી ગઈ. દેવગુપ્ત અને રવિગુપ્ત ધ્રુવદેવીને સ્નાન કરાવવા લઈ ગયા.

* * *

<u>ખંડ રજો</u>

પ્રકરણ ૧લું

માદીકરો

સૂકી ફૂલમાળાઓ, આમતેમ વિખરાયેલી પડેલી કીમતી ચાદરો, તૂટયાંફૂટયાં કાચપાત્રો અને સુરાભર્યાં વાસણો વચ્ચે માધવસેનાના ઘરના એક સૂના ખંડમાં ચિંતાગ્રસ્ત ચન્દ્રગુપ્ત આંટા મારી રહ્યો હતો. દિવસનો ત્રીજો પ્રહર લગભગ પૂરો થવા આવ્યો હતો, તો પણ ઓરડાને ખૂણે ખૂણે ઘી અને સુગંધિ તેલના દીવા બળી રહ્યા હતા. દ્વારે દ્વારે એકએક નેપાળી ગુલામ ઊભો હતો. ચન્દ્રગુપ્ત વિચાર કરી રહ્યો હતો: "સુરા! હડહડતી જૂઠાબોલી! એની મદદથી ય કંઇ ભૂલાતું નથી. કોણ કહે છે કે દારૂ ભાનસાન ભૂલાવી દે છે? જૂઠા! બધા યે જૂઠા! સુરા કંઇ યે કરતી નથી. માત્ર કેફને જોરે આંખો બંધ કરી દઈ અંતરના કોઇ અગોચર પ્રદેશમાં થઈને ભૂતકાળનાં વિષાદવ્યથાની છબિ મન પર ખડી કરી દે છે એટલું જ. જાગતા હોઇએ તો એ છબિ અસ્પષ્ટ દેખાય, પણ અર્ધા ઊંઘતા હોઈએ તો તો સુરાપ્રતાપે ચોખ્ખેચોખ્ખી ઊઠી આવે! કંઈ યે

ભૂલાતું નથી, ભૂલી જવું એ અસંભવિત છે! માણસ ઊંઘે ભલે, પણ તેના મસ્તકમાં સ્મૃતિ તો રાતદિવસ જાગતી જ રહે છે."

કીમતી સુવર્ણજડિત કાચનાં પાત્રોને લાત મારતાં કુમાર ચન્દ્રગુપ્ત બોલી ઊઠ્યો: "દૂર થા, જૂઠાબોલી, દૂર થા!"

દૂર દાદર પર કોઈનાં ઝડપી પગલાં સંભળાયાં, અને સાથે સાથે જ કાચનાં વાસણો ફૂટયાનો અવાજ સાંભળી એક ગુલામ–દાસ અંદર દોડી આવ્યો. એ જ વખતે બારણા આગળ ઊભી રહી માધવસેના બોલી: "યુવરાજ, એ તો હું."

જડ સાદે ચન્દ્રગુપ્ત બોલ્યો: "કોણ યુવરાજ અને કોણ 'હું'?"

"યુવરાજ, હું માધવસેના."

"આવી ગઇ, માધવી? આજથી તારી શોકયનો ત્યાગ કરું છું. માધવી, તને શું કહીને બોલાવું, બોલ જોઉં?"

માધવસેના બોલી: "યુવરાજ, જેવી ઇચ્છા. જે કહીને બોલાવવા ઈચ્છા રાખતા હો તે કહીને બોલાવો."

"અરેરે, હું તો ઇચ્છા પણ નથી કરી શકતો. ચેતનમાંની કે અચેતનમાંની કોઇ અદૃશ્ય શક્તિ મને દોરીસંચે ચલાવી રહી છે. સમુદ્રગુપ્તનો દીકરો નટીના ઘરમાં દિવસો ગાળે છે, નટીનું અન્ન ખાઇને પેટ ભરે છે, પણ જરાક આગળ ચાલવાધસવા જાય ત્યાં એ જ શક્તિ આવીને અટકાવે છે કે ઊભો રહે તું. તું તો માણસ છે પણ....પણ માધવી, તું તો દેવી છે........હં.હં....પણ તું શું કહેવા આવી છે, માધવી?"

"યુવરાજ, પગથી તે માથા સુધી સફેદ વસ્ત્રો પહેરીને આવેલી એક મહિલા આપને મળવા માગે છે."

"ભલે. ઘણી સારી વાત છે. હવે સુરા નહિ પીઉં, માધવી. સુરા જૂઠાબોલી છે. એ વિસ્મૃતિ લાવતી નથી, કશું ય ભૂલાવી દેતી નથી, ઊલટું જાગ્રતાવસ્થાની ઝાંખી છબિ અર્ધનિદ્રામાં ચોખ્ખેચોખ્ખી દર્શાવી દે છે !"

"યુવરાજ, આપને મળવા આવેલાં સન્નારીને વેળાસર મળી લેવાય તો સારું."

"વારુ, તું કહે છે તો લઈ આવ તેને."

માધવસેના ચાલી ગઈ. કુમાર ચન્દ્રગુપ્ત વળી જાતજાતની કુચિંતાના સાગરમાં ડૂબી ગયો: મને મળવા માગતી હોય એવી અભાગી કુળનારી પાટલિપુત્રમાં વળી કોણ છે? હશે વળી કોઈ રૂપાળી કુળવધૂ! નવા સમ્રાટના અત્યાચારથી ત્રાસી ગઈ હશે અને બિચારીએ માની લીધું હશે કે સમુદ્રગુપ્તના પુત્ર સિવાય બીજો કોઇ તેને રામગુપ્તના અત્યાચારથી બચાવી શકશે નહિ."

એટલામાં દત્તદેવીને લઇને માધવસેના પાછી આવી. તેના તરફ જોયા વિના જ ચન્દ્રગુપ્ત બોલી ઊઠયો: "કોણ છે તું બેન? નટીના ધાન્ય પર જીવી રહેલા સમુદ્રગુપ્તના દીકરાને શા સારુ મળવા માગે છે? રામગુપ્ત તારા પર ત્રાસ ગુજારે છે? એ અત્યાચાર અટકાવવાની શક્તિ હવે મારામાં રહી નથી. મહાપ્રતિહાર પાસે જા, સામ્રાજ્યના બારે પ્રધાન પાસે જા; એમ કરતાં ય કંઈ ન વળે તો અંતે દેવતાને દ્વારે ચાલી જા. ચન્દ્રગુપ્ત તો દ્રવ્ય વિનાનો, બળ વિનાનો અને ઘર વિનાનો છે. બેન,

તમને મેં ક્યાંક જોયાં છે! તારું આ મસ્તક કોઇ આગળ નમ્યું નહિ હોય. લાગે છે કે જીવનમાં કેટલા ય ઝંઝાવાત ખમ્યા છતાં ય એ મસ્તક નમ્યું નથી. જે આટલું બધું ઊંચું મસ્તક રાખી શકતી હોય, તે નટીનું ધાન્ય ખાઈને જીવી રહેલા ચન્દ્રગુપ્ત પાસે કેમ આવી ?"

મોઢા પરનો સફેદ ઘૂંઘટ ઉઘાડી નાખી આંસુભરી આંખે દત્તદેવી બોલી ઊઠી: "કેમ આવી છું, એમ મને પૂછે છે, ચન્દ્ર?"

એ તીવ્ર કંઠસ્વર વીજળીના ચમકારા પેઠે ચન્દ્રગુપ્તની જડ શિરાએ શિરાએ ફરી વળ્યો. એક ફલાંગ મારી તે અતિ નજીક જઈ પહોંચ્યો ને બોલ્યો: "મા, મા, અહીં કેમ આવ્યાં છો, મા? દેશ છોડી જવાના ઈરાદાથી પુત્ર પાસેથી કાયમની વિદાય લેવા આવ્યાં છો? જુઓ, આ તમારા પુત્રની દશા! એ જ પુત્રનો જ્યારે યુવરાજપદે અભિષેક કરવા ગયાં હતાં ત્યારે તમે ધાર્યું હતું ખરું, કે આ તમારો પુત્ર નટી માધવસેનાના આંગણામાં પડ્યો પડ્યો એનું ધાન આરોગીને દિવસો વિતાડશે ?"

દત્તદેવી બોલી: "ચન્દ્ર, દીકરા મારા, ઊઠ, હું તો પાછી રાજમહેલે જાઉં છું."

ચન્દ્રગુપ્ત ચમકતાં બોલ્યો: "ઊઠેલો જ છું, મા. પણ ક્યાં જવાની વાત કરો છો? મહેલમાં? કોનો મહેલ? ગાંડા તો નથી થઈ ગયાં, મા ?"

દત્તદેવી બોલી: "ગાંડી નથી થઈ ગઈ, ચન્દ્ર! તું જ ભૂલી જાય છે કે આપણે કોણ છીએ? દત્તા હજી પણ સમુદ્રગુપ્તના વિશાળ સામ્રાજ્યની પટરાણી દત્તદેવી છે. રામચન્દ્રે હજી લગ્ન કર્યું નથી. એટલે શાસ્ત્રાનુસાર હજી ય હું મહારાણી છું. બારે

પ્રધાનની મુખી છું. મારે જ મહેલે હું પાછી જાઉં છું. માત્ર તું મારી સાથે જ ચાલ.”

ચન્દ્રગુપ્ત કહે: “તો શું નક્કી જ ત્યાં પાછાં જાઓ છો, મા? આવું છું, ચાલો. પણ મા, જે અધિકાર પોતાને જ હાથે જાહ્નવીનાં ઊંડાં પાણીમાં વિસર્જન કરી આવ્યાં છો, તે જ અધિકાર વળી કયે મોઢે પાછો ગ્રહણ કરશો?”

દત્તદેવી કહે: “એ બધાનો વિચાર મારે કરવાનો છે. તું માત્ર મારી સાથે જ ચાલ. જો ચન્દ્ર, રખડતા કૂતરા સમો પેલો રુચિપતિ ગુપ્ત વંશની વહુઆરુના અંગને આંગળી અડાડવાની હિંમત કરે છે. ને પેલી જયા સાંભળ્યું ન સાંભળ્યું કરતી હશે. પોતાના મરેલા બાપનું ધગધગતું લોહી આખે શરીરે ચોળી ધ્રુવા ગંગાના પાણીમાં ઝંપલાવવા આવી હતી, પણ તેને અટકાવીને હું અહીં આવી છું. ચન્દ્ર, તારે તારા પિતાના કુળગૌરવની રક્ષા કરવાની છે.”

સજ્જડ મુઠ્ઠીએ માતાનો હાથ ભીડાવી ચન્દ્રગુપ્ત જાણે ચીસ પાડતો હોય તેમ બોલી ઊઠ્યો: “શું કહો છો, મા? ફરીને એક વાર કહો તો! ધ્રુવા, ધ્રુવસ્વામિની, મહાનાયક રૂદ્રધરની કન્યા? કોણ તેના શરીરને આંગળી અડાડવાની હિંમત કરે છે? રુચિપતિ? તો પછી રામગુપ્ત શું કરે છે? ધ્રુવા તો રામગુપ્તની સ્ત્રી, તેની પટરાણી....”

“પોતાની આજ્ઞા છતાં ધ્રુવા રુચિપતિની સાથે ઉદ્યાનવિહારે જતી નથી એમ કહીને રામગુપ્ત એનો સ્વીકાર કરતો નથી.”

ચન્દ્રગુપ્તનું ફિક્કું મોં એકાએક લાલ લાલ થઈ ગયું. તેના માથા પરના લાંબા વાળ જાણે ઊભા થઈ ગયા. તે ફરીને ચીસ

પાડતો હોય એમ બોલી ઊઠયો: “શું બોલ્યાં મા? મને તો કશી સમજણ પડતી નથી. કાનની પાસે જાણે સેંકડો વજ્રો અથડાતાં હોય એવા અવાજ આવી રહ્યા છે. કયાં જવું પડશે? કયારે જવાનું થશે? કયાં છે તે રુચિપતિ?”

“મારી સાથે ચાલ.”

“માધવી, લાવ મારાં અસ્રો.”

માધવસેના તરત ચાલી ગઈ. દત્તદેવીએ ચન્દ્રગુપ્તને હાથ પકડીને નીચે બેસાડી દીધો. પછી પુત્રને શરીરે હાથ ફેરવતાં-પંપાળતાં બોલી: “શાંત થા, ધીરો પડ, ચન્દ્ર, તારી ને મારી સામે જબરી કામગીરી પડેલી છે. તારા પિતાજી પર રોષ લાવીને તેં જબરી ભૂલ કરી નાખી છે, જબરું પાપ કરી નાખ્યું છે, ચન્દ્ર. કેમ કરીને એ પાપનું પ્રાયશ્ચિત કરીશ તે પણ મારાથી સમજાતું નથી. મહાનગરી પાટલિપુત્ર રામગુપ્તના અનાચારો–અત્યાચારોથી સ્મશાનસમી થતી ચાલી છે. સામ્રાજ્ય પડી ભાંગવા માંડયું છે. એનું રક્ષણ કોણ કરશે તે પણ સમજાતું નથી. ધ્રુવાની સ્થિતિ જોઈને હું તો સ્તબ્ધ બની ગઈ છું. અત્યારે જ મહેલે પાછા જવું જ પડશે, ચન્દ્ર! સામ્રાજ્ય તારું છે, તારા પિતાજીનું છે, રામગુપ્તનું નથી. પાટલિપુત્ર તારી જ રાજધાની છે. એ બધાંને મેં કેમ છોડી દીધાં તે આજે પણ સમજાતું નથી, બેટા!”

“મને પણ સમજણ પડતી નથી, મા. એ બધાંને છોડીને ગયાં ત્યારે કયા જીવે ચાલ્યાં ગયાં હતાં તે પણ સમજાતું નથી. પણ હાલમાં મારે એક જ ચિંતા છે: રુચિપતિની. ગણિકાવાડાનો લંપટ રુચિપતિ....એ જ રુચિપતિ ધ્રુવાને ઉદ્યાનવિહારે લઇ જવા

માગે છે? મા, મા, એના સિવાય બીજો વિચાર જ તારો દીકરો નથી કરી શકતો."

એટલામાં માધવસેના કુમારનાં શસ્ત્રાસ્ત્ર અને બખ્તર લઈને પાછી આવી. ઝડપભેર એ કવચ પહેરી, શિરસ્ત્રાણ–ટોપ બાંધતાં બાંધતાં ચન્દ્રગુપ્ત માધવસેનાને કહેવા લાગ્યો: "તને તો કોઇ પણ દિવસ ભૂલી શકવાનો નથી, માધવી. ફરીને કોઈ વાર આવીશ. હાલમાં તો એક વાર રુચિપતિની ખબર લીધા વિના મને ચેન પડે તેમ નથી. ચાલો, મા!"

ઓરડામાંથી બહાર નીકળતાં નીકળતાં માતાપુત્રે ધ્યાનથી જોયું તો માધવસેના બખ્તરસજ્જ હતી! તેની કેડે નાનકડી તલવાર પણ હતી. આશ્ચર્યભેર ચન્દ્રગુપ્ત બોલી ઊઠયો: "તું ક્યાં જાય છે, માધવી?"

ચન્દ્રગુપ્તની સામે નમી જઈ, તેના ચરણો પર માથું મૂકી માધવસેના બોલી: "જ્યાં આજ્ઞા કરો ત્યાં, પ્રભુ! આજે એકાએક આ ઘર સૂનું થઈ જાય છે. યુવરાજ, હું તો આપની ચરણરજ દાસી—"

પગ પર ઊનાં આંસુ પડતાં જ ચન્દ્રગુપ્તને ભાન આવ્યું. તેણે હાથ પકડી માધવસેનાને ઉઠાડી. પછી તે બોલ્યો: "છિઃ માધવી, આવી નિર્બળતા તને શોભતી નથી. હું રુચિપતિની ખબર લેવા જાઉં છું, તેનો અર્થ શું થાય તે તું જાણે છે, માધવી?"

"જાણું છું, પ્રભુ, એનો અર્થ યુદ્ધ, રક્તપાત, નરહત્યા. પણ પ્રભુ, રાજવી જ્યારે શિકારે નીકળે છે ત્યારે એના શિકારી શ્વાન પણ સાથે જ જાય છે."

હસતાં હસતાં ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "તો તો ચાલ."

અપ્સરસજજ ચન્દ્રગુપ્ત અને અવગુંઠન તજી ખુલ્લે મોઢે ચાલતી મહાદેવી દત્તદેવીને જોઈને નટીપરાને રસ્તેથી જતા સેંકડો નાગરિકો મોટેથી જયધ્વનિ પોકારી ઊઠયા.

★

પ્રકરણ ૨જું

નવો મંત્રી : નવો રાજા

લાંબા વખત સુધી મહોત્સવોની ધમાલ પહોંચ્યા પછી પાટલિપુત્રનો રાજમહેલ એકાએક નીરવ અને સૂનો થઇ ગયો છે. બધા જ બીતા બીતા ફરે છે. રાજસેવકો માંહોમાંહે ખૂબ જ હળવે સાદે વાત કરે છે. પરિચારકો અને રક્ષકો ધીરે ધીરે ડગલાં માંડે છે. બધા જ માને છે કે કોઇક ઓચિંતી મહાવિપત્તિ આવી પડી છે. પણ તેનું કારણ કોઇ જ જાણતું નથી!

દત્તદેવી અને કુમાર ચન્દ્રગુપ્ત જે દિવસે માધવસેનાનું ઘર છોડી નીકળ્યાં, તે જ દિવસે બીજો પ્રહર પૂરો થાય તેની જરાક પહેલાં મહેલમાં આવેલા સમુદ્રગૃહની પાસેના મસલતખંડમાં ત્રણ જણ બેઠા હતા. એ મસલતખંડ તદ્દન નાનો હતો. તેને ચારે બાજુ ચાર બારણાં હતાં. ખંડની ચોતરફ ખૂબ પહોળી પરસાળ હતી ને તેની ચારે બાજુ ચાર મોટા મોટા ખંડ હતા. ખૂબ જ ખાનગી મસલત માટે વૃદ્ધ સમ્રાટ સમુદ્રગુપ્તે એ મંત્રણાગૃહ તૈયાર કરાવ્યું હતું. પરસાળની બહાર આવેલા ચારે ખંડો આગળ અસંખ્ય હથિયારબંધ રક્ષકો હારબંધ ઊભા હતા.

સમ્રાટ રામગુપ્તના આદેશ વિના બીજું કોઈ પણ મસલતખંડ પાસે ફરકી શકે તેમ નથી. પરસાળમાં કોઇ જ નથી. માત્ર મસલતખંડનાં ચારે બારણાં આગળ એકએક મૂગો દંડધર ઊભો છે.

ગુપ્ત મસલત માટે આજે આટલી બધી અગમચેતી—સાવચેતી રાખવાનું કંઈ જ કારણ નહોતું. છતાં સમ્રાટને મંત્રણા-ગૃહમાં બેઠેલા જોઇને હંમેશની ટેવ મુજબ પોતપોતાને સ્થાને આવીને રક્ષકો અને દંડધરો ગોઠવાઈ ગયા હતા. હસ્તિચર્મના એક નાના આસન પર, મસલતખંડની વચ્ચોવચ રામગુપ્ત બેઠો હતો. થોડે દૂર મૃગચર્મવાળા બીજા આસન પર નવો મહામંત્રી રુચિપતિ બેઠો હતો અને તેનાથી થોડે જ દૂર નવો મહાસેનાપતિ ભદ્રિલ ઊભો હતો.

રામગુપ્ત ગમગીન છે. રુચિપતિ ચિંતામાં પડેલો છે. ભદ્રિલ ભયથી ફિક્કો જણાય છે.

સમ્રાટ રામગુપ્ત એકાએક બોલી ઊઠયોઃ "સરહદ પર રક્ષણની કેવીક વ્યવસ્થા કરી, ભદ્રિલ ?"

એકદમ ગભરાઇ જઈને ભદ્રિલે ઉત્તર આપ્યો: "ત્યાં તો કંઈયે ગોઠવણ કરવામાં આવી નથી, મહારાજ !"

"કેમ નથી કરી? મહાસેનાપતિ તો તમે જ છો ને ?"

રુચિપતિથી ન રહી શકાયું. તેણે બોલી નાખ્યું: "ભદ્રિલ તો હજુ નવોસવો છે, નાદાન છે, એ વળી એ બધી વાતોનો ઉત્તર કયાંથી આપી શકે ? મહારાજ, આટલા દિવસ તો આપના અભિષેકના ઉત્સવમાં નીકળી ગયા, રાજશાસનની વ્યવસ્થા હવે આસ્તે આસ્તે થશે."

આશ્ચર્યચકિત બનીને રામગુપ્ત બોલી ઊઠયો: "આ તમે શું બોલો છો, રુચિપતિ? શકોએ મથુરા છોડી કૌશામ્બી કબજે કર્યું. પ્રયાગ સુદ્ધાં તેમના હાથમાં જઈ પડયું, અને એ સમાચાર શું કંઈ હમણાં જ રાજધાનીમાં આવ્યા છે? આ જ રીતે તમે બધા રાજકારભારું ચલાવશો?"

"અરે, એ બધું તો હવે થશે, બરાબર પદ્ધતિસર થવા માંડશે, સમજ્યા ભાઈ રામચન્દ્ર? ચોખ્ખેચોખ્ખું તો કહી દીધું કે આ આટલા બધા દિવસ તો માત્ર તમારે જ માટે સારી સારી સું........અરે, બોલતાં બોલતાં શું બકી બેઠો?–તમારી જ સેવામાં ગૂંચવાઈ પડેલો, બાકી રાજકારભાર શીખવા તો માંડી દીધો છે. મારું કહેવું છે કે એક વાર પેલીને શકરાજના દૂત સાથે ધકેલી દો, અને સાથે સાથે સમ્રાટની મુદ્રાથી ધડાધડ આદેશ કઢાવો–પ્રસરાવો, કે શકોએ અબઘડી પ્રયાગ અને કૌશામ્બી છોડી મથુરા ચાલ્યા જવું!"

"પણ એ તે કેવું અપમાન, રુચિપતિ! જે શકરાજ પિતાજીના સિંહાસન સામે હાથ જોડી ઊભો રહેતો, તે જ શકરાજ આજે મારી પટરાણીને પોતાની ચરણસેવા માટે મથુરા મોકલી આપવાનો આદેશ ફરમાવી મોકલે છે? એ અપમાન અસહ્ય છે."

"પણ ધ્રુવદેવી હજુ તમારી પટરાણી જ ક્યાં થયેલી છે?"

"પણ દેશપરદેશના લોકો તો જાણે છે ને કે ધ્રુવા મારી પટરાણી છે! ધ્રુવા મારી પટરાણી નથી એમ શકરાજ વાસુદેવ જાણતો હોત તો નામ પાડીને તે કદીય ધ્રુવા માટે દૂત ન મોકલત. માત્ર મારું અપમાન કરવા માટે જ ધ્રવદેવીને મથુરા

મોકલી આપવાનો તેણે આદેશ કર્યો છે."

"વત્સ રામભદ્ર, આ બધા મને તો આ સિંહાસનના જ પ્રતાપ દેખાય છે. ગુસ્સે શા સારુ થાઓ છો ? આજદિન સુધી આ તમારા રાંકડા રુચિપતિને આગળ કરી અંધારી રાતે ગમે તેવી જગ્યાએ અંધારામાં અથડાતા ને પિતાજીની બીકથી કાદવના કોડિયામાં અમૃતનું સેવન કરતા, ત્યાં સુધી તો આવી બધી કંઈ પંચાત નહોતી ! આજે આ આર્યપટ્ટ પર ચઢી બેઠા, એટલે ક્ષત્રિવટનો ફાંકો આવી ગયો ?"

"તો શું હું સમુદ્રગુપ્તનો પુત્ર નથી ?"

"કોણ ના કહે છે ? એક વાર, દશ વાર, સો વાર અરે, હજાર વાર ! પણ ભાઈલા, હું ક્યાં રવિગુપ્ત છું ? કયી સુરાનો સ્વાદ છે તે પૂછો તો ટપ કહી આપું, પણ ખડ્ગ જોતાં તો ભાઈ, આપણને મૂર્છા આવી જાય છે !"

"તમે તો મહામંત્રી છો, યુદ્ધ કરવું એ કંઈ તમારું કામ ન હોય."

"પણ વત્સ રામભદ્ર, જાણે છો ને કે આ મહાસેનાપતિ ભદ્રિલ ચન્દનાનો મસિયાઈ ભાઈ છે ! આજ દિન સુધી બિચારો નાચગાન વખતે તબલાં ને ખંજરી વગાડતો આવ્યો. એની ચૌદ પેઢીમાં કોઈએ કોઈ દિવસ યુદ્ધક્ષેત્રનું મોઢું જોયું નથી, અને તેને એકદમ શકરાજા સાથે લડવા મોકલો એ તે કેમ ચાલે ? યુદ્ધને વખતે ચક્રવ્યૂહરચના કરવાનું કહેશો તો ભાઈ બોલી બેસવાના: થા થા થા કિટ્ તાક્ ધિન્ તા ધિન્ !"

"છિઃ છિઃ રુચિપતિ, મારી વાગ્દત્તા પત્નીને શકરાજાના આદેશથી મથુરા મોકલી આપું તો સારા ય ઉત્તરાપથના—ઉત્તર

પ્રદેશના રાજાઓ આગળ પછી મોઢું કઇ રીતે બતાવું ?"

"ભઇલા, તો થોડા દિવસ મોઢું સંતાડી દીધે ય શું ખાટું-મોળું થઇ જવાનું છે ? કેટલીક વાર તો ભાઇ, કડવા ઘૂંટડા ય હસતે મોઢે ગળી જવા પડે. ચન્દ્રગુપ્તને બદલે તમને સિંહાસન મળ્યું જોઈને તમારા પિતાના વિશ્વાસઘાતી નોકરો નોકરી છોડી ચાલ્યા ગયા છે. હું ભલે ગમે તેટલો વિશ્વાસુ હોઉં, પણ હજી નવોસવો છું. આપણી નબળાઈ પામી જઇને શકરાજ કૌશામ્બી અને પ્રયાગ કબજે કરી બેઠો, અને સાથે સાથે તમારી પટ-રાણીને મોકલવાનું કહેણ મોકલ્યું. તો હવે ઉપાય શો કરવો, બોલો ? એટલા વળી નસીબદાર કે ધ્રુવાને હજી પટરાણી બનાવેલી જ નથી, નહિ તો ત્રણે લોકમાં કાયમને માટે તમારી અપકીર્તિનાં ગાન ગવાઇ રહેત. તો પછી બહારની બલાને બહાર કાઢો. ધ્રુવા ક્યાં પટરાણી છે ? શકરાજે મંગાવી હતી એટલે એક વૈરીને અર્પણ કરી દીધી એમ કહેવાય. શકરાજના દૂતને બોલાવી કહી દો કે 'મારે કંઈ પટરાણીબટરાણી નથી, પણ તમારા રાજાએ ધ્રુવદેવીને મંગાવી છે તો લઇ જાઓ ! પણ સાથે સાથે પ્રયાગ ને કૌશામ્બી છોડીને ચાલ્યા જજો !"

"પણ રુચિ, ભારતવર્ષના લોકો હમેશને માટે બાયલા રામગુપ્તનો અપજશ ગાતા ફરશે."

"છો ને ગાતા ફરે ફરવું હોય તો, પ્રભુ ! હમેશ તે વળી કોણ જીવ્યું છે ? નથી તમે જીવવાના કે નથી હું પણ રહેવાનો. તો પછી એ કાયમનો અપજશ સાંભળવા આપણે થોડા જ આવવાના છીએ ? બધાં સારાં વાનાં છે, બાબા રામચન્દ્ર. તમારું રાજ્ય તો રામરાજ્ય છે. સુરાનો તો સમુદ્ર ઊછળે છે. બારે ઘડી લહેર જ

લહેર ચાલે છે! એ કચકચિયણુ ઉત્પાતિયણુ ધાંધલિયણુને જતી કરો ને, ભાઇ."

"રુચિ, શકરાજની માગણી પરથી મહાદેવીને મથુરા મોકલી આપ્યાની જાણ થતાં પાટલિપુત્રના નાગરિકો બળવો તો ન ઉઠાવે ?"

તરાપ મારી ભદ્રિલનો હાથ પકડી લઈ, તેને નજીક તાણી લાવી રુચિપતિ રામગુપ્તની સામે ઘૂંટણભેર બેસી ગયો અને હાથ જોડી ગંભીર ભાવે કહેવા લાગ્યો: "શકરાજ બળવાન શત્રુ છે. તેની સામે યુદ્ધ શરૂ કરવામાં આવશે તો પાટલિપુત્રના ગરીબ નાગરિકોનું સત્યાનાશ વળી જશે. એટલે નાગરિકોના પ્રતિનિધિ રૂપે અમે સમ્રાટ સમક્ષ નિવેદન કરવા આવ્યા છીએ કે પ્રભુ, પાટલિપુત્રોના નાગરિકોની વિનંતી માન્ય કરી, ધ્રુવદેવીને મથુરા મોકલી આપી યુદ્ધવિગ્રહના ઓળા દૂર કરો."

પછી પોતાની મેળે જ ઊભા થઈ જઇ, ભદ્રિલનો હાથ પકડી તેને વળી ઊભો કરી દીધો ને તે બોલ્યો: "હવે એક વાર એ વાતનો હુકમ કરી દે મારા ભઇલા! બહાર ઊભો ઊભો મથુરાનો દૂત તો મારો બેટો લાંબીચોડી ધમકીઓ આપે છે. તેને કહી દઉં કે જા, ભાઈ, જા, ધ્રુવદેવીને લઈ જઇ પકડ રસ્તો!"

માથું ખંજવાળતાં રામગુપ્ત બોલ્યો: "રુચિ, તારી આ યોજના નાગરિકો કબૂલ કરશે ?"

"એ ભાર મારે માથે. થોડું નાણું વેરવા રજા જોઈએ! લોકમત તો ચપટી વગાડતામાં પલટાવી નંખાશે!"

"ત્યારે તો એમ જ કર."

"જય હો, જીવતા રહો, બાપુ રામભદ્ર! પ્રજાના આગ્રહથી

તો ભગવાન રામચંદ્રે લક્ષ્મીસ્વરૂપ સીતાદેવીને વનમાં મોકલી આપ્યાં હતાં. પ્રજાના આગ્રહથી તો અનેક રાજાને ય અનેક દુષ્કૃત્યો કરવાં પડે છે. તમે હવે એક કામ કરો. સવારના પહોરમાં જે બનાવ બની ગયો છે તેનું થોડુંક પ્રાયશ્ચિત્ત કરી નાખો. રક્ષકો અને દંડધરો સાથે એક પાલખી મોકલી આપો. તેમાં ધ્રુવદેવીને પાછાં મહેલે બોલાવી મંગાવો. દરમિયાન હું લોકમત ફેરવી નાખવા ભદ્રિલની સાથે નગરમાં જાઉં છું."

રુચિપતિ અને ભદ્રિલ મંત્રણાગૃહ છોડી ચાલ્યા ગયા એટલે સમ્રાટ રામગુપ્તે મૂગા દંડધરને ઇશારત કરી. તે બહાર જઈને એક રક્ષકને બોલાવી લાવ્યો. રક્ષકને આદેશ કરવામાં આવ્યો કે દશ પ્રતિહાર, દશ દંડધર, છત્રધારી, ચામરધારી અને સુવર્ણ પાલખી લઈ મહાદેવી ધ્રુવદેવીને પાછાં મહેલે લઇ આવો.

આજ્ઞા મળ્યા છતાં ય રક્ષક બહાર ગયો નહિ. લશ્કરી ઢબે નમન કરી તે બોલ્યો: "મહારાજાધિરાજનો જય! પરમેશ્વરી પરમ ભટ્ટારિકા પટ્ટમહાદેવી દત્તદેવી મંત્રણાગૃહની બહાર ઊભાં છે."

રામગુપ્ત એકદમ ચમકી ઊઠયો. તે બોલ્યો: "શું કહ્યું? દત્તદેવી?"

રક્ષક નમ્રતા દાખવતો બોલ્યો: "પરમ ભટ્ટારક, હું રાજ્યનો જૂનો સેવક છું, જૂઠું ન બોલું."

એ જ ક્ષણે પરસાળમાં રહી રહી દત્તદેવી બોલી ઊઠી: "પુત્ર, દંડધર જૂઠું બોલતો નથી. સાચેસાચ હું દત્તદેવી જ છું." બોલતાં બોલતાં દત્તદેવી અને જયસ્વામિનીએ મંત્રણાગૃહમાં

પ્રવેશ કર્યો.

રામગુપ્ત ધ્રૂજતે પગે આસન પરથી ઊઠીને આગળ ગયો અને બંનેને પ્રણામ કર્યા. મનની બીક જેમતેમ દબાવી તેણે દત્તદેવીને કહ્યું: "મા, આ મહેલમાં આપને તે રજાની રાહ જોવાની હોય ? મહેલ આપનો જ છે."

એ કથનનો કશો જ ઉત્તર ન આપતાં વૃદ્ધા પટ્ટમહાદેવી બોલી ઊઠી: "પુત્ર, તું તો સમુદ્રગુપ્તનું સંતાન છે. તું આ બધું શું કરી રહ્યો છે ?"

જયસ્વામિની કહે: "કહું છું તો કેટલુંય, પણ ભાઈના મગજમાં જ ક્યાં ઊતરે છે ? હું ય હવે ઘરડી થઈ. કંઈ પણ કહેવા જાઉં તો હસવામાં ઉડાવી દે છે !"

રામગુપ્ત કહે: "અપરાધ ક્ષમા કરો, મા. ધ્રુવાની વાત કરો છો ? ખરેખર, હું તેની જોડે પશુની પેઠે વર્ત્યો છું. પણ મા, હવે મને મારી ભૂલ સમજાઈ છે. આ આપ આવ્યાં તે પહેલાં–થોડી જ વાર પર પ્રતિહાર અને દંડધરોની સાથે પાલખી મોકલી આપી પટ્ટમહાદેવી ધ્રુવદેવીને માનભેર મહેલમાં પાછાં લાવવાની ગોઠવણ મેં કરી છે."

રામગુપ્તનો ઉત્તર સાંભળી દત્તદેવી ગૂંચવણમાં પડી ગઈ. તેને થયું: આ શું ? કદાચ ધ્રુવાની તો ભૂલ ન થતી હોય ? કે પછી હું પોતે જ ભૂલી ? તે રામગુપ્તને પૂછવા લાગી: "રામ, ધ્રુવાને પાછી બોલાવવા માટે તેં સાચે જ માણસ મોકલી આપ્યાં છે ?"

હવે રામગુપ્ત પૂરેપૂરો નચિંત થઇ ગયો. દત્તદેવીના સામે

ઘૂંટણભેર બેસી જઇ, તેના બંને પગ પકડી લઈ તે બોલ્યોઃ "આપને પેટે તો મેં જન્મ નથી લીધો, પણ હું તો આપને જ મારાં જનમજનમનાં માતા માનું છું. આપના પવિત્ર ચરણોને સ્પર્શ કરી કહું છું કે આપ આવ્યાં તે પહેલાં જ મેં ધ્રુવદેવીને બોલાવી લાવવા દશેક દંડધર, દશેક પ્રતિહાર ને સુવર્ણપાલખી મોકલી આપ્યાં છે."

દત્તદેવી વળી ગૂંચવાઈ. જયસ્વામિનીને તે કહેવા લાગીઃ "જયા, ત્યારે આ તો મારી જ ભૂલ થઈ છે. મારી સંમતિ વિના ધ્રુવા પાછી આવશે નહિ. લાવ, હું જ પાછી જાઉં."

રામગુપ્ત હજી આગળની પેઠે જ ઘૂંટણિયે હતો, તે બોલી ઊઠયોઃ "મા, દયા કરીને આપ જ્યારે આપના મહેલમાં પાછાં ફર્યાં છો ત્યારે તો આગલો દરજ્જો આપે પાછો ગ્રહણ કરવો જોઈએ. આપ હજી પણ પટ્ટમહાદેવી છો. આપને માટે વાહન તૈયાર જ છે."

"ના પુત્ર, મારા આશીર્વાદ છે કે તું વિજયી થાય. પણ મારે હવે માનમોભ્ભા કેવા? ધ્રુવાને મોકલી આપું છું. એ ભારે જીદ્દી છે. એની સાથે સારું વર્તન રાખતો રહેજે. જયા, તારી પુત્રવધૂને લઈ પાછી આવું છું."

દત્તદેવી અને જયસ્વામિનીની સાથે સાથે રક્ષક પણ ચાલ્યો ગયો.

થોડી વાર પછી હસતાં હસતાં રામગુપ્ત આસન પર લેટી પડ્યો અને એકલો એકલો બોલવા લાગ્યોઃ "આવે ખરે ટાણે જ રુચિપતિ ક્યાં મૂઓ? કેટલું સરસ નાટક ભજવ્યું?

કંઈ ચે જોવા પામ્યો નહિ !"

એટલામાં તો કાચપાત્રમાં કાશ્મીર દેશની સુરા આવી પહોંચી.

★

પ્રકરણ ૩જું

ધૂંધવાતો અગ્નિ

પટ્ટમહાદેવી દત્તદેવી મંત્રણાગૃહ છોડીને ચાલી ગઈ ત્યારે અસંખ્ય નાગરિકો મહેલના દક્ષિણ દરવાજા આગળ એકઠા થયા હતા. એ બધામાં દેવગુપ્ત લાંબી મૂછો અને રવિગુપ્ત સફેદ વાળથી જુદા તરી આવતા હતા. પાટલિપુત્રનો નગરપ્રધાન ઇન્દ્રદ્યુતિ તથા નગરશેઠ જયનાગ અને નગરસંઘનો અધિનાયક જયકેશી પણ સામે જ ઊભા હતા. દરવાજા પરના પ્રતિહારો તથા દંડધરો બળવો ફાટી નીકળવાની બીકે હથિયાર સજી તૈયાર ઊભા હતા ખરા, પણ એકે નાગરિકને એની જાણે પરવા પણ નહોતી—તે તરફ કોઈ નજરે કરતું ન હતું.

એક નાગરિક બોલી ઊઠયો: "મારો પૌત્ર પ્રયાગ થઈને પાછો આવ્યો છે. તે ખબર લાવ્યો છે કે શક સૈન્યે પ્રયાગનો કિલ્લો જીતી લીધો છે."

બીજો નાગરિક બોલી ઊઠયો: "અરે, પણ બીજું સાંભળ્યું ? ગુપ્ત સામ્રાજ્યનાં પટરાણી શકરાજાની ચરણસેવા કરવા મથુરા જવાનાં છે ! આજે આપ કયાં છો, સમુદ્રગુપ્ત ? આપના વંશની આખરે આ દશા !"

ઉશ્કેરાઈ જઈને ત્રીજો નાગરિક બોલી ઊઠયોઃ “આવે વખતે યુવરાજ ચન્દ્રગુપ્ત ક્યાં ગયા ?”

સ્તબ્ધ બનીને દેવગુપ્ત અત્યાર સુધી બધી વાત સાંભળી રહ્યો હતો. ક્રોધ કાબૂમાં ન રાખી શકાયાથી હવે તે બોલી ઊઠયોઃ “બધી વાતો જ જૂઠી છે. આ બધાં ગપ્પાં જે ફેલાવી રહ્યું છે તેની તો જીભ જ સમૂળી ખેંચી કાઢવી જોઈએ.”

ત્રીજો નાગરિક ઉત્તરમાં બોલ્યોઃ “પ્રભુ, જે જે નાગરિકો અહીં ઊભા છે તે બધાએ જ એ વાત સાંભળી છે. દંડધરો વાત કરે છે કે શકરાજનો દૂત થોડી જ વાર પર જાહેર દરબારમાં ધ્રુવદેવીને તાબડતોબ મથુરા મોકલી આપવાની શકરાજની આજ્ઞા છડેચોક સંભળાવી ગયો છે.”

અત્યાર સુધી રવિગુપ્ત પણ શાંત થઈને બધું સાંભળી રહ્યો હતો. આખરે તેની ધીરજ રહી નહિ. તે બોલી ઊઠયોઃ “નાગરિકો, ઓળખ્યો મને ? સમુદ્રગુપ્ત તો ગયા છે, પણ અતૂટ માયાના બંધે જકડાયેલા અમે હજી સુધી તમને બધાને છોડીને જઈ શકયા નથી. આ બધી વાતો સગા કાને સાંભળ્યા છતાં તેના પર વિશ્વાસ મૂકવાનું મન થતું નથી. કોઈ ભયંકર કાવતરાનું આ બધું પરિણામ છે એ નક્કી. સામ્રાજ્યનો કોઈ ભયંકર શત્રુ પોતાનો નીચ હેતુ પાર પાડવાં માટે આ બધી જૂઠી જાળ ફેલાવી રહ્યો છે. મહાદેવી ધ્રુવદેવી ફરી પાછાં રાજમહેલમાં આવી ગયાં છે. મહારાજ રામગુપ્તે જે કંઈ અન્યાય કર્યો છે, તે બધાંનો જ ઉકેલ હવે થઈ જશે.”

જયનાગ બોલ્યોઃ “પણ પટ્ટમહાદેવી દત્તદેવી તો ગંગાદ્વારને રસ્તે મહેલ છોડી જતાં રહ્યાં છે !”

એ સાંભળી નવાઈમાં ડૂબી ગયેલો દેવગુપ્ત બોલ્યોઃ "હેં ? એ વાતની તો હજી મને ખબર જ નથી !"

પાછળ ઊભેલો એક નાગરિક બોલી ઊઠયોઃ "આ લ્યો, આ નવા મંત્રીજી અને સેનાપતિ આવ્યા !"

સુવર્ણદંડ લઈને ચાલતા પ્રતિહારોથી વિંટળાયેલા રુચિપતિ અને ભદ્રિલ નગરનું ચક્કર મારી આવી મહેલ તરફ પાછા વળ્યા હતા. સામે લોકોનું ટોળું જોઈને જાણે નગરમાં દાંડી પીટતો હોય તેમ રુચિપતિ મોટે મોટેથી બોલવા લાગ્યોઃ "નાગરિકો, તમારી બધાની આગ્રહપૂર્વકની વિનંતીને વશ થઈ—મહારાજ રામગુપ્તનું દિલ તો ખૂબ જ દુઃખાય છે તે છતાં—શકરાજની માગણી મુજબ પટ્ટમહાદેવી ધ્રુવદેવીને મથુરા મોકલી આપવાનું મહારાજે સ્વીકાર્યું છે. એટલે હવે તમારે કશી જ ચિંતા કરવાની નથી. નચિંત બની ઘેર ચાલ્યા જાઓ. યુદ્ધનો બધો ય ભય હવે ટળી ગયો છે !"

રવિગુપ્ત ઝાળ ઝાળ થઈ ગયો. એક જ ફલંગ મારી તેણે રુચિપતિનું ગળું પકડી લીધું. દાંત પીસી તે બોલ્યોઃ "શુંઉઉંઉઉં ? શુંઉં બોલ્યો નરાધમ ?"

રુચિપતિ દેવગુપ્ત અને રવિગુપ્તને સારી પેઠે ઓળખતો હતો. ઉશ્કરાયેલા લોકો વચ્ચે તેમને જોતાં જ તે ખૂબ ગભરાઈ પણ ગયેલો હતો. આસ્તેથી વૃદ્ધનો હાથ છોડાવી તે ખૂબ જ નમ્ર ભાવે બોલ્યોઃ "ભદ્રજન, હું તો માત્ર મહારાજની આજ્ઞાથી લોકોને વાકેફ કરી રહ્યો છું. આપ કોણ છો તેની મને તો જરા ય ખબર નથી. પણ આપ ઉંમરે મારાથી મોટા છો, એટલે કદાચ બે કડવાં વેણ કહો તે તો મારે મન આશીર્વાદ રૂપ

લેખાય. હું તો કેવળ રાજ્યનો સેવક છું. મહારાજે આજ્ઞા કરી છે તેથી આ ખુશાલીના સમાચાર નગરને માર્ગે માર્ગે જાહેર કરતો ફરી રહ્યો છું. શકરાજની સામે યુદ્ધ કરવાની ખબર સાંભળતાં પાટલિપુત્રના નાગરિકો ખૂબ જ ગભરાઇ ગયા છે અને એમની આગ્રહભરેલી વિનંતી તરછોડી ન શકાયાથી, મહારાજાધિરાજ રામગુપ્તે પોતાની પ્રાણથી પણ પ્રિય એવી પ્રિયતમા પટરાણી ધ્રુવદેવીને મથુરા મોકલી આપવાનું કબૂલ્યું છે."

રુચિપતિ બોલવું પૂરું કરે ન કરે તે પહેલાં તો લોકોમાં ભયંકર કોલાહલ મચી ઊઠયો.

એક જણ બોલી ઊઠયોઃ "ખોટી વાત! ખોટી વાત!"

બીજો બોલ્યોઃ "કોણ કહે છે કે પાટલિપુત્રની પ્રજા યુદ્ધથી ગભરાઇ ગઈ છે?"

ત્રીજો બોલ્યોઃ "મહારાજની પાસે એવી વિનંતી કરવા કોણ મૂવું'તું?"

જયનાગે પ્રશ્ન મૂકયોઃ "સમુદ્રગુપ્તના મૃત્યુ પછી પાટલિપુત્રની કોઇ શેરીનો કોઇ નાગરિક મહેલમાં નવા મહારાજા આગળ કંઈ અરજી કરવા ગયો હતો?"

કોઈનાય તરફથી ઉત્તર મળ્યો નહિ.

પાછળ રહ્યાં રહ્યાં એક નાગરિક બોલી ઊઠયોઃ "હાય, હાય, આવે વખતે યુવરાજ ચન્દ્રગુપ્ત કયાં ગયા?"

ઇન્દ્રદ્યુતિએ તેને જવાબ આપ્યોઃ "આ અબઘડી જ તેઓ રુચિપતિની તપાસમાં મહેલ તરફ આવ્યા હતા."

ભદ્રિલના કાનમાં કહેતો હોય તેમ રુચિપતિ બોલ્યોઃ

“આપણે ઠીક વખતે ત્યાંથી નીકળી પડ્યા, હો!” પછી પાછો ઠીકઠીક થઈને લોકો તરફ વળી તે બોલ્યોઃ “ભાઈઓ મારા, મારી વાત પર વિશ્વાસ ન આવતો હોય તો ભલે, ન માનો. હું તો રાજ્યનો નોકર છું. આ મેં તો મહારાજાધિરાજની આજ્ઞા તમને બધાને સંભળાવી દીધી, પત્યું ! ચાલ, ભાઈ ભદ્રિલ.”

રુચિપતિ અને ભદ્રિલ વહેલા વહેલા દરવાજામાં ઘસી ગયા અને જાણે ઊગરી ગયા હોય તેમ છૂટકારાનો દમ ખેંચ્યો.

બહાર ઊભેલા લોકો તરફ વળી દેવગુપ્ત બોલ્યોઃ “આ જ કે પેલો રુચિપતિ ?”

જયનાગે જવાબ વાળ્યોઃ “હા પ્રભુ, એ જ આપના ઉત્તરાધિકારી મહાનાયક મહામાત્ય રુચિપતિ શર્મા.”

રવિગુપ્ત કહેઃ “ચાલો દેવગુપ્ત, દત્તદેવીની તપાસે ઊપડીએ.”

જયનાગ બોલ્યોઃ “પ્રભુ, સ્થિતિ તો આવી છે. તો બોલો, અમે બધા હવે શું કરીએ ?”

રવિગુપ્ત બોલ્યોઃ “નવા સમ્રાટની બુદ્ધિ તો બહેર મારી ગઈ છે, નગરશેઠ ! મહોલ્લે મહોલ્લે લોકોને તૈયાર થઈ રહેવાનું કહી દો. ગુપ્ત સામ્રાજ્ય પર આવી મોટી આપત્તિ કદી ય આવી નથી !”

જયનાગ બોલ્યોઃ “પ્રભુ, જે દિવસે રામગુપ્તનો યુવરાજ તરીકે અભિષેક થયો છે તે જ દિવસથી આવી આફતની આશંકાથી માત્ર પાટલિપુત્રની શેરીએ શેરીએ જ નહિ, પણ સામ્રાજ્યના પ્રત્યેક નગરેનગર અને ગામેગામ બધા લોકો રાતદિન તત્પર જ છે. આજે દેશમાં ખોટ છે માત્ર નેતાની.

અમને થાય છે કે જેમણે આપના હાથ હેઠળ હથિયાર વાપર્યાં છે, તેઓ શું રુચિપતિ અથવા પેલી ચન્દનાના ભાઈ ભદ્રિલના તાબામાં રહી યુદ્ધ કરશે ?"

રવિગુપ્ત કહે: "ચિંતા મા કરો વૃદ્ધ જયનાગ! હજાર હાથનો ધણી બેઠો છે. કુમાર ચન્દ્રગુપ્ત પાસે જાઓ. જરૂર પડશે તો વૃદ્ધ રવિગુપ્ત પણ ધર્મયુદ્ધમાં હથિયાર વાપરવામાં પાછી પાની કરશે નહિ."

"જય, ચન્દ્રગુપ્તનો જય !" નાગરિકોએ નગર ગજાવી મૂક્યું.

એ પછી નગરશેઠ જયનાગ બોલ્યો: "પ્રભુ, સ્વર્ગસ્થ મહારાજના મૃત્યુ પહેલાં જ નગરસંઘે તો યુવરાજ ચન્દ્રગુપ્તની સિંહાસન માટે વરણી કરી છે પણ કુંવર પોતે જ ના પાડી રહ્યા છે. "

રવિગુપ્ત બોલ્યો: "જયનાગ, એ તો સમુદ્રગુપ્તનો પુત્ર છે. પિતાની આજ્ઞાનો ભલે લોપ ન કરે. પણ યાદ રાખજો કે પિતૃ-ભૂમિના રક્ષણ માટે તો યુદ્ધભૂમિ પર લોહીનું ટીપેટીપું સુદ્ધાં એ હરખભેર ખપાવી નાખશે."

ઈન્દ્રદ્યુતિ બોલ્યો: "પ્રભુ, અમે તો યુવરાજ ચન્દ્રગુપ્ત પાસે જઈએ છીએ, પણ આપ બંને ?"

રવિગુપ્ત કહે: "અમે ? અમે તે કોણ છીએ ?"

ઇન્દ્રદ્યુતિ બોલ્યો: "અમે સાંભળ્યું છે કે મહાનાયક હરિષેણ અને રૂદ્રભૂતિની પેઠે આપ બંને જણ પણ પાટલિપુત્ર છોડી જવાના છો."

રવિગુપ્ત કહે: "હા. પહેલાં એવું નક્કી કર્યું હતું ખરું.

પણ દત્તદેવીની આજ્ઞા છે કે સામ્રાજ્યમાં હજી પણ વૃદ્ધોનો ખપ છે.”

એકાએક જયનાગ રાજમાર્ગની ધૂળ પર ઘૂંટણભેર બેસી પડયો. તેના લાંબા પાકી ગએલા વાળ રવિગુપ્તના ચરણો આગળ ઝૂકી રહ્યા. એ જોઇ ત્યાં ઊભેલા તમામે તો શું, પણ રામગુપ્તના દંડધરો ને પ્રતિહારોએ પણ ધૂળમાં બેસી પડી મસ્તક નમાવી દીધાં.

વૃદ્ધ નગરશેઠ જયનાગ ગળગળો બની બોલ્યોઃ “પિતા, અમારું રક્ષણ કરો. પાટલિપુત્ર આજે અનાથ બની ગયું છે. માત્ર સામ્રાજ્ય જ નહિ, પણ ભરતના ભારતવર્ષનાં તમામ નગરેનગર તમારા જેવા વૃદ્ધની દોરવણીની રાહ જોતાં ઊભાં છે.”

વૃદ્ધ સેનાપતિ પણ અત્યંત ગળગળો બની ગયો. તે બોલ્યોઃ “ના, હવે ન જાઉં, કયાં ય ન જાઉં. જેટલા દિવસ સમુદ્રગુપ્તના નગરના રક્ષણ માટે જરૂર રહેશે તેટલા દિવસ વૃદ્ધ રવિગુપ્ત અને દેવગુપ્ત પાટલિપુત્ર છોડીને કયાં ય જશે નહિ.”

બધા બંને વૃદ્ધોના નામનો જય પોકારી ઊઠયા.

એ પછી રવિગુપ્તે પૂછયુંઃ “ચન્દ્રગુપ્તની સંગાથે કોણ છે?”

ઈન્દ્રદ્યુતિએ ઉત્તર આપ્યોઃ “એકલી નટીમુખિયણ માધવસેના.”

રવિગુપ્ત કહેઃ “તમારામાંથી એક ટુકડી ચન્દ્રગુપ્તના રક્ષણ માટે જાય. ઈન્દ્રદ્યુતિ, તમે સોએક નાગરિક લઇને યુવરાજ ચન્દ્રગુપ્તની પાસે જાઓ. જયનાગ, પરેપરાંના સમસ્ત શક્તિશાળી નાગરિકોને એકઠા કરી હથિયારનો સંગ્રહ કરવા માંડો. અમે બંને જણ દત્તદેવી પાસે સ્મશાનમાં જઈએ છીએ.”

*

પ્રકરણ ૪થું

ભડકો !

મંત્રણાગૃહમાં સિંહાસન પર રામગુપ્ત બેઠો છે. સામે રુચિપતિ અને ભદ્રિલ ઊભા છે. નવા સમ્રાટ કહી રહ્યા છે: "અહા, રુચિપતિ, દત્તદેવી આગળ કેવું આબાદ નાટક મેં ભજવ્યું ! જોયું હોત તો શી લહેર આવત !"

પડી ગએલે મોંએ રુચિપતિ બોલ્યો: "અરે, મારા તો બાર વાગી ગયા છે, બાપ. હવે તો એ બધું જોવા નવી આંખ લાવું તોસ્તો. સાંભળ્યું છે કે ચન્દ્રગુપ્ત મને નગરના ઘરેઘરમાં ઢુંઢી રહ્યો છે. કહે છે: ધ્રુવાને ઉદ્યાનવિહારે લઈ જનારો એ રુચિપતિ મોટો છે કોણ? એક વાર સામો મળી જાય તો બરાબર ખબર લઇ નાખું !"

રામગુપ્ત બોલ્યો: "બસ ? આ જ વાત ? એટલામાં ડરી ગયા ? આટલા બધા દંડધર ને પ્રતિહાર છતાં ? આટલા બધામાં એક ચન્દ્રગુપ્ત આવીને તમને શું કરી નાખવાનો છે ? હવે તો ઠકરાણાંને સીધાં મથુરા મોકલી દેવાનાં. કયાં રાખ્યાં છે ?"

રુચિપતિ કહે: "પાસેના જ ખંડમાં પૂરી રાખ્યાં છે ને !"

રામગુપ્ત કહે: "તો પછી મોડું શા માટે કરવું ? જા ને અલ્યા ભદ્રિલ, અહીં લઇ આવ ને."

ભદ્રિલ બહાર ચાલ્યો ગયો એટલે રુચિપતિએ કહેવા માંડ્યું: "જુઓ મહારાજ, આ ચન્દ્રગુપ્તને હદપાર કરશો નહિ ત્યાં સુધી ઉદ્યાનવિહારની બધી મઝા મારી જશે."

ઉત્તરમાં રામગુપ્ત બોલ્યો: "ડરો છો શું, ગુરુજી ? કાલે જ તેનું માથું ધડથી જુદું મહેલને દક્ષિણ દરવાજે જોઈ લેજો !"

રુચિપતિ કહે: "રામભદ્ર, કામ તમે ધારો છો એટલું બધું સહેલું નથી, હોં ! પાટલિપુત્રના તમામ લોકો હજી ય ચન્દ્રગુપ્તના એક જ બોલ પર મરી ફીટવા તૈયાર છે."

એટલામાં ધ્રુવદેવી સાથે ભદ્રિલ મંત્રણાગૃહમાં દાખલ થયો. એટલે આસન પરથી ઊભો થઇ જતાં રુચિપતિ બોલ્યો: "મહારાજ, દંપતીના પ્રેમાલાપ તો એકાંતમાં જ ઘટે. હું હવે સરકી જાઉં."

રુચિપતિ ચાલ્યો ગયો એટલે ધ્રુવદેવી તરફ બંને હાથ લંબાવી રામગુપ્ત બોલ્યો: "આવો પ્રાણેશ્વરી, આજકાલ જબરી વિપત્તિમાં આવી પડયો છું, એટલે આપને મંત્રણાગૃહમાં બોલાવવાં પડયાં છે."

પ્રણામ કરતી ધ્રુવદેવી ઘૂંટણભેર બેસી ગઇ. પછી હાથ જોડી બોલી: "આર્ય, આપ તો મારા જેઠ, એટલે મારે પિતા-તુલ્ય છો. મને આમ અસભ્યતાથી બોલાવો એ આપને શોભતું નથી."

જાણે સાંભળ્યું જ ન હોય તેમ રામગુપ્તે ચાલુ જ રાખ્યું: "પ્રિયે, હું તમારે લાયક નથી. આટલા દિવસ મને તમારી કિંમત ન સમજાઇ, એટલે તમારી સાથે પશુ પેઠે વર્ત્યો છું. પ્રિયતમે, મારા અંધારા હૃદયના પૂર્ણચન્દ્ર...." એટલું બોલતાંમાં તો અતિશય સુરા પીધી હોવાથી મહારાજ રામગુપ્તને હેડકી આવવા લાગી.

તેનાં પ્રેમટાયલાંના ભયથી ધ્રુવદેવી જરા પાછળ સરકી ગઇ અને બોલી: "મહારાજ, હું આપના નાના ભાઈની વાગ્દત્તા પત્ની, એટલે આપની કુળવધૂ છું. નિરાધાર, એકલ નારી સાથે આવી અસભ્ય વાતો કરવી યોગ્ય નથી."

રામગુપ્ત બોલ્યો: "મહાદેવી, નિરાધાર બની હું આજે તમારે શરણે આવ્યો છું."

ધ્રુવદેવી બોલી: "આર્ય, હું તે મોટી કોણ? માત્ર આપની કુળવધૂ. હું કંઇ મહાદેવી નથી, એટલે રાજકાજમાં મને ગતાગમ નથી. સલાહસૂચનાની જરૂર હોય તો મહાદેવી દત્તદેવી કયાં નથી?"

રામગુપ્ત બોલ્યો: "પ્રિયે, આજે તો તમારા વિના રામગુપ્તનો બીજો કોઈ આરો જ નથી."

ધ્રુવદેવી બોલી: "અનાથ, એકલ અબળા સાથે અનુચિત વાતો કરવામાં જ આપ સંતોષ માનતા હો, પિતા, તો મારો બીજો કોઈ ઈલાજ જ નથી. બાકી હું તો મહારાજની ચરણરજ દાસી છું."

રામગુપ્ત બોલ્યો: "દેવી, પિતાજીના મૃત્યુ પછી શકરાજા એકદમ જોર પર આવી ગયો છે. એકાએક કૌશામ્બી અને પ્રયાગ કબજે કરી તેણે દૂત સાથે કહેવડાવ્યું છે કે ગુપ્ત સામ્રાજ્યનાં પટ્ટમહાદેવી ધ્રુવદેવીને મથુરા ન મોકલો તો પાટલિપુત્ર નગરીને ભોંયભેગી કરી નાખીશ."

ધ્રુવદેવીને જાણે તમ્મર આવી ગયાં. તેનું આખું શરીર ઝણઝણી ઊઠયું. તે બોલી ઊઠી: "મહારાજ, મહારાજ, પિતાજી, હું મથુરા જાઉં?"

રામગુપ્ત કહેઃ "પ્રિયતમે, મારું હૈયું તો આટલું કહેતાં યે વિંધાઇ જાય છે. પણ પાટલિપુત્રનાં પ્રજાજનો શકરાજના આક્રમણભયથી હાંફલાફાંફલા બની ગયાં છે. તેમના તરફનો આગ્રહ છે એટલે જ તમને મથુરા મોકલી આપવાનું મેં કબૂલ કર્યું છે."

નિરપરાધી અબળા નારીના પગ નીચેથી જાણે એકાએક પૃથ્વી સરકી જતી લાગી. ધ્રુવદેવી જમીન પર પટકાઈ પડી. કંપતે શરીરે તે બોલીઃ "મહારાજ, હું અબળા નારી! દયા કરો. ક્ષમા કરો."

એનું બોલવું ધ્યાનમાં લીધા વિના જ રામગુપ્ત બોલવા લાગ્યોઃ "પ્રિયતમે, પટ્ટમહાદેવી, ભયંકર કસોટી આવી પડી છે. તમારી પતિભક્તિ ને કર્તવ્યનિષ્ઠા પર ગુપ્ત સામ્રાજ્યના ભવિષ્યનો આધાર રહ્યો છે. તમે તો મારી આંખોની કીકી, હૃદયનો પ્રાણ, તમને મથુરા મોકલી આપીને હું કંઈ જીવી શકવાનો છું? પણ ઉપાય નથી–રાજાનું કર્તવ્ય જ એવું કઠોર—"

અભાગણી ધ્રુવદેવી બેભાન થઈને ભોંય પર પડી. ગણિકાનો પુત્ર હોવા છતાં ય ભદ્રિલ રામગુપ્ત ને રુચિપતિ જેવો સાવ પશુ બની ગયો નહોતો. ધ્રુવદેવીને જમીન પર ગબડી જતી જોતાં જ તે બૂમ મારી ઊઠયોઃ "મહારાજ, આ....આ....તો બેભાન થઈ ગયાં!"

મહારાજે ઇશારત કરી એટલે એક મૂક દંડધર બહાર ચાલ્યો ગયો. ભદ્રિલ બોલ્યોઃ "મહારાજ, હવે કંઇ ન બોલો તો સારું." એટલામાં તો મૂગો દંડધર દાસી સાથે પાછો આવ્યો. રામગુપ્તની આજ્ઞાથી ધ્રુવદેવીના મોં પર પાણી છાંટી તેણે પવન

નાખવા માંડયો. થોડી વારમાં જ તેને ભાન આવ્યું. દાસીના મુખ સામે જોઈ તે આંસુ પાડવા લાગી. દાસી ધીમે સાદે બોલી: "ગભરાશો નહિ, દેવી."

ખૂબ જ ધીમેથી ધ્રુવદેવી બોલી: "મને–મને મથુરા મોકલે છે! જો બને તો મારા સ્વામીને–કુમાર ચન્દ્રગુપ્તને ખબર આપજે." એટલામાં રામગુપ્તે ચાલી જવાની આજ્ઞા કર્યાથી દાસી ત્યાંથી ઊઠી ચાલી ગઈ.

એ દાસી હતી નટીમુખિયણુ માધવસેના પોતે !

ભદ્રિલ બોલ્યો: "મહારાજ, ધ્રુવદેવી ભાનમાં આવ્યાં છે."

ધ્રુવદેવી બેઠી થઇ. ત્રાસ ને વિસ્મયથી વેગબંધ વહેતાં ઝરણાંની પેઠે તેના મુખમાંથી વાકયો સરવા લાગ્યાં: "મહારાજ, હું કંઇ આપની પટ્ટમહાદેવી નથી. તો પછી આપ મને મથુરા કેમ મોકલી રહ્યા છો? હું તો આપના નાના ભાઈની પત્ની છું. શકરાજની ચરણુસેવા માટે આપ મને મથુરા મોકલશો તો સારા ય ભારતવર્ષમાં અને જુગજુગ સુધી આપની અપકીર્તિ ગવાયા કરશે. મહારાજ, આપ રાજા છો, પ્રભુ છો, પિતાતુલ્ય છો. આપ કદાચ જબરજસ્તીથી મોકલશો તો તો મારો કોઈ જ ઉપાય નથી; પણ મહારાજ, એક વાર તો આપના પિતાજીનું નામ, આપના વંશનું ગૌરવ યાદ કરો! આ જ આપની ક્ષત્રિવટ?"

"ત્યારે શું કરું, મહાદેવી?"

"શું કરો? આપ ક્ષત્રિય નથી? ક્ષત્રિય પાસે જે સ્ત્રી, તલવાર કે ઘોડાની માગણી કરે છે તે યુદ્ધનું નોતરું જ મૂકે છે. રણવાટનો રસ્તો લો, મહારાજ, ભેઠમાંથી તલવાર કાઢો.

પાટલિપુત્રના સેંકડો નાગરિકો આનંદભેર આપની સાથે મૃત્યુને ભેટવા તત્પર બનશે. મથુરા પરાસ્ત કરી આનંદભેર પાછા વળો."

રામગુપ્ત બોલ્યોઃ "અશક્ય, મહાદેવી! રાજ્ય અવ્યવસ્થિત છે, ભંડારનાં તળિયાં દેખાય છે, સેનાદળનો નાયક નથી. ને શકરાજ મહાબળવાન છે."

ધ્રુવદેવી વંટોળની પેઠે એકદમ ઊભી થઈ ગઇ. હાંફતી હાંફતી તે બોલવા લાગીઃ "મહારાજ, જરા આ અબળાની વાત સાંભળી લ્યો. રાજમહેલને દરવાજે ઊભા રહી એક વાર ગર્જના કરોઃ 'પાટલિપુત્રમાં કેટલાક મર્દ છે? મગધમાં માઈના પૂત કેટલાક છે? હું આર્યનારીની લાજ રાખવા મથુરા જાઉં છું. ચાલો મારી સાથે!' મહારાજ, મગધના લોકોને આપ હજી ય ઓળખી શક્યા નથી. હજારો વરસથી જે જાતિ ભારતવર્ષ પર શાસન કરતી આવી છે, તે હજી ય બાયલી નથી બની ગઈ."

રામગુપ્ત બોલ્યોઃ "પ્રિયે, એ બધો જ વિચાર મેં કરી લીધો છે, ને તેથી જ તમને મથુરા મોકલી આપવાનું મેં માથે લીધું છે. પાટલિપુત્ર નગરને બચાવવું એ તમારા હાથમાં છે. એક વરસમાં તો મથુરા જીતી લઇને તમને ફરી પાછાં લઈ આવીશ........"

ધ્રુવદેવી બોલીઃ "છિઃ છિઃ પિતા, આવું આપને મોઢે ન શોભે. આપ શું ક્ષત્રિય નથી? આપ રાજા નથી? આપ સમુદ્રગુપ્તના પુત્ર નથી? છિઃ એક વરસમાં આપ મથુરા કબજે કરશો? ના, ના, આપ નથી રાજા, નથી આપ પુરુષના નામને પણ લાયક. આપ તો છો દાસીપુત્ર."

રામગુપ્ત બોલ્યોઃ "નાને મોઢે મોટી વાતો? બદ્રિલ,

પકડી બાંધ તો એને !"

ભદ્રિલ હાથ ઉઠાવે તે પહેલાં જ એ પ્રતિહાર ત્યાં ધસી આવી બોલ્યાઃ "મહારાજ, દેવગુપ્ત, રવિગુપ્ત, રુદ્રભૂતિ, વિશ્વરૂપ વગેરે સામ્રાજ્યના બારે મુખ્ય મહાનાયકો સમુદ્રગૃહની બહાર ઊભા છે."

અતિ ગંભીર ભાવે રામગુપ્ત બોલ્યો: "કહી દે એમને, કે હાલ હું કોઇને જ મળવા માગતો નથી. મારી આજ્ઞા વિના કોઈ પણ સમુદ્રગૃહમાં થઇને મસલતખંડમાં આવી શકશે નહિ."

લશ્કરી ઢબે નમન કરીને પ્રતિહાર ચાલ્યો ગયો. માથું ખંજવાળતો ખંજવાળતો ભદ્રિલ બોલ્યો: "મહારાજ, ધ્રુવદેવી તો સ્ત્રીજાત. કેમ કરીને હું તેના શરીરે હાથ અડાડી શકું ?"

રામગુપ્ત ઉત્તર આપે તે પહેલાં જ વળી એ પ્રતિહાર ધસી આવી બોલ્યાઃ "મહારાજ, નાગરિકોનું ટોળું અને નગર-સંઘનું સૈન્ય લઈને પટ્ટમહાદેવી દત્તદેવી મસલતખંડમાં આવી રહ્યાં છે. કોઈ તેને અટકાવી શકતું નથી."

રામગુપ્તનો જીવ ફફડી ઊઠયો. તેને એકદમ સાન આવી ગઈ કે સિંહાસને બેસીને મુગટ ધારણ કર્યાથી જ બધે સ્વેચ્છાચાર ચલાવી શકાતો નથી. મોં સામેનો શિકાર કદાચ દત્તદેવી પડાવી લે એ બીકથી રામગુપ્તે વળી ધ્રુવદેવીને કેદ કરવાની આજ્ઞા કરી. ભદ્રિલે બીજી વાર પણ ના પાડી. હતાશ થઇને મહારાજ રામગુપ્ત બોલ્યા: "લાવ ત્યારે, હું જ એને બાંધું !"

એકદમ સિંહાસનની સામે ધસી જઇ ધ્રુવદેવી બોલી: "આપને એટલું બધું કષ્ટ ઉઠાવવાની જરૂર નથી, મહારાજ !

આ અભાગણી અબળા પર મહારાજાધિરાજની જો આટલી બધી દયા છે, તો હું સ્વેચ્છાએ જ મથુરા જઇશ."

એકાએક વીજળી ત્રાટકી પડી હોય તેમ મંત્રણાગૃહના બારણાં આગળ બોલ સંભળાયોઃ "કોને બાંધે છે રામગુપ્ત ? ક્યાં છે મહાદેવી ધ્રુવદેવી ?"

લાંબા વખતની ટેવ મુજબ મહારાજાધિરાજ ઊઠીને ઊભા થયા. વંટોળને વેગે ધસી જઇ ધ્રુવદેવી દત્તદેવીની છાતીએ વળગી પડી. આર્ત્તસ્વરે તે ચીસ પાડી ઊઠીઃ "મા, મા !"

દત્તદેવી બોલી ઊઠીઃ "ધ્રુવા, ધ્રુવા, મારી દીકરી !"

રામગુપ્તને સમજાઈ ગયું કે હવે તો ઘડી બે ઘડીમાં સિંહાસન સરકી જવાનું. એટલે સમુદ્રગુપ્તનો એ મોટો પુત્ર કરડાકીભેર દત્તદેવીને પૂછવા લાગ્યોઃ "કોની રજાથી આપ મંત્રણાગૃહમાં પેસી ગયાં ?"

રામગુપ્તની પણ આગળ જઈ, સિંહાસનને નમસ્કાર કરી વૃદ્ધા બોલીઃ "મહારાજાધિરાજ શું મને પૂછી રહ્યા છે ? દત્તદેવી કોણ છે તેની મહારાજાધિરાજ રામગુપ્તને ખબર છે ?"

"આપ આપના અધિકાર ઉપરવટ વર્તન દાખવી રહ્યાં છો."

"ઓ ક્ષુદ્ર જીવડા, ભૂલી ગયો, કોણે તને સિંહાસને બેસાડ્યો છે ? ઓ દાસીપુત્ર, કોને સિંહાસને બેઠો છે તે જાણે છે ખરો કે ? સાંભળી લે, હું કંઈ તારી માતાની જેવી સમુદ્રગુપ્તની રખાત નથી. હું તો છું સામ્રાજ્યની પટ્ટમહાદેવી. ઊતર આર્યપટ્ટ પરથી !"

એ સાંભળી રામગુપ્ત ગાજ્યો: "કોઇ છે કે ? કેદ કરો આ બુઢ્ઢીને ?"

સિંહણ સમી વૃદ્ધા મહાદેવીને આંગળી સરખી અડાડવાની કોઈનામાં હિંમત નહોતી.

દત્તદેવીએ આદેશ કર્યો: "પાટલિપુત્ર મહાનગરમાં મર્દ કેટલાક છે ?" તરત જ હારબંધ ગોઠવાયલા અગણિત હથિયારબંધ નાગરિકો મસલતખંડમાં દાખલ થયા. આખો ય મસલતખંડ ખીચોખીચ ભરાઇ ગયો. દત્તદેવીએ ફરીને આદેશ આપ્યો: "આ કુલાંગારને સિંહાસન પરથી ઉતારી પાડી કેદ કરો !"

વૃદ્ધ નગરશેઠ જયનાગ, ઈન્દ્રદ્યુતિ અને જયકેશી સાથે ધ્રુવદેવીની સામે ઊભો હતો. એક જ કૂદકે તે આર્યપટ્ટ પર ચઢી ગયો, રામગુપ્તનો હાથ પકડી લીધો ને બોલ્યો: "ઊતરી પડો, રામગુપ્ત."

રામગુપ્તનો બીજો હાથ પકડી ખેંચતાં ખેંચતાં ઇન્દ્રદ્યુતિ બોલ્યો: "કંઇ રસ્તો ભૂલી અહીં ચઢી બેઠા છો, ભાઈ મારા ! બહુ દિવસ બહુ હેરાન કર્યા. ઊતરો હવે."

એકાએક જબરજસ્ત જયધ્વનિ વડે એ પથ્થરી રાજમહેલનો ખૂણેખૂણો ધમધમી ઊઠયો : " જય, મહારાજ ચન્દ્રગુપ્તનો જય !"

બહાર ઊભેલા લોકોએ માનભેર રસ્તો કરી આપ્યો. માધવસેના સાથે ચન્દ્રગુપ્ત મસલતખંડમાં દાખલ થયો. ધ્રુવદેવી તે વેળા દત્તદેવીની પાછળ ઊભી હતી એટલે ચન્દ્રગુપ્ત તેને જોઈ શકયો નહિ. ગાંડાની પેઠે તે બૂમ મારી ઊઠયો:

"ધ્રુવા ! ધ્રુવા !"

પાછળ રહી રહી માધવસેના બોલી ઊઠી: "યુવરાજ, પેલાં રહ્યાં ધ્રુવદેવી, મહાદેવી દત્તદેવીની પાછળ ઊભાં છે."

એટલે ચન્દ્રગુપ્ત બોલી ઊઠયો: "ગભરાઈશ નહિ, ગભરાઈશ નહિ, હું આવી પહોંચ્યો છું." પણ પછી માતા તરફ નજર પડતાં જરા છોભીલો પડી બોલ્યો: "અરે, ઓ, મા ! તમે પણ અહીં આવ્યાં છો ?"

મંત્રમુગ્ધની પેઠે વૃદ્ધા પટ્ટમહાદેવી પુત્રને ટગરટગર જોઈ રહી હતી. આટલી બધી વાર પછી તેના હોઠ પર આછું સ્મિત પ્રકટયું. ચન્દ્રગુપ્ત તરફ જોઈને તે બોલી: "ચન્દ્ર, આ સિંહાસન તારું જ છે ! માન ને ગુમાનમાં મેં જબરી ભૂલ કરી નાખી છે. હવે એ ભૂલ હું સુધારી લેવા માગું છું. સિંહાસન પર બેસી જઈ રાજદંડ ધારણ કરી લે. શકરાજે પ્રયાગનો કબજો લીધો છે. તેને તારે યોગ્ય નસિયત કરવાની છે."

મોં ફેરવી લઈ ચન્દ્રગુપ્ત બોલ્યો: "મસ્તક નમાવી તમારી બીજી દરેકેદરેક આજ્ઞાનું હું પાલન કરીશ, મા. પણ આ આજ્ઞાનો તો મારે અનાદર કરવો પડશે. તમારી જ આજ્ઞાથી મેં સિંહાસનનો ત્યાગ કર્યો છે. તમારા પવિત્ર ચરણોનો સ્પર્શ કરી મેં પ્રતિજ્ઞા લીધી છે કે રામગુપ્ત જીવતા હશે ત્યાં સુધી હું આર્યપટ્ટને અડીશ સુદ્ધાં નહિ, એ વાત તમે ભૂલી ગયાં, મા ? મારા સમગ્ર જીવનબળનું મૂળ તમે જ છો, મા. તમે કદાચ ભૂલી ગયાં હશો, પણ હું નથી ભૂલી શકયો."

અત્યંત ઉશ્કેરાટભેર વૃદ્ધા દત્તદેવી બોલી ઊઠી: "જયનાગ, ઇન્દ્રદ્યુતિ, રામગુપ્તની હત્યા કરો, સિંહાસનનું કંટક દૂર કરો,

નહિ તો સામ્રાજ્ય ખેદાનમેદાન બની જશે! પાટલિપુત્ર હતું ન હતું થઇ જશે."

તે વખતે દત્તદેવી સામે ઘૂંટણભેર બેસી જઈ, સાથે સાથે ખુલ્લી તલવાર લંબાવી ઇન્દ્રદ્યુતિને આગળ વધતો અટકાવી ચન્દ્રગુપ્ત બોલી ઊઠયોઃ "મા, હું પણ સમુદ્રગુપ્તનો જ પુત્ર છું એ કેમ એકદમ વિસરી ગયાં? મારી જ સામે એક સામાન્ય નાગરિક મારા ભાઇની હત્યા કરે અને હું પથ્થરની જડ મૂર્તિ પેઠે ઊભો ઊભો એ જોઈ રહું? આવી કઠોર આજ્ઞા શીદ આપો છો, મા? તે કરતાં તો પહેલી મારી જ હત્યા કરવાની આજ્ઞા આપો, મા."

અનંત આકાશ સમુદ્રગુપ્તની વૃદ્ધ પટરાણીના માથા પર તૂટી પડયું હોત તો યે ઓછું અચરજ થયું હોત. ચન્દ્રગુપ્ત ન તો સિંહાસન પર બેસતો હતો કે ન તો સિંહાસનનું કંટક દૂર કરવા દેતો હતો. રાજ્યમાં અંધાધુંધીનો પાર ન હતો. કાયમનો શત્રુ શકરાજ સામ્રાજ્યને ઉંબરે આવી પહોંચી પાટલિપુત્રની સામે તલવાર ઉગામી રહ્યો હતો. અજાણતાં જ દત્તદેવીના મુખમાંથી શબ્દો સરી પડયાઃ "તો પછી શું થશે, ચન્દ્ર?"

ઊભો થઇ જઈ ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "મા, જ્યાં સુધી રામગુપ્ત જીવે છે ત્યાં સુધી સામ્રાજ્ય તેનું જ છે. સમુદ્રગુપ્તના આદેશ વિરુદ્ધ તમારો આદેશ હોઈ શકે નહિ. જયનાગ, મહારાજાધિરાજનાં બંધન છોડી નાખો."

પછી બીકથી કંપી રહેલા રામગુપ્ત તરફ ફરી, તલવાર ફેરવી લશ્કરી ઢબે નમન કર્યા બાદ તેનો હાથ પકડી તેને

આર્યપટ્ટ પર બેસાડતાં બેસાડતાં ચન્દ્રગુપ્ત બોલ્યો: "મહારાજાધિરાજ, આપની રાંક પ્રજાનાં પાયલાગણાં સ્વીકારો. ખુશખુશાલ આ સિંહાસનનો ઉપભોગ કરો. પણ યાદ રાખજો મહારાજ, જ્યાં સુધી પ્રજાહિત હૈયે રાખશો ત્યાં સુધી જ રાજ્ય તમારું છે. અત્યાચારી રાજાના હાલહવાલ ધ્યાનમાં રાખી રહેજો. ચાલો, મા !"

એકાએક ધ્રુવદેવી ત્યાં આવીને ઊભી, ને ચન્દ્રગુપ્તને પ્રણામ કરતાં બોલી: "આર્યપુત્ર, આજ્ઞા આપો. મહારાજનો આદેશ માથે ચઢાવી મથુરા જાઉં છું."

હેબકાઇ ગએલો રામગુપ્ત ઊંચોનીચો થઈ જતાં બોલી ઊઠયો: "ના, ના, હવે એવું કશું જ કરવાની જરૂર નથી."

આર્યપટ્ટની સામે ઘૂંટણમંડીએ બેસી જઇ ધ્રુવા બોલી: "મહારાજ, ધરવંશની કન્યા એમ સહેલાઇથી વચનભંગ કરશે નહિ. અત્યાર સુધી સિંહાસન સામે નાકલીંટી કરતાં કરતાં કહી રહી હતી કે હું એકલ અબળા, નિરાધાર નારી પર અત્યાચાર મા કરો; ત્યારે તો આપે એક પણ શબ્દ સાંભળ્યો નહિ. જોરજુલમની હદે પહોંચી જઈ મારી પાસે વચન લીધું ત્યારે જ આપને જંપ વળ્યો. હવે તો હું વચનથી બંધાઈ ચૂકી. એટલે મથુરા જઈશ જ જઈશ."

જાણે તે જ પળે ચન્દ્રગુપ્તને ભાન આવી ગયું હોય તેમ બંને હાથે ધ્રુવદેવીના ખભા પકડી તે ચીસ પાડી ઊઠયો: "શુંઉઉઉ ? શું બોલ્યાં ? તમે મથુરા જશો ? તમે ? રૂદ્રધરની કન્યા ? સામ્રાજ્યનાં પટ્ટમહાદેવી ? ને તે માટે મારી આજ્ઞા માગો છો ? ધ્રુવા, આજ્ઞા આપવાવાળો હું કોણ ?"

ધ્રુવદેવી બોલી: "સ્વામી, આપ આજ્ઞા ન આપો તો કોણ આપશે? વચન દઈ ચૂકી છું. વચનનું રક્ષણ કરો, સત્યનું રક્ષણ કરો પ્રભુ!"

ચન્દ્રગુપ્ત બોલ્યો: "વચન? સત્ય? અરે સત્યની તો આ બધી માયાજાળ છે! સંસારમાં જેટલું જેટલું જુઠાણું સંચિત થયું હોય તે તમામ સત્ય ને શાસ્ત્રનો સ્વાંગ સજી ફરતું ફરે છે. ધ્રુવા, સારુંય જગત જાણે છે કે તમે મારાં છો. તમારા પિતા–વૃદ્ધ મહાનાયક રુદ્રધર ધ્રુવાને મારા હાથમાં સોંપી કન્યાદાન કરી ચૂક્યા છે. દેવો સાક્ષી છે, પાટલિપુત્રના હજારો નાગરિકો સાક્ષી છે, મારો આત્મા સાક્ષી છે. પણ વા, સંસારનાં સત્ય અને વ્યવહારશાસ્ત્ર શું કહે છે તે તમે જાણો છો કે? કહેશે: તમે–ધ્રુવા તો સામ્રાજ્યના યુવરાજનાં વાગ્દત્તા પત્ની છો, મારાં નહિ."

ધ્રુવા બોલી: "પણ પ્રભુ, અસહ્ય જોરજુલમ, નરકયાતનાઓ, ગાળગલોચ–એ બધું સહ્યા છતાં ય હું તો આપની જ દાસી રહી છું. રુચિપતિ મને પકડીને ઉદ્યાનવિહારે લઈ જવા માગે છે એમ જાણ્યા છતાં યે હું તો આપના જ ચરણોનું ધ્યાન ધરી રહી હતી. પણ,—પણ, આ દાસીપુત્ર રાજા થયો! ને એણે મને મથુરા મોકલી આપવાનું વચન આપ્યું છે. હું કોણ? રુદ્રધરની કન્યા. જીવ જતાં ય વચનનો ભંગ ન કરું."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "ધ્રુવા, પિતાજીની માનમર્યાદા અને માતાની આજ્ઞા માથે ચઢાવી મારા લોહીમાંસના હૃદયને મેં જડ પથ્થર બનાવી દીધું હતું, પણ પાણીનો ધોધ સામો આવી પડતાં એ પથ્થર ઘસડાઈ ગયો. ધ્રુવા, મારો તારો સંબંધ તું

જાણે છે પણ હાલમાં તું–તમે મહારાજનાં વાગ્દત્તા પત્ની અને હું છું રસ્તે રખડતો ભિખારી. રખડતો થવા છતાં, નટીના અન્ન પર જીવ્યા છતાં ય, ધ્રુવા મારી છે એ વાત તો હું ભૂલી શકયો જ નથી.”

એકાએક કુમાર ચન્દ્રગુપ્તનું હૈયું ભરાઈ આવ્યું. થોડી વાર પછી સ્વસ્થ થઈને તેણે ઊંચું જોયું તો ધ્રુવદેવીને બાથમાં લઈને ઊભેલી દત્તદેવી મૂગીમૂગી દડદડ આંસુ વહાવી રહી હતી. એક રામગુપ્ત વિના મસલતખંડમાં બધાંની જ આંખો ભીની હતી!

માતાની આંખમાં અશ્રુ જોતાં જ ચન્દ્રગુપ્ત ચીસ પાડી ઊઠયો: “મા, મા, ક્ષમા કરો. લાડેકોડે ઊછરેલા રાજપુત્રનું ગભરુ હૈયું તમારી જ આજ્ઞાને વશ થઈ ગંગાજળમાં વિસર્જન કરી આવી પેટનો ખાડો પૂરવા મેં ભીખ માગી, પણ તો ય વિસરી શકયો નથી કે ધ્રુવા મારી છે. જીવનભર મદિરાનો પડછાયો અંગ પર પડવા દીધો નથી, પણ ધ્રુવાને ભૂલી જવા માટે અંતે ગળાબૂડ સુરાપાન પણ કર્યું, ગાંડો બની ગયો, પણ અંતે સુરાએ પણ સાફસાફ સંભળાવી દીધું: એ તો નહિ જ ભુલાય! નહિ જ ભુલાય! કેટકેટલા ય અનાચાર આદર્યે ગયો પણ.... પણ....હંમેશ અપાર્થિવ ધુમસ સરખો ગાઢ પડદો મારી સન્મુખ પથરાઈ જાય અને તેના પર ધ્રુવાની ઝાંખી ઝાંખી અપ્રતિમ મૂર્તિ એકાએક ફૂટી નીકળે; પણ તેને અડવા જતાં જ તે અજવાળામાં અલોપ થઈ જાય!......એ જ આ ધ્રુવા અને તે જ આ હું. હું જીવતો હોઉં ત્યાં સુધી ધ્રુવા મથુરા જાય? એ કોઈ કાળે બનશે નહિ, મા!”

દત્તદેવીની બાથમાં મોં છૂપાવી ઊભેલી ધ્રુવદેવી બોલી: "ક્યારે ય આપની આજ્ઞાનો અનાદર કર્યો નથી, પ્રભુ, પણ આજે તો આપ આજ્ઞા આપો. આ પાપી પાટલિપુત્ર નગર છોડી અબઘડી ચાલી જાઉં. સૂર્યચંદ્રની સાખે આપ મારા સ્વામી છો, પણ આપે તો મારો સ્વીકાર કર્યો નથી. તો શું આપત્તિમાં પણ મારું રક્ષણ ન કરો ? આપના મોટાભાઈ મહારાજાધિરાજ રામગુપ્ત મારા જેઠ છે. પણ હું અબળાને એકલી પડી ગયેલી જોઇ, મને નિરાધાર જોઈને પોતાને ન છાજે એવાં પ્રેમનાં ભાષણ એમણે કાઢયાં છે. એમનો મંત્રી રુચિપતિ મને ઉદ્યાન-વિહારે લઈ જવા માગે છે. પોતાનું લોહી આ આર્યપટ્ટ પાસે વહેવડાવી મારા પિતા પાપનું પ્રાયશ્ચિત કરી ગયા છે. મારે મન આ પાટલિપુત્ર નરક છે. એની સરખામણીમાં મથુરા તો સ્વર્ગ છે. એટલે જ મથુરા જવાનું હું કબૂલી ચૂકી છું."

ચન્દ્રગુપ્ત ઊંચોનીચો થઇ ગયો. આવેગથી તીવ્ર બની ગએલ સાદે તે બોલી ઊઠયો: "મહારાજ, ધ્રુવાને મથુરા મોકલી આપવાનો આદેશ શું આપે જ કર્યો છે ?"

રામગુપ્ત બોલ્યો: "શું કરું, ભાઈ ? તમે બધા તો કોઇ હતા નહિ. શકરાજ જોર કરી રહ્યો છે. પ્રયાગ કબજે કરી તેણે કહેવડાવ્યું છે કે ધ્રુવદેવીને ન મોકલો તો પાટલિપુત્રને ધૂળ-ભેગું કરીશ."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "કેવી ભયંકર વાત ? મહારાજ, શક-રાજની ધૃષ્ટતાનો યોગ્ય બદલો વાળવો જ જોઇએ."

રામગુપ્ત બોલ્યો: "ભાઇ, રાજભંડારનાં તળિયાં દેખાવા લાગ્યાં છે, રાજ્યનું સૈન્ય વેરવિખેર છે, નાગરિકોએ બળવો

ઊઠાવ્યો છે. ધ્રુવદેવીને આજે જ મથુરા ન મોકલીએ તો પાટલિપુત્રનું રક્ષણ થવું શકય નથી."

એક જ ફલંગે વ્યાસપીઠ પર ચઢી જઈને ચન્દ્રગુપ્ત બરાડી ઊઠયો: "ધિક્કાર છે તને, ક્ષત્રિય કુલાંગાર! ધિક્કાર રામગુપ્ત, ધિક્કાર છે તને! તું શું એમ માને છે કે કાયમના શત્રુને પડયે બોલે કુલનારીને મથુરા મોકલી આપ્યાથી તું કાયમને માટે નચિંત બની જઈ પાટલિપુત્રના આર્યપટ્ટ પર ઠરીઠામ પડ્યો રહીશ?"

હબકી ગએલો રામગુપ્ત આર્યપટ્ટ પરથી સફાળો ઊઠીને ઊભો થવા જતાં લથડિયું ખાઇ ગબડી પડયો. હાથ પકડી ચન્દ્રગુપ્ત તેને ઉઠાડવા જતો હતો, ત્યાં તો હત્યાભયે થથરી ઊઠેલો રામગુપ્ત રડી પડયો: "મારીશ મા, મારીશ મા, ભાઇ, મને જીવતેજીવત મારીશ મા."

રામગુપ્તને પુનઃ સિંહાસન પર બેસાડી દઈ, લશ્કરી ઢબે તેને નમન કરતાં ચન્દ્રગુપ્ત બોલ્યો: "મહારાજાધિરાજનો જય! હું તો મહારાજની રાંક રૈયત છું. આપને શ્રીચરણે મારી બે માંગણી છે."

રામગુપ્ત કહે: "માંગણી કેવી, ભાઈ? તું જેમ કહેશે તેમ જ થશે. સામ્રાજ્ય શું તારા પિતાનું પણ નથી? તારી આજ્ઞાનો અમલ અબઘડીએ જ નગરેનગરમાં થવા માંડશે."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "મહારાજ, પહેલી માંગણી એ કે કાયમના શત્રુની ધમકીને વશ થઈ કુળવધૂને શત્રુનગરમાં મોકલી આપી ગુપ્ત રાજવંશનું ટટ્ટાર મસ્તક રાજવીઓ સમક્ષ નમા-

વશો નહિ. બીજી માંગણી, ચન્દ્રગુપ્ત જીવતો હોય ત્યાં સુધી ધ્રુવાને અંગે આંગળી સરખી અડાડશો નહિ. રુદ્રધરની કન્યાએ વચન આપ્યું છે કે સમ્રાટની આજ્ઞાને વશ થઇ પોતે મથુરા જશે, તે વચનનું પાલન થશે ખરું; પણ તે અમુક અંશે—જુદે જ રૂપે. ધ્રુવાનું રૂપ જશે ખરું, પણ તે રૂપમાં જશે સમુદ્રગુપ્તનો પુત્રઃ ચન્દ્રગુપ્ત. મહારાજ, શકરાજના દૂતને બોલાવી કહી દો કે મહાદેવી ધ્રુવદેવી ભાણુ રૂપે મથુરા તરફ ઊપડશે. ધ્રુવા, મારી આજ્ઞા છે કે તમે માતાજી સાથે જાઓ. હવે તો પાછો ફરી શકું તો વળી આપણો મેળાપ થશે. તમારું વચન પાર પડશે. તમારી પાલખી મથુરા જશે; પણ એ પાલખીમાં જશે ધ્રુવારૂપધારી ચન્દ્રગુપ્ત."

આવેશનો વેગ એકદમ ઓસરી જતાં દત્તદેવીની બાથમાં મોં છુપાવી ધ્રુવદેવી છાની છાની રૂદન કરી રહી હતી. ચન્દ્ર-ગુપ્તની વાત સાંભળી તે બોલી પડીઃ "આ બધું શું થઈ ગયું, માડી ?"

નિઃશબ્દ પગલે દેવગુપ્ત અને રવિગુપ્ત વગેરે મુખ્ય વૃદ્ધ નાયકો મસલતખંડમાં આવીને ઊભા હતા, પણ તેમના તરફ કોઈની નજર ગઈ નહોતી. વદેવીનું કથન પૂરું થતાં પહેલાં જ બારે વૃદ્ધ ચન્દ્રગુપ્તની ફરતે વિંટળાઈ વળ્યા ને બોલ્યાઃ "ચન્દ્રગુપ્ત, આપ મથુરા એકલા જઈ શકશો નહિ. સમુદ્રગુપ્તનું અન્ન ખાઈ ઊછરેલા પાટલિપુત્રના અનેક શૂરવીરો પણ આપની સાથે જ આવશે."

બારે પ્રધાનોની બારે તલવાર પ્રખર સૂર્યપ્રકાશમા ચમકી ઊઠી. સાથે સાથે મસલતખંડમાં ઊભેલા દરેક જણે તલવાર

ભેઠમાંથી ખેંચી કાઢી લશ્કરી ઢબે વીરનાં ઓવારણાં લીધાં. સેંકડો તલવારની ઝલકથી થથરી ઊઠેલો મહારાજાધિરાજ રામગુપ્ત ત્યાંથી ભાગી જવા જતાં બીજી વાર સિંહાસન પરથી ગબડી પડ્યો. માતાને વળગી પડી ચન્દ્રગુપ્ત તે જ વેળા બોલી ઊઠયોઃ "મા, મા, ખરે, મગધ હજી ય મરી પરવાર્યું નથી. મહારાજાધિરાજ, પટ્ટમહાદેવી ધ્રુવદેવીથી કંઈ એકલાં જ મથુરા જવાય? આજ્ઞા આપો કે સખી તરીકે પાંચસો કુળનારીઓ પણ તેમની સાથે જ જાય."

વૃદ્ધ જયનાગ નાચતાંકૂદતાં બોલી ઊઠયોઃ "પાંચસો કુળનારીઓને વેશે મગધના પાંચસો પુરુષ!"

રામગુપ્ત બોલ્યોઃ "તારી જેવી ઈચ્છા, ભાઈ, આ રાજ્ય તારું જ છે."

ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "માત્ર એક જ બાઈ માણસ સાથમાં જોઈએ."

માધવસેના બોલી ઊઠીઃ "કુમાર, આજ્ઞા આપો, સેવામાં તત્પર છું."

દત્તદેવી બોલીઃ "તમે? નટીમુખિયણ, તમે?"

માધવસેના કહેઃ "હા, હું જ. મહાદેવી, નટીને જો નારીત્વનો અધિકાર હોય તો નટી માધવસેના પ્રભુની સાથે જવા તૈયાર છે."

દત્તદેવીની પાસે ઘૂંટણમંડીએ બેસી જઈ, માતાના બંને પગ પકડી લઈ ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "હવે વિલંબ ન થવો ઘટે. આજ્ઞા આપો, મા! કદાચ આ કામમાં મરી જાઉં તો ય પિતાજીના

મુખનું સ્મરણ કરી એક વાર હસી લેજો."

સિંહણ સમી વૃદ્ધા મહાદેવીની બંને આંખો સૂકી જ રહી. તેના બોલમાં લેશ પણ કંપ નહોતો. તે બોલી: "આશીર્વાદ આપું છું, બેટા, વિજય કર. કુળગૌરવનું રક્ષણ કર. વીરોચિત કાર્ય માટે નીકળેલા પુત્રની વિપત્તિની શંકા આણી વિદાય વેળા આંખમાંથી આંસુ ટપકાવે એવી માએ તને જન્મ આપ્યો નથી, ચન્દ્ર !"

ઊઠીને ઊભા થઇ જતાં ચન્દ્રગુપ્ત બોલ્યો: "વિદાય, મા ! વિદાય, ધ્રુવા !"

પછી રામગુપ્તને પ્રણામ કરીને બોલ્યો: "વિદાય, મહારાજ !"

મસલતખંડમાંથી બધા ચાલ્યા ગયા એટલે ધ્રુવદેવી બોલી: "મા, મારે માટેની સ્વામીની આજ્ઞા સાંભળી લીધી ને ? મહા-સ્મશાનમાં ભીખી માગેલાં અન્નનો એક જ કણ તમે દેજો, દાસીને તો એટલો ય પૂરતો થઇ પડશે."

સાંજ પડી. પ્રખર સૂર્યકિરણો નરમ પડવા માંડ્યાં. સાથે સાથે સમુદ્રગુપ્તના લુપ્ત ગૌરવ પર પથરાયેલી અંધકારની ઘેરી શોકછાયાએ પણ પાટલિપુત્ર નગરમાંથી વિદાય લીધી. ભાસ્કર આથમી જઇને આદિત્ય રૂપે પુનઃ ઝળકી ઊઠવાનો છે ખરો—પણ તે રામગુપ્તનો રાજ્યામલ ઊતરી ગયા પછી.

*

પ્રકરણ ૧લું

શકારિ

કાલિંદીનાં કાળાં પાણી જેના પાયા પખાળી રહ્યાં છે તે કુશાન વંશના સમ્રાટોના ભવ્ય લાલપથ્થરી રાજમહેલમાં આજે મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. ત્રણસો વરસ પહેલાં ચીનના સૈન્યનો નાશ કરી પ્રથમ સમ્રાટ કનિષ્ક મથુરા પાછો ફર્યો હતો ત્યારે પણ આવો જબરો સમારંભ ન થયો હોય. કારણ—?

કારણ આજે ધ્રુવદેવી મથુરા આવતી હતી. જે ગુપ્ત સમ્રાટની આંગળીને ઇશારે જ શાહીશાહાનુશાહી દેવપુત્ર શકરાજ કંપી ઊઠતો, તે જ સમુદ્રગુપ્તના પુત્રે શકરાજથી ડરી જઈને વિવાહિતા પટ્ટમહાદેવી ધ્રુવદેવીને આજે મથુરા મોકલી આપી હતી. કેટલાય કાળ પછી શકજાતિનું લુપ્ત ગૌરવ પુનઃ સજીવન થઈ રહ્યું છે. મથુરામાં આવો મહાસમારંભ કદી જોયો હોય એવું ત્યાંના વૃદ્ધમાં વૃદ્ધ માણસોને પણ યાદ આવતું નહોતું.

સંખ્યાબંધ શકલલનાઓ બનીઠનીને વધામણીના ચોખાનાં પાત્ર હાથમાં રાખી રસ્તા પર હારબંધ ઊભી છે. રમવાનાં ધનુષ્યબાણ લઈ શક બાળકો ગુપ્ત સમ્રાટ રામગુપ્તનો વધ કરવાની રમત રમી રહ્યાં છે. પણ મથુરાના હિંદુ રહેવાસીઓનાં મુખ કાળાં ધબ્બ પડી ગયાં છે, કારણ કે ધ્રુવદેવીનું મથુરા આગમન આર્યાવર્તની હિંદુ જાતિના અપમાન રૂપ હતું. ધ્રુવદેવી કંઈ ગુપ્ત વંશની કન્યા ન હતી, ને શકરાજ કંઈ રીતસર

પાણિગ્રહણ કરવાનો ન હતો. આ તો યુદ્ધથી ડરી જઈને ગુપ્ત વંશનો સમ્રાટ રામગુપ્ત પોતાની પરિણીતા પત્ની અને પટરાણીને શકરાજની ચરણસેવા માટે મથુરા મોકલી આપતો હતો.

વહેલા પરોઢથી મહારાજાધિરાજ દેવપુત્ર–કુશાનપુત્ર શાહી સાતમો વાસુદેવ વિશાળ સભામંડપમાં ધ્રુવદેવીની રાહ જોતો આસન પર બેઠો છે. માળવા અને સૌરાષ્ટ્રમાંથી જે જે અગણિત શકરાજવીઓ અને શકસેનાનીઓ મગધ સામેના યુદ્ધના પ્રારંભથી જ મથુરા આવ્યા હતા, એ બધા જ સમુદ્રગુપ્તના વંશનું આ દારુણ અપમાન નિરખવા માટે સભામંડપમાં એકઠા થયા છે. સૌરાષ્ટ્રનો રાજા મહાક્ષાત્ર પૌરસ્વામી રુદ્રસિંહ, ઉજ્જયિનીનો રાજા સ્વામી ક્ષત્રપ જયદામ વગેરે સ્વતંત્ર રાજાઓ શકજાતિનું લુપ્ત ગૌરવ પુનઃ સજીવન કરવા માટે કેટલાય વખતથી શક સામ્રાજ્યની રાજધાની મથુરામાં આવી પડયા હતા. આજે તેઓમાંથી કેટલાક વાસુદેવના સિંહાસનની ડાબી બાજુએ અને બાકીના જમણી બાજુએ આસન પર બેઠા છે. વિશાળ સભામંડપમાં અસંખ્ય આસનો પર પંચનદ, શૌરસેન, આનર્ત્ત, કૂકૂર, અશ્મક, અપરાન્ત, માલવ વગેરે દેશોના શકસામંતો માંડળિકો બિરાજ્યા છે. બધા જ માનતા હતા કે સમુદ્રગુપ્ત જે શક–રાજલક્ષ્મીનું હરણ કરી ગયો હતો તે આજે પુનઃ શકરાજપુરમાં આવી રહી છે. એટલે દ્વારે દ્વારે મંગળ વાદ્યો વાગી રહ્યાં છે, મંડપ તરફ વળતો માર્ગ સુગંધિમય પાણીથી છંટકાયેલો અને ફૂલોથી છવાઈ ગયેલો છે. આ મહોત્સવમાં માત્ર ભારતવર્ષીય સેવકો અને અનુચરોનાં મોં શરમથી નીચા નમી ગયાં છે.

એકાએક સિંહાસનની સામે આવી, લળી લળી નમન કરતાં એક શક સૈનિક બોલ્યો: "મહારાજાધિરાજનો જય! પરમેશ્વરી, પરમભટ્ટારિકા મગધનાં પટ્ટમહાદેવી ધ્રુવદેવી પાંચસો કુલમહિલાઓ સાથે સભામંડપની બહાર આવી પહોંચ્યાં છે."

વાસુદેવ બોલ્યો: "સમુદ્રગુપ્તનો પુત્ર આટલી બધી સરળતાથી નમી પડશે એવો મને તો સ્વપ્ને ય ખ્યાલ નહોતો!"

સ્વામી રુદ્રસિંહ કહે: "મગધનો ગુપ્ત વંશ ખખડી ગયો છે એમાં હવે કશી જ શંકા નથી."

જયદામ બોલ્યો: "રામગુપ્ત આટલો બધો બાયલો હશે તેની તો કોઇને ય જાણુ નહોતી. એ અક્કલહીણાએ પોતાની પટરાણીને અહીં ધકેલી મોકલી બદલામાં પ્રયાગ કૌશામ્બી પાછા માંગ્યાં છે!"

દામસેન બોલ્યો: "મહારાજ, યુદ્ધની બધી જ તૈયારીઓ થઈ ગઇ છે. હિમાલયથી માંડી સૌરાષ્ટ્ર સુધીના બધા જ મુખ્ય મુખ્ય શક માંડળિકો મહારાજની આજ્ઞાનુસાર યુદ્ધ માટે તત્પર છે. અગ્રગામી સૈન્યો પ્રયાગ કૌશામ્બીમાં મહારાજના આદેશની રાહ જોતાં ઊભાં છે."

વાસુદેવ કહે: "હું તો ધારતો હતો કે પટ્ટમહાદેવીને મથુરા મોકલી આપવાનું કહેણુ મોકલતાં જ રામગુપ્ત રાતોપીળો થઈ જશે ને દૂત સાથે ફાવે તેમ બોલવા મંડી પડશે; સાથે સાથે આપણી સેનાને પણુ બે દિશામાંથી મગધ પર છાપો મારવો પડશે. સમુદ્રગુપ્તનો કુલાંગાર મારો આદેશ મળતાં વેંત જ પોતાની ધર્મપત્નીને મથુરામાં દાસીપણું કરવા મોકલશે તે તો કેમે કરી મારા મનમાં વસતું નહોતું!"

જયદામ કહે: "મહારાજ, સમુદ્રગુપ્ત તો પોતાને ક્ષત્રિય તરીકે ઓળખાવી મૂછો આમળાવતો હતો, તે આ જ તેની ક્ષત્રિવટ કે ?"

વાસુદેવે જવાબ દીધો: "વેદના વારાથી સાંભળતા આવીએ છીએ કે ભારતવર્ષના ક્ષત્રિય પાસેથી તલવાર, અશ્વ ને સ્ત્રીની માગણી કરવી એટલે જ યુદ્ધનું નોંતરું દેવું. થોડા મુલક ગુમાવવાના ડરથી પોતાની ધર્મપત્નીને રામગુપ્તે દાસીપણું કરવા મથુરા મોકલી આપી છે, એની ખબર પડતાં જ ભારતના ક્ષત્રિ સમાજનું માથું શરમથી નીચું નમી પડવાનું !"

રુદ્રસિંહે યાદ આપી: "મહારાજ, ગુપ્ત સામ્રાજ્યનાં મહાદેવી બારણે જ તપ્યાં કરશે ?"

વાસુદેવ બોલ્યો: "મહાક્ષત્રપો, હું કંઈક મૂંઝવણમાં આવી પડયો છું. રામગુપ્તની પટરાણીને અન્તઃપુરમાં રાખવા માટે મેં થોડી જ તેડાવી હતી ? માત્ર રામગુપ્તનું અપમાન કરવા માટે જ મેં તો એવું કહેવડાવી મોકલ્યું હતું. હવે એ યુવતિનું કરવું શું ?"

દામસેન બોલ્યો: "રૂપાળી હોય તો રહેશે મહેલની નર્તકી રૂપે !"

જયદામ બોલ્યો: "ના, ના, એમ કર્યાથી પણ એનું બરાબર અપમાન ન થાય. ધ્રુવદેવીનું તો એવું અપમાન કરીને પાટલિપુત્ર પાછી વળાવી દેવાની છે કે કહેવાની વાત નહિ; યુદ્ધની ઘોષણા પણ સાથે સાથે જ કરી દેવાની !"

વાસુદેવ કહે: "યુદ્ધઘોષણામાં હવે બાકીય શું રહ્યું છે, જયદામ ? પ્રયાગ અને કૌશામ્બી તો કબજે કરવામાં આવ્યાં

છે જ. પ્રતિષ્ઠાનનો કિલ્લો પણ ઘેરી લીધો છે. તો પણ ડરપોક કૂતરાની પેઠે રવિગુપ્તે મહાદેવીને મથુરા મોકલી આપી છે. બોલો, હવે કરવું શું ?"

રુદ્રસિંહે શીખ આપી: "મહારાજ, ઝેરી સાપ તો નજરે પડતાં જ ઠાર કરેલો સારો. રામગુપ્તના બાયલાવેડા જોઇને આપ ભ્રમણામાં પડી જશો નહિ. સમુદ્રગુપ્તે મહારાજાનાં કેવાં કેવાં ભયંકર અપમાન કર્યાં છે તે ભૂલી તો નથી ગયા ને? તક મળી છે તો ભારતવર્ષમાંથી હવે રહ્યાસહ્યા સામ્રાજ્યને પણ જડમૂળમાંથી ઉખેડીને ફેંકી દેવાનું છે."

વાસુદેવ કહે: "જુઓ રુદ્રસિંહ, શરણે આવેલાનો સંહાર કરવો એ રાજધર્મ ન લેખાય. આદેશ મળતાંવેંત જ પોતાની ધર્મપત્નીને શત્રુનગરમાં મોકલી આપી જે રાજા સ્વહસ્તે જ કુળકલંકની કાળી ટીલી કપાળે ચોડે તે શરણાગત જ છે. સૈનિક, મગધની મહાદેવીને સિંહાસન સમક્ષ લઇ આવ."

સૈનિક બોલ્યો: "મહારાજ, મગધરાજનો દંડધર સભામંડપને દરવાજે જ ઊભો છે."

વાસુદેવે આજ્ઞા આપી: "જા, દંડધરને લઈ આવ."

સૈનિક ચાલ્યો ગયો. આસન પરથી ઊઠી સિંહાસનની સામે જઇ મહાક્ષત્રપ સ્વામી રૂદ્રસિંહ હાથ જોડી બોલ્યો: "મહારાજ, આ વખતે લાગણીવશ બની જશો નહિ. અસહાય, અબળા નારીને જોઇ જો ગુપ્તવંશના ધ્વંસનો સંકલ્પ છોડી દેશો તો શક રાજવંશ હવે પછી કદીય માથું ઊંચું કરી નહિ શકે."

પાછળ રહ્યો રહ્યો દામસેન બોલી ઊઠયો: "મહારાજ,

આજ્ઞા આપો. ધ્રુવદેવી આવે કે તરત જ તેના હાથેપગે બેડી નાંખી દઉં."

એટલામાં આગળ જણાવી ગયા છીએ તે સૈનિક મગધના દંડધરને લઈને ત્યાં આવી પહોંચ્યો. વિધિ અનુસાર મગધનો દંડધર સભામંડપમાં ઊભો ઊભો મોટેમોટેથી બોલવા લાગ્યો: "મહારાજ, રાજાધિરાજ, દેવપુત્ર, કુશાનપુત્ર, શાહીશાહાનુશાહી શ્રીશ્રીશ્રી વાસુદેવનો જય! મહારાજાધિરાજ, પરમેશ્વર, પરમ ભટ્ટારક શ્રી રામગુપ્તદેવના આદેશથી પરમેશ્વરી, વૈષ્ણવી, પરમ ભટ્ટારિકા પટ્ટમહાદેવી શ્રીમતી ધ્રુવદેવી મહારાજના ચરણના દર્શન કાજે મથુરામાં આવી ગયાં છે."

મગધના દંડધરે પ્રણામ કર્યા પછી વાસુદેવ બોલ્યો: "દામસેન, મગધનાં પટ્ટમહાદેવીને અહીં તેડી લાવો."

એટલે મગધનો દંડધર પુનઃ પ્રણામ કરીને બોલ્યો: "મહારાજ, મગધનાં પટ્ટમહાદેવી રાજસન્માનને યોગ્ય છે."

પણ તેનું વાકય પૂરું થાય તે પહેલાં જ રુદ્રસિંહ બોલી ઊઠયો: "રામગુપ્તની રાણી દાસીપણું કરવા મથુરા આવી છે. મથુરામાં દાસીઓને રાજસન્માન અપાતું નથી."

ખૂબ જ વિનયથી પ્રણામ કરી મગધનો દંડધર જયદામ સાથે બહાર ચાલી ગયો, એટલે વાસુદેવ બોલ્યો: "સાંભળ્યું છે કે રામગુપ્તની સ્ત્રી પાંચસો સખીઓ–કુલમહિલાઓને સાથે લઇને આવી છે. એ બધી અહીં કયાં સમાશે?"

સ્વામી રૂદ્રસિંહ બોલ્યો: "થોડી ઘણી તો ભલે આવે."

એટલામાં તો જયદામ અને મગધના દંડધર સહિત સ્ત્રી-

વેશધારી ચન્દ્રગુપ્ત, દેવગુપ્ત, રવિગુપ્ત વગેરે સોએક પુરુષો અને માધવસેના સભામંડપમાં દાખલ થયાં. બધાને મોખરે ચન્દ્રગુપ્ત અને માધવસેના હતાં. ચન્દ્રગુપ્તને જોતાં જ વાસુદેવે પ્રશ્ન કર્યો: "આ બધાંમાં ધ્રુવદેવી કઈ?"

આગળ વધીને બુરખાધારી ચન્દ્રગુપ્તે પ્રણામ કર્યા. હલકટ મશ્કરીને સૂરે જયદામ બોલી ઊઠયો: "મહારાજ, આ બૈરી તો બહુ જાડી દેખું!"

રુદ્રસિંહ બોલ્યો: "રામગુપ્ત છેક જ આંધળો છે કે શું? જોઈજાણીને ય આવી બેડોળ સ્ત્રીને શા સારુ પટ્ટમહિષી કરી હશે?"

દામસેન બોલ્યો: "મહારાજ, આજ્ઞા?"

વાસુદેવ બોલ્યો: "આવી જાડી બેડોળ સ્ત્રીને કંઈ અન્તઃપુરમાં સ્થાન આપી શકાય નહિ. વત્સદામ, મગધની પટ્ટમહિષીને દાસગૃહમાં લઈ જાઓ."

વત્સદામે પૂછયું: "મહારાજ, આ દાસીઓને બેડી નાખું કે...."

એ જ વખતે માધવસેના બોલી ઊઠી: "મહારાજ રાજાધિરાજનો જય! પરમેશ્વરી, પરમભટ્ટારિકા, પરમવૈષ્ણવી, પટ્ટમહાદેવી ધ્રુવદેવી કંઈક જાડાં છે ખરાં, તો પણ એઓ મગધનાં પટ્ટમહાદેવી છે. દાસગૃહ શું એમને માટે ઉચિત સ્થાન ગણાય?"

રુદ્રસિંહ બોલ્યો: "મહારાજ, રામગુપ્તે જેટલીને અહીં ધકેલી આપી છે તેમાં મહેલમાં રહેવા લાયક તો આ બોલે છે તે જ એકલી લાગે છે. બીજી બધીઓ તો સાવ તગેડી કાઢવા

જેવી છે.”

માધવસેના બોલી: “મહારાજ, ધ્રુવદેવી રાજચરણે નિવેદન રૂપે બે બોલ કહેવા ઈચ્છે છે. શું કહેવું છે, જરા આગળ આવીને કહો ને, ઠકરાણીજી ?”

આગળ ડગલાં માંડતાં ચન્દ્રગુપ્ત બોલ્યો: “મહારાજ, હું ખાનદાન કુળની કન્યા છું; સમુદ્રગુપ્તની પુત્રવધૂ છું; મગધની પટ્ટમહાદેવી છું; સ્વામીની આજ્ઞાનુસાર આપની ચરણસેવા કરવા આવી છું.’’

વત્સદામ બોલી ઊઠયો: “વીસનખીનું જેવું જાડું રૂપ છે, તેવો જ ઘોઘરો ઘાંટો યે છે !”

દામસેન બોલ્યો: “અને મગધની નારીઓના કંઠ જેવા જ શા મધુર એમના અલંકારના રણકાર છે !”

એ જ પળે બુરખામાં–અવગુંઠનમાં છૂપાયેલાં તલવાર અને બખ્તર ખણખણી ઊઠયાં હતાં.

વાસુદેવ બૂમ મારી ઊઠયો: “બસ, બહુ થયું. હવે નથી સાંભળવું. દામસેન, આ કર્કશાઓના ઘોઘરા ઘાંટા મારાથી નથી સહેવાતા ! તમે અત્યારે ને અત્યારે જ એ બધીઓને આ ભવનમાંથી બહાર કઢાવી મૂકો.”

ચન્દ્રગુપ્ત બોલ્યો: “મગધકુલમહિલાઓ એવું અપમાન કદી ય સહન કરશે નહિ.”

પળ વારમાં તો મગધના તમામ વીરોએ અવગુંઠનો કાઢીને ફગાવી દીધ અને હાથમાં તલવારો ચળકાવવા માંડી ! વૃદ્ધ સપ્તમ વાસુદેવ બીકથી ધ્રૂજતો ધ્રૂજતો બોલી ઊઠયો: “દગો ! વિશ્વાસઘાત !

અરે, કોઇ છે કે ?"

મોટે મોટેથી બરાડા પાડીને રુદ્રસિંહે પણ પ્રતિહારોને બૂમ મારવા માંડી, પણ બીકથી જયદામ, વત્સદામ વગેરે શકપ્રધાનોનાં મોં સુકાઇ ગયાં!

એ જ ક્ષણે બુરખો ફગાવી દઈ ચન્દ્રગુપ્ત વૃદ્ધ સપ્તમ વાસુદેવને ઉદ્દેશી કહેવા લાગ્યો: "એમ તે કંઈ બને, પ્રાણેશ્વર? મને જ મહેલમાંથી તગેડી કાઢશો? જુઓ તો ખરા, તમારા ઉદાર હૈયાને આલિંગન કરવા માટે મારી આ તલવાર કેવી નાચનાચ થઈ રહી છે?"

રવિગુપ્ત બોલ્યો: "પટ્ટમહાદેવી ધ્રુવદેવી જોઈએ છે ને, મહારાજ વાસુદેવ?"

વાસુદેવ બોલી ઊઠયો: "અરે, આ તો મહાબલાધિકૃત રવિગુપ્ત!"

રુદ્રસિંહ બોલ્યો: "અરે, આપણા ગુપ્તચરો તો એવી વાત લાવ્યા હતા કે સમુદ્રગુપ્તના બધા જ જૂના અધિકારીઓ પાટલિપુત્ર છોડીને ચાલ્યા ગયા છે!"

દેવગુપ્ત બોલ્યો: "કેમ મિત્રવર, કેમ છો? યમુનાનું યુદ્ધ આટલી વારમાં વિસરી ગયા?"

રુદ્રસિંહ બોલી ઊઠયો: "સત્યાનાશ! આ તો પેલો ઘરડો ઘુવડ દેવગુપ્ત! મહાનાયક દેવગુપ્ત, આ જ કે તમારી ક્ષત્રિવટ?"

રવિગુપ્ત બોલી ઊઠયો: "યુદ્ધ જાહેર કર્યા વિના જ ગુપ્ત સામ્રાજ્ય પર આક્રમણ કરવું, પ્રયાગનો કબજો લેવો, પ્રતિષ્ઠાનને ઘેરો ઘાલવો—એ પણ બધી ક્ષત્રિવટ જ કેમ, મહાક્ષત્રપ

રુદ્રસિંહ ?"

વાસુદેવ બોલ્યો: "ધીરો પડ રુદ્રસિંહ ! તમે બધા કઈ હિંમતે સભામંડપમાં ઘૂસી આવ્યા છો ?"

વચ્ચે જ ચન્દ્રગુપ્ત બોલ્યો : "જે હિંમતે શક શિયાળવાંઓએ ગુપ્ત સામ્રાજ્યનાં પટ્ટમહાદેવીની માગણી કરી છે, તે જ ! જે શ્વાનશિરોમણિ વારે વારે લાળ-ગળતી જીભે સમુદ્રગુપ્તનાં પગનાં તળિયાં ચાટી ચાટી આજ સુધી સ્વરક્ષા કરતો આવ્યો છે તેના મોંમાં આ શબ્દ શોભતા નથી ! અરે ઓ, શક કુલાંગાર, તેં શું એમ માની લીધું કે મગધની બાપડીબિચારી રાણી, નિરાધાર દાસીઓથી વિંટળાઇને તારી ચરણસેવા કરવા આવી છે ?"

વાસુદેવ બોલ્યો: "તું કોણ છે તે હું જાણતો નથી. પણ ક્ષત્રિય હો તો ક્ષત્રિની રીતે વરત."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "વાસુદેવ, હું પટ્ટમહાદેવી દત્તદેવીની કૂખે પાકેલો સમુદ્રગુપ્તનો પુત્ર છું. વિશ્વાસઘાતથી તારો જાન લેવા હું આવ્યો નથી, હું આવ્યો છું દ્વંદ્વયુદ્ધ ખેલી લેવા !"

અને વાતચીતનો હવે અંત આવી ગયો. ને જ્યારે તલવારોનું કામ પૂરું થયું ત્યારે શકપ્રધાનો પણ ધૂળ ચાટતા થઈ ગયા હતા. વૃદ્ધ દેવગુપ્તે દરખાસ્ત મૂકી કે હવે પાછા વળી જઈએ તે જ ઉચિત છે. ત્યારે તેને ચરણે નમી ચન્દ્રગુપ્ત બોલ્યો: "તાત, પાટલિપુત્રનો ત્યાગ કરી અહીં આવ્યા ત્યારે આપણે ધાર્યું હતું ખરું કે ફરીને જીવતા પાછા જઇશું ? આપણે બધા જ વૈષ્ણવ છીએ ને આ મથુરા તો ભગવાનનું પવિત્ર લીલાધામ છે. મથુરા મંડળ(તાલુકા)માં આજે પણ હજારો

વૈષ્ણવો છે. તેઓ અનેક વરસથી દુષ્ટ શકોના પગ તળે કચડાતા આવ્યા છે. તાત, ચાલો એક વાર મથુરાના રાજમાર્ગ પર જઈને ઊભીએ, ભગવાન વાસુદેવનું નામ લઈને હાકલ કરીએ ને જોઈએ કે લોકો આપણી સાથે લડવા ભળી શકે છે કે નહિ. જો નહિ જ ભળે તો તો કૃષ્ણચરણરેણુએ પવિત્ર બનેલા આ મથુરામાં દેહ પાડયે જ છૂટકો.”

અશ્રુભીની આંખે વૃદ્ધ રવિગુપ્ત બોલી ઊઠયો: “ભગવાને આપને જ અધિકારી ઠરાવ્યા છે એટલે અમારી સલાહ લેવાનું પણ પ્રયોજન નથી. આ તો પવિત્ર કાર્ય છે પુત્ર, ને એ કામ કરવા પ્રભુએ જ તમને નીમ્યા છે!”

તે જ વખતે પ્રાસાદના દરવાજા આગળ ઊભાં ઊભાં માધવસેનાએ “હરે મુરારે મધુકૈટભારે” લલકારી કૃષ્ણની સ્તુતિનો પ્રારંભ કર્યો.

ને તે પછીની દશ ઘટિકામાં જ મથુરા મુક્તિ પામ્યું!

★

પ્રકરણ ૨૭મું

‘રામરાજ્ય!’

ચન્દ્રગુપ્ત મથુરામાં હતો ત્યારે એક દિવસ સંધ્યાકાળ પહેલાં પાટલિપુત્ર નગરના નગરસંઘનો નાયક જયકેશી રાજમાર્ગ પર આવેલા એક વિશાળ દરવાજા નીચે ઊભો હતો. એ વખતે એક વૃદ્ધ આવીને “અરે રામ!” નો આર્ત્તનાદ કરતો તેના પગ આગળ પટકાઈ પડયો. તેને ઉઠાડીને ઊભો કરતાં જયકેશીએ

જોયું તો તે બિલકુલ અજાણ્યો હતો !

રડતાં રડતાં વૃદ્ધ કહેવા લાગ્યો: "બાપુ, નગરમાં કોઇ જ નથી એટલે આજે તો નગરના રક્ષક આપ જ છો. આપ જ મારો કંઇ ઉપાય કરો. મારી ધર્મરક્ષા કરો. શી વાત કરું ? ચૌદ વરસની મારી દીકરીને ત્રણ ગુંડા ઉઠાવી ગયા અને રાજાની બીકે શેરીના લોકોના મોંમાંથી તો હરફ સરખોય નીકળ્યો નહિ-બધાએ જાણે પથ્થરના બાવલા પેઠે ઊભાં ઊભાં જોયા જ કર્યું. હજી ય બાજી બગડી ગઇ નથી. હજી ય આપ કંઈક કરો. હજી પણ બહુ મોડું થઇ ગયું નથી, માટે કંઇ કરો."

ફિકકે વદને જયકેશી બોલ્યો: "શું કરું ભાઇ, બોલ, દેશનો રાજા જ એવો છે ત્યાં ? કદાચ કુમાર ચન્દ્રગુપ્ત હોત તો તો હું ગમેતેમ તેને સમજાવી લેત....પણ....પણ....આજે તો ગુંડા માની પકડવા જઈએ તો લાગલા જ રાજમુદ્રા બતાવી દે ! મહાપ્રતિહાર પાસે જઇએ તો વળી સાંભળવાનું મળે કે "તે તો ગયા હશે ઉદ્યાનવિહારે....ને ત્યાં ન હોય તો કરો તપાસ મહેલમાં...." વાત જ કરવા જેવી રહી નથી ભાઈ ! છ છ મહિનાથી દંડવિધિ—ન્યાયનાં કામો ટોલ્લે ચઢયા કરે છે ! ....ભદ્રિલ ને રુચિપતિ એવા તો ચીટકીને ચોકીપહેરો રાખી બેઠા છે કે કોઇ પણ નાગરિક મહેલમાં પગ જ મૂકી શકતો નથી !"

"હજી પણ પ્રભુ ! કંઈ વહી ગયું નથી. હજી મારી ધર્મરક્ષા થઈ શકે એમ છે."

"પણ તમારી વહારે ધાય એવું માણસ જ આ નગરમાં કોણ રહ્યું છે ? વખત આવ્યે 'રાજા, તમે અત્યાચારી છો'

એવું સામી છાતીએ રાજાને મોઢામોઢ કહી સંભળાવનારા જે થોડાક મર્દાઓ હતા તે તો ગયા છે ચન્દ્રગુપ્તની સંગાથે મથુરા પ્રતિ.”

“તો પછી મારી દીકરીનું શું થાય ?”

“એકની એક વાત કર્યે શો લાભ, મુરબ્બી ? હવે તો બોલશો જ નહિ, નહિ તો હું પાગલ બની જઈશ. તમે એમ ધારો છો કે અમારે ઘેર મા, બેન કે દીકરી નથી ? માત્ર તમારા એકલા પર જ અત્યાચાર થયો છે એમ તમે માનો છો ? મહાનગરમાં લાખો નાગરિક છે, નગરસંઘના ભંડારમાં પણ કરોડો સુવર્ણમુદ્રા છે, અન્નવસ્ત્રનો પણ અભાવ નથી....એ બધું ય છે; નથી માત્ર કોઇ મરદો—કોઈ માઈનો પૂત ! મુરબ્બી, તમારી દીકરીને ગુંડાઓના હાથમાંથી છોડાવવી હોય તો મહેલ પર છાપો મારવો પડે, બળવો ઉઠાવવો પડે, રામગુપ્તને પદભ્રષ્ટ કરવો પડે. પણ મહારાજ ચન્દ્રગુપ્તનો આદેશ છે કે જેટલો વખત શકો સાથેનું યુદ્ધ ચાલે તેટલા દિવસ મગધમાં માંહોમાંહેના ઝગડા ન હોવા ઘટે. જયનાગ યુદ્ધમાં ગયો છે એટલું વળી મોટું સુખ છે, બાકી પાટલિપુત્રના નગરનાયક બનીને મારે ય આખો દિવસ માથાના વાળ જ પીંખવા પડે છે! હું તો હાથ જોડીને કહું છું: ‘હે મધુસૂદન, કયારે મગધ રસાતાળ જાય, કયારે રામગુપ્ત લોહી ઓકતો ઓકતો મરી જાય, કયારે શિયાળવાંકૂતરાં ખેંચી જઈ રુચિપતિને આખો ચૂંથી ખાય !’ ”

“તો શું સમુદ્રગુપ્તના રાજ્યમાં અનાથનો નાથ કોઈ જ નથી ? મારી વહારે ધાનારું કોઈ જ ન નીકળે ? મારા દુઃખનો

કંઈ ઇલાજ જ નથી ?"

"નીકળેય કદાચ કોઇ !....મધુસૂદન પ્રસન્ન થાય તો !....પેલી ભિખારણ જોઈ? એ કદાચ તમારી દીકરીને છોડાવી આપશે...."

"મશ્કરી કરો છો, નગરનાયક ? મહાનગરના નગરસંઘના નાયક થઇને જે કામ કરી શકવાની આપની હામ ચાલતી નથી તે કામ આવી ગરીબ–કંગાળ ભિખારણ કેમ કરી શકવાની છે ?"

"મુરબ્બી, મુરબ્બી, મશ્કરી નથી કરતો. ધ્યાનમાં રાખજો કે હું ય ખાનદાન કુળપુત્ર છું. પણ એ કંગાળ ભિખારણ તો છે પાટલિપુત્રની માતા. હવે મારે અહીંથી ભાગવું પડશે, નહિ તો મહારાજ ચન્દ્રગુપ્તના આદેશનો ભંગ થઈ જશે. નાગરિક, એ મેલાં વસ્ત્રોવાળી ભિખારણ દેખાય છે તે છે પટ્ટમહાદેવી દત્તદેવી ! હવે કશું જ બોલશો નહિ–મારું તો મગજ ભમી ભમી જાય છે."

રાજમાર્ગને નાકેથી બે રમણીઓ ધીમે ધીમે ડગલાં માંડતી એ તરફ આવી રહી હતી. બંનેના હાથમાં ભિક્ષાપાત્ર હતાં. વૃદ્ધા હતી દત્તદેવી અને યુવતી હતી ધ્રુવદેવી.

ખંચકાતોઅચકાતો–મનમાં ગૂંચવાતો પેલો નાગરિક દત્તદેવી તરફ આગળ વધ્યો એટલે તેણે ભિક્ષાપાત્ર લંબાવ્યું ને બોલી: "ભદ્ર, આ બે દિવસથી ભૂખી છે....આમાં કંઈ નાખશો ?"

નાગરિક તો ઠરીને થંભી જ ગયો !

દત્તદેવી ધ્રુવદેવીને કહેવા લાગી: "આમ ને આમ આ ત્રીજીવારકું થયું. આ પણ જો કંઈ ન આપે તો આજે પણ

તારે ઉપવાસ કરવો પડવાનો. મને તો એ બધું કોઠે પડી ગયું છે, પણ તારા મોં સામે જોઉં છું ને મારું હૈયું હાથ નથી રહેતું."

ધ્રુવા બોલી: "મને પણ હવે એની નવાઇ નથી રહી મા, તમે હવે ભીખ માગશો નહિ. તમે કોણ તે ભૂલી ગયાં, મા? પટ્ટમહાદેવી, તમે આજે નગરને માર્ગે માર્ગે ભીખ માગતાં ભમો છો?"

દત્તદેવી કહે: "ભૂલી નથી, દીકરી, કશું જ ભૂલી નથી. હાલ તો આ જ મારો સંસાર છે—તારે ખાતર જ મારે આપત્તિમાં આવી પડી છું, ધ્રુવા! કર્તવ્ય બહુ આકરી ચીજ છે. લાવ, વળી એક વાર ચકાસી જોઉં. નાગરિક, આ બિચારી બે દિનની ઉપવાસી છે. કંઈ ભીખબીખ દેશો કે?"

જયકેશી બોલ્યો: "એ બાપડો પાગલ છે...એટલે જ તો આપ ભીખ માગો છો તે જોઈને એ બાઘો બની આપના મુખ સામે તાકી રહ્યો છે. પરમેશ્વરી, કોક બ્રહ્મશાપે પાટલિપુત્ર શું પાષાણ બની ગયું છે? શું વજ્રપાત થયાથી સમુદ્રગુપ્તની રાજધાનીનું નિકંદન નીકળી ગયું છે? આપ તો સમુદ્રગુપ્તનાં પટ્ટમહાદેવી!....સમુદ્રગુપ્તના પાટલિપુત્રમાં ભીખ માગવા નીકળ્યાં ને આપને જ ખાલી હાથે બે વાર પાછા ફરવું પડયું?"

દત્તદેવી બોલી: "આ બિચારી બે દિવસની ભૂખી છે, એટલે જ ભીખ માગતી ભટકી રહી છું!"

મસ્તક પરનું ફાળિયું ખેંચી કાઢી જયકેશી બોલ્યો: "પાસે તો માત્ર બેએક સુવર્ણમુદ્રા છે. તે ને આ લઈ આપના સ્વામીના દાસને કૃતાર્થ કરો, મા."

"વસ્ત્રો મારે જોઇતાં નથી; સુવર્ણને તો હું સ્પર્શ સરખો ય ન કરું; ભીખ જ આપવી હોય તો નાખો આમાં બે મુઠી ધાન!" દત્તદેવીએ ભિક્ષાપાત્ર ધર્યું.

ગુંડાઓના હાથમાંથી કન્યા છોડાવવા માટે આવેલો પેલો નાગરિક જયકેશીને પૂછવા લાગ્યો: "બાપુ, આ કોણ છે? આમ રોષનાં માર્યાં કોને શું કહી રહ્યાં છે?"

"ભાઇ, તું છે તો ભાગ્યશાળી, પણ તને કશી જ ખબર નથી! નાગરિક, તારી કન્યાને ગુંડાઓ પાસેથી છોડાવવા માટે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એકઠા થઇ ગયા છે. એટલે જ તો પરમેશ્વરી, પરમભટ્ટારિકા, પટ્ટમહાદેવી દત્તદેવી રસ્તે રસ્તે ભીખ માગવા નીકળ્યાં ને બે વાર ખાલી હાથે પાછાં ફર્યાં."

એટલે નાગરિક રાજમાર્ગની ધૂળ પર લેટી પડયો ને ઘરડી ભિખારણના બંને પગ પકડી પોતાની હકીકત કહેવા લાગ્યો. તેનું દુઃખદ કથન પૂરું થયા પછી દત્તદેવીએ પૂછ્યું: "નગરનાયક, આ કહે છે તે બધું શું સાચું છે?"

"એ તો પાટલિપુત્રની રોજેરોજની વાત છે."

"મને એ વિષે જણાવ્યું નહિ, પુત્ર?"

"શું કરું? મહારાજ ચન્દ્રગુપ્તનો આદેશ...."

"મહારાજ ચન્દ્રગુપ્ત?...."

"મહારાજ સમુદ્રગુપ્ત વૈકુંઠવાસી થયા પછી પાટલિપુત્રના નાગરિકોને મન મહારાજા ચન્દ્રગુપ્ત જ રાજા છે."

"ધ્રુવા, મંદિરે ચાલી જા તો! એકલા જવાશે ને? ન જવાતું હોય તો જગદ્ધર પાસે જા."

ધ્રુવા બોલી: "કેમ ન જવાય, મા ? સ્વામીની આજ્ઞા છે કે તમારી સાથે જ રહેવું. ધરવંશના ઘરમાં હવે ધ્રુવા માટે આશરો નથી."

જયકેશી બોલ્યો: "ભિક્ષા જોઈએ છે ને, મા ?"

દત્તદેવી બોલી: "આ કન્યાને સાથે લઇ જાઓ, બે મુઠી ધાન આપજો; બિચારીએ બે દિનથી કંઈજ ખાધું નથી. નાગરિક, ધર્મ જ ધર્મનું રક્ષણ કરે છે. હું તને અભય આપું છું, મારી સાથે ચાલ. દત્તા જીવતી હશે ત્યાં સુધી પાટલિપુત્રની કુલ-કન્યા પર કોઈ બળાત્કાર કરી શકશે નહિ."

રસ્તાની એક બાજુએ થઈને નાગરિક દત્તદેવી સાથે અને બીજી દિશાએ થઈને જયકેશી સંગાથે ધ્રુવદેવી ચાલ્યાં ગયાં. એ જ વખતે રસ્તા પરના તાડનાં ઝૂંડની આડશેથી એક વૃદ્ધ સંન્યાસી બહાર નીકળ્યો. રસ્તાની ધૂળ પર જ ડોસો બેસી પડયો ને પછી મનોમન બડબડવા લાગ્યો: "ધર્મ....સાચેસાચ ધર્મ, તું હજી ય છે ખરો ? જરૂરી વખતે તો તારો પરચો જરાય નથી દેખાતો. કુમાર ચન્દ્રગુપ્ત કુળગૌરવનું રક્ષણ કરવા સ્રીવેશે શત્રુનગરમાં પહોંચ્યા છે. કાયમનો દુશ્મન શકરાજ તેમને હાથે ઝબ્બે પણ થઈ ગયો. એ જ પાટલિપુત્રના સેંકડો નાગરિકો, એ જ ચન્દ્રગુપ્તનો વધ કરવા માટે તલસતા ભમી રહ્યા છે ! ધર્મ, સાચેસાચ તું જીવતો હો તો તો હવે સંહારમૂર્તિનું સ્વરૂપ ધારણ કરી લે, રક્તનો સમુદ્ર અહીં ખેંચી લાવ, રામગુપ્તને સ્પર્શે કલંકિત આર્યપટ્ટને મગધવાસીઓનાં લોહીના ખળખળ વહેતા ધોધ વડે ધોઈ નાખ !"

દૂર દૂરથી એક માંદલા—કોઢિયા ભિક્ષુકને આવતો જોઈને

વૃદ્ધ શાંત થઇ ગયો. નવો ભિક્ષુક તેને જોતાં જ સ્વગત બબડવા લાગ્યોઃ "પાટલિપુત્ર રાજધાની....તે આ જ મહાનગરી? અરે, બાળો નામ એ મહાનગરીનું! ત્રણ ત્રણ પહોરથી ભમું છું પણ હજી તો મુઠી ધાન પામ્યો નથી! હવે તો ઘાટે જઇને એકાદી હોડીમાં બેસી પાર ચાલ્યો જાઉં!" એમ બોલતાં બોલતાં કોઢિયો ભિક્ષુક વૃદ્ધ સંન્યાસી પાસે જઇ પહોંચતાં જ વૃદ્ધે તેને ધીમે અવાજે પ્રશ્ન કર્યોઃ "શોણ ને ગંગાના ઘાટ પર કેટલુંક લશ્કર છે?"

"રુચિપતિ હજી એવો ને એવો જ છે? સેના તો પૂરતી છે. પણ તળ મગધનો તો એકકે નથી, બધા જ નેપાળી છે!"

એટલામાં દૂર દૂરથી મધુરમીઠે કંઠે હરિનામનું કીર્તન કરતી કરતી એક ભિખારણ ત્યાં આવી પહોંચી. તેનો અવાજ સાંભળી વૃદ્ધે પ્રશ્ન કર્યોઃ "કોણ, હરિમતિ કે?"

ભિખારણ બંનેની નજીક જઈ ઝાડ નીચે બેસી ગઈ. પછી નવાં જ પહેરેલાં ભગવાં વસ્ત્ર વડે મોં લૂછતાં લૂછતાં તે બોલીઃ "કેવું રામરાજ્ય ચાલી રહ્યું છે, બાપુ? રસ્તે રસ્તે એક પહોરથી ભમી રહી છું, પણ ભજન સાંભળવું જ કોને છે? બળ્યાં એમનાં મોઢાં! એક હોડીનો પત્તો લાગ્યો છે ખરો, પણ સાંજ પહેલાં તે છૂટવાની નથી. પકડવી તો તેને જ પડશે."

"હર, હર, બમ્, બમ્! કંઈ આજ્ઞા?"

કંઈક ધીમે સાદે વૃદ્ધ સંન્યાસી બોલ્યોઃ "શોણને કિનારે થઈ ને નૌકા એક વાર ગંગાતીર પરના પ્રમોદ–ઉદ્યાનવાળા ઘાટ પર આવશે; અને શોણની પાળ પરના તાડવૃક્ષ ઉપર રાતી પતાકા ફરકતી નજરે પડે તો જાણવું કે મહારાજ આવી ગયા છે."

પાટલિપુત્રના નાગરિકોની કંજૂસાઇ અને ધર્મ અભાવ પર કટાક્ષભરી ભાષામાં ટીકા કરતાં કરતાં ભિક્ષુક, ભિખારણુ અને સંન્યાસી જુદી જુદી દિશાએ વળી ગયાં !

★

પ્રકરણુ ૩જું

વૈરતૃપ્તિ

શોણુ અને ગંગાના સંગમસ્થાન પર ગુપ્ત રાજવંશનું વિશાળ પ્રમોદ–ઉદ્યાન આવેલું હતું. હાલ તો એની નિશાની નજરે નથી પડતી, પણુ દોઢ હજાર વરસ પહેલાં શોણુની બે-ત્રણુ શાખા એ ગાઉભર વિસ્તરેલા ઉપવનની વચ્ચે થઇને કૃત્રિમ સરોવરમાં વહેતી હતી. ગુપ્ત સામ્રાજ્યને પ્રારંભ થયો ત્યારથી એ વિશાળ ઉદ્યાનના પ્રત્યેક પ્રવેશમાર્ગ પર એક સશસ્ત્ર પહેરેગીર રાતદિન ઊભો રહેતો હતો. મહાપ્રતિહાર હરિષેણે પાટલિપુત્રના નગરાધ્યક્ષપદનો ત્યાગ કર્યા છતાંય રાજમહેલ અને રાજ્યના ઉદ્યાનની ચોકીના નિયમમાં કશો જ ફેરફાર થયો ન હતો.

જે દિવસે બીજે પહોરે ભિક્ષુક, ભિખારણુ અને સંન્યાસીઓ યુવરાજ ચન્દ્રગુપ્ત પાટલિપુત્રમાં પાછા પધારે તેવી આશા રાખતાં હતા, તે જ દિવસે ભાણુ ડૂબ્યાના થોડાક વખત પહેલાં એક પાયદળ સૈનિક રાજોદ્યાનના સરોવરકિનારે કાળા આરસના એક આસન પર બેઠો બેઠો, એકલો એકલો જ, મોટેમોટેથી કંઈ બોલી રહ્યો હતો.

તેના શરીરે તે વેળાએ પણ બખ્તર હતું, પણ મ્યાન અને ખડ્ગ ભોંય પર પડેલાં હતાં. ખરું જોતાં તો સૈનિક ઉદ્યાનની ચોકી માટે અહીં ફરજ પર આવેલો હતો, પણ રાજ્યપ્રાસાદની સુરાને પ્રતાપે તે ત્યારે સમ્રાટ રામગુપ્તનો ખરોખરિયો થઈ બેઠો હતો ! તે મનોમન બબડી રહ્યો હતો: "આટલી બધી સુરા પીવાની જ્યાં મળતી હોય તે રામરાજ્ય નહિ તો બીજું શું ? ધન્ય રાજા, ધન્ય તારો પુણ્યવંતો દેશ. રાજા રામગુપ્ત તો અયોધ્યાના રામચંદ્ર સરખા જ છે. લોકો કહે છે કે સમુદ્રગુપ્ત જબરા રાજા હતા, પણ મને તો દેખાય છે કે રાજા કહો તો રામગુપ્ત અને મંત્રી કહો તો રુચિપતિ જ! ચાકરબાકરોનેય સુરા તો વેચાતી જ લેવાની નહિ. રાજમહેલમાં જ્યાં સુરા ખૂટતી જ નથી, તો પછી ઉપર મુખવાસ તે ક્યારે ખાવો ?"

સૈનિક શોણ તરફ મુખ ફેરવી રામગુપ્તની મદ્યપ્રશસ્તિ ગાઇ રહ્યો હતો, એ જ વખતે એક બખ્તરધારી ઉપવનમાંના ઝાડવેલાઓમાં છૂપાતો છૂપાતો પ્રમોદ–ઉદ્યાનની અંદર ઘૂસી રહ્યો હતો. સૈનિકે તેને જોયો નહોતો. એટલે નચિંત થયેલો તે માણસ ઝાડવેલાની આડ છોડી દઇને પ્રમોદ–ઉદ્યાનના ખુલ્લા રસ્તા પર આવી પહોંચ્યો. પછી દબાતે પગલે તે પાછળ જઈ ને ઊભો તો પણ પેલા સુરામત્તને કશી ખબર પડી નહિ ! એક જ પળમાં પેલાએ સૈનિકને ઉથલાવી પાડી તેના મોંમાં ડૂચો મારી દીધો. રાજમહેલની સુરાનો પ્રતાપ એટલો બધો હતો કે સૈનિકે સામે થવાનો પ્રયાસ સરખોય કર્યો નહિ; ઊલટું તેણે તો પડયાં પડયાં

નસ્કોરાં બોલાવવા માંડયાં! એટલે પ્રતિહારનો પોશાક ઉતારી લઈ આંગંતુકે બખ્તરની ઉપર પહેરી લીધો ને પ્રતિહારને ઘસડી લઈ જઈને ઝાડવેલાનાં ઝૂંડમાં ફેંકી આવ્યો. પછી સાથે લાવ્યો હતો તે માટીના કળશમાંથી એક પ્યાલો સુરા પી લીધા બાદ કાળા આરસના આસન પર તેણે લંબાવી દીધું.

થોડી જ વારમાં રોજિંદા નિયમાનુસાર એક લશ્કરી ચોકીદાર રૉન મારવા આવી પહોંચ્યો. તેણે આવીને જોયું તો પ્રતિહારના વેશમાં આગંતુક સૂઇ રહ્યો છે. તેને જોઈને એ બોલી ઊઠયો: “આ મારો બેટો તો ચકચૂર બની પડયો છે. આજે પ્રમોદ–ઉદ્યાનમાં કોઇનીય આંખ સ્વચ્છ નથી તો પછી પ્રમોદ–ઉદ્યાનની ચોકી કોણ કરશે?—એનો બાપ?” છૂપા વેશધારી પ્રતિહારને પગથી ઢંઢોળતાં તે બોલ્યો: “અરે ઓ, અલ્યા! ઊઠ, ઊઠ, મહારાજ પધારે છે.”

પ્રતિહાર બોલ્યો: “અરે મહારાજ આવે કે ખુદ દેવ કેમ ન આવે? મહારાજનું રાજ્ય તો રામરાજ્ય છે, સુરાનાં તો અખેપાત્ર ભર્યાં છે, ઊઠીનેય શું કરું?”

“અરે હવે ઊઠને ઊઠતો હોય તો! રુચિપતિજી આવશે ને, તો તારું માથું ધડે નહિ રહે!”

“ભલે ને, બીજું લઈ ચોંટાડી દઈશ.”

“અલ્યા સાચું કહું છું, મહારાજ આવે છે....”

“આવવા દે ને આવતા હોય તો બાપ, આટલી મોટી દુનિયામાં મારા બેટા મહારાજનેજ જગ્યા મળવાની નથી?”

એટલામાં દૂરથી મહામંત્રી રુચિપતિને ઉદ્યાનમાં પ્રવેશ કરતા જોઈને સૈનિક પ્રતિહારે લશ્કરી ઢબે નયન કર્યું.

મહામાત્ય મહાનાયક રુચિપતિ દેવશર્મા ત્યારે રાજમહેલમાંની સુરાને પ્રતાપે ભારે લહેરમાં હતા. દૂર રહ્યાં રહ્યાં જ તે બોલી ઊઠયા: "ચકચૂર બની ગયો છે? ભલે ને, સારું થયું. એને શા સારુ હેરાન કરે છે? મહારાજ આવે છે....તો તે ય કયાં ચકચૂર નથી? રાજા મસ્ત હોય તો પ્રજા ય ડૂબાડૂબ હોય એમાં વળી પંચાત શી?"

ખિસિયાણો પડી જઈને સૈનિક બોલ્યો: "જેવી આજ્ઞા, દેવ!"

એટલામાં દૂરથી પેલા નાગરિકની કન્યાનો હાથ પકડી તેને ઘસડતા ઘસડતા આવતા મહારાજાધિરાજ રામગુપ્તને જોઈ રુચિપતિ બોલી ઊઠયો: "પધારીએ, પધારીએ!"

જમણા હાથમાંથી નીકળતું લોહી અટકાવવાનો પ્રયત્ન કરતાં કરતાં રામગુપ્ત બોલ્યો: "રુચિ, ભાઈ, આ મારી બેટી તો પવિત્રતાનું પૂતળું દેખું! માથું ફૂટીફૂટીને મરી ગયો પણ સુરાનું તો ટીપું ય લેતી નથી....વાંદરીએ તો આ મારો હાથ કરડી ખાધો!"

નાગરિકની કન્યા તે વેળા પણ મારફાડથી ગભરાયલી-અકળાયલી હતી, તેનું શરીર લોહીલુહાણ હતું, તેનાં કપડાંનું ઠેકાણું નહોતું, તો પણ લાગ જોઇને તે રામગુપ્તના હાથ પર બચકાં ભરી લેતી હતી, ને કહેતી હતી: "હા, હા, હું સતી જ છું. ઓળખો છો મને? હું છું સતી માની સતી દીકરી. હું કદાચ મરીશ....તો તે પણ તારા જેવા રાજાનું લોહી ઊડતું જોયા પછી જ મરીશ...."

કન્યાનો અવાજ સાંભળી, કાળા આરસના આસન પર સૂતેલો,

પ્રતિહારવેશી નાગરિક ચમકી ઊઠયો. આંખો ચોળીને તેણે જોયું તો–પોતાની જ કુંવારી જુવાન દીકરીના મોં પર પીધેલ રામગુપ્ત લાત મારી રહ્યો હતો! પળભર તેની આંખો સામે અંધારાં ફરી વળ્યાં. અને રુચિપતિ અને પેલો સૈનિક ત્યાં જઇ પહોંચ્યા ન પહોંચ્યા એટલામાં નાગરિકના ખડ્ગે રામગુપ્તની છાતી આરપાર વીંધી નાખી. ગરમ લોહીની ધારા વડે રુચિપતિ અને સૈનિક રંગાઈ ગયા, અને આટલે વખતે પોતાની માતાના–જયસ્વામિનીના મહાલોભનું રામગુપ્તે પ્રાયશ્ચિત કર્યું!

લોહીનો ફુવારો ઊડતો જોઈને રુચિપતિની છાતી ફાટી ગઈ. તે ત્યાં જ બેસી પડ્યો. બરાબર તે જ વખતે સૈનિકનું ધડથી જુદું માથું તેના પર આવી પડ્યું! "આ મારા બાપ, કાપેલું મસ્તક તો ભૂત થાય...." એમ બોલતા બોલતા મહામાત્ય મહાનાયક રુચિપતિ દેવશર્મા ત્યાંથી જીવ લઈને ભાગ્યા! લોહીતરબોળ સમ્રાટ રામગુપ્ત તથા સૈનિકના શબ અને બેભાન કન્યાની પાસે ઊભાં ઊભાં ઉન્મત્ત નાગરિકે કરેલા હાસ્યના ઘોર પડઘા ઉદ્યાનમાં કેટલી ય વાર ગાજી રહ્યા!

બરાબર એ જ વખતે થોડે દૂર, શોણને કિનારે એક નાનકડી નૌકાએ આવીને લંગર નાખ્યું. તેમાંથી એક બખ્તરધારી યુવક, એક અવગુંઠન પહેરેલી નારી અને એક નાવિક ઊતર્યાં ને ઉપર આવ્યાં. આવતાં વેંત જ નાગરિક અને તેની કન્યાને જોઈ ત્રણે જણ સડક થઇ ગયાં!

ખડ્ગથી વિંધાઈ ગએલા રામગુપ્તનું શબ ખોળે લઈને બખ્તરધારી પુરુષ જમીન પર બેસી પડયો. તેની આજ્ઞા મળતાં જ

નાવિક નગરદરવાજા તરફ દોડયો. રમણીએ અવગુંઠનવસ્ત્ર કાઢી નાખ્યું. તે નટીમુખિયણ માધવસેના હતી !

થોડી જ વારમાં રાજમાર્ગ પર થઈને દત્તદેવી અને ધ્રુવદેવી સહિત કેટલાક સંન્યાસી અને ભિખારીઓ તે સ્થાને આવીને ઊભા.

વૃદ્ધ સંન્યાસી એક ભિખારીને કહેવા લાગ્યો: "રવિ, દેવનું કાર્ય શું દૈવે પંડે જ પતાવી નાખ્યું ? આપણે હવે બળવો ઉઠાવવાની ય જરૂર ન રહી કે શું ?"

તે વૃદ્ધ ભિખારીએ ઉત્તર વાળ્યો: "હવે છોડો ને એ બધી વાત ! પતી ગયું. હરિષેણ, તમે અબઘડીથી જ નગરનો ભાર ઉઠાવી લેવા માંડો. હત્યાકારને કેદ કરવાની તજવીજ કરવા માંડો."

એટલે પ્રતિહારનો પોશાક ઉતારી નાખી, સાચે સ્વરૂપે પ્રગટ થઇ જતાં પેલો નાગરિક બોલ્યો: "બાપુ, આપ કોણ છો તેની તો મને ખબર નથી....પણ....રામગુપ્તની હત્યા કરનારો હું જ છું."

એટલે એ બખ્તરસજ્જ પુરુષ ઊઠીને ઊભો થઈ જતાં બોલ્યો: "નાગરિક, લેશ પણ સંકોચ રાખીશ નહિ; જે હોય તે–જરા ય છૂપાવ્યા વિના–સાચેસાચું કહી દે. હું યુવરાજ ચન્દ્રગુપ્ત છું. તેં મહારાજની હત્યા શા સારુ કરી ?"

"યુવરાજ, આપને નથી બહેન કે નથી પુત્રી; હોત તો આપ પણ સમજી શકયા હોત કે સમુદ્રગુપ્તના પુત્રની હત્યા મેં એકાએક કેમ કરી ! આપના મોટાભાઇ ધોળે દિવસે પાટલિપુત્રના ધોરી માર્ગ પરથી રુચિપતિ વગેરે સાથે આ કુમારિકા યુવતિને ઉઠાવી અહીં લઈ આવ્યા હતા. યુવરાજ, જેને પેટની

દીકરી હોય તે જ રામગુપ્તની હત્યાનું કારણ સમજી શકે. મેં જ આપના ભાઈની હત્યા કરી છે. આપ જે સજા ફરમાવશો તે ટટ્ટાર મસ્તકે હું વેઠી લઈશ. પછી ચાહ્ય તો હાથીના પગ તળે કચરાવી નાખો કે ચાહ્ય તો પિંજરામાં જીવતો પૂરીને મને જાહ્નવીનાં જળમાં ફેંકી દો–મને લેશ પણ બીક નથી. હું નથી ચાહતો ન્યાય કે નથી રાખતો દયાની પણ આશા; ચાહું છું કેવળ મોત. હા, એક વિનંતી છે....આપ પણ પાટલિપુત્રના નાગરિક છો....આપને હાથ જોડી કહું છું કે આ કલંકિત મગધપુત્રીને મારી ચિતા પર જીવતી હોમી દેજો."

નાગરિકની સામે જઈને ઊભા રહેતાં વૃદ્ધ સંન્યાસી બોલ્યો: "સાંભળ નાગરિક, આર્ય સમુદ્રગુપ્ત અવસાન પામ્યા છે. છતાં મહાનાયક મહાબલાધિકૃત રવિગુપ્ત તો હજી આ હું ઊભો છું!"

"....અને હું હજી ય છું મહારાજ ભટ્ટારકભૂષણનો મહામાત્ય દેવગુપ્ત."

"....હું પણ હજી ય છું મહાદંડનાયક હરિગુપ્ત...."

"....અને આ હું છું પાટલિપુત્ર પર પચાસ વરસથી શાસન કરતો આવેલ નગરાધ્યક્ષ હરિષેણ...."

"...અને હું છું આ ઊભો તે–મગધના સીમાડાનો રક્ષણહાર જાપિલીય મહાનાયક રુદ્રધરનો પુત્ર જગદ્ધર...."

બાર ભિક્ષુક અને સંન્યાસીઓ એકીઅવાજે બોલી ઊઠ્યા: "નાગરિક, મહારાજા રામગુપ્ત અવસાન પામ્યા છે, આર્યપટ્ટ ખાલી છે, એટલે સામ્રાજ્ય પર હવે બારે પ્રધાનો શાસન ચલાવશે. આ અમે ઊભેલા બારે પ્રધાનો ભાગીરથીને

તીરે પ્રતિજ્ઞા લઇએ છીએ કે જો તને દેહાંત દંડની સજા થાય તો તારી કન્યાને તારી જ ચિતા પર હોમીશું."

એટલામાં એકબે એકબે કરતાં સેંકડો સશસ્ત્ર નાગરિકો પ્રમોદોદ્યાનમાં દોડી આવ્યા અને રામગુપ્ત તથા સૈનિક પહેરેગીરના શબ ફરતે વિંટળાઈને ઊભા રહી ગયા.

વૃદ્ધ જયનાગ અને યુવાન જયકેશી ચન્દ્રગુપ્તની સામે ઊભા ઊભા તેની આજ્ઞાની રાહ જોવા લાગ્યા. ચન્દ્રગુપ્તે નાગરિકને કારાગારમાં લઈ જવાની આજ્ઞા આપી. પાછળ ઊભા રહેલા વૃદ્ધ સચીવ વિશ્વરૂપ શર્મા અને મહાપુરોહિત નારાયણ શર્મા શબની પાસે આવી ઊભા.

આટલી બધી વખતે પહેલી જ વાર માતાને સંબોધી ચન્દ્રગુપ્ત બોલ્યો: "મા, તમે જરા અહીં ઊભા રહો તો...મારે જરા કામ છે, તે પતાવી આવ્યા પછી સ્મશાને જઇશું."

આશ્ચર્ય પામતાં નારાયણ શર્મા બોલ્યા: "ચન્દ્ર, તું હાલ સૂતકી છે, એટલે હાલતુરત કંઈ પણ કરવું ઉચિત ન ગણાય."

બધા જ આશ્ચર્યચકિત નયને ચન્દ્રગુપ્તના મુખ સામે જોઈ રહ્યા. માત્ર ધ્રુવદેવી જ બોલી ઊઠી: "મા, મા, ચાલો, ઝટ ઝટ બીજે કયાંક ચાલ્યાં જઈએ, મારાથી આ બધું નથી જોવાતું સહેવાતું...."

"જયનાગ, તમે દેવીઓ સાથે પ્રાસાદે જાઓ. મહામાત્ય, મહાબલાધિકૃત, આપ બધા પણ પ્રાસાદે જાઓ. સંધ્યાકાળે હું આર્યપટ્ટ ગ્રહણ કરીશ."

માથું અંજવાળતાં ખંજવાળતાં વૃદ્ધ જયનાગ બોલ્યો:

"મહારાજ, આપની આજ્ઞા જ છે તો જઈએ છીએ....પણ.... અમારો ય આદેશ છે કે નગરસંઘ તરફથી ઇન્દ્રદ્યુતિ અને દશેક સૈનિક આપની સાથે જ રહે."

ચન્દ્રગુપ્તે ડગલાં માંડયાં એટલે માધવસેના પણ તેની સાથે ચાલવા લાગી. એ જોઇ યુવરાજે પ્રશ્ન કર્યો: "માધવી, તું ક્યાં આવે છે?"

હસીને માધવસેના બોલી: "મહારાજ, જે દાસી સ્ત્રીવેશે મહારાજની સંગાથે મથુરા ગઈ હતી, તે વળી ક્યારે ય એકલી ઠરીને ઠામ પર રહે ખરી?"

બારે મહાનાયકોની સાથે દત્તદેવી અને ધ્રુવદેવી પ્રાસાદે ચાલ્યાં ગયાં; નાગરિક અને તેની દીકરી કારાગારે ગયાં; ચન્દ્રગુપ્તની સંગાથે માધવસેના અને ઇન્દ્રદ્યુતિ પ્રમોદોદ્યાનની ભીતરમાં પેઠાં; માત્ર મહાપુરોહિત નારાયણ શર્મા એકલા જ શબની અડોઅડ બેસી રહ્યા.

ચન્દ્રગુપ્ત અને તેના સોબતીઓને વધારે દૂર જવું પડયું નહિ. ગંગાકિનારે, કાળા આરસના બીજા આસન પર રુચિપતિ આડો થઈને પડયો હતો. એક દંડધર મોટો તાડપત્રનો પંખો પકડી બાજુએ ઊભો છે અને બેત્રણ પ્રતિહાર તેને ઘેરી વળી ઊભા છે.

રુચિપતિ બબડી રહ્યો છે: "રામગુપ્ત પણ મારો બેટો જબરો, હોં! છાનેમાનો લાલ લાલ સુરા ઉડાવી રહ્યો હતો.... મને તો મારા બેટાએ આજ દિન સુધી નજરે ય પડવા ન દીધી...."

એક પ્રતિહાર બોલ્યોઃ "પ્રભુ, મહારાજ તો દેવલોક થયા છે...."

રુચિપતિ બોલ્યોઃ "હવે એ....! સીધેસીધું ભસી મર ને ....કે મરી ગયો ! રામભદ્ર, તો શું તમે સાચેસાચ મરી જ ગયા ? અરેરે, બંધવા, તો પછી પ્રમોદ-ઉદ્યાનમાં મરજી પડે તેને હવે કોણ ખેંચી આણશે ? અરેરેરે, ગળાબૂડ સુરા ઢીંચી ઢીંચી પાટલિપુત્રના રાજમાર્ગ પર હવે કોણ ગબડશે ? હાય, હાય, ત્યારે તો હવે આ રાજ્યમાં મઝા જ શી રહી ? ત્યારે હવે તો મારે તો વાનપ્રસ્થ જ થવું રહ્યું....પણ....ના, ના, હજી મારી ઉંમર જ કયાં એટલી બધી વહી ગઈ છે ? એક રાજા મર્યો એટલે બીજો થવાનો, તો ભઈલા, હું કેમ રાજા ન થાઉ ? પીધેલ રામગુપ્તને બદલે પરમેશ્વર પરમભટ્ટારક મહારાજાધિરાજ શ્રીશ્રીશ્રી ૧૦૮ રુચિપતિ દેવશર્મા શું ઓછો યોગ્ય છે ? અહાહાહા, કેવું સરસ ! એઇ, પ્રતિહાર, આજથી મહારાજાધિરાજ હું પોતે છું....ધ્યાનમાં રાખજે...."

પહેલો પ્રતિહાર મસ્તક નમાવી બોલ્યો : "જેવી આજ્ઞા, દેવ."

રુચિપતિએ રૂઆબ છાંટયોઃ "અરે ! તેં ય ઢીંચ્યું છે કે શું ? હટ્ હટ્....સીધીસાદી વાત પણ કરતાં નથી આવડતી ...હું હં...."

પહેલો પ્રતિહારી વળી બોલ્યોઃ "પ્રભુ !"

ચન્દ્રગુપ્તે ઇન્દ્રદ્યુતિને સંકેત કર્યો એટલે તરત જ નગરસંઘના પાયદળ સૈનિક રુચિપતિની ફરતે વિંટળાઈ વળ્યા.

માધવસેનાએ પ્રશ્ન કર્યો: "પ્રભુ, એને પીધેલ અવસ્થામાં જ પ્રાણદંડ દેવાશે ?"

ચન્દ્રગુપ્ત બોલ્યો: "ગાંડી છે કે શું ? એક દિવસ પૂરતો ય રુચિપતિ આર્યપટ્ટ પાસે બેઠો હોય તો ય વિધિ એવી છે કે એનો ન્યાય તોળવામાં બારે પ્રધાનો સમક્ષ છણાવટ આવશ્યક રહેવાની જ."

અને ગુપ્ત સામ્રાજ્યનું શાસન કરતાં કરતાં રુચિપતિજી ડોળીએ ચઢીને કારાગારે ચાલી નીકળ્યા !

★

પ્રકરણ ૪થું

અન્યપૂર્વા કન્યા

રામગુપ્તની અંત્યેષ્ઠિક્રિયા પતી ગયા પછી યુવરાજ ચન્દ્રગુપ્ત અને બારે પ્રધાનો રાજ્યમાં હાજર હોવા છતાં ય મહાનગર પાટલિપુત્રમાં ખૂબ જ અવ્યવસ્થા–અંધાધુંધી મચી ગયાં.

નગરના બધા જ નાગરિકો રાજમહેલનાં મુખ્ય ત્રણ આંગણાં અને પરસાળોમાં અધીરા બનીને ઊભા છે. સામ્રાજ્યના તમામ અગ્રણી ખાનદાન કુળપુત્રો સભામંડપમાં આસન પર બેઠા છે. પાટલિપુત્રના નગરસંઘે ચૂંટેલા પ્રતિનિધિઓ આર્યપટ્ટની ફરતે ઊભા છે. માત્ર આર્યપટ્ટ જ ખાલી છે.

આર્યપટ્ટની નીચે હાથીદાંતના બારે સિંહાસનો પર બારે મહાપ્રધાનો છે–બધા જ બેઠેલા છે; માત્ર મહાસચીવ વિશ્વરૂપ

શર્મા અને મહાપુરોહિત નારાયણ શર્મા પોતપોતાના આસને ઊભા છે. એ બધાની સામે કુમાર ચન્દ્રગુપ્ત ઉઘાડે માથે ઊભેલો છે. આર્યપટ્ટની જમણી બાજુ દત્તદેવી તથા જયસ્વામિની અને ડાબી બાજુ વૃદ્ધ જયનાગનો હાથ પકડી ધ્રુવદેવી ઊભી છે.

આંસુ લૂછતાં લૂછતાં દત્તદેવીએ પ્રશ્ન કર્યો: "તો હવે શું કરવાનું છે?"

વિશ્વરૂપ બોલ્યો: "કરવાનું બીજું છે ય શું? ધ્રુવદેવીનું લગ્ન તો જાણે કે થઇ શકે, પણ એના વિવાહ અગાઉ થઈ ગયા છે એટલે એ મહારાજનાં ધર્મપત્ની ન થઈ શકે."

ધ્રુવદેવી બોલી ઊઠી: "ધ્યાનમાં રાખજો ભૂદેવ, રુદ્રધરની દીકરી ધર્મપત્ની જ થશે, તે બીજો ભવ કદી ય કરશે નહિ!"

ચન્દ્રગુપ્ત બોલ્યો: "મહાનાયક વિશ્વરૂપ, જે રાજ્યમાં નિરાપરાધી નિષ્કલંક નારી માત્ર જનસમાજના જ સંતોષને ખાતર છંડાતી હોય તે રાજ્યના સિંહાસનનો ચન્દ્રગુપ્ત કોઈ કાળે સ્વીકાર કરશે નહિ."

નારાયણ શર્મા બોલ્યા: "હજુ સુધી કોઈએ ધ્રુવદેવીને બહિષ્કૃત ઠરાવી નથી."

ચન્દ્રગુપ્ત કહે: "અરે, આ બધું ઊભું કરનારા જ આપ બધા છો ને?"

વિશ્વરૂપ ચોંકી ઊઠયો. તે બોલી ઊઠયો: "અમે?"

ધ્રુવદેવી બોલી: "ભૂદેવો! હું શું સાચેસાચ જ અન્યપૂર્વા છું? કોણે મારું કન્યાદાન કર્યું છે?"

નારાયણ શર્મા કહે: "કેમ, આપના પિતાએ વળી!"

વચમાં જ જગદ્ધર બોલી ઊઠયો: "ધ્રુવાનું કન્યાદાન કરવાનો અવસર જ પિતાજીને કોઈ દિવસ મળ્યો નથી."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "ત્યારે ?"

નારાયણ શર્મા કહે: "કન્યાદાનની આશામાં મહાનાયક રુદ્રધરે કુંવારી કન્યાને રાજમહેલના અંતઃપુરમાં મોકલી આપી હતી. એટલે કન્યાદાન ભલે ન થયું, પણ કન્યાદાનનો સંકલ્પ તો થઇ ગયો કહેવાય...."

ચન્દ્રગુપ્ત બોલ્યો: 'સાંભળો જયનાગ, સાંભળો ઇન્દ્રદ્યુતિ, સાંભળો જયકેશી, અન્ય રાજાની ચૂંટણી કરીને, તેને આર્યપટ્ટ પર બેસાડીને, આપ બધા સુખેથી મગધનું સામ્રાજ્ય ચલાવી શકો છો. એ આર્યપટ્ટ પર રુદ્રધરની કન્યા બેસશે નહિ. ચાલો જગદ્ધર, આટલી મોટી દુનિયામાં રાજ્યનો અભાવ છે ? વસુંધરા હજી ય વીરોની મટી નથી ગઈ."

એકાએક વૃદ્ધ જયનાગ આર્યપટ્ટની સામે આવીને રડી પડયો. તે બોલ્યો: 'મહારાજ, શકો સામેનું યુદ્ધ તો હજી પત્યું યે નથી...."

તે જ પળે પાટલિપુત્રના નગરસંઘના પ્રતિનિધિઓ ચન્દ્ર-ગુપ્તની સામે ઘૂંટણમંડીએ પડી જઇ બોલ્યા: "પિતા, આવી ભયંકર આપત્તિમાં નગરનું રક્ષણ તો આપ જ કરી શકો."

દેવગુપ્ત બોલ્યો: "ચન્દ્ર, તો પછી રાજા જ કોણ થશે ? સમુદ્રગુપ્તના સિંહાસન પર બેસવાની સમુદ્રગુપ્તના વંશજ વિના હિંમત જ કોણ કરશે ?"

ચન્દ્રગુપ્ત દૃઢ સ્વરે બોલ્યો: "તાત, માની લેજો કે એ

વંશ લુપ્ત થયો છે."

દત્તદેવી વચ્ચે જ બોલી ઊઠી: "ચન્દ્ર, તું જ અમને આવી વાત સંભળાવે છે?"

ચન્દ્રગુપ્ત બોલ્યો: "હું નથી સંભળાવતો મા, એ સંભળાવે છે તમારી પ્રજા—મગધની મહાધર્મનિષ્ઠ પ્રજા! તમારી જ આજ્ઞાને વશ થઇ ફાટેલી કંથા પેઠે આ સિંહાસનનો ત્યાગ કરીને હું ચાલ્યો ગયો હતો. એ જ રીતે આજે પણ જાઉં છું."

દત્તદેવી બોલી: "તો પછી મથુરા શા સારુ ગયો હતો?"

ચન્દ્રગુપ્ત બોલ્યો: "કેટલી ય વાર કહી ચૂક્યો છું, મા, તમે સાંભળો છો ક્યાં? હું રામગુપ્તના સામ્રાજ્યનું રક્ષણ કરવા મથુરા ગયો નહોતો, સમુદ્રગુપ્તની વંશમર્યાદાની રક્ષા કરવા પણ પાંચસો વીર લઇને નારીવેશે વાસુદેવના સભામંડપમાં નૃત્ય કરવા હું ગયો નહોતો, હું ગયો હતો કેવળ ધ્રુવાનું વચન પાર પાડવા. ધ્રુવાએ પ્રતિજ્ઞા કરી હતી કે પોતે મથુરા જશે—એટલે જ તો તેનો વેશ ધારણ કરી હું ત્યાં ગયો હતો. અને બીજા શા કારણે ગયો હતો તે જાણો છો, મા? ધ્રુવા પારકી સ્ત્રી છે એ જાણતો હતો છતાં ય વાસુદેવે તેને નામ પાડીને તેડાવી હતી, તેથી. એ જ ધ્રુવાનો ત્યાગ કર્યે સામ્રાજ્ય કે ઐશ્વર્ય મળતાં હોય તો તે મારે કોઇ કાળે પણ ખપતાં નથી."

વિશ્વરૂપ બોલ્યો: "ધર્મ, શાસ્ત્ર અને આચારવિચારના રક્ષણ કાજે ગુપ્તકુળ પુરાણા કાળથી પ્રસિદ્ધ છે. આપ ચન્દ્રગુપ્તના પૌત્ર છો, આપના પિતામહે શકસત્તા નિર્મૂળ કરી વૈષ્ણવ સામ્રાજ્યની પ્રતિષ્ઠાપના કરી હતી, અશ્વમેધ કરનાર વિશ્વવિજયી

વીર સમુદ્રગુપ્તના આપ પુત્ર છો; તો પછી આર્યોના ધર્મનું, વૈષ્ણવોના શાસ્ત્રનું, મગધના દેશાચારનું રક્ષણ આપ ન કરો તો કરશે કોણ ?"

ચન્દ્રગુપ્ત બોલ્યો: "હે ભૂદેવ ! આપ તો અનંત શાસ્ત્રના પારંગત છો, આપની વિદ્યાનો યશ તો એક સમુદ્રથી માંડીને અન્ય સમુદ્ર સુધી વિસ્તરેલો છે. આર્યધર્મ અનુસાર આપ જ અમારા ગુરુદેવ છો, તો પછી હું પૂછું કે નિરાધાર અબળા નારીને શિક્ષા કરવી એ જ શું આર્યધર્મ છે ?"

વિશ્વરૂપ બોલી ઊઠયો: "કદી યે નહિ. વિશાળ માનવ-હૃદયની ઊંડામાં ઊંડી પ્રેમવૃત્તિ પર તો આર્યધર્મનો પાયો રચાયો છે."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "ગુરુદેવ, એમ જ હોય તો પછી કયે મુખે ધ્રુવાનો ત્યાગ કરવાની આજ્ઞા આપી રહ્યા છો ? ધ્રુવા અબળા છે. ચારે બાજુથી સત્તાશીલ માનવીઓ આજસુધી તેના પર જોરજુલમ કરતા આવ્યા છે. જેણે ધ્રુવાને જન્મ આપેલો તે તેના પિતા સામ્રાજ્યને લોભે કુમારી કન્યાને લગ્ન પહેલાં જ રામગુપ્તના પગ આગળ ફેંકી આવ્યા હતા, પણ દુરાચારી રામગુપ્તને તો ધ્રુવાના અનુપમ સૌંદર્ય સામે નજર સરખી પણ કરવાની પુરસદ મળી નહોતી. દૂર દૂર મથુરામાં બેઠાં બેઠાં વૃદ્ધ વાસુદેવે ધ્રુવા પર લાલસાભરી નજર નાખી હતી ને તેને તો એનું પ્રાયશ્ચિત કરવું પણ પડયું છે. અને—અને—હવે પાટલિપુત્રના ધર્મિષ્ઠ નાગરિકો એ જ અકલંકિત પવિત્ર કુળકન્યાનો પગ સમાજ બહાર કાઢી નાખવા માગે છે ! ગુરુદેવ, એ કદી યે બનશે નહિ. રુદ્રધરની આજ્ઞાને વશ થઈ ધ્રુવાની

આશા સરખી ય મેં ભલે છોડી હોય; ક્ષત્રિયના ધર્મને માન આપવા ખાતર ધ્રુવાના વેશમાં હું મથુરા જઈ આવ્યો એ પણ કબૂલ; પણ દેશની પ્રણાલિકા સાચવવા ખાતર માનવધર્મને તો હું કયારે ય વિસારે પાડીશ નહિ.”

વિશ્વરૂપ બોલ્યો: “મહારાજ, આપ માનવધર્મ વિસરી જાઓ એ તો અમે ય કહેતા નથી; પણ આપ તો એક નારી પ્રત્યેની દયાને વશ થઈ જઈ મગધનાં લાખો નરનારીને વિસરી જાઓ છો !”

ચન્દ્રગુપ્ત બોલ્યો: “ના આચાર્યદેવ, હું નથી વિસરતો, વિસરે છે મગધનાં નરનારી. યોદ્ધાના બખ્તરમાં સાંધો–ઠીંગડું હોય તો શત્રુ એ નબળે સ્થાને નેમ તાકવાનું ચૂકતો જ નથી. અને આજે? આજે શું છે? મગધનાં નરનારી મારાં શત્રુ છે, ધ્રુવા મારા બખ્તર પર સાંધો છે–ઠીંગડું છે. આચાર્ય, આપ કેમ ભૂલો છો કે રાજા પણ માણસ છે, રાજાનો દેહ પણ રક્તમાંસનો દેહ છે, એને પણ સ્નેહ ને મમતા હોય છે? એ જ રાજાને રાજધર્માનુશાસનનું પાલન કરવાનું હોય છે તેથી તે કંઈ લોઢાનું યંત્ર બની જતો નથી–તેનું હૃદય કંઈ પાષાણનું બની જતું નથી. મગધના લોકો આજે જો અમારાં શત્રુ ન હોત....”

જયનાગ બોલી ઊઠયો: “આવી આવી વાતો મુખે માં લાવશો, મહારાજ. જે દિવસે મહારાજ સમુદ્રગુપ્ત દેવલોક પામ્યા છે તે જ દિવસથી મગધના લોકોને મન આપ દેવતા છો–પડછાયાની પેઠે હજારો નાગરિકો આપની પાછળ પાછળ ફરતા આવ્યા છે.”

ચન્દ્રગુપ્ત કહેઃ "બધું ય જાણું છું, બધું ય સમજું છું, જયનાગ, પણ....પણ....એ બધું જાણવાસમજવા છતાં ય આપ કેમ સમજી શકતા નથી ? તમે શું એમ કહેવા માગો છો કે રાજ્યને લોભે પોતાનો હૃદયપિંડ બહાર ખેંચી કાઢી આ ચન્દ્ર-ગુપ્ત તેને જાહ્નવીના જળમાં ફેંકી દે–ને પથ્થરની પ્રતિમા બનીને પોતે આર્યપટ્ટ પર ચઢી બેસે ? તે નહિ બને–તેવું બની શકશે જ નહિ....મારી ધ્રુવા નિરાધાર બનીને રસ્તે રખડતી નહિ જ થાય."

વિશ્વરૂપ કહેઃ "પુત્ર, ધ્રુવદેવી તો **અન્યપૂર્વા** છે !"

ચન્દ્રગુપ્ત બોલી ઊઠયોઃ "આચાર્ય, આ જ કે આર્યોનું શાસ્ત્ર ? કહેશો, મહાનાયક રુદ્રધર સૌંપહેલાં ધ્રુવદેવીનો હાથ કોના હાથમાં સોંપી ગયા હતા ?"

વિશ્વરૂપ બોલ્યોઃ "ના, ના, ના! ધ્રુવા અન્યપૂર્વા નહિ **વાગ્દત્તા** છે !"

ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "વારુ, તો તો પાટલિપુત્રના સમસ્ત નાગરિકોને પૂછી લઉં, ગુરુદેવ ! નગરશ્રેષ્ઠી જયનાગ, બોલો, રુદ્રધર કન્યાનું વાગ્દાન કોની સાથે કરી ગયા હતા ?"

જયનાગ બોલ્યોઃ "મહારાજ ચન્દ્રગુપ્ત સાથે."

ચન્દ્રગુપ્તે ફરી પૂછ્યુંઃ "તમે શું કહો છો, નટીમુખિયણ માધવસેના ?"

માધવસેના બોલીઃ "આપની જ સાથે, પ્રભુ."

ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "તાત રવિગુપ્ત, આપ...."

રવિગુપ્ત બોલ્યોઃ "તમારી સાથે, પુત્ર."

"મા, તમે શું કહો છો ?"

"તારી સાથે, દીકરા." દત્તદેવીએ જવાબ દીધો.

ચન્દ્રગુપ્ત બોલ્યો: "નગરસંઘનો શો મત છે, ઇન્દ્રદ્યુતિ ?"

ઇન્દ્રદ્યુતિ કહે: 'આપની જ સાથે, મહારાજ."

ચન્દ્રગુપ્ત કહે: "ધર વંશના વડીલ, મહાનાયક જગદ્ધર, તમારી બહેનના વાગ્દાન સંબંધે તમે શું કહો છો ?"

જગદ્ધર નીચું મુખ કરી બોલ્યો: "ચન્દ્ર, આટલા બધા લોકોની સામે પિતાના પાપની વાત પુત્રને મુખેથી શા સારુ કહેવરાવો છો ?"

ચન્દ્રગુપ્ત બોલ્યો: "જગત, આટલા બધા લોકો સામે ધર વંશના મુખ્ય પુરુષનો મત શું આવશ્યક નથી ?"

જગદ્ધર મુખ નીચું કરી બોલ્યો: "ત્યારે તો સાંભળો. દેવ, બ્રાહ્મણ અને ત્રણેક નાગરિકોને સાક્ષી રાખી મારા પિતાજી-મહાનાયક રુદ્રધર મારી બેન ધ્રુવદેવીને ચન્દ્રગુપ્તના હાથમાં સોંપવાનું કહી વચને બંધાઈ ચૂકયા હતા."

ચન્દ્રગુપ્ત બોલ્યો: "આચાર્યશ્રી, તો પછી કયે દોષે, કયે પાપે, કયા શાસ્ત્રને આધારે ધ્રુવા અન્યની વાગ્દત્તા છે કે તે સામ્રાજ્યની પટ્ટમહાદેવી બનવાને અયોગ્ય છે? મારું સમસ્ત શાસ્ત્રજ્ઞાન આપના ચરણો સમક્ષ રજુ કરી દઉં છું. કુળાચાર કે દેશાચાર અનુસાર વણસૂંઘ્યું ફૂલ જો દેવપૂજાને ખપનું ન ઠરે તોય તે ફુલ જ ગણાય-કીડાએ કરડેલું; પણ પાંદડું તો નહિ જ કહી શકાય. દેશાચાર પ્રમાણે અન્ય રાજાની ચૂંટણી ભલે કરો-પણ સૂર્યચંદ્રની સાખે, સમાજની સામે મહાનાયક

રુદ્રધર ધ્રુવાનું કન્યાદાન મારી સાથે કરવાનું કહી વચન આપી ચૂકયા હતા તે જ ધ્રુવા મારી ધર્મપત્ની બનશે. સિંહાસનને લોભે એનો હું કદી ય ત્યાગ કરી શકીશ નહિ. જે સિંહાસનને મારી સ્ત્રી ખપતી નથી, તે સિંહાસન મારે ન જોઈએ. બીક મા રાખશો આચાર્યદેવ, કદાચ દેશાચારની વિરુદ્ધ કોઈ કાર્ય કરીશ તો ય તે મગધમાં નહિ કરું–દૂર દૂર જંગલમાં ચાલ્યો જઈશ; પણ ધ્રુવાનો ત્યાગ તો હું કરવાનો જ નથી!"

એકાએક મસ્તક પરનું અવગુંઠન ફગાવી દઈ દત્તદેવી બોલી ઊઠી: "ના, ના, ના કરીશ, ના કરીશ! ચાલ્યો જા, જે સ્થાને ડગલે ને પગલે આત્મા ડંખતો ન હોય ત્યાં–જે સ્થાને પાટલિપુત્રના નાગરિકો જેવાં હિંસક જાનવર નથી–બસ, ચાલ્યો જા તે સ્થાને! હું કદી ય તારા આડે આવીશ નહિ."

એટલે પટ્ટમહાદેવી દત્તદેવીનું લાલચોળ મુખ જોતાં જ કંપી ઊઠેલા બારે પ્રધાનો તેની સામે ઘૂંટણ નમાવી બેસી ગયા. તેઓમાંથી વૃદ્ધ દેવગુપ્ત બોલ્યો: "રક્ષા કરો મા, બારણે બળવાન શત્રુ ઊભો છે, માત્ર તમારા પુત્રના જ પ્રતાપથી ડરી જઈને તેણે મસ્તક નમાવ્યું છે. એવે વખતે જો ચન્દ્રગુપ્ત મગધ છોડી ચાલ્યા જશે તો મગધનું સત્યાનાશ વળી જશે."

અને સાથે સાથે જ વિશ્વરૂપ શર્મા બોલી ઊઠયા: "રક્ષા કરો, મા, આ ભડભડતા રોષાગ્નિમાં આપ વધુ ઘી માં હોમો."

દત્તદેવી બોલી: "એ વાત મગધનાં નરનારીઓએ વિચારવાની છે. મેં ભૂલ કરી કે હું આજે પ્રાસાદે આવી. વિદાય આચાર્યદેવ, પાટલિપુત્રના પ્રાસાદમાં દત્તદેવી માટે હવે જગ્યા જ નથી."

ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "ચાલ ધ્રુવા, આર્યપટ્ટને લોભે અહીં ઊભાં રહેવામાં લાભ શો છે?"

વૃદ્ધ જયનાગ ગાંડાની પેઠે ચન્દ્રગુપ્તને વળગી પડયો, ને બોલ્યોઃ "અરે ઓ ઇન્દ્રદ્યુતિ....દોડ, દોડ, નગરમાં ઢંઢેરો પીટાવી દે કે મહારાજ કાયમને માટે મગધ છોડી ચાલ્યા જાય છે...."

ઇન્દ્રદ્યુતિ અને જયકેશી તરત જ ત્યાંથી નગરમાં દોડયા. એટલે દેવગુપ્ત, હરિગુપ્ત અને રવિગુપ્ત ચન્દ્રગુપ્તને પકડી રાખી બોલ્યાઃ "કયાં જશો, મહારાજ?"

ત્રણે વૃદ્ધનાં બંધનમાંથી ચન્દ્રગુપ્તને આંચકો મારી છોડાવી નાખતાં જગદ્ધર રોષમાં ને રોષમાં બોલી ઊઠયોઃ "ના, ના, સાંભળી લીધું, બહુ યે સાંભળી લીધું. હવે અમારે કશું જ સાંભળવું નથી! ચાલો કુમાર, ચાલ ધ્રુવા."

રવિગુપ્ત બોલી ઊઠયોઃ "આ શું ગાંડાની પેઠે બકી રહ્યો છે, જગદ્ધર?"

જગદ્ધરે જવાબ વાળ્યોઃ "સાચું જ કહી રહ્યો છું, ભટ્ટારક, હૈયું એટલું તો અકળાઇ ગયું છે કે સાચું કહ્યા વિના રહેવાતું જ નથી."

વિશ્વરૂપ કહેઃ "શાંત થાઓ, જગદ્ધર. સાંભળો ચન્દ્રગુપ્ત, શાસ્ત્રધર્મ, દેશાચાર બધું ય જાય રસાતાળ! તમારા મનથી તમને જે સાર કે સત્ય વરતાતાં હોય તે જ રસ્તે તમે બેધડક ચાલ્યા જાઓ. ધ્રુવાનો સ્વીકાર કરી આર્યપટ્ટને શોભાવો!"

ચન્દ્રગુપ્ત બોલ્યોઃ "ક્ષમા કરજો, આચાર્યદેવ! આજે મગધ વિપત્તિમાં છે એટલે જ પાટલિપુત્રના નાગરિકો મારો

પડયો બોલ ઝીલી લેવા તત્પર છે. પણ કાલે એ આપત્તિ દૂર થઇ જતાં જ એ જ નાગરિકો કહેશે : સમુદ્રગુપ્તના પુત્રે તો છંડાયેલી હીન નારીને સિંહાસન પર સ્થાન આપ્યું છે. ભારતના ઈતિહાસમાં રાજનગરના નાગરિકો બહુ વાર એવું કાર્ય કરી ચૂકયા છે. અયોધ્યાના નગરવાસીઓની વાત પરથી સીતા-દેવી માત્ર વનવાસે જ નહોતા ગયાં, પણ તેમને ઠેઠ ધરતીમાં સમાઇ જવું પડયું હતું. આચાર્ય, રામચન્દ્ર તો દેવ હતા, ને હું તો છું માનવી.”

એકાએક ચન્દ્રગુપ્તના બંને પગ પકડી લઇ જયનાગ બોલી ઊઠયોઃ “મહારાજ, દાસની છેલ્લી વિનંતી છે. ઇન્દ્રદ્યુતિ પાછો અહીં ન આવે ત્યાં સુધી આપ નગર છોડો નહિ.”

“વારુ. એમ કરું.” એમ કહીને ધ્રુવદેવીનો હાથ પકડી ચન્દ્રગુપ્ત આર્યપટ્ટથી થોડેક દૂર બેસી ગયો.

દેવગુપ્ત બોલી ઊઠયોઃ “આ શૂન્ય આર્યપટ્ટ પર આંખ પડતાં હવે તો ગભરામણ ગભરામણ થાય છે.”

રવિગુપ્ત બોલ્યોઃ “ત્યારે તો ચાલો, આપણે પણ ચાલી નીકળીએ.”

ઉત્તરમાં હસતાં હસતાં ચન્દ્રગુપ્ત બોલ્યોઃ “પણ તાત, કોઈક પણ કહી નથી શકતું કે ધ્રુવાનો ત્યાગ કરવો એ અધર્મ છે, ધ્રુવાને છંડાયેલી ગણવી એ મહાપાપ છે? ખૂબ જ ધીરજ રાખી, ખૂબ જ શાંતિપૂર્વક પાટલિપુત્રના નાગરિકોની અન્યાય-વાણી સાંભળ્યા પછી જાઉં છું.”

રવિગુપ્ત કહેઃ “ચન્દ્રગુપ્ત, ગેરવાજબી ન બોલો. અમે કહી

ચૂકયા છીએ; મહાદેવી દત્તદેવી પણ સો વખત કહી ચૂકયાં છે; હવે વાંધા–બાધા હોય તો તે આ પોથીપંડિત ભૂદેવોની જ છે!"

વિશ્વરૂપ બોલ્યો: "મહાપાપ કર્યું છે ચન્દ્રગુપ્ત, રુદ્રધરની પેઠે જ અમે ય મહાપાપ કર્યું છે. હવે તો ચિતાપ્રવેશ–અગ્નિ-સ્નાન એ જ મારું પ્રાયશ્ચિત બને. તમે જો પાટલિપુત્રનો ત્યાગ કરીને ચાલ્યા જ જશો તો પછી વિશ્વરૂપને માટે તો એ વિના અન્ય આરો જ નથી."

એ જ વખતે સભામંડપની પરસાળે પરસાળે સૂર ગાજી ઊઠયા: "રસ્તો છોડો, શ્રેષ્ઠીઓ, સાર્થવાહકુલિકનિગમ પધારે છે, નાગરિકો, કુલપુત્રો, ઝટપટ રસ્તો છોડો."

બેબાકળા બનીને બધાએ રસ્તો છોડયો. માથેનાં પાઘડી-ફાળિયાં ઉતારી નાખી ત્યાં પધારેલા બધા ચન્દ્રગુપ્તની ફરતે ઘૂંટણ વાળી બેસી પડયા. એઓની પાછળ રહ્યો રહ્યો જયનાગ બોલી ઊઠયો: "મહારાજ, અમે નગરસંઘનો અર્ઘ્ય લાવ્યા છીએ. પિતા, મગધના પિતા આપ જ છો; માતા આપ જ મગધનાં જનની છો. સંતાનના અપરાધ ક્ષમા કરો."

"નગરસંઘ, પાછા ચાલ્યા જાઓ. આજે મગધને બારણે શત્રુ ઊભો છે એટલે જ તમે બધા ક્ષમા ભીખી રહ્યા છો. કાલે શત્રુનું નિકંદન વળી જશે એટલે તમે જ બોલતા ભમશો કે સમુદ્રગુપ્તના પુત્રે તો છંડાયેલી નારીને આર્યપટ્ટ પર બેસાડી છે."

એટલે નગરસંઘના બધા જ પ્રધાનો યુવરાજ ચન્દ્રગુપ્તને

ચરણે મસ્તક નમાવી બોલી ઊઠયા: "આર્ય, મહાનગર પાટલિપુત્ર ઉઘાડે માથે ક્ષમાની ભીખ માગે છે–વૃદ્ધોનો બકવાદ અને નારીઓની પ્રગલ્ભતા એ જ નગરસંઘનાં વેણ છે એમ માની લેશો નહિ."

એટલે ધ્રુવદેવીએ બંને હાથે નગરસંઘના અર્ધ્યનો સ્વીકાર કર્યો અને જોરશોરથી ગાજી ઊઠેલા જયધ્વનિ વડે પથ્થર-બંધો સભામંડપ જાણે કે કંપી ઊઠયો!

જે નાગરિકે રામગુપ્તની હત્યા કરી હતી તે પોતાની કન્યાનો હાથ પકડીને રુચિપતિની સાથે પરસાળમાં ઊભો હતો. તે ત્રણે જણને લઈ આવીને જયનાગે આર્યપટ્ટ સામે ખડાં કર્યાં.

ચન્દ્રગુપ્ત બોલ્યો: "આ ત્રણે જણનો ન્યાય થવો જરૂરી છે, પ્રધાનો!"

વિશ્વરૂપ બોલાયો: "જે સ્થળે મહારાજાધિરાજ પંડે હાજર હોય તે સ્થળે બારે પ્રધાનના ન્યાયની જરૂર જ નથી."

રવિગુપ્ત બોલ્યો: "સામાન્ય પ્રજાની હત્યા એણે કરી હોત તો રાજા પંડે ન્યાય છણી શકત, પણ આ તો છે ખુદ રાજાનો જ હત્યારો."

વિશ્વરૂપ બોલ્યો: "કન્યાએ શું કર્યું છે?"

દેવગુપ્ત કહે: "આચાર્ય, બારે પ્રધાનોની આજ્ઞા વિના

વર્ણાશ્રમ ધર્મને લગતો વિધિનિર્દેશ થઈ શકે નહિ!"

વિશ્વરૂપ બોલ્યો: "મહામાત્ય રુચિપતિનું શું?"

વૃદ્ધ જયનાગ હુંકાર કરી ગર્જી ઊઠયો: "એ ભાર નગરસંઘને માથે."

રુચિપતિ તો બાળકની પેઠે ચીસો પાડી પાડીને રડવા લાગ્યો!

બારે પ્રધાનોની સામે આગળ આવી નારાયણ શર્મા બોલ્યા: "અનુમતિ આપો તો રાજાની હત્યા કરનાર અને તેની કન્યા સંબંધે હું નાગરિકગણની મતપરીક્ષા કરી જોઉં."

દેવગુપ્ત બોલ્યો: "ખુશીથી કરો."

નાગરિક બોલ્યો: "નગરસંઘ, રુચિપતિના આદેશથી દુષ્ટો આ કન્યાને રામગુપ્તના પ્રમોદ-ઉદ્યાનમાં પકડીને લઇ ગયા હતા. એ કન્યાને શું પતિતા ગણવી?"

ઇન્દ્રદ્યુતિ બોલ્યો: "ના બાપુ, કન્યા પવિત્ર છે એમ અમે માનીએ છીએ."

વિશ્વરૂપ બોલ્યો: "આ બધા લોકોમાંથી કોઈ એ કલંકિત કન્યાનો સ્વીકાર કરવાને તૈયાર છે?"

ચન્દ્રગુપ્ત કહે: "નગરસંઘ, કેમ કોઇ કંઈ બોલતું નથી?"

દત્તદેવી બોલી: "શો નિર્ણય કર્યો, નગરસંઘ! પાટલિપુત્રમાં શું કોઇ મર્દ જ નથી?"

જગદ્ધર આગળ વધીને બોલ્યો: "મહારાજ, આજ્ઞા આપો. મા, સંમતિ દો. હું, જાપીલીય મહાનાયક રુદ્રધરનો પુત્ર, મહા-

નાયક જગદ્ધર આ અજ્ઞાત નાગરિકની દીકરીનો ધર્મપત્ની રૂપે સ્વીકાર કરું છું. અને–અને સમસ્ત પાટલિપુત્રને મારું આમંત્રણ છે. જો બધા જ એ કન્યાએ સ્પર્શેલા અન્નનો સ્વીકાર કરશે તો જ હું પાટલિપુત્રમાં વાસો કરીશ."

રવિગુપ્ત બોલ્યો: "ને જગદ્ધર, એનું કન્યાદાન હું કરીશ.'

વિશ્વરૂપ બોલ્યો: "બારે પ્રધાનો વતી જગદ્ધરના આમંત્રણનો હું સ્વીકાર કરું છું."

રવિગુપ્ત કહે: 'આવ બેટી, હું તારું કન્યાદાન આપું." ને રવિગુપ્તે એ કન્યાનો હાથ જગદ્ધરના હાથમાં મેળવી આપ્યો.

એટલામાં આર્યપટ્ટ પર ઊભી થઈ પથ્થરની પૂતળીની પેઠે જયસ્વામિની કંપતે સાદે બોલી: "મહાનાયકો, હું રામગુપ્તની માતા છું ને ખુલ્લે દિલે વિનંતી કરું છું કે મારા પુત્રની હત્યા કરનારને મુકત કરી દો."

ફરીને ગગનગામી જયધ્વનિ વડે પથ્થરબાંધ્યો સભામંડપ કંપી ઊઠયો.

વૃદ્ધ દેવગુપ્તે પોતાના આસન પરથી ઊઠીને જાતે નાગરિકને બંધનમુક્ત કર્યો. તે પછી બારે પ્રધાનોની સામે રુચિપતિને લઈ આવી જયનાગ બોલી ઊઠયો: "બારે પ્રધાનો, અતિ પ્રાચીન પાટલિપુત્રની પુરાણી રીત અનુસાર રુચિપતિ જેવા અપરાધીનો ન્યાય કેવળ નગરમંડળ જ કરી શકે. મહાનાયક રુદ્રધરના ઘરથી માંડીને સામાન્ય ખેડૂતના ઘર સુધી રુચિપતિના અત્યાચારથી નગરનારીઓનાં આંસુ અને લોહી વહ્યાં છે."

બારે પ્રધાનો એકી અવાજે બોલી ઊઠયા: "લઇ જાઓ એને, ને ઘટતી સજા કરાવજો."

વીસેક નાગરિકો રુચિપતિને ઉઠાવી લઈ ગયા.

એ પછી મહારાજ ચન્દ્રગુપ્ત ધ્રુવદેવીનો હાથ પકડી બોલ્યા: "આવો મહાદેવી!"

બંને આર્યપટ્ટ પર બેઠાં અને તે કાજળકાળી રાત્રિથી જ ઐન્દ્ર મહાભિષેકના મહોત્સવનો પ્રારંભ થઈ ગયો!

★ ★ ★

આ ચોપડી તમને ગમી? ગમી હોય તો તમારા મિત્રમંડળને એ વાંચવા ભલામણ કરશો.

પ્રેમશૌર્ય ગ્રંથાવલિ-૧

નીલકંઠનું બાણ

ખેડા જિલ્લાનું સુપ્રસિદ્ધ પત્ર **કર્મભૂમિ** લખે છે:

શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ ઉચ્ચ પ્રકારના લેખક–વિવેચક ઉપરાંત નવલકથાકાર તરીકે પ્રખ્યાત અને લોકપ્રિય થયા છે. ઐતિહાસિક નવલ-કથાના લેખનની સિદ્ધિ એમને વરેલી છે. 'નીલકંઠનું બાણ' એ પુસ્તક એ હકીકતનો વધુ પુરાવો છે.

સોલંકી વંશના ગુજરાતના સુવર્ણ યુગના એક રાજવી મૂળરાજદેવના પુત્ર ચામુંડના પાછલા જીવનની કથાવસ્તુ આ નવલકથામાં ગૂંથવામાં આવી છે. પાત્રાલેખન અને કથાનિરૂપણ ઘણું સુંદર થયું છે, અને વાતોનો રસ-પ્રવાહ એકસરખો વહે છે. ચામુંડ તેની પત્નીના અવસાન પછી સખ્ત વૈરાગ્યનું પાલન કરતો અને કાયાકષ્ટ ભોગવી સંયમ સેવતો; પરંતુ ઉજ્જનની નર્તકી મલ્લિકા નજરે પડી તે સમયથી જ ચામુંડના સંયમવર્તી માનસસરોવરમાં તોફાનના બીજ રોપાયાં અને તેનું ઉત્તરોત્તર પતન થવા લાગ્યું. વિકૃત મનોદશાને કારણે એની મહાન નૈતિક ભૂલ થઇ, જેનું પરિ-ણામ ગાદીત્યાગમાં અને છેવટે જીવનવિસર્જનમાં આવ્યું. એક નર્તિકાના દર્શન પછી એક મહાન રાજવીનું જીવન મનોભ્રમ અને જાતછેતરામણની ભુલભુલામણીમાં કેવું ફસાઇ પડયું અને તેનો કેવો કરુણ અંજામ આવ્યો એનું નિરૂપણ માનસશાસ્ત્રના અભ્યાસીઓને પણ રસ પડે એવી રીતે લેખકે કર્યું છે. લેખક-પ્રકાશકને આવા સુંદર પુસ્તક માટે ધન્યવાદ આપીએ છીએ અને અમારા વાંચકોને તથા ગુજરાતના પુસ્તકાલયોને આ પુસ્તક વસાવવાની સહર્ષ ભલામણ કરીએ છીએ. **કિ. રૂા. ૩ા**

ગાં ડી વ

[આગળની પાંખેથી ચાલુ]

ચોથી શતાબ્દીનાં પાટલીપુત્ર, મગધ અને મથુરા આપણી સમક્ષ ખડાં કરે છે.

ઐતિહાસિક નવલકથાનાં બધાં જ પાત્રો ઐતિહાસિક હોય એ વસ્તુ કદાપિ શક્ય નથી. પણ આ નવલકથાનાં સર્વ મુખ્ય પાત્રો ઐતિહાસિક છે. ચંદ્રગુપ્ત, રામગુપ્ત, દત્તદેવી, ધ્રુવદેવી, માધવસેના અને હરિષેણ એટલાં પાત્રો ઈતિહાસસંમત છે. પાત્રાલેખન પણ સુરેખ થયું છે. ભવિષ્યમાં જે સાહસાંક તરીકે પ્રસિદ્ધ થવાનો છે તે સાહસિક છતાં સ્નિગ્ધ પ્રણયી ચંદ્રગુપ્ત; પતિપરાયણા તેજસ્વી સતી ધ્રુવદેવી; નશાબાજ, લંપટ અને મૂર્ખ રામગુપ્ત; રામગુપ્તનો ખંધો અને ભીરુ સાગરિત રુચિપતિ, આથમતા સૂર્ય જેવો તેજસ્વી વૃદ્ધ સમ્રાટ સમુદ્રગુપ્ત અને તેની પ્રભાવશાળી પત્ની દત્તદેવી; તથા વસન્તસેનાની કંઈક યાદ આપતી નટીમુખ્યિકા માધવસેના—ઇત્યાદિ પાત્રોનું આલેખન કોઈ પણ સારા નવલકથાકારની કલમને જેબ આપે એવું થયું છે.

શાખાલબાબુની આ નવલકથાનું એક વિશિષ્ટ લક્ષણ તેની નિર્વ્યાજ સરલતા છે. લાંબી તાત્ત્વિક ચર્ચાઓ કરવાની અને વખતેકવખતે મનનકણિકાઓ વેરવાની અનેક તકો આ નવલમાં મળે તેમ હોવા છતાં તે તેમણે, યોગ્ય રીતે જ, જતી કરી છે. બિનજરૂરી લાંબાં વર્ણનો ક્યાંય જોવામાં આવતાં નથી, પણ જે વર્ણનો છે તે થોડીક પંક્તિઓમાં જ પોતાનો હેતુ બરાબર સિદ્ધ કરે છે. સંવાદોની કૃત્રિમ પટાબાજીના લેભમાં લેખક કદિ પડયા નથી. અહીં તો વાર્તા પોતે જ રસળતી મંજુલ ગતિએ પોતાના ધ્યેય તરફ ચાલી જાય છે. સાદાઈ એ જ એનું આભૂષણ બની રહે છે.

[પુરોવચન'માંથી]

જ્યારે શકોનાં ધાડાં ભારત-
વર્ષનાં દ્વાર ઠોકતા હતા....

—ત્યારે
દેશના દ્વાર પર
શત્રુધાડાંઓ હથિયાર
ખણખણાવતા હતા—
શક અને હૂણ
લોકોના ટોળાં
સરહદો વિંધી
રહ્યા હતા—
દેશની સરહદ
અને સંસ્કૃતિનું
રક્ષણ કરનાર
શકારિ વિક્રમાદિત્યનું
જીવન

●

દિગ્દર્શક વિજય ભટ્ટનું સર્જન

: કલા :
કનુ દેસાઈ

●

પૃથ્વીરાજ, પ્રેમઅદીબ, બાબુરાવ
પેંઢારકર, રત્નમાલા, રંજના.

●

તુરતમાં જ આવી
રહ્યું છે

●

પ્રકાશનું
ઈતિહાસ-દર્શન

વિ
ક્ર
મા
દિ
ત્ય